BAOU
Education
for all

## સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. ૧૯૯૪માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય **ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**ની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડી રોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારણામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણવિષયક દર્શન યાદ આવે છેઃ **'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે તેવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળના ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનો પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

**'સ્વાધ્યાયઃ પરમં તપઃ'** ધ્યાનમંત્રને કેન્દ્રમાં રાખીને આ ઓપન યુનિવર્સિટી અહીં પ્રવેશ મેળવતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવા ગુણવત્તાલક્ષી અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિદ્યાર્થીને પ્રત્યેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને તેમની રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવાની ખેવના રાખતા કોઈપણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદ્ સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી અભ્યાસ સામગ્રીને પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં અપાય છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ જ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાત પ્રોફેસર્સ દ્વારા તેનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવાં દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમનાં ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમ રત યુનિવર્સિટીના જ્ઞાનની પરબસમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાર્થના કરું છું.

અસ્તુ.

**કુલપતિશ્રી ડૉ. અમીબહેન ઉપાધ્યાય**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, 'જ્યોતિર્મય પરિસર',

સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ.

**સમાજકાર્યમાં સ્નાતક (Bachelor of Social Work - BSW)**

**BSWR-203 સમાજકાર્ય અને સામાજિક વિજ્ઞાનોનો ખ્યાલ (Concept of Social Work and Social Sciences)**

**વિભાગ – 1 સમાજકાર્ય અને સામાજિક વિજ્ઞાનો**


**નિદર્શન (Direction)**

**પ્રો.(ડો.) અમી ઉપાધ્યાય** — *નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, કુલપતિ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**પ્રો. (ડૉ.) પ્રિયાંકી વ્યાસ** — *અધ્યક્ષશ્રી, સમાજકાર્ય તથા પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.*

**સંપાદક (Editor)**

**ડૉ. સંજય પટેલ** — BSW & MSW *કોર્સ કો-ઓર્ડીનેટર અને આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**સહ-સંપાદક (Editor)**

**શ્રી આશિષ વસાવા** — *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજકાર્ય, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**ડૉ. ભાગ્યશ્રી રાજપૂત** — BSW & MSW *કોર્સ સભ્ય સચિવ અને આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**ડૉ. જયેશ પરમાર** — *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**ડૉ. શિલ્પા રાજ્યગુરુ** — *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**શ્રી કરણસિંહ પરમાર** — *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**વિષય સમિતિ (Subject Committee)**

**પ્રો. (ડૉ.) પ્રિયાંકી વ્યાસ** — *અધ્યક્ષશ્રી, સમાજકાર્ય તથા પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**ડૉ. સંજય પટેલ** — BSW & MSW *કોર્સ કો-ઓર્ડીનેટર અને આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**પ્રો.(ડૉ.) મગનભાઈ પરમાર** — *અધ્યક્ષશ્રી, સમાજકાર્ય વિભાગ, પારુલ યુનિવર્સિટી, વડોદરા*

**પ્રો.(ડૉ.) ભાવના મહેતા** — *અધ્યક્ષશ્રી, સમાજકાર્ય વિભાગ, એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા*

**ડૉ. ભાગ્યશ્રી રાજપૂત** — BSW & MSW *કોર્સ સભ્ય સચિવ અને આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**વિષય પરામર્શન (Subject Review)**

**ડૉ. ક્રાંતિબેન ત્રિવેદી** — *આચાર્ય, શ્રી સાર્વજનિક* BSW-MSW *કોલેજ, મહેસાણા*

**લેખન (Writing)**

**ડૉ. વિપીનભાઈ મકવાણા** — *ફિલ્ડ ઓફિસર, સામાજિક કાર્ય વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ગુજરાત*

**શ્રી કરણસિંહ પરમાર** — *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**ડૉ. ભાગ્યશ્રી રાજપૂત** — *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**ડૉ. પરેશભાઈ વી.ચૌહાણ** — *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ વિમેન્સ કોલેજ, ગાંધીનગર*

**ડૉ. પલ્લવિકા ભટ્ટ** — *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કઠલાલ, ખેડા.*

**ભાષા પરામર્શન (Language Review)**

**ડૉ. અજયભાઈ રાવલ** — *એસોસિએટ પ્રોફેસર, ઉમિયા આર્ટ્સ કોલેજ, અમદાવાદ*

**પ્રકાશક (Publisher)**

**કુલસચિવ** — *ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**પ્રકાશન વર્ષ :** 2024 (*પ્રથમ આવૃત્તિ*)

**ISBN NO:** 978-93-5598-695-5

978-93-5598-695-5

**: સર્વાધિકાર સુરક્ષિત :**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**

# BSWR-203 સમાજકાર્ય અને સામાજિક વિજ્ઞાનોનો ખ્યાલ

## વિભાગ – 1 સમાજકાર્ય અને સામાજિક વિજ્ઞાનો

### વિભાગીય પરિચય

*વિદ્યાર્થી મિત્રો, સમાજકાર્ય અને સામાજિક વિજ્ઞાનોનો ખ્યાલનાં વિભાગ – 1 સમાજકાર્ય અને સામાજિક વિજ્ઞાનોમાં એકમ 1 થી 7નો પરિચય આપવામાં આવ્યો છે. સમાજકાર્ય અને સામાજિક વિજ્ઞાન એ બંને એવી શાખાઓ છે જે સમાજના મહત્વપૂર્ણ પાસાંઓ પર ધ્યાન આપે છે,પરંતુ બંનેના અભિગમ અને કાર્યક્ષેત્રમાં કેટલીક તફાવત છે. સમાજકાર્ય એ લોકોની મદદ અને સુધારા માટેનું વ્યાવસાયિક ક્ષેત્ર છે. આનો મુખ્ય ઉદ્દેશ એવા વ્યકિતઓ, જૂથો, અને સમુદાયોને સહાય પૂરું પાડવો છે જે કોઈ પ્રકારે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. સમાજકાર્યની પ્રવૃત્તિમાં માનવ અધિકારોની સુરક્ષા, ગરીબી, શોષણ, અને આર્થિક અને સામાજિક ન્યાય પર ભાર હોય છે. એકમ એકમાં વિજ્ઞાનનો અર્થ અને સામાજિક વિજ્ઞાનનો પરિચય આપવામાં આવ્યો છે. એકમ બેમાં સમાજનો વૈજ્ઞાનિક પદ્ધતિઓ દ્વારા અભ્યાસ કરતુ શાસ્ત્ર એટલે સમાજશાસ્ત્ર. તેમાં સમાજશાસ્ત્રનો અર્થ, લક્ષણો અને અભ્યાસ ક્ષેત્રો વિશે વિસ્તૃત સમજૂતી આપવામાં આવી છે. એકમ ત્રણ સમાજશાસ્ત્રીય ખ્યાલો તરીકેઃ સામાજિક માળખું અને સામાજિક સંસ્થાઓ વિશે સમજણ આપવામાં આવી છે. એકમ ચાર સમાજશાસ્ત્રીય ખ્યાલો તરીકેઃ સમાજીકરણ અને સામાજિક જૂથો અંગે સામાજિક વિજ્ઞાનમાં ચર્ચા કરવામાં આવેલ છે.*

*વિદ્યાર્થી મિત્રો,સામાજિક નિયંત્રણ અને સામાજિક પરિવર્તન એ સામાજિક શાસ્ત્રના બે મહત્વપૂર્ણ ખ્યાલો છે જે સમાજના કાર્યક્ષમ અને સુમેળી બનેલા વ્યવહારને સમજવામાં મદદ કરે છે. આ બંને ખ્યાલો એ દર્શાવે છે કે સમાજ કેવી રીતે કાર્ય કરે છે, લોકો એકબીજાને કેવી રીતે પ્રભાવિત કરે છે, અને સમાજ કેવી રીતે ફેરફાર અથવા નિયંત્રિત કરવામાં આવે છે. એકમ પાંચમાં સમાજશાસ્ત્રીય ખ્યાલો તરીકેઃ સામાજિક નિયંત્રણ અને સામાજિક પરિવર્તનમાં સમજાવવામાં આવ્યું છે. એકમ છમાં સમાજના અભ્યાસ માટેના અભિગમોઃ કાર્યવાદી, સંઘર્ષ/દ્વંદ્વવાદ, સંરચનાવાદ અને ઉત્તર આધુનિકતાવાદ વિશે સમજાવવામાં આવ્યું છે. સામાજિક સંરચના એ ધોરણો, વ્યવસ્થાઓ અને સંસ્થાઓનો આધારભૂત માળખો છે જે વ્યક્તિઓ અને જૂથો વચ્ચેના સંબંધોને અને સામાજિક પરિપ્રેક્ષ્યને વ્યવસ્થિત કરે છે.એકમ સાત સામાજિક સંરચનાનો અર્થ અને વિશેષતામાં સમજૂતી છે.*

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**BSWR-SEM-2**
**BSWR – 203 : સમાજકાર્ય અને સામાજિક વિજ્ઞાનોનો ખ્યાલ**

## વિભાગ – 1 : સમાજકાર્ય અને સામાજિક વિજ્ઞાનો


| | | | |
|---|---|---|---|
| 1. | એકમ - 1 | વિજ્ઞાનનો અર્થ અને સામાજિક વિજ્ઞાનનો પરિચય | 01 |
| 2. | એકમ - 2 | સમાજશાસ્ત્રનો અર્થ, લક્ષણો અને અભ્યાસ ક્ષેત્રો | 13 |
| 3. | એકમ -3 | સમાજશાસ્ત્રીય ખ્યાલો તરીકેઃ સામાજિક માળખું અને સામાજિક સંસ્થાઓ | 26 |
| 4. | એકમ - 4 | સમાજશાસ્ત્રીય ખ્યાલો તરીકેઃ સમાજીકરણ અને સામાજિક જૂથો | 39 |
| 5. | એકમ - 5 | સમાજશાસ્ત્રીય ખ્યાલો તરીકેઃ સામાજિક નિયંત્રણ અને સામાજિક પરિવર્તન | 62 |
| 6. | એકમ - 6 | સમાજના અભ્યાસ માટેના અભિગમોઃ કાર્યવાદી, સંઘર્ષ/દ્વંદ્વવાદ, સંરચનાવાદ અને ઉત્તર આધુનિકતાવાદ | 83 |
| 7. | એકમ - 7 | સામાજિક સંરચનાનો અર્થ અને વિશેષતા | 92 |

એકમ 1

# વિજ્ઞાનનો અર્થ અને સામાજિક વિજ્ઞાનનો પરિચય

-: રૂપરેખા :-


**1.0 એકમનાં હેતુઓ**

**1.1 પ્રસ્તાવના**

**1.2 વિજ્ઞાનનો અર્થ અને વિજ્ઞાનનું વર્ગીકરણ**

**1.3 સામાજિક વિજ્ઞાન કોને કહેવાય**

**1.4 સામાજિક વિજ્ઞાનોનો પરિચય**

**1.5 ઉપસંહાર**

**1.6 તમારી પ્રગતિ ચકાસો**

**1.7 ચાવીરૂપ શબ્દો**

**1.8 સ્વાધ્યાય લેખન**

**1.9 પ્રવૃત્તિ કરો**

**1.10 કેસસ્ટડી તૈયાર કરો**

**1.11 સંદર્ભ ગ્રંથો**


## 1.0 એકમનાં હેતુઓ

સામાજિક વિજ્ઞાન એ સમાજના વિવિધ પાસાંઓનો અભ્યાસ કરે છે. સામાજિક જીવનનાં વિવિધ પાસાંઓના અભ્યાસ માટે સામાજિક વિજ્ઞાનોનો પરિચય કરવો જરૂરી છે. આ એકમના અભ્યાસના અંતે વિદ્યાર્થીઓને નીચેની બાબતો અંગેની જાણકારી પ્રાપ્ત થશે.

(1) વિજ્ઞાન એટલે શું ? તે અંગેની જાણકારી પ્રાપ્ત થશે.

(2) વિજ્ઞાનનું વર્ગીકરણ કઈ રીતે થઈ શકે ? તે અંગે જાણવા મળશે.

(3) સામાજિક વિજ્ઞાન કોને કહેવાય ? તે અંગે જાણકારી પ્રાપ્ત થશે.

(4) જુદાં-જુદાં સામાજિક વિજ્ઞાનોનો પરિચય થશે.

(5) સામાજિક વિજ્ઞાનો અને સમાજકાર્ય વચ્ચે સંબંધ શું છે ? તે અંગે જાણવા મળશે.

## 1.1 પ્રસ્તાવના

સમાજશાસ્ત્રમાં સમાજ શબ્દ વારંવાર વપરાય છે. સમાજ એટલે શું ? તેવું કોઈપણ વ્યક્તિને પૂછવામાં આવે ત્યારે સમાજ શબ્દનો અર્થ વ્યક્તિ વ્યક્તિએ બદલાય છે. દરેક વ્યક્તિના જવાબોને તપાસવામાં આવે તો ક્યાંક સમાનતા અને ક્યાંય વિરોધાભાસ પણ જોવા મળે છે. સમાજ શબ્દનો અર્થ જુદો-જુદો જોવા મળે છે. શહેરી સમાજ, ગ્રામીણ સમાજ, આદિવાસી સમાજ, વિદ્યાર્થી સમાજ, આર્ય સમાજ, ગુજરાતી સમાજ, મરાઠી સમાજ આમ વિવિધ અર્થોમાં આ સમાજ શબ્દ વપરાય છે.

રાઈટ નામના સમાજ શાસ્ત્રીએ "સમાજ એટલે મનુષ્યનો સમૂહ નહિ, પણ સમૂહના સભ્યો વચ્ચે પ્રવર્તતી સામાજિક સંબંધોની વ્યવસ્થા છે." તેમ કહ્યું છે. સમાજ સતત બદલાય છે અને સમાજમાં સામાજિક સંબંધોની જટિલ વ્યવસ્થા જોવા મળે છે. સામાજિક સંબંધોનું સ્વરૂપ હંમેશાં એક સરખું હોતું નથી. આ સ્વરૂપ હંમેશાં બદલાતું રહે છે. આ સામાજિક સંબંધો અનેક સ્વરૂપના હોઈ શકે છે. જેમાં આર્થિક, કૌટુંબિક, ધાર્મિક વગેરે સ્વરૂપના સંબંધો હોઈ શકે છે. ક્યાંક નિકટવર્તી તો ક્યાંક દૂરવર્તી સંબંધો જોવા મળે છે. ક્યાંક ઔપચારિક સંબંધો જોવા મળે છે. તો ક્યાંક અનૌપચારિક સંબંધો જોવા મળે છે. સંગઠિત કે બિન સંગઠીત તો ક્યાંક પ્રત્યક્ષ અને પરોક્ષ સ્વરૂપના પણ સંબંધો જોવા મળે છે.

માણસ એક સામાજિક પ્રાણી છે. સમાજમાં રહે છે. માણસ એકબીજામાંથી ઘણું શીખી શકે છે. દરેક વ્યક્તિમાં ઘણું વૈવિધ્ય જોવા મળે છે. આ બધા મુદ્દાઓને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ સાથે સમજવા જરૂરી છે. આ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણને સમજવા માટે વૈજ્ઞાનિક દૃષ્ટિ હોવી જરૂરી છે. સામાજિક કાર્યકરો એ સમાજના વિવિધ પ્રશ્નો સાથે કામ કરવાનું હોય છે. સમાજમાં સામાજિક સમસ્યાઓમાં પણ ઘણું વૈવિધ્ય જોવા મળે છે. આ વૈવિધ્યતાને સમજવી જરૂરી છે. સમાજમાં આ બધી બાબતોને સમજવા માટે જુદાં-જુદાં વિજ્ઞાનો અને શાસ્ત્રોને સમજવા જરૂરી છે. વિવિધ વિજ્ઞાનો અને શાસ્ત્રો અંગેની સામાજિક કાર્યકરોને જાણકારી હોવી આવશ્યક છે. કારણ કે સમાજકાર્ય એ કોઈ અલગથી વિષય નથી પણ, ઘણાં વિજ્ઞાનો અને શાસ્ત્રોનું સમન્વય છે. એટલે તે દૃષ્ટિએ સારાં સામાજિક કાર્યકર બનવા માટે આ વિવિધ શાસ્ત્રો વિશેની સમજ હોવી જરૂરી છે. સારાં સામાજિક કાર્યકર પાસે સમાજજીવનના વિવિધ પાસાંઓ વિશેનું જ્ઞાન હોવું જરૂરી છે. કારણ કે સમાજિક કાર્યકરે સમાજમાં વિવિધ પ્રકારની ભૂમિકા અદા કરવાની હોય છે. અનેક સમસ્યાગ્રસ્ત વ્યક્તિઓ સામાજિક કાર્યકર પાસે મદદ માટે આવતી હોય છે એટલે આ દૃષ્ટિએ સામાજિક વિજ્ઞાનોને સામાજિક કાર્યકરને પરિચય હોય તે જરૂરી છે. આ એકમમાં વિજ્ઞાન એટલે શું ? વિજ્ઞાનનું વર્ગીકરણ અને સામાજિક વિજ્ઞાનોનો અંગેનો ટૂંકાણમાં પરિચય કરાવવાનો પ્રયાસ કરવામાં આવેલ છે.

## 1.2 વિજ્ઞાનનો અર્થ અને વિજ્ઞાનનું વર્ગીકરણ

વિજ્ઞાન એટલે વ્યવસ્થિત અને વિશિષ્ટ પ્રકારનું જ્ઞાન. જેમાંથી નિયમો અને સિદ્ધાંતો તારવી શકાતા હોય અને કાર્યકારણનો સંબંધ સ્થાપિત શકાતો હોય.

વિજ્ઞાન એટલે એક એવી પદ્ધતિ કે તેમાં ભૌતિક વિશ્વ અંગે અનુભવજન્ય જ્ઞાન મેળવી તેનું વ્યવસ્થિત વર્ગીકરણ અને પરિશ્રણ કરી કાર્યકારણની સમજૂતી આપતાં સ્પષ્ટ કારણો, સિદ્ધાંતો અને આગાહીઓ વિકસાવવા માટે પ્રયત્ન કરવામાં આવે છે.

વિજ્ઞાનમાં એકલ-દોકલ ઘટનાઓ કરતાં જુદી-જુદી ઘટનાઓમાં દેખાતી નિયમિતતા શોધી તેમના ખુલાસા કે સ્પષ્ટીકરણ પ્રત્યે વિશેષ ધ્યાન આપવામાં આવે છે.

આમ, શાબ્દિક અર્થમાં "વિજ્ઞાન એટલે વિશિષ્ટ પ્રકારનું જ્ઞાન. જ્ઞાનને પ્રતિપાદિત કરનારને "વિજ્ઞાની" તરીકે ઓળખાવી શકાય. આમ, વિજ્ઞાનને માત્ર પ્રયોગશાળા સાથે જ સંબંધ નથી પદ્ધતિ સાથે મેળવેલું જ્ઞાન એ વિજ્ઞાન છે. કોઈપણ ઘટના, પદાર્થ કે પ્રક્રિયા અંગે અભ્યાસ કરીએ ત્યારે તેમાં વૈજ્ઞાનિક સમજ અને દૃષ્ટિ હોવી જરૂરી છે. તેમાં નિરીક્ષણ કરવું જરૂરી છે. વિજ્ઞાન એ ચકાસણીજન્ય છે. તેમાં અનુમાન ન ચાલે. દા.ત., ઝાડ ઉપરથી સફરજન નીચે પડ્યું અને આ ઘટના ન્યુટને જોઈ. તરત જ તેમના મનમાં સવાલ થયો કે ઝાડ ઉપરથી સફરજન નીચે જ કેમ પડ્યું ? સફરજન આકાશની તરફ ઉપર કેમ ન ગયું ? આ સવાલ થતાંની સાથે ન્યૂટને આ

દિશામાં સંશોધન કર્યું અને પછી કહ્યું કે પૃથ્વીમાં કોઈ એવી વસ્તુ છે કે જે કોઈપણ પદાર્થને પોતાની તરફ ખેંચે છે અને તેના ઉપરથી ન્યૂટને ગુરુત્વાકર્ષણનો નિયમ શોધ્યો. જેના લીધે આપણાં સમાજમાં ઘણી શોધખોળો થઈ અને સમાજમાં વૈજ્ઞાનિક દૃષ્ટિનો વિકાસ થયો. આમ, વિજ્ઞાન એ વિશિષ્ટ પ્રકારનું જ્ઞાન છે. આ જ્ઞાન એ અનુમાન આધારિત જ્ઞાન છે.

**વિજ્ઞાનનું વર્ગીકરણ**

વિજ્ઞાનનું મુખ્ય બે રીતે વર્ગીકરણ કરી શકાય.

(1) પ્રાકૃતિક (નૈસર્ગિક વિજ્ઞાનો)

(2) સામાજિક વિજ્ઞાનો

નૈસર્ગિક વિજ્ઞાનોમાં ખગોળશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, માનવ નૃવંશશાસ્ત્ર, માનવશાસ્ત્ર વગેરેનો સમાવેશ થાય છે.

ગણિત અને તર્કશાસ્ત્ર જેવાં શાસ્ત્રો વાસ્તવિક હકીકતો ઉપર આધારિત ન હોવાથી તેમને ઔપચારિક વિજ્ઞાનો (ફોર્મલ સાયન્સ) કહેવામાં આવે છે. તેજ રીતે, ઈજનેરી વિજ્ઞાન, વૈદકશાસ્ત્ર (મેડિકલ) વગેરેને વ્યવહારું (અટેલાઈડ) વિજ્ઞાન તરીકે ઓળખવામાં આવે છે.

આમ, વિજ્ઞાનનું વિષય વસ્તુ અલગ હોવાથી વિજ્ઞાનની અનેક શાખાઓ, પ્રશાખાઓ અસ્તિત્વમાં આવી છે. પરંતુ આ દરેક વિષય વસ્તુનો અભ્યાસ વૈજ્ઞાનિક પદ્ધતિથી જ થતો આવ્યો છે. તેથી બધા વિજ્ઞાન તરીકે ઓળખાય છે.

## 1.3 સામાજિક વિજ્ઞાન કોને કહેવાય

સામાજિક વિજ્ઞાન અથવા સમાજવિદ્યાએ વિજ્ઞાનની એક શાખા છે. જેમાં મુખ્યત્વે માનવસમાજ અને માનવ સંબંધોનો અભ્યાસ કરવામાં આવે છે. સામાજિક વિજ્ઞાનો સમાજજીવનનાં વિવિધ પાસાંઓનો અભ્યાસ કરે છે.




સામાજિક કાર્યકરે સમાજનાં વિવિધ મુદ્દાઓ, પ્રશ્નો અને સમસ્યા ઉપર કામ કરવા માટે સામાજિક વિજ્ઞાનો અંગેની સમજ મેળવવી અતિ જરૂરી છે. આ સામાજિક વિજ્ઞાનોના અભ્યાસ થકી જ વિવિધ સમસ્યાઓ ઉપર કામ કરવા માટે કાર્યકરોને જરૂરી સમજ પ્રાપ્ત થાય છે. આ દૃષ્ટિએ સામાજિક વિજ્ઞાનોનો પરિચય એ આપણા અભ્યાસ ક્રમનો એક ભાગ બને છે અને આ દરેક શાસ્ત્રો અને વિજ્ઞાનો વિશેની ટૂંકી સમજ અહીં આપી છે.

## 1.4 સામાજિક વિજ્ઞાનોનો પરિચય

### સમાજશાસ્ત્ર અને સમાજકાર્ય

સમાજશાસ્ત્ર સાથે સમાજકાર્યનો સંબંધ વર્ષો જૂનો છે. સમાજશાસ્ત્ર સમાજકાર્ય માટે જ્ઞાનનો આધાર છે. સમાજશાસ્ત્રએ સમાજનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરે છે. જ્યારે સમાજકાર્યએ સમાજના કલ્યાણ માટે વૈજ્ઞાનિક ઢબે થતું કાર્ય છે. આમ, સમાજશાસ્ત્રીઓ સમાજનો અભ્યાસ કરે છે અને તે અંગેની હકીકતો શોધે છે. જ્યારે, સમાજ કાર્યકર યોગ્ય સારવાર માટે સમસ્યા ઉકેલમાં મદદ કરવા અને વધુ સારા સમાયોજન માટે પરિસ્થિતિમાં પરિવર્તન લાવવા સેવાર્થી કે સમુદાયને સમજવાનો પ્રયત્ન કરે છે. સેવાર્થીને સમજવા માટે તે જે સમાજમાં જીવે છે તેને પણ સમજવો પડે છે અને તેને સમજવા માટે સમાજકાર્યને સમાજશાસ્ત્ર પર આધાર રાખવો પડે છે.

અમેરિકા કેટલાક સમાજશાસ્ત્રીઓએ સમાજશાસ્ત્રને "સમાજનું વિજ્ઞાન", માનવીય સંબંધો વિશેના વૈજ્ઞાનિક જ્ઞાનના માળખા અને સમાજનો વૈજ્ઞાનિક અભ્યાસ કરતા વિજ્ઞાન તરીકે પરિભાષિત કર્યું છે. ટૂંકમાં સમાજશાસ્ત્રએ સમાજનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરે છે. સમાજના જુદા-જુદા રીતરિવાજો, પરંપરાઓ, રૂઢિઓ વગેરેનો અભ્યાસ કરે છે. સમાજશાસ્ત્રએ સમાજનું, સમાજનો અભ્યાસ કરતું વિજ્ઞાન છે. તે માનવ સંબંધોનું, સામાજિક જીવનનું, મનુષ્યના વ્યવહારોનું અને જુદાં-જુદાં સામાજિક સમૂહોનું અવ્યયન છે.

સમાજશાસ્ત્ર લોકોની આંતરક્રિયાઓને સમજવામાં રસ ધરાવે છે. આંતરક્રિયા એટલે ક્રિયા+પ્રતિક્રિયા. માનવ એકબીજાની સાથે કેવી રીતે, ક્યારે અને શા માટે વર્તન કરે છે. તેના તરફ સમાજશાસ્ત્રી ધ્યાન ખેંચે છે તથા માનવ આંતરક્રિયા શા માટે કરે છે તેના તરફ ખાસ રસ ધરાવે છે. સમાજ કાર્યકર વ્યક્તિની જુદી-જુદી સમસ્યાઓને સમજવાનો પ્રયત્ન કરે છે. સમાજમાં વિવિધ પ્રકારની સામાજિક સમસ્યાઓ જોવા મળે છે. જેમાં બાળઅપરાધ, કૌટુંબિક ઝગડાઓ, માનસિક રોગ વગેરેને કારણે વ્યક્તિનું સમાયોજન યોગ્ય રીતે થતું નથી. આ બધી જ બાબતોને સમજવા માટે સામાજિક વિચલન, તેનાં કારણો, પરિબળો વગેરેનું જ્ઞાન જરૂરી છે. આમ, સમસ્યાનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરીને તેને ઉકેલવા માટેનો પ્રયત્ન કરવામાં આવે છે. સમાજશાસ્ત્રએ સામાજિક સમસ્યાઓની સમજણ માટેનું માળખું પૂરું પાડે છે.

સમાજકાર્ય મુખ્યત્વે એ સમસ્યાઓ તરફ ધ્યાન કેન્દ્રિત કરે છે. જે સમસ્યાઓનો સંબંધ મનુષ્યના આંતરિક તેમજ બાહ્ય સમાયોજન સાથે છે. સમાજકાર્ય સમાયોજનને દ્વિમુખી ઘટના તરીકે જુએ છે. એમાં માત્ર વ્યક્તિમાં જ નહીં, પરંતુ તેની આજુબાજુના પર્યાવરણમાં પણ પરિવર્તન લાવવા માટે પ્રયત્ન કરે છે.

સમાજશાસ્ત્ર પોતાનો મોટાભાગનો સમય સત્યોને શોધવા માટેના અભ્યાસમાં કરે છે. જ્યારે સમાજકાર્ય સેવાર્થીની સમસ્યાઓનું નિદાન કરી, ઉપચાર કરવાની પ્રક્રિયામાં પોતાનો સમય આપે છે. સમાજશાસ્ત્રએ સમાજ અને વ્યક્તિની સામાજિક વર્તણૂકની સમજ આપે છે. સમાજકાર્યના તાર્કિક સિદ્ધાંતો સમાજકાર્યના વ્યવહારને સમજવા માટે જરૂરી છે. તેણે વ્યાવસાયિક સમાજકાર્ય માટે આવશ્યક જ્ઞાનમાં મોટું યોગદાન આપ્યું છે.

સમાજશાસ્ત્રને માનવના સામાજિક જીવન અને તેનાં સાંસ્કૃતિક, કુદરતી પર્યાવરણ, વારસો અને જૂથ જેવાં પરિબળો સાથેના સંબંધના અભ્યાસ સાથે સંબંધ છે. સમાજશાસ્ત્ર સામાજિક સ્થિતિનો અભ્યાસ કરે છે. સમાજશાસ્ત્રનું વિષય વસ્તુ (1) સામાજિક ઘટકો (2) સામાજિક પ્રક્રિયાઓ (3) સામાજિક નિયંત્રણ (4) સામાજિક રોગ નિદાન શાસ્ત્રનો અભ્યાસ કરે છે. આમ, આપણે કહી શકીએ કે સમાજશાસ્ત્રએ માનવ સંસ્થા, જૂથો અને તેમની આંતરક્રિયાઓનો વૈજ્ઞાનિક અભ્યાસ છે.

સમાજકાર્ય એ પોતાનું મોટા ભાગનું જ્ઞાન સમાજશાસ્ત્રમાંથી લીધું છે. કારણ કે વ્યક્તિની મનોસામાજિક સમસ્યાઓનું નિદાન અને સારવાર કરવા માટે સામાજિક પર્યાવરણનું જ્ઞાન હોવું આવશ્યક છે. સમાજકાર્ય માટે સમાજશાસ્ત્રએ જ્ઞાનનો મહત્ત્વનો આધાર છે. સમાજકાર્યના અભ્યાસ દરમ્યાન પણ વિદ્યાર્થીઓને ફિલ્ડવર્કના માધ્યમથી સમાજ સાથે જોડવાનો પ્રયત્ન કરવામાં આવે છે. કારણ કે સમાજજીવનનાં પ્રશ્નો સામાજિક કાર્યકર જો સારી રીતે સમજે તો જ તે સમાજના પ્રશ્નોમાં દરમ્યાનગીરી કરી શકે છે. માટે સમાજ વિશેનું પાયાનું જ્ઞાન સામાજિક કાર્યકરોને આપવામાં આવે છે. સમાજકાર્યમાં સમાજશાસ્ત્રને એક વિષય તરીકે પણ ભણાવવામાં આવે છે તે પાછળનું મહત્ત્વનું કારણ સમાજ વિશેનાં અભ્યાસનું જ છે. સામાજિક કાર્યકરો સમાજ શું છે ? સામાજિક સમસ્યાઓ કઈ-કઈ છે ? આ સમસ્યાઓ ઉદ્ભવવા પાછળનાં મુખ્ય કારણો કયાં છે ? આ તમામ બાબતોનો અભ્યાસ કરવો જરૂરી છે. અભ્યાસ વગર કોઈપણ સમસ્યાનો ઉકેલ લાવવો શક્ય નથી. સામાજિક સમસ્યાઓનું નિદાન કરી તેનાં ઉકેલની દિશામાં આગળ વધવા માટે સામાજિક જીવનનાં વિવિધ પાસાંઓનો અભ્યાસ જરૂરી છે. સમાજકાર્ય હંમેશા માણસના જીવાતા જીવનનાં પ્રશ્નો સાથે કામ કરે છે. માટે, સમસ્યા અંગેની વૈજ્ઞાનિક રીતે સમજ મેળવી તેના ઉકેલની દિશામાં કામ કરવા માટે સમાજશાસ્ત્રનો અભ્યાસ કરવો જરૂરી છે. આમ, સમાજશાસ્ત્ર એ સમાજકાર્ય માટે ખૂબ પાયાની માહિતી અને જાણકારી પૂરી પાડે છે.

**અર્થશાસ્ત્ર અને સમાજકાર્ય**

અર્થશાસ્ત્રએ આર્થિક બાબતો અંગે અભ્યાસ કરતું શાસ્ત્ર છે, વિજ્ઞાન છે. અનેક મનોસામાજિક સમસ્યાઓનાં મૂળમાં આર્થિક કારણોની ભૂમિકા મહત્ત્વની હોય છે. માટે અર્થશાસ્ત્રમાંથી મેળવેલું જ્ઞાન સમાજકાર્યના વિવિધ ક્ષેત્રોને સમજવા માટે ખૂબ ઉપયોગી બની રહે છે.

સમાજમાં વસ્તુઓ અને સેવાઓની માંગ કેટલી છે ? આ માંગની પૂર્તિ કઈ વ્યક્તિઓ તથા સંસ્થાઓ દ્વારા થાય છે ? ઉત્પાદન કરેલી વસ્તુઓ લોકો સુધી કઈ રીતે પહોંચાડી શકાય ? ગરીબ લોકોને આવશ્યક વસ્તુઓ કઈ રીતે મળી શકે ? સારી રીતે જીવન જીવવા માટે કઈ વસ્તુઓ મહત્ત્વની છે ? આ વસ્તુઓની પ્રાપ્તિ કયાંથી થઈ શકે ? ગરીબો ગરીબ કેમ છે ? ગરીબી પાછળનાં મુખ્ય કયા કારણો છે ? વગેરે બાબતો અંગેની જાણકારી ખૂબ મહત્ત્વની બની રહે છે.

આમ, અર્થશાસ્ત્ર જીવન માટે જરૂરી સુખ સુવિધાઓને મેળવીને તમામ વર્ગ માટે લઘુત્તમ અપેક્ષિત જીવનધોરણનું લક્ષ્ય પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. જે સમાજકાર્યનો પણ મુખ્ય ઉદ્દેશ છે. જીવનનાં વિવિધ પાસાંઓમાં આર્થિક પ્રવૃત્તિઓ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. સમાજકાર્ય સામાજિક ન્યાય આધારિત આર્થિક વૃદ્ધિને વિકાસના આધારભૂત સિદ્ધાંતના સ્વરૂપમાં સ્વીકાર કરે છે. આમ, સમાજકાર્ય અને અર્થશાસ્ત્ર એકબીજા ઉપર આધારિત છે. તેમ કહી શકાય. અર્થશાસ્ત્રમાં માનવીની આર્થિક પ્રવૃત્તિઓ જેવી કે ઉત્પાદન, વપરાશ, સંપત્તિની વહેંચણી અંગેનો અભ્યાસ કરવામાં આવે છે. સમાજકાર્ય વ્યક્તિ અને સમાજની સમસ્યાઓના ઉકેલ માટે કામ કરે છે. અર્થશાસ્ત્ર માનવજીવનનાં માત્ર આર્થિક પાસાનો અભ્યાસ કરે છે, જ્યારે સમાજકાર્યને માનવજીવનનાં સમગ્ર પાસાં સાથે નિસ્બત છે. અર્થશાસ્ત્ર માણસને અભ્યાસ તેની સમસ્યાના ઉકેલ અને તેના વિકાસ માટે કરે છે. અર્થશાસ્ત્ર તે આર્થિક પ્રવૃત્તિઓ સાથે નિસ્બત છે, જેનો હેતુ આર્થિક અને સામાજિક કલ્યાણ પ્રાપ્ત કરવાનો છે. સમાજકાર્ય માણસની અન્ય જરૂરિયાતો સાથે આર્થિક જરૂરિયાતોનો પણ અભ્યાસ કરે છે. જો તે જરૂરિયાતો પરિપૂર્ણ થતી નથી, તો તે સમસ્યાઓનું રૂપ લે છે અને તે સમાજકાર્યના ક્ષેત્રમાં આવે છે.

આમ, સમાજકાર્ય અને અર્થશાસ્ત્ર એકબીજા ઉપર આધારિત છે. સામાજિક કાર્યકર તરીકે

સમાજજીવનનાં આર્થિક પ્રશ્નો સમજવા માટે અર્થશાસ્ત્ર પાયારૂપ છે. અર્થશાસ્ત્ર વગર આર્થિક બાબતોનું અધ્યયન શક્ય નથી. આજે સમાજમાં ગરીબી, બેકારી ભૂખમરો, કુપોષણ, આર્થિક અસમાનતા વગેરે જેવાં પ્રશ્નો વકરી રહ્યાં છે. સામાજિક કાર્યકર તરીકે સમાજના આ પાયાના પ્રશ્નોમાં દરમ્યાનગીરી કરવા માટે આર્થિક બાબતોનો અભ્યાસ જરૂરી છે. ફિલ્ડવર્ક દરમ્યાન સામાજિક કાર્યકરો લોકોની આર્થિક પરિસ્થિતિનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરે છે. અર્થશાસ્ત્રને એક વિષય તરીકે સામાજિક કાર્યકરો ભણે છે. તેનો અભ્યાસ કરે છે. તે પાછળનું મુખ્ય કારણ સમાજજીવનનાં આર્થિક પ્રશ્નોમાં દરમ્યાનગીરી કરવાનો મુખ્ય હેતુ છે.

**મનોવિજ્ઞાન અને સમાજકાર્ય**

લગભગ 125 વર્ષ પહેલાં શરૂઆત પામેલો આ વિષય. અંગ્રેજીમાં મનોવિજ્ઞાનને સાયકોલોજી તરીકે ઓળખવામાં આવે છે. સાઈક એટલે આત્મા+લોગોસ એટલે વિજ્ઞાન. શરૂઆતમાં મનોવિજ્ઞાનને "આત્માના વિજ્ઞાન" તરીકે ઓળખવામાં આવતું હતું. ત્યારબાદ મનોવિજ્ઞાનને"મનનાવિજ્ઞાન" તરીકે સ્વીકારવામાં આવ્યું અને ઓગણીસમી સદીના અંતમાં "ચેતનાના વિજ્ઞાન" તરીકે ઓળખાતું થયું. આજે માનવી અને માનવેત્તર પ્રાણીઓના વર્તનનો અભ્યાસ કરતું શાસ્ત્ર ગણાય છે.

મનોવિજ્ઞાનએ સામાજિક વિજ્ઞાન છે. જાણીતા મનોવિજ્ઞાની જે.બી.વોટસને કહ્યું છે કે મનોવિજ્ઞાન આત્મા કે મનનું નહીં, પણ વર્તનનું વિજ્ઞાન છે. મનોવિજ્ઞાન એક સામાજિક વિજ્ઞાન હોવાને નાતે સમાજમાં રહેતા માનવીઓનો સામાજિક પરિસ્થિતિના સંદર્ભમાં અભ્યાસ કરે છે. ઉપરાંત, મનોવિજ્ઞાનએ વર્તનની આગાહી નક્કી કરે છે. મનોવિજ્ઞાન એ માનવી અને પ્રાણીના વર્તનનો અભ્યાસ કરતું વિજ્ઞાન છે.

મનોવિજ્ઞાનનું વિષય વસ્તુ માનવીનું વર્તન છે. મનોવિજ્ઞાન માનવીના બાહ્ય, આંતરિક, શારીરિક અને માનસિક વર્તનનો અભ્યાસ કરતું વિજ્ઞાન છે. માનવીનું વર્તન ખૂબ જટિલ છે. મનોવિજ્ઞાન માનવીના વર્તનને કેન્દ્રમાં રાખી તેનો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ દ્વારા અભ્યાસ કરે છે.

મનોવિજ્ઞાન માનવ વ્યવહાર, લાગણીઓ, પ્રેરણાઓ અને સમજ તથા વર્તનને નિશ્ચિત કરવામાં ભાગ ભજવતાં પરિબળોનો અભ્યાસ કરે છે. સમાજકાર્યકરને આ પરિબળોનું જ્ઞાન હોવું જરૂરી છે. કારણ કે તેણે સેવાર્થીના વર્તનને બદલવાનો પ્રયત્ન કરવાનો હોય છે. સમાજ કાર્યકર વ્યક્તિનાં વર્તન અને પર્યાવરણ વચ્ચેની આંતરક્રિયાને સમજવા સામાજિક મનોવિજ્ઞાનનો અભ્યાસ કરે છે. કોઈપણ સમસ્યા વ્યક્તિગત અને સામાજિક પરિબળોને કારણે ઉદ્ભવે છે. તેથી તેનો અભ્યાસ જરૂરી બની રહે છે. સમાજમાં વ્યક્તિઓની વિવિધ સમસ્યાઓ હોય છે. આ સમસ્યાઓના અભ્યાસ નિદાન અને સારવાર માટે સામાજિક કાર્યકર પાસે જ્ઞાન જરૂરી છે. જો આપણે વ્યક્તિઓના વર્તનનો અભ્યાસ કરવા માંગતા હોઈએ તો આપણે તેની સાથે જોડાયેલાં જૂથો અને તેની સામાજિક આંતરક્રિયાઓ ઉપર પ્રકાશ પાડવો જોઈએ. કારણ કે સમાજકાર્યનો ઉદ્દેશ વ્યક્તિનાં વૃદ્ધિ, વિકાસ અને સમાયોજનનો છે. આ હેતું ત્યારે જ સિદ્ધ થાય કે જ્યારે સમાજકાર્યકર સામાજિક આંતરક્રિયાઓ અને તેના વ્યક્તિ પરના પ્રભાવ વિશે જાણતા હોય. સમાજ કાર્યકર સેવાર્થીના વ્યક્તિત્વ અને સામાજિક પર્યાવરણમાં જો પરિવર્તન લાવી શકે તો અનુકૂલનની સમસ્યાઓને ઉકેલી શકે. સામાજિક સ્થિતિમાં પરિવર્તન લાવવા માટે રિવાજો, પરંપરાઓ, મૂલ્યો, સાંસ્કૃતિક લક્ષણો જાણવા જરૂરી છે. આ તમામ બાબતોનો સમાજકાર્યકરે વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરવો જોઈએ.

સામાજિક કાર્યકરો પાસે વ્યક્તિના વર્તન સંબંધી અનેક સમસ્યાઓ આવતી હોય છે. તો આવા સમયે આ સમસ્યાઓનો અભ્યાસ કરી, તેનું નિદાન કરી તેની સારવાર માટે પ્રયત્નો

કરવાં પડે છે. આ તમામ પ્રક્રિયામાં સમાજ કાર્યકરને મનોવિજ્ઞાન વિષયનું જ્ઞાન ખૂબ ઉપયોગી બની રહે છે. મનોવિજ્ઞાન આજકાલ સમાજમાં વધતા જતા માનસિક તણાવ અને વધતી જતી માનસિક બીમારીઓની અટકાયતમાં મનોવિજ્ઞાન વિષયનો અભ્યાસ ખૂબ ઉપયોગી બની રહે છે.

**રાજ્યશાસ્ત્ર અને સમાજકાર્ય**

રાજ્યનો અભ્યાસ કરતા શાસ્ત્રને "રાજ્યશાસ્ત્ર" તરીકે ઓળખવામાં આવે છે. રાજ્ય તેની સંસ્થાઓ, સત્તામાળખું, સત્તાનું કેન્દ્ર અને રાજકીય જીવનનો પદ્ધતિસરનો અભ્યાસ કરે છે. માનવના સામાજિક જીવનના ભાગરૂપે રાજકીય જીવનની શરૂઆત થાય છે. કુટુંબ જેવા પ્રાથમિક સંગઠનમાંથી કાળક્રમે ગામ, બગર અને રાજ્યનો વિકાસ થયો છે. મૂળે ગ્રીક ભાષામાં નગર માટે પ્રયોજાતા "પોલિસ" (Polis) શબ્દ પરથી "પોલિટિક્સ" શબ્દ આવ્યો છે. આથી રાજ્યશાસ્ત્રની ઉત્પત્તિના સંદર્ભે રાજ્યશાસ્ત્ર નગરને સ્પર્શતી બાબતો અંગેનું શાસ્ત્ર કહેવાય. શરૂઆતમાં નગરના સંચાલન માટે તેના સંચાલકોને સત્તા આપવામાં આવી. આ સત્તાનો ઉપયોગ નિયમોના આધારે થાય તે ઈચ્છનીય જણાતાં રાજ્ય, સત્તા અને કાયદાઓની વિભાવનાઓ વિકસી અને તે રાજ્યશાસ્ત્રના ક્ષેત્રમાં સમાવેશ પામી હતી. આમ, રાજ્યશાસ્ત્રએ સામાજિક દૃષ્ટિએ ખૂબ મહત્ત્વનું શાસ્ત્ર છે.

રાજ્યશાસ્ત્રને રાજ્યના વિજ્ઞાન તરીકે ઓળખવામાં આવે છે. રાજ્યશાસ્ત્ર માનવજાતનાં મંડળો તરફ ધ્યાન આપે છે. જે રાજકીય સંગઠનો અને સરકાર રચે છે. સરકાર કાયદાઓ ઘડે છે અને વહીવટ કરે છે. આંતરરાજ્ય સાથેના સંબંધો ઊભા કરે છે. રાજ્યશાસ્ત્ર રાજ્યની પ્રકૃતિને, તેના મહત્ત્વના સંગઠનોને, વહીવટના સિદ્ધાંતોને અને નીતિઓને સમજાવે છે. નીતિ એટલે કઈ રીતે કામ કરવું તે અંગેની માર્ગદર્શિકા રાજ્યશાસ્ત્ર માણસ અને સમાજને ઘડવામાં ઉંડો રસ ધરાવે છે. માનવ એક સામાજિક પ્રાણી છે. રાજ્યની વિવિધ સ્થિતિ અને સમાજની અસરો તેના વર્તન અને વિકાસ પર પડે છે.

રાજ્ય લોકોના વર્તન અને કાર્યોનું નિયંત્રણ કરે છે, જેને પરિણામે દરેક નાગરિકને તેનો લાભ મળે છે. રાજ્યનું ક્ષેત્ર ઘણું વિશાળ અને વ્યાપક છે. જેમાં વ્યક્તિઓ સાથેના સંબંધો એનો એક ભાગ છે. સમાજકાર્ય તમામ માનવ સંબંધો અને આંતરક્રિયાઓ સાથે સંબંધ ધરાવે છે. તેથી સમાજકાર્યકર માટે રાજ્યનાં આ નિયંત્રણો અને તેની સત્તા વિશેનું તેને જ્ઞાન હોય તે જરૂરી છે.

રાજ્ય નીતિ શાસ્ત્રમાં રાજ્યનું સ્વરૂપ શું છે ? તેનો ઉદ્દેશ શું છે ? આ ઉદ્દેશોની પ્રાપ્તિ માટેનાં સાધનો શું હશે ? સમાજના વંચિત અને છેવાડાના સમુદાયનું કલ્યાણ કઈ રીતે કરવામાં આવશે ? રાજ્ય અને વ્યક્તિ વચ્ચે કેવા પ્રકારના સંબંધ હશે ? રાજ્ય હીત તથા વ્યક્તિહીનમાં વિરોધાભાસ અથવા સંઘર્ષની સ્થિતિમાં કોને વધુ મહત્ત્વ આપવામાં આવશે ? સામાજિક ન્યાય અને માનવ અધિકારોનું સંરક્ષણ કઈ રીતે કરવામાં આવશે ? આવા સમાજના વિકાસ માટેના પાયાના પ્રશ્નોના જવાબ રાજ્ય નીતિ શાસ્ત્ર દ્વારા આપવામાં આવે છે.

સમાજના વિકાસ માટેના અવરોધક પ્રશ્નો કયા છે ? તેની સામાજિક કાર્યકરો દ્વારા ઓળખ કરી તેનાં ઉકેલના સંદર્ભમાં રાજ્યની નીતિ શું છે ? તેના ઉપર રાજ્યશાસ્ત્ર ભાર આપે છે. સમાજ કલ્યાણ સંબંધિત લોકનીતિઓ, નિયમ તથા કાયદાઓ શું છે ? સમાજના નબળા અને પછાત વર્ગોના વિકાસ માટે રાજ્ય સરકારની શું નીતિ છે વગેરેનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરે છે.

લોક કલ્યાણ માટે બનાવેલ યોજનાઓ તથા કાર્યક્રમો અને સ્થાપિત સંસ્થાઓના યોગ્ય સંચાલન માટે નિરીક્ષણ, નિયમન અને નિયંત્રણ સંબંધિત શું વ્યવસ્થા કરી છે ? તે અંગેની જાણકારી ખૂબ મહત્ત્વની બની રહે છે. સમાજકાર્ય સેવાર્થીની પરિસ્થિતિમાં સુધારો લાવવા માટે સતત

મથામણ કરે છે. સમાજની સામાજિક સ્થિતિમાં સુધારો લાવવા માટે ચોક્કસ પ્રકારની નીતિઓનું નિર્ધારણ થાય. ક્યાંક કાયદાઓમાં પણ વિસંગતતા છે ? કેટલીક યોજનાઓ સરકાર દ્વારા બનાવવામાં આવી છે પણ તે યોજનાઓ લોકભાગ્યે નથી. તેના ઉપયોગમાં સ્થાનિક લોકોને મુશ્કેલી પડે છે. આમ, હયાત વ્યવસ્થામાં જરૂરી બદલાવ લાવી આ વ્યવસ્થામાં કઈ રીતે સુધારો લાવી શકાય તે દિશામાં રાજ્યશાસ્ત્ર કામ કરે છે ? કાર્ય પ્રક્રિયામાં શું મુશ્કેલીઓ છે ? તેની ઓળખ કરી સમાજકાર્ય રાજનીતિ શાસ્ત્રને વધારે સુદૃઢ બનાવે છે.

## 1.5 ઉપસંહાર

સમાજકાર્યએ કોઈ અલગથી વિષય નથી. પણ તેમાં ઘણાં વિજ્ઞાનો અને શાસ્ત્રોનો અભ્યાસ કરવામાં આવે છે. સમાજજીવનનાં સામાજિક પાસાંઓ જેવાં કે સમાજ શું છે ? સમાજની સભ્યતા, સંસ્કૃતિ, રીત-રિવાજો, પરંપરાઓ અને જ્ઞાતિ સંબંધી સમીકરણોને સમજવા માટે સમાજશાસ્ત્રના અભ્યાસની જરૂર પડે છે. સમાજશાસ્ત્રના અભ્યાસ વગર સામાજિક બાબતોની જાણકારી પ્રાપ્ત થઈ શકતી નથી. એજ રીતે આર્થિક બાબતોની જાણકારી માટે અર્થશાસ્ત્રનો અભ્યાસ ઘણો ઉપયોગી બની શકે તેમ છે. કારણ કે સમાજમાં આજે પણ ઘણાં લોકો એવાં છે કે જેનો વિકાસ થઈ શક્યો નથી. આ સમુદાયો આજે પણ પછાત છે, હજી વિકાસના લાભો તેઓ સુધી પહોંચી શક્યા નથી. તો આ સમુદાયોનો સર્વાંગી વિકાસ કરવા માટે કાર્યકરે તેના પછાતપણાનાં કારણોનો અભ્યાસ કરી આ સમુદાયનાં વિકાસ માટેના પ્રયત્નો હાથ ધરવા પડે છે. સમાજનો અસમતોલ વિકાસ થાય તે ન ચાલે. સમાજના સમતોલ વિકાસ માટે આર્થિક પાસાંઓનો અભ્યાસ જરૂરી બની રહે છે. આ માટે રાજ્યની ચોક્કસ વ્યૂહરચના હોવી જોઈએ કે જેના થકી આ સમુદાયના કલ્યાણ માટે ચોક્કસ નીતિઓનું નિર્માણ થાય, કાયદાઓની રચના થાય તે જરૂરી છે તો સંદર્ભે સમુદાયને જરૂરી મદદ કરવા માટે સામાજિક કાર્યકરને રાજ્યશાસ્ત્રના અભ્યાસની જરૂર પડે છે.

આ ઉપરાંત આજે સમાજમાં માનસિક બિમારીનું પ્રમાણ વકરતું જાય છે. સમાજના બદલાતા જતા પ્રશ્નો સાથે પણ સામાજિક કાર્યકરે કામ કરવું પડે છે. તો આ સંદર્ભે માણસના મનને સમજી, માણસના વર્તનનો અભ્યાસ કરી માણસને પોતાની સમસ્યાના સંદર્ભે જરૂરી મદદ કરવી જોઈએ. તો આ માટે સમાજકાર્યને મનોવિજ્ઞાન મદદ કરે છે. આ બધા જ વિજ્ઞાનોને સામાજિક વિજ્ઞાનો તરીકે આપણે ઓળખીએ છીએ. સામાજિક કાર્યકરોએ ઈતિહાસ, માનવશાસ્ત્ર અને માનવ નૃવંશશાસ્ત્રનો પણ અભ્યાસ કરવો જોઈએ.

## 1.6 તમારી પ્રગતિ ચકાસો

- યોગ્ય વિકલ્પ પસંદ કરીને જવાબ આપો :

1. ''સમાજ એટલે મનુષ્યોનો સમૂહ નહિ, પણ સમૂહના સભ્યો વચ્ચે પ્રવર્તતી સામાજિક સંબંધોની વ્યવસ્થા'' આ વ્યાખ્યા કયા વિદ્વાનો આપી છે ? નામ જણાવો.

   (A) રાઈટ (B) ગ્રિન્સબર્ગ (C) મેકાઈવર (D) ફિન્લેન્ડર

2. સમાજ શબ્દ કયા અર્થમાં વપરાય છે ?

   (A) કેળવણી સમાજ (B) આર્ય સમાજ (C) વિદ્યાર્થી સમાજ (D) ઉપરોક્ત બધા

3. વિજ્ઞાનનું વર્ગીકરણ મુખ્યત્વે કેટલી રીતે કરી શકાય ?

   (A) બે (B) ત્રણ (C) ચાર (D) છ

4. નીચેનામાંથી નૈસર્ગિક (પ્રાકૃતિક) વિજ્ઞાનોમાં કોનો સમાવેશ થાય છે ? તે જણાવો.

   (A) રસાયણશાસ્ત્ર (B) ભૌતિકશાસ્ત્ર (C) વનસ્પતિશાસ્ત્ર (D) ઉપરોક્ત બધા

5. નીચેનામાંથી સામાજિક વિજ્ઞાનોમાં કોનો સમાવેશ થાય છે ? તે જણાવો.

   (A) મનોવિજ્ઞાન (B) સમાજશાસ્ત્ર (C) અર્થશાસ્ત્ર (D) ઉપરોક્ત બધા

6. ગણિત વિષયનો નીચેનામાંથી કયા પ્રકારના વિજ્ઞાનમાં સમાવેશ થાય છે ? તે જણાવો.

   (A) ઔપચારિક વિજ્ઞાન (B) સામાજિક વિજ્ઞાન (C) પ્રાકૃતિક વિજ્ઞાન (D) ઉપરમાંથી એક પણ નહીં

7. અર્થશાસ્ત્ર શેનો અભ્યાસ કરે છે ?

   (A) આર્થિક (B) સામાજિક (C) રાજકીય (D) શૈક્ષણિક

8. ''મનોવિજ્ઞાન આત્મા કે મનનું નહિ, પણ વર્તનનું વિજ્ઞાન છે'' તે કયા મનોવિજ્ઞાનીએ કહ્યું છે ?

   (A) ફ્રોઈડ (B) વોટસન (C) મર્ફી (D) વિલિયમ

9. ઓગણીસમી સદીના અંતમાં મનોવિજ્ઞાનને ......... વિજ્ઞાન તરીકે ઓળખવામાં આવતું હતું ?

   (A) મનના (B) આત્માના (C) ચેતનાના (D) મનોવિજ્ઞાન

10. પોલિટીક્સ શબ્દ કયા શબ્દ પરથી ઉતરી આવ્યો છે ?

    (A) ગ્રીક (B) ફ્રેન્ચ (C) ફારસી (D) સંસ્કૃત

- **તમારી પ્રગતિ ચકાસોના સાંચા જવાબો**

  (1) A (2) D (3) A (4) D (5) D (6) A (7) A (8) B (9) C (10) A

## 1.7 ચાવીરૂપ શબ્દો

(1) વિજ્ઞાન એટલે વિશિષ્ટ પ્રકારનું જ્ઞાન.

(2) વૈજ્ઞાનિક પદ્ધતિ - જ્ઞાન મેળવવાની પદ્ધતિ કે રીતને વૈજ્ઞાનિક પદ્ધતિ તરીકે ઓળખવામાં આવે છે.

(3) વિજ્ઞાની - જ્ઞાનને પ્રતિપાદિત કરનારને વિજ્ઞાની તરીકે ઓળખવામાં આવે છે.

(4) સમાજ એટલે સમૂહના સભ્યો વચ્ચે પ્રવર્તતી સામાજિક સંબંધોની વ્યવસ્થા. ''સમાજ'' શબ્દ અનેક અર્થમાં વપરાય છે. જેમ કે, આર્યસમાજ, ગુજરાતી સમાજ, વિશ્વસમાજ.

(5) સમાજકાર્ય - સમાજકાર્ય એક વ્યાવસાયિક સેવા છે. જેમાં સેવાર્થી અથવા જરૂરિયાતમંદ વ્યક્તિને વૈજ્ઞાનિક ઢબે મદદ કરવામાં આવે છે. વ્યાવસાયિક દૃષ્ટિએ નિપુણ વ્યક્તિ સમાજકાર્ય કરે છે.

(6) સામાજિક સંબંધો - આ સમાજનું ખૂબ મહત્ત્વનું લક્ષણ છે. સમાજમાં સામાજિક સંબંધોનું વિશેષ મહત્ત્વ છે. પરસ્પરની સભાનતાથી સામાજિક સંબંધોનું સ્થાપન થાય છે અને પછી સામાજિક સંબંધો વિકસતા હોય છે.

(7) જ્ઞાતિ - જ્ઞાતિએ ભારતીય સમાજની એક વિશિષ્ટ વ્યવસ્થા છે. ભારતીય સમાજ વ્યવસ્થાનું માળખું જ્ઞાતિના પાયા પર રચાયેલું છે. જ્ઞાતિનો ઈતિહાસ ભારતીય સમાજ જેટલો જ જુનો મનાય છે.

(8) સમાજ સેવા - આ આપણી ભારતીય સમાજ વ્યવસ્થાનો પરંપરાગત ખ્યાલ છે. રાહતદરે કપડાં, ભોજન, પાણી વગેરે આપવા. જીવન જરૂરી વિવિધ વસ્તુઓ આપવી, માર્ગદર્શન આપવું. આ ઉપરાંત, ધર્મશાળા, વૃદ્ધાશ્રમો, અનાથાશ્રમો ચલાવવા વગેરે કામોનેસમાજ સેવાના કામો ગણાવી શકાય. ટૂંકમાં ભૂખ્યાંને ભોજન આપવું તે સમાજ સેવા છે. વિકલાંગ વ્યક્તિને ચાલવા માટે ઘોડી, સાઈકલ, કૃત્રિમ હાથપગો આપવા તે સમાજ સેવાના કાર્યો ગણી શકાય.

## 1.8 સ્વાધ્યાય લેખન

(1) વિજ્ઞાન એટલે શું ? વિજ્ઞાનનો અર્થ સ્પષ્ટ કરી વિજ્ઞાનોનું વર્ગીકરણ સમજાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(2) સામાજિક વિજ્ઞાન એટલે શું ? વિવિધ સામાજિક વિજ્ઞાનોનો ટુંકાણમાં પરિચય કરાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(3) સમાજકાર્ય અને સમાજશાસ્ત્ર વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(4) સમાજકાર્ય અને રાજ્યશાસ્ત્ર વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................................

..........................................................................................

(5) સમાજકાર્ય અને મનોવિજ્ઞાન વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(6) સમાજકાર્ય અને અર્થશાસ્ત્ર વચ્ચેનો સંબંધ સમજાવો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 1.9 પ્રવૃત્તિ કરો

(1) તમારી યુનિવર્સિટીના વિવિધ સામાજિક વિજ્ઞાન શાખાઓની મુલાકાત લઈ તેમાં ભણાવાતા વિષયોનો અભ્યાસ કરો.

(2) સમાજશાસ્ત્ર વિભાગની મુલાકાત લઈ સામાજિક સમસ્યાઓની જાણકારી માટે સમાજશાસ્ત્રની ઉપયોગિતા શું છે ? તે અંગે નોંધ તૈયાર કરો.

(3) ફિલ્ડ વર્કની કામગીરી માટે અર્થશાસ્ત્ર વિષયનો અભ્યાસ કરવાની શું અગત્યતા છે ? તે અંગે નોંધ તૈયાર કરો.

## 1.10 કેસસ્ટડી તૈયાર કરો

(1) તમારા ફિલ્ડ વર્કના ગામમાં ગરીબી રેખા હેઠળ જીવતા કોઈપણ બે પરિવારની મુલાકાત લઈ નોંધ તૈયાર કરો.

(2) આજે સમાજમાં કયા-કયા માનસિક પ્રશ્નો જોવા મળે છે તે અંગે ગામ મુલાકાત દરમ્યાન કોઈ એક સમસ્યાગ્રસ્ત વ્યક્તિની માનસિક પરિસ્થિતિનું વિવરણ કરો.

(3) તમારા ગામમાં મુખ્ય કઈ-કઈ સામાજિક સમસ્યાઓ છે તેની યાદી તૈયાર કરી કોઈ એક તમારી દૃષ્ટિએ મહત્ત્વની લાગતી સમસ્યાગ્રસ્ત વ્યક્તિનો કેસસ્ટડી તૈયાર કરો.

## 1.11 સંદર્ભ ગ્રંથો

(1) વ્યાવસાયિક સમાજકાર્યના આધારસ્તંભો : ડૉ. આનંદી પટેલ, વ્યાવસાયિક અભિવૃતિ પ્રકાશન, અમદાવાદ, વર્ષ-2009.

(2) સામાન્ય સમાજશાસ્ત્ર અને સમાજકાર્ય લેખક, જે. કે. દવે, અનડા પ્રકાશન, અમદાવાદ.

(3) સમાજ અને સમાજકાર્ય પ્રો. જે.સી.પટેલ, ડૉ. મહેશ ગામિત, અનડા પ્રકાશન, અમદાવાદ.

(4) સમાજકાર્ય, ડૉ. નેહલ ત્રિવેદી, ડૉ. પ્રિયંકા જાની, પ્રા. ખ્યાતિ વાઘેલા, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ.

(5) વ્યાવસાયિક સમાજકાર્ય, ગીતા ચાવડા, લોક પ્રકાશન, લોકનિકેતન, પાલનપુર.

(6) ભારતમાં સામાજિક આંદોલનો, ડૉ. કામિની દશોરા, અનડા પ્રકાશન, અમદાવાદ.

(7) સમાજકાર્ય, રાજારામ શાસ્ત્રી, ઉત્તરપ્રદેશ હિન્દી સંસ્થાન, લખનૌ.

(8) પારિભાષિક કોશઃ સમાજશાસ્ત્ર, ડૉ. વિદ્યુત જોષી, યુનિવર્સિટી, ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

એકમ 2

# સમાજશાસ્ત્રનો અર્થ, લક્ષણો અને અભ્યાસ ક્ષેત્રો

-: રૂપરેખા :-

**2.0 એકમનાં હેતુઓ**

**2.1 પ્રસ્તાવના**

**2.2 વિજ્ઞાનનો અર્થ અને તેનું વર્ગીકરણ**

**2.3 સામાજિક વિજ્ઞાન તરીકે સમાજશાસ્ત્ર**

**2.4 સમાજશાસ્ત્રનો અર્થ અને વ્યાખ્યાઓ**

**2.5 સમાજશાસ્ત્રના લક્ષણો (સ્વરૂપ)**

**2.6 સમાજશાસ્ત્રનું અભ્યાસ ક્ષેત્ર**

**2.7 ઉપસંહાર**

**2.8 તમારી પ્રગતિ ચકાસો**

**2.9 ચાવીરૂપ શબ્દો**

**2.10 સ્વાધ્યાય લેખન**

**2.11 પ્રવૃત્તિ કરો**

**2.12 કેસસ્ટડી તૈયાર કરો**

**2.13 સંદર્ભ ગ્રંથો**

## 2.0 એકમનાં હેતુઓ

પ્રસ્તુત એકમનો અભ્યાસ કર્યા બાદ વિદ્યાર્થીઓ,

(1) વિજ્ઞાનનો અર્થ સમજી શકશે.

(2) વિજ્ઞાનનું જે વર્ગીકર છે. તેના વિશે માહિતગાર થશે.

(3) સામાજિક વિજ્ઞાન એટલે શું અને તેમાં સમાજશાસ્ત્રનો કઈ રીતે સમાવેશ થયો તેની જાણકારી મેળવી શકશે.

(4) સમાજશાસ્ત્રનો અર્થ અને વિવિધ વિદ્વાનોએ આપેલ વ્યાખ્યા અંગેની સમજૂતી મેળવી શકશે.

(5) સમાજશાસ્ત્રના લક્ષણો અર્થાત્ સ્વરૂપે વિશે સમજૂતી મેળવી શકશે.

(6) સમાજશાસ્ત્રનું અભ્યાસ ક્ષેત્ર અથવા વિષયવસ્તુ અંગે જાણકારી મેળવી શકશે.

## 2.1 પ્રસ્તાવના

જે ગતિથી સમાજશાસ્ત્રનો વિકાસ થઈ રહ્યો છે અને તેના વિશે માહિતી ફેલાઈ રહી છે. એ દષ્ટિએ સમાજશાસ્ત્ર એ કદાચ નવું વિજ્ઞાન છે. એવો ખ્યાલ ન આવે. આમ છતાં એ હકીકત

છે કે સમાજશાસ્ત્રનો ઉદ્ભવ 19મી સદીમાં યુરોપમાં થયો છે. સમાજશાસ્ત્ર એ સમાજનો વૈજ્ઞાનિક પદ્ધતિથી અભ્યાસ કરતું શાસ્ત્ર છે. સમાજની રચના, કાર્ય, સામાજિક જૂથો, સામાજિક સંબંધો વગેરેનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરતું શાસ્ત્ર એટલે સમાજશાસ્ત્ર. એટલે જ પ્રાકૃતિક વિજ્ઞાનો જેવાં કે રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન, ખગોળ વિજ્ઞાન વગેરેને પોતપોતાની પ્રયોગશાળા છે. પરંતુ સમાજશાસ્ત્રના અભ્યાસ માટે સમાજ જ તેની પ્રયોગશાળા છે અને તેનો અભ્યાસ સૈદ્ધાંતિક રીતે કરે છે. જેમાં વૈજ્ઞાનિક અભિગમ અપનાવવામાં આવેલ છે. સમાજશાસ્ત્રનું નામાભિધાન 1838 માં ઓગસ્ટ કોમ્ટ નામના વિદ્વાને કર્યું અને જ્ઞાનના ત્રિસ્તરીય નિયમમાં તેમને પ્રત્યક્ષવાદ જ વિજ્ઞાનવાદ છે. તેમ કહીને સમાજશાસ્ત્રને વિજ્ઞાન તરીકે સ્થાપવાનું શ્રેય ઓગસ્ટ કોમ્ટના ફાળે જાય છે અને સમાજશાસ્ત્રને દર્શનશાસ્ત્રમાંથી છૂટું પાડીને વિજ્ઞાન તરીકે વિકસાવવામાં વિવિધ વિદ્વાનોએ ફાળો આપ્યો છે. પરંતુ સમાજશાસ્ત્ર એક વિજ્ઞાન છે કે કેમ તે પ્રશ્ન ઘણા વિદ્વાનોમાં પણ વિવાદાસ્પદ રહ્યો છે અને ઘણા સામાન્ય લોકો પણ સમાજશાસ્ત્રને એક વિજ્ઞાન તરીકે સ્વીકારતાં હોતાં થી. આનું મૂળ કારણ એ છે કે વિજ્ઞાન અંગેના તેમના ખ્યાલો ભૂલ ભરેલી માન્યતાઓ ઉપર રચાયેલો હોય છે. આથી જ પ્રસ્તુત એકમમાં વિજ્ઞાન એટલે શું ? તેનો અર્થ વિજ્ઞાનોનું વર્ગીકરણ, લક્ષણો, સમાજશાસ્ત્રનો અર્થ, વ્યાખ્યાઓ, લક્ષણો અને અભ્યાસ ક્ષેત્રો અંગે સમજૂતી મેળવીશું.

## 2.2 વિજ્ઞાનનો અર્થ અને તેનું વર્ગીકરણ

શાબ્દિક અર્થમાં જોઈએ તો ''વિજ્ઞાન એટલે વિશિષ્ટ પ્રકારનું જ્ઞાન''. વિજ્ઞાન એ જ્ઞાનનો જથ્થો છે. "A Science is a body of knowledge." પરંતુ પંગ અને મેક કહે છે કે વિજ્ઞાનની આ વ્યાખ્યા ઘણી જ અપૂરતી છે. કારણ કે માન્યતાઓ, વિચારો, મૂલ્યો વલણો ઉપર રચાયેલું જ્ઞાન એ ઘણું જ અપૂરતું છે. જે કોઠાસૂઝ પર રચાયેલ કાલ્પનિક જ્ઞાન છે. જે જ્ઞાન કાલ્પનિક છે. તેવા જ્ઞાનની ચકાસણી કરી શકતા નથી, અનુભવ દ્વારા જાણી શકતા નથી. આથી તે માન્યતા અને વિશ્વાસ પર રચાયેલ હોય છે. પરંતુ જ્યારે તેની ચકાસણી શક્ય બને અને તે સાચો કે ખોટો કરે. ત્યારે તે વૈજ્ઞાનિક સિદ્ધાંત બને છે. અહીં પ્રશ્ન એ થાય કે વિજ્ઞાન એટલે શું ? અહીં આપણે વિજ્ઞાનનો અર્થ અને તેનું વર્ગીકરણ અને તેના આધારે લક્ષણોની માહિતી મેળવીએ.

### વિજ્ઞાનની વ્યાખ્યા

પંગ અને મેક વિજ્ઞાનની સમજૂતી આપતાં લખે છે કે "It is the way in which the knowledge is obtained." એટલે કે વિજ્ઞાન એ જ્ઞાન મેળવવાની પદ્ધતિ છે. જેને વૈજ્ઞાનિક પદ્ધતિ તરીકે ઓળખવામાં આવે છે. બધાં જ પ્રકારના વિજ્ઞાનોનું સર્વ સામાન્ય તત્ત્વ જ્ઞાન મેળવવાની પદ્ધતિમાં રહેલું છે. આ પદ્ધતિ દ્વારા મેળવેલ જ્ઞાનને ''વૈજ્ઞાનિક જ્ઞાન'' તરીકે અને આ પદ્ધતિ દ્વારા ''જ્ઞાન મેળવનાર વ્યક્તિને'' ''વિજ્ઞાની'' તરીકે ઓળખવામાં આવે છે.

આનો અર્થ એ થાય છે કે વિજ્ઞાનને વિષયવસ્તુ કે પ્રયોગશાળા સાથે જ સંબંધ નથી. કંઈ બાબતને લગતું (દા.ત. સમાજ, ભૌતિક, વનસ્પતિ, રસાયણ, વનસ્પતિ) જ્ઞાન છે તે મહત્ત્વનું નથી. પરંતુ કોઈપણ બાબતને લગતું જ્ઞાન કઈ પદ્ધતિ દ્વારા મેળવેલા છે. તે મહત્ત્વનું છે. બીજી રીતે કહીએ તો ''વિજ્ઞાન એટલે મર્યાદિત વિષયવસ્તુને લગતું વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા મેળવેલું જ્ઞાન આથી જણાશે કે ''વિજ્ઞાન વિષયવસ્તુમાં નહીં પણ પદ્ધતિમાં રહેલું છે, વિજ્ઞાન પદ્ધતિનું સહગામી છે. વિષયવસ્તુનું સહગામી નથી.''

આ વ્યાખ્યા પરથી કહી શકાય કે રસાયણશાસ્ત્રના મર્યાદિત વિષયવસ્તુને કેન્દ્રમાં રાખીને પદ્ધતિ દ્વારા અભ્યાસ કરતું રસાયણ વિજ્ઞાન છે. એ જ રીતે સમાજના મર્યાદિત વિષયવસ્તુને

કેન્દ્રમાં રાખીને પદ્ધતિ દ્વારા અભ્યાસ કરતું સમાજશાસ્ત્ર છે.

**વિજ્ઞાનોનું વર્ગીકરણ**

વિજ્ઞાનોને મુખ્યત્વે બે રીતે વર્ગીકૃત કરી શકીએ છીએ :

**(1) પ્રાકૃતિક વિજ્ઞાન**

**(2) સામાજિક વિજ્ઞાન**

**(1) પ્રાકૃતિક વિજ્ઞાન**

પ્રાકૃતિક વિજ્ઞાનોમાં રસાયણશાસ્ત્ર જે રાસાયણિક બાબતોનો અભ્યાસ કરતું શાસ્ત્ર છે. એ જ રીતે ભૌતિક, ખગોળ, જીવશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર વગેરે પ્રાકૃતિક વિજ્ઞાનો છે.

**(2) સામાજિક વિજ્ઞાન**

સામાજિક વિજ્ઞાનોનું વિષયવસ્તુ સમાજમાં રહેલું છે. સમાજજીવનનાં કોઈને કોઈ પાસાંનો અભ્યાસ કરતાં વિજ્ઞાનોને સામાજિક વિજ્ઞાન છે. તેમજ વ્યક્તિગત માનવ વિજ્ઞાન. જેમાં શરીરશાસ્ત્ર, માનવનો વ્યક્તિનો અભ્યાસ કરતું શાસ્ત્ર મનોવિજ્ઞાનનો સમાવેશ થાય છે. તેમજ સામાજિક વિજ્ઞાનોમાં અર્થશાસ્ત્ર, ઈતિહાસ, સમાજશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, માનવશાસ્ત્ર વગેરે વિજ્ઞાનોનો સમાવેશ સામાજિક વિજ્ઞાનોમાં થાય છે.

**વિજ્ઞાનનાં લક્ષણો :**

વિજ્ઞાન અંગેની ચર્ચા કર્યા બાદ વિજ્ઞાનનાં લક્ષણો સમજીએ.

**(1) વૈજ્ઞાનિક પદ્ધતિ**

વિજ્ઞાનની વ્યાખ્યામાં જોયું તેમ વિજ્ઞાન વૈજ્ઞાનિક પદ્ધતિનો નિર્દેશ કરે છે. તેથી વિજ્ઞાનનું પહેલું આવશ્યક લક્ષણ વૈજ્ઞાનિક પદ્ધતિ છે. વૈજ્ઞાનિક પદ્ધતિઓ વિવિધ પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે. આ ક્રિયાઓ વડે પદ્ધતિસરનું જ્ઞાન મેળવી શકાય છે. વૈજ્ઞાનિક જ્ઞાન મેળવવા માટે નિરીક્ષણ કરીને માહિતી એકત્ર કરીએ છીએ.

યંગ અને મેક વૈજ્ઞાનિક પદ્ધતિના લક્ષણો નીચે મુજબ આપે છે.

(1) જ્ઞાનેન્દ્રિય દ્વારા અનુભવ

(2) માનવ તર્ક

(3) ચકાસણી

આ ગળી લક્ષણો દ્વારા વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા જ્ઞાન મેળવી શકાય છે.

## 2.3 સામાજિક વિજ્ઞાન તરીકે સમાજશાસ્ત્ર

માનવીની આંતરક્રિયા, માનવસંબંધો કે માનવીના જૂથ જીવનના કોઈપણ પાસાનો વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા અભ્યાસ કરતાં વિજ્ઞાનો સામાજિક વિજ્ઞાનો છે. એ જ રીતે માનવીની સામાજિક ક્રિયા, આંતરક્રિયા, જૂથ જીવન, મૂલ્યો વગેરેનો વૈજ્ઞાનિક પદ્ધતિઓ દ્વારા જે વિજ્ઞાન અભ્યાસ કરે છે. તેને સામાજિક વિજ્ઞાન કહે છે.

બધાં સામાજિક વિજ્ઞાનોનું એક સમાન લક્ષણ છે. વૈજ્ઞાનિક પદ્ધતિ જેમાં સમાજનો વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા અભ્યાસ કરતું શાસ્ત્ર એટલે સમાજશાસ્ત્ર વિષયમાં અભ્યાસ કરવા માટે વૈજ્ઞાનિક અભિગમ પ્રત્યક્ષવાદ તરીકે વિકસ્યો જેમાં ઓગસ્ટ કોમ્ટે પ્રત્યક્ષવાદની સ્થાપના કરીને

સમાજશાસ્ત્રને વિજ્ઞાનમાં રૂપાંતરિત કરીને સામાજિક વિજ્ઞાનની શ્રેણીમાં સમાવેશ કર્યું છે. તે અનુસંધાને સમાજશાસ્ત્ર સામાજિક સંબંધોની વ્યવસ્થાનો અભ્યાસ કરે છે. તે જ રીતે અર્થશાસ્ત્ર આર્થિક જૂથનો, રાજ્યશાસ્ત્ર રાજકીય વર્તનનો, માનવશાસ્ત્ર માનવીની સંસ્કૃતિનો અભ્યાસ કરે છે. આમ તમામ સામાજિક વિજ્ઞાનો સમાજજીવનનાં કોઈને કોઈ પાસાના અભ્યાસ કરે છે અને બધાં સામાજિક વિજ્ઞાનો સમાજજીવનના અભ્યાસ સાથે સંકળાયેલાં હોવા છતાં દરેકનું અભ્યાસ ક્ષેત્રે જૂદું છે.

જ્યારે દરેક સામાજિક વિજ્ઞાનનું વિષયવસ્તુ વિજ્ઞાનથી પર નથી. કારણ કે માનવશાસ્ત્રી કે સમાજશાસ્ત્રી તે અંતે તો સમાજનો સભ્ય છે અને તે સમાજ સંબંધી વિજ્ઞાન છે. જે વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા અભ્યાસ કરે છે. એટલા માટે જ સમાજશાસ્ત્ર સમાજની વાસ્તવિકતાનો અભ્યાસ કરે છે. તેથી સમાજશાસ્ત્રનો સામાજિક વિજ્ઞાન તરીકે ઝડપથી વિકાસ થઈ રહ્યો છે.

સમાજશાસ્ત્રના અભ્યાસો મહત્ત્વની સામગ્રી તરીકે મૂલવાયાં છે. બીજા સામાજિક વિજ્ઞાનના વિદ્વાનો સમાજશાસ્ત્રીય અભિગમની સરાદના કરે છે અને સમાજશાસ્ત્ર તેના દષ્ટિકોણને વધુ દઢીભૂત કરવાનું કાર્ય કરે છે. સમાજમાં આપણે રહીએ છીએ અને સામાજિક ક્રિયા કરીએ છીએ તે સંબંધી અને માનવ વ્યવહારો સંબંધી શાસ્ત્રીય માહિતીનું મહત્ત્વ અને આવશ્યક્તા સમજાવવામાં સમાજશાસ્ત્રનો ફાળો નોંધપાત્ર છે. જે સામાજિક વિજ્ઞાન તરીકે વિજ્ઞાનમાં સમાજશાસ્ત્રનું અસ્તિત્વ સૂચવે છે.

## 2.4 સમાજશાસ્ત્રનો અર્થ અને વ્યાખ્યાઓ

સમાજશાસ્ત્ર માનવીના સમાજજીવનનો અભ્યાસ કરે છે. સમાજ સામાજિક આંતરક્રિયાનો નિર્દેશ કરે છે અને તેના અભ્યાસમાં વૈજ્ઞાનિક દષ્ટિબિંદુને કેન્દ્રમાં રાખે છે. સામાજિક વિજ્ઞાન તરીકે સમાજશાસ્ત્ર સમાજના અભ્યાસમાં ક્રિયા, આંતરક્રિયા, જૂથો, પેટાજૂથો, પ્રાથમિક જૂથો, દૂરવર્તી જૂથો, સામાજિક નિયંત્રણ, સામાજિક પરિવર્તન વગેરેનો અભ્યાસ સમાજશાસ્ત્રીય દષ્ટિબિંદુને કેન્દ્રમાં રાખીને કરે છે. જેમાં સામાજિક સંગઠનો તેના સ્વરૂપો, તેના પ્રકારો અને તેના પારસ્પરિક સંબંધો તથા તેની રચના અને કાર્યનો અભ્યાસ સમાજશાસ્ત્ર કરે છે અને સમાજના દરજન ભૂમિકા, વિચલિત વર્તન, સમાજનાં ધોરણો, આયોજનનો અભ્યાસ વૈજ્ઞાનિક દષ્ટિબિંદુથી કરે અને સામાજિક વ્યવસ્થાને વૈજ્ઞાનિક રીતે રજૂ કરતું શાસ્ત્ર એટલે સમાજશાસ્ત્ર.

### સમાજશાસ્ત્રની વિવિધ વિદ્વાનોએ આપેલ વ્યાખ્યાઓ

દરેક વિજ્ઞાનને જેમ નામાભિધાન થયું છે. તેમ સમાજશાસ્ત્રનું નામાભિધાન 1838 માં બાદ તેના સમગ્ર કાર્ય ક્ષેત્રને સંક્ષિપ્તમાં આવશે. લેતી, વ્યાખ્યા પણ હોય છે. વ્યાખ્યા દ્વારા સમગ્ર વિજ્ઞાનના હાર્દને વ્યક્ત કરવાનું દરેક વિજ્ઞાન માટે અનિવાર્ય નહીં પરંતુ આવશ્યક તો હોય જ છે. વ્યાખ્યા કરવાનું કાર્ય જેટલું સરળ છે. તેટલું જ કઠિન છે. સરળ એટલા માટે કે વિદ્વાન જે મુદ્દાને મહત્ત્વ આપતા હોય તે જ મુદ્દાને કેન્દ્રમાં રાખીને વ્યાખ્યા કરતાં હોય છે. જ્યારે વ્યાખ્યાનું કાર્ય કઠિન એટલા માટે કે મર્યાદિત શબ્દોમાં વિજ્ઞાનના હાર્દને તેમ જ અભ્યાસ વસ્તુને સમજવાનો અને સમાવવામાં ભાગ્યે જ સફળતા મળે છે. સમાજશાસ્ત્રના સંદર્ભમાં આપેલ વિદ્વાનોની વ્યાખ્યા નીચે મુજબ છે.

Sociology શબ્દ એ લેટિન શબ્દ Socius અને ગ્રીક શબ્દ Logos માંથી બનેલ છે. જેનો અર્થ, 'સાથીદારનું શાસ્ત્ર' કે 'સમાજનું શાસ્ત્ર' એવો થાય છે.

"સમાજશાસ્ત્ર એ મનુષ્ય અને વાતાવરણ વચ્ચેના પરસ્પર સંબંધોના અભ્યાસનું શાસ્ત્ર છે." - ફેર ચાઈલ્ડ

"સમાજશાસ્ત્રનો વિષય માનવ-મનની આંતરક્રિયા છે." - હોબ હાઉસ

"સમાજશાસ્ત્ર સમાજનું અથવા તો સામાજિક ઘટનાઓનું શાસ્ત્ર છે." - વોર્ડ

"સમાજશાસ્ત્ર એ એકંદર સમાજનું પદ્ધતિસરનું વર્ણન અને સમજૂતી આપતું શાસ્ત્ર છે." - ગીડીંગ્સ

"સમાજશાસ્ત્ર મનુષ્યોના અરસપરસના સંબંધોના સ્વરૂપનું શાસ્ત્ર છે." - સ્તેમેવ

"સમાજશાસ્ત્ર એ સામાજિક સંબંધોનું શાસ્ત્ર છે." - મેકાઈવર

"જે સામાજિક વિજ્ઞાન મનુષ્યો વચ્ચેના આંતર-સંબંધોનો અભ્યાસ કરે છે તે સમાજશાસ્ત્ર છે." - રાઈટ

"સમાજશાસ્ત્ર એ સામુદાયિક પ્રતિનિધિત્વનું શાસ્ત્ર છે." - દુર્ખિમ

"સમાજશાસ્ત્ર એ માનવીની આંતરક્રિયા અને આંતરસંબંધોનો તેમ જ તેનાં કારણો અને પરિણામોનો અભ્યાસ કરતું શાસ્ત્ર છે." - ગિન્સબર્ગ

ઓગબર્ન - નિમકોફે સમાજશાસ્ત્રની વ્યાખ્યા સામાજિક જીવન પર ભાર મૂક્યો છે.

"સમાજશાસ્ત્ર એ માનવસમાજનો અભ્યાસ કરતું શાસ્ત્ર છે." - કિંગ્સ્લે ડેવિસ

"સમાજિક જૂથ, તેના પ્રકારો, તેમાં પરિવર્તન લાવતી પ્રક્રિયાઓ અને જૂથ-જૂથ વચ્ચેના આંતરસંબંધોને મહત્ત્વ આપ્યું છે." - જહોન્સન

## 2.5 સમાજશાસ્ત્રના લક્ષણો (સ્વરૂપ)

સમાજશાસ્ત્ર એ સામાજિક વિજ્ઞાન છે. વિજ્ઞાન તરીકે સમાજનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરે છે. તેના અનુસંધાનમાં સમાજશાસ્ત્રના લક્ષણો તપાસીએ.

રોબર્ટ બરિસ્ટર્ડટ એ સમાજશાસ્ત્રના લક્ષણો નીચે મુજબ આપ્યા છે.

### (1) સમાજશાસ્ત્ર સામાજિક વિજ્ઞાન તરીકે

વિષયવસ્તુને ધ્યાનમાં રાખીને વિજ્ઞાનોને પ્રાકૃતિક વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન એમ બે વિભાગોમાં વહેંચવામાં આવ્યાં છે. પ્રકૃતિનાં કોઈપણ તત્ત્વોનો અભ્યાસ કરતાં હોય તેવા વિજ્ઞાનને પ્રાકૃતિક વિજ્ઞાન કહેવામાં આવે છે. જેવા કે રસાયણ, પદાર્થ, પ્રાણી, ખગોળ વગેરે પ્રકૃતિનાં તત્ત્વો છે. પ્રકૃતિનાં આ તત્ત્વોનો અભ્યાસ કરતાં વિજ્ઞાન રસાયણશાસ્ત્ર, જીવશાસ્ત્ર, પદાર્થ વિજ્ઞાન, પ્રાણીશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર વગેરે પ્રાકૃતિક વિજ્ઞાનોને આ વિજ્ઞાનોને ભૌતિક વિજ્ઞાનો કહેવામાં આવે છે.

જ્યારે સમાજશાસ્ત્ર એ સામાજિક વિજ્ઞાન છે. કારણ કે તે સમાજની સામાજિક ક્રિયા આંતરક્રિયાની વ્યવસ્થાઓ જૂથો, સમાજની રચના મને કાર્યનો અભ્યાસ કરે છે અને પ્રશ્નાવલિ, મુલાકાત વગેરે દ્વારા માનવી પાસેથી માહિતી મેળવે છે અને ત્યારે સમાજશાસ્ત્રની હાજરીની ઉતરદાતા ઉપર અસર પડે છે. તેવી જ રીતે ઉતરદાતાની હાજરીની અસર સમાજશાસ્ત્રી ઉપર પણ પડે છે. આથી ઘણી વખત સાચી માહિતી મેળવવી મુશ્કેલ પડે છે. સમાજશાસ્ત્રી સમાજનો સભ્ય હોવાથી હકીકત, નૈતિક તટસ્થય, મને વસ્તુલક્ષીતા જાળવવામાં કેટલે અંશે સફળ રહે છે. તે એક પ્રશ્ન છે.

પ્રાકૃતિક વિજ્ઞાનોનું વિષયવસ્તુ વૈજ્ઞાનિકથી પર છે. જ્યારે સામાજિક વિજ્ઞાન તરીકે સમાજશાસ્ત્રનું વિષયવસ્તુ સમાજશાસ્ત્રીથી પર નથી. સમાજશાસ્ત્રી જેનો અભ્યાસ કરે છે. તે

સમાજનો સભ્ય છે. આથી તેના માટે વૈજ્ઞાનિક સંપૂર્ણપણે વળગી રહેવું ઘણી વખત મુશ્કેલ હોય છે. આ બાબત સમાજશાસ્ત્રને યથાર્થ વિજ્ઞાન બનવાના માર્ગમાં અવરોધરૂપ બને છે.

આથી કહી શકાય કે પ્રાકૃતિક વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન વચ્ચેનો ભેદ વિષયવસ્તુનો છે. વૈજ્ઞાનિક પદ્ધતિનો નહિ એટલા માટે સમાજશાસ્ત્ર સામાજિક વિજ્ઞાનમાં સ્થાન ધરાવે છે.

### (2) સમાજશાસ્ત્ર હકીકતલક્ષી વિજ્ઞાન છે

સમાજશાસ્ત્ર હકીકતલક્ષી વિજ્ઞાન છે. તે આદર્શલક્ષી વિજ્ઞાન નથી. એટલે કે સમાજશાસ્ત્ર હકીકત શું છે ? કેવી છે ? તે જ અભ્યાસ કરે છે. શું હોવું જોઈએ ? સમાજ કેવો હોવો જોઈએ ? તે કહેતું નથી. બીજી રીતે કહીએ તો સમાજશાસ્ત્રને What is માં રસ છે. What ought to be માં રસ નથી. જે વિજ્ઞાનને What is માં રસ હોય તેવા વિજ્ઞાનને હકીકતલક્ષી વિજ્ઞાન કહેવાય. હકીકતમાં સમાજ કેવો છે. તેજ સમાજશાસ્ત્ર કહે છે. સમાજ કેવો હોવો જોઈએ. તે એને તેમાં દર્શાવવામાં આવતું નથી. એટલે કે સમાજશાસ્ત્ર સંસ્થાઓ કે જૂથોનું મૂલ્યાંકન કરતું નથી. મારું-ઉચિત, અનુચિત, ખરાબ તેવા મૂલ્યો સાથે તેને લેવા દેવા નથી. આ રીતે ધર્મશાસ્ત્ર, નીતિશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનથી સમાજશાસ્ત્ર જૂદું પડે છે. આ વિજ્ઞાને સમાજ કેવો હોવો જોઈએ. તે વાત કરે છે. આદર્શ સાથે સંબંધ ધરાવે છે. જ્યારે સમાજશાસ્ત્રને તેમાં રસ નથી.

સમાજશાસ્ત્ર હકીકતલક્ષી વિજ્ઞાન છે. દા.ત. સંયુક્ત કુટુંબ સારું કે વિભક્ત સારું એવા વિધાનો સમાજશાસ્ત્ર કરતું નથી. કયાં રિવાજો સારા અને કયાં રિવાજો ખરાબમાં ભેદ સમાજશાસ્ત્ર કરતું નથી. આ વિધાનો મૂલ્યપ્રેરિત અને આદર્શલક્ષી છે. સમાજશાસ્ત્ર આવાં મૂલ્યાંકનોથી પર રહે છે. સમાજશાસ્ત્રનું કાર્ય હકીકત દર્શાવવાતું કે સમાજ તેની સંસ્થાઓ જૂથો વાસ્તવમાં કેવા છે તે જ હકીકત સમાજશાસ્ત્ર દર્શાવે છે. એટલા માટે સમાજશાસ્ત્ર હકીકતલક્ષી વિજ્ઞાન છે. આદર્શલક્ષી નથી.

### (3) સમાજશાસ્ત્ર શુદ્ધ વિજ્ઞાન છે

હેતુ અને દષ્ટિએ શુદ્ધ વિજ્ઞાને અને વ્યવહારલક્ષી વિજ્ઞાનો એમ વિજ્ઞાનના બે પ્રકારો છે.

શુદ્ધ વિજ્ઞાનનો ઉદ્દેશ્ય જ્ઞાનપ્રાપ્તિનો છે. "જ્ઞાન ખાતર જ્ઞાન" એ જ તેનો કેન્દ્રવર્તી ઉદ્દેશ્ય છે. એટલે કે શુદ્ધ વિજ્ઞાન જે તે વિષયનો વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા અભ્યાસ કરીને તે અંગેના સિદ્ધાંતો સ્થાપવામાં રસ ધરાવે છે. શુદ્ધ વિજ્ઞાનને સિદ્ધાંતલક્ષી વિજ્ઞાનો પણ હોવામાં આવે છે. દા.ત. રસાયણશાસ્ત્ર, સિદ્ધાંતલક્ષી વિજ્ઞાનો છે.

જે વિજ્ઞાનો વ્યવહારુ ઉપયોગિતાના હેતુથી જ્ઞાન મેળવતા હોય કે સિદ્ધાંત સ્થાપતા હોય તે વિજ્ઞાનોને વ્યવહારલક્ષી વિજ્ઞાન કહેવામાં આવે છે. જેમ કે ફાર્મસી, મેડીસીન, સમાજકાર્ય વગેરે વ્યવહારલક્ષી વિજ્ઞાનો છે બર્સ્ટિડટ કહે છે. તેમ સમાજશાસ્ત્ર શુદ્ધ વિજ્ઞાન છે. તેનો તત્કાલીન માનવસમાજ અંગેનું જ્ઞાન મેળવવાનો છે. જ્ઞાનની વ્યવહારુ ઉપયોગિતા સમાજશાસ્ત્રનું ધ્યેય નથી. સમાજનો વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા અભ્યાસ કરીને સામાજિક ક્રિયા, સમાજની રચના, કાર્ય, સામાજિક હકીકતો વચ્ચેના કાર્ય કરવાનો સંબંધ શોધવો તેમજ સામાજિક પરિવર્તન અંગેના સિદ્ધાંતો સ્થાપવા તે સમાજશાસ્ત્રનું પાયાનું ધ્યેય છે. એટલે કે સમાજશાસ્ત્ર વ્યવહારુ ઉપયોગિતાને કેન્દ્રમાં રાખીને સમાજ અંગેનું જ્ઞાન મેળવવાની પ્રવૃત્તિ કરતું નથી. પરંતુ જ્ઞાન ખાતર જ્ઞાન એ તેનો કેન્દ્રવર્તી વિચાર છે.

આ રીતે સમાજશાસ્ત્ર પ્રાથમિક રીતે જ્ઞાનસંમય સાથે સંકળાયેલું છે. એ જ્ઞાનનો વ્યવહારમાં ઉપયોગ કરવા સાથે નહીં.

જો કે અહીં એક બાબત સ્પષ્ટ કરવી આવશ્યક છે કે હવે સામાન્ય રીતે દરેક વિજ્ઞાનમાં તેની વ્યવહારલક્ષી શાખા વિકસી છે. જેમ કે વ્યવહારલક્ષી મનોવિજ્ઞાન વગેરે. સમાજશાસ્ત્ર શુદ્ધ વિજ્ઞાન છે કે વ્યવહારલક્ષી વિજ્ઞાન છે તે અંગેના મતભેદો વર્ષોથી ચાલ્યા આવે છે. ''જે જ્ઞાનની વ્યવહારુ ઉપયોગિતા નહીં તે જ્ઞાન નિરર્થક છે.'' એવો વિચાર પણ પ્રમાલિત બન્યો છે. હવે સમાજશાસ્ત્રની એક શાખા તરીકે 'વ્યવહારલક્ષી સમાજશાસ્ત્ર' પણ વિકસી રહ્યું છે.

વ્યવહારલક્ષી સમાજશાસ્ત્ર શક્ય હોય ત્યાં શુદ્ધ સમાજશાસ્ત્રના અને ખ્યાલોનો ઉપયોગ કરી કે સામાજિક સમસ્યાઓના આયોજિત સામાજિક પરિવર્તનનો અભ્યાસ કરે છે અને સમાજે નક્કી કરેલા ધ્યેયોની દિશામાં પરિવર્તનો લાવવા માટેના ઉપયોગી સિદ્ધાંતો સ્થાપવાનું ધ્યેય ધરાવે છે. તેમજ સમસ્યાઓનો ઉકેલ શોધવા પ્રયત્ન કરે છે. સમાજશાસ્ત્રની એક શાખા તરીકે વ્યવહારલક્ષી સમાજશાસ્ત્ર પણ વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ કરે છે અને તેમાં પણ વૈજ્ઞાનિક વલણી કેન્દ્ર સ્થાને રહે છે. આમ સમાજશાસ્ત્ર શુદ્ધ વિજ્ઞાન છે તેની સાથોસાથ વ્યવહારલક્ષી સમાજશાસ્ત્ર પણ વિક્સી રહ્યું છે.

**(4) સમાજશાસ્ત્ર અમૂર્ત વિજ્ઞાન છે**

વિષયવસ્તુના સ્વરૂપની દૃષ્ટિએ વિજ્ઞાનના મૂર્ત વિજ્ઞાન અને અમૂર્ત વિજ્ઞાન એવા બે પ્રકાર પડે છે.

જે વિજ્ઞાનોનું વિષયવસ્તુ મૂર્ત સ્વરૂપનું છે. તેવા વિજ્ઞાનને મૂર્ત વિજ્ઞાન કહેવાય. એટલે કે, નરી આંખે જોઈ શકાય તેવા વિષયવસ્તુને કેન્દ્રમાં રાખીને અભ્યાસ કરતા મૂર્ત વિજ્ઞાનો છે. બધાં પ્રાકૃતિક વિજ્ઞાનો મૂર્ત વિજ્ઞાનો છે. એ જ રીતે પ્રાગેતિહાસિક કાલીન અભ્યતાના અવશેષોનો અભ્યાસ કરતું પ્રાગૈતિહાસિક પુરાતત્વ વિજ્ઞાન મૂર્ત વિજ્ઞાન છે.

જે વિજ્ઞાનનું વિષયવસ્તુ અમૂર્ત સ્વરૂપનું છે. તેવા વિજ્ઞાનને અમૂર્ત વિજ્ઞાન કહેવાય. એટલે કે નરી આંખે જોઈ શકાય નહીં. પરંતુ મનથી સમજી શકાય તેવા સ્વરૂપના વિષયવસ્તુનો અભ્યાસ કરતા વિજ્ઞાનોને અમૂર્ત વિજ્ઞાન કહેવાય. સમાજશાસ્ત્ર અમૂર્ત વિજ્ઞાન છે. કાયમ કે તે માનવ આંતરક્રિયા, પ્રક્રિયા, સામાજિક સંબંધોની વ્યવસ્થા, રચના, કાર્ય, મૂલ્ય વગેરે જેવી અમૂર્ત ઘટનાઓનો અભ્યાસ કરે છે.

આંતરક્રિયા, સામાજિક સંબંધો, રચના કે કાર્ય અમૂર્ત ઘટનાઓ છે. તેને આપણે નરી આંખે જોઈ શકતા નથી. તેથી સમાજશાસ્ત્ર એ અમૂર્ત વિજ્ઞાન છે.

**(5) સમાજશાસ્ત્ર સામાન્યીકરણ કરતું વિજ્ઞાન છે**

જે વિજ્ઞાન સાર્વત્રિક ઘટના અંગેના સર્વ સામાન્ય નિયમો કે સિદ્ધાંતો સ્થાપતું હોય તેવા વિજ્ઞાનને સામાન્યીકરણ કરતું વિજ્ઞાન કહેવામાં આવે છે. બધાં પ્રાકૃતિક વિજ્ઞાનો સામાન્યીકરણ કરતાં વિજ્ઞાનો છે.

સમાજશાસ્ત્ર માનવસમાજની સાર્વત્રિક જરૂરિયાતો, સહકાર, સંઘર્ષ, સ્પર્ધા, પરિવર્તન, સ્તર રચના, સાર્વત્રિક પ્રક્રિયાઓ, કુટુંબ, ધર્મ, શિક્ષણ, રાજ્ય જેવી સાર્વત્રિક સામાજિક સંસ્થાઓ, વ્યક્તિત્વ, સામાજિક ક્રિયા, સામાજિક આંતરક્રિયા, સામાજિક જૂથો જેવા સમાજનાં સાર્વત્રિક એકમો વગેરેનો અભ્યાસ કરી તે અંગેના સર્વસામાન્ય નિયમો કે સિદ્ધાંતો સ્થાપે છે. તેથી સમાજશાસ્ત્ર સામાન્યીકરણ કરતું વિજ્ઞાન છે.

સામાન્યીકરણથી વિરુદ્ધનો શબ્દ વિશિષ્ટકરણ છે. ઈતિહાસ વિશિષ્ટકરણ કરતું વિજ્ઞાન છે. કારણ કે તે સાર્વત્રિક ઘટનાનો નહીં આમ વિશષ્ટ ઘટનાનો અભ્યાસ કરીને વિશિષ્ટ નિયમો

કે સિદ્ધાંતો સ્થાપે છે. આથી જણાશે કે સમાજશાસ્ત્ર વિશિષ્ટકરણ કરતું નહીં પરંતુ સામાન્યીકરણ કરતું વિજ્ઞાન છે.

### (6) સમાજશાસ્ત્ર બુદ્ધિગમ્ય અને અનુભવલક્ષી વિજ્ઞાન છે

જે વિજ્ઞાનો વૈજ્ઞાનિક પદ્ધતિના ઉપયોગ દ્વારા અને વૈજ્ઞાનિક વલણ દાખવીને કોઈપણ વિષયવસ્તુનો અભ્યાસ કરતા હોય તેવા વિજ્ઞાનને બુદ્ધિગમ્ય અને અનુભવલક્ષી વિજ્ઞાન કહેવાય.

સમાજશાસ્ત્ર સમાજ અંગેનું જ્ઞાન નૈતિક તાટસ્થય જાળવીને વસ્તુલક્ષીતા કેળવીને અને વૈજ્ઞાનિક વલણો દાખવીને સામાજિક હકીકતો અંગેની માહિતી નિરીક્ષણ દ્વારા મેળવે છે. સમાજશાસ્ત્રમાં સામાજિક હકીકતોને લગતી માહિતી જ્ઞાનેન્દ્રિયો દ્વારા પ્રત્યક્ષ અનુભવથી મેળવવામાં આવે છે.

આવી માહિતી મેળવવા માટે મુલાકાત, પ્રશ્નાવલી, સહભાગી કે સ્વસહભાગી નિરીક્ષણ, ક્ષેત્રપ્રયોગ વગેરે પ્રયુક્તિઓનો ઉપયોગ કરવામાં આવે છે. આ રીતે મેળવેલી સામાજિક હકીકતોનું તર્કસંગત વર્ગીકરણ કરવામાં આવે છે તથા તેનું અર્થઘટન કરીને એ હકીકતો વચ્ચેનો કાર્ય કરવાનો સંબંધ શોધવામાં આવે છે. કાર્યકારણનો આ સંબંધ સાચો છે કે પોતે તેની ચકાસણી પણ થઈ શકે છે.

સમાજશાસ્ત્રનાં સિદ્ધાંતો અને ભાવિકથનો બુદ્ધિ અને તર્ક ઉપર રચાયેલાં છે, વૈજ્ઞાનિક પદ્ધતિ ઉપર રચાયેલાં છે અને તે સાચાં છે કે ખોટાં તેની ચકાસણી થઈ શકે છે. આથી સમાજશાસ્ત્ર બુદ્ધિગમ્ય અને અનુભવલક્ષી વિજ્ઞાન છે.

### (7) સમાજશાસ્ત્ર સામાન્ય વિજ્ઞાન છે

સમાજશાસ્ત્ર સામાન્ય વિજ્ઞાન છે કે વિશિષ્ટ વિજ્ઞાન છે તે અંગે સમાજશાસ્ત્રીઓમાં મતભેદ પ્રવર્તે છે. પરંતુ સમાજશાસ્ત્ર સામાન્ય વિજ્ઞાન છે. તેનો અર્થ અહીં એટલો જ કે સમાજશાસ્ત્ર માનવસમાજમાં આર્થિક, ધાર્મિક, રાજકીય વગેરે ઘટનાઓમાં સામાન્ય સામાજિક પરિબળો કયાં છે તે તપાસતું હોવાથી બર્સ્ટિડે અને સોરોકિન જેવા વિદ્વાન સમાજશાસ્ત્રને સામાન્ય વિજ્ઞાન તરીકે ઓળખાવે છે.

અહીં એ નોંધવું જરૂરી છે કે સમાજશાસ્ત્ર સામાન્ય વિજ્ઞાન હોવા છતાં તેમાં શ્રમવિભાજન થયેલું છે. જેમ કે કુટુંબનો અભ્યાસ કરતું કુટુંબનું સમાજશાસ્ત્ર એ જ રીતે ગુન્હાનો અભ્યાસ કરતું. ગુન્હાનો સમાજશાસ્ત્ર, વસ્તીનો અભ્યાસ કરતું વસ્તીનું સમાજશાસ્ત્ર વગેરે સમાજજીવનનાં વિભિન્ન પાસાંને લગતા સમાજશાસ્ત્રોના સિદ્ધાંતોના આધારે સમાજને લગતો સર્વસામાન્ય સાર્વત્રિક સિદ્ધાંત સ્થાપવાનું કાર્ય હજુ બાકી છે.

### (8) સમાજશાસ્ત્ર સંચયાત્મક વિજ્ઞાન છે

જે વિજ્ઞાનોના જ્ઞાનમાં ઉત્તરોત્તર બુદ્ધિ કે સંચય થતો રહે તેવા વિજ્ઞાનોને સંચયાત્મક વિજ્ઞાન કહે છે. બધાં પ્રાકૃતિક વિજ્ઞાનો સંચયાત્મક વિજ્ઞાનો છે. એવી જ રીતે સમાજશાસ્ત્ર પણ સંચયાત્મક વિજ્ઞાન છે.

સમાજશાસ્ત્ર સંચયાત્મક વિજ્ઞાન છે. તે વિધાન સ્પષ્ટ કરતાં જહોન્સન, નામના વિદ્વાન લખે છે કે સમાજશાસ્ત્રના સિદ્ધાંતોમાં એક સિદ્ધાંતોના આધારે બીજા સિદ્ધાંતો રચાયેલ નવા સિદ્ધાંતો જૂના સિદ્ધાંતોમાં સુધારો કરે છે. તેને વધુ વિસ્તૃત બનાવે છે અને તેની ખામીઓ દૂર કરે છે.

ઓગસ્ટ કોમ્ટે જ્યારથી સમાજશાસ્ત્ર નામાભિધાન કર્યું ત્યારથી સમાજશાસ્ત્રના ઉત્તરોત્તર બુદ્ધિ થતી રહે છે. તેની સંશોધન પ્રયુક્તિઓ, પદ્ધતિઓ, ખ્યાલો, વ્યાખ્યાઓ વગેરે વધુ વ્યવસ્થિત

સ્વરૂપે વિકસતું રહે છે. તેના જ્ઞાનમાં સંચય થતો રહે છે. તેથી સમાજશાસ્ત્ર સંચયાત્મક વિજ્ઞાન છે.

## 2.6 સમાજશાસ્ત્રનું અભ્યાસ ક્ષેત્ર

અભ્યાસ ક્ષેત્ર માટે બીજા પર્યાપ્ય શબ્દો તરીકે વિષયવસ્તુ, કાર્યક્ષેત્ર જેવાં શબ્દો પ્રચલિત છે. અંગ્રેજીમાં આ માટે Subject - Matter શબ્દો પ્રયોજવામાં આવ છે.

### (1) સામાજિક સંબંધો

સમાજશાસ્ત્ર સામાજિક સંબંધોનો અભ્યાસ કરતું વિજ્ઞાન છે. સમાજ કે સામાજિક જીવનના વ્યક્તિ-વ્યક્તિ, જૂથ-જૂથ, જૂથ-વ્યક્તિ વચ્ચેના ધાર્મિક, રાજકીય, સામાજિક, શૈક્ષણિક, આર્થિક એમ વિભિન્ન સ્વરૂપના સામાજિક સંબંધોનું જ બનેલું છે અને સમાજશાસ્ત્ર માટે સામાજિક સંબંધો પ્રાથમિક અને કેન્દ્રવર્તી સ્થાન ધરાવે છે. જે એનું પાયાનું વિષયવસ્તુ છે. આવા વિવિધ સામાજિક સંબંધોની આસપાસ સમાજશાસ્ત્રનું સમગ્ર અભ્યાસ ક્ષેત્ર વિસ્તરેલું છે. એરિસ્ટોટલ કે તેમ માનવી એક સામાજિક પ્રાણી છે અને માનવીની સામાજિકતાના આવિષ્કાર રૂપ સામાજિક સંબંધો સમાજશાસ્ત્રનું મહત્ત્વનું અભ્યાસ વસ્તુ છે.

### (2) સામાજિક ક્રિયા અને આંતરક્રિયા

સામાજિક સંબંધોનું મહત્ત્વનું એકમ સામાજિક ક્રિયા છે. આથી માનવીના સામાજિક સંબંધોને સમજવા માટે સામાજિક ક્રિયા અને આંતરક્રિયાનો અભ્યાસ કરવો આવશ્યક છે. તે સમાજ વ્યવસ્થા સાથે કેવી રીતે સંકળાયેલ છે. તેનો અભ્યાસ કરે છે.

માનવી એક બીજા માનવીના સંપર્કમાં રહીને ક્રિયા કરે છે. આવી પારસ્પરિક ક્રિયાને સામાજિક આંતરક્રિયા કહેવામાં આવે છે. સામાજિક સંબંધો વાસ્તવમાં આવી આંતર ક્રિયાનું સ્વરૂપ કેવું છે. તેમાંથી ઉદ્‌ભવતી સહકાર, સંઘર્ષ, સ્પર્ધા, સમાધાન જેવી સમાજની મૂળભૂત સામાજિક પ્રક્રિયાઓ કેવી છે ? આવી પ્રક્રિયાઓ કઈ રીતે ઉદ્‌ભવે છે ? કયાં કારણો જવાબદાર છે ? તેના શું પરિણામ આવે છે. તેનો સમાજશાસ્ત્ર અભ્યાસ કરે છે.

### (3) સામાજિક જૂથો અને સંસ્થાઓ

સામાજિક જૂથ આંતરક્રિયાની જ વ્યવસ્થા છે. માનવીનું સામાજિક જીવન જૂથમાં જ જીવાતું હોય છે. સમાજશાસ્ત્ર કુટુંબ, ગ્રામ, સમુદાય જેવાં પ્રાથમિક જૂથોની રચના અને કાર્યનો અભ્યાસ કરે છે. એ જ રીતે નગર, મહાનગર, રાજ્ય જેવા દૂરવર્તી જૂથોનો પણ સમાજશાસ્ત્ર અભ્યાસ કરે છે. આવાં જૂથોનો ઉદ્‌ભવ કઈ રીતે થાય છે ? તેની સર્વસામાન્ય લાક્ષણિકતાઓ કંઈ છે ? તે વ્યક્તિ અને સમાજ માટે કયાં કયાં કાર્યો કરે છે ? તે બધી હકીકતો તપાસવાનું કાર્ય સમાજશાસ્ત્ર કરે છે. માનવી-માનવી વચ્ચે થતી આંતરક્રિયા અને તેના કારણે રચાતી સામાજિક સંબંધો અને વિશાળ સમાજના એકમો તરીકે અસ્તિત્વમાં આવતાં વિવિધ સામાજિક જૂથોનો તથા આ જૂથો વચ્ચેના પારસ્પરિક સંબંધોનો સમાજશાસ્ત્ર અભ્યાસ કરે છે અને સાથે સામાજિક સંસ્થાગત જેવી કે ધાર્મિક, રાજકીય, શૈક્ષણિક, કૌટુંબિક, આર્થિક અને સાંસ્કૃતિક જેવી સંસ્થાઓના લક્ષણો તપાસવાનું કાર્ય સમાજશાસ્ત્રનું મુખ્ય અભ્યાસ બિંદુ છે.

### (4) સાર્વત્રિક સામાજિક રચનાઓ અને કાર્યો

માનવસમાજમાં સાર્વત્રિક સંસ્થાઓ કઈ છે ? તે સમાજશાસ્ત્ર તપાસ કરે છે. કુટુંબ, શાળા, મંદિર (મર્મ, મસ્જિદ, ગુરુદ્વારા) વગેરે સરકાર, વ્યાપાર, વાણીજ્ય જેવી સામાજિક રચનાઓ સાર્વત્રિક રીતે એક યા બીજા સ્વરૂપે જોવા મળે છે. સમાજશાસ્ત્ર આવી સામાજિક, શૈક્ષણિક,

રાજકીય, ધાર્મિક, કૌટુંબિક, આર્થિક સામાજિક રચનાઓનો અભ્યાસ કરે છે.

આવી જ રીતે માનવસમાજના સાર્વત્રિક જૂથો સમાજશાસ્ત્ર તપાસે છે. વસ્તીની જાળવાની, સામાજિકકરણ, ધ્યેયપ્રાપ્તિ, વ્યવસ્થાની જાળવણી, શ્રમવિભાજન અને સેવાઓની વહેંચણી જેવાં સાર્વત્રિક સામાજિક કાર્યોનો અભ્યાસ સમાજશાસ્ત્ર કરે છે અને સામાજિક રચના અને કાર્યો વચ્ચેનો પરસ્પર સંબંધ તપાસે છે અને તેના પરથી સર્વસામાન્ય સિદ્ધાંત સ્થાપવાનું સમાજશાસ્ત્રનું ધ્યેય છે.

### (5) સામાજિક સ્તરીકરણ અને ગતિશીલતા

માનવસમાજમાં ઉચ્ચ, મધ્યમ અને નિજન સાજિક વર્ગો જેવાં ઉંચનીચના ભેદભાવવાળાં જૂથો જોવા મળે છે. તેજ રીતે ભારતીય સમાજવ્યવસ્થામાં ઉંચનીચના ભેદભાવવાળી જ્ઞાતિ વ્યવસ્થા જોવા મળે છે. સામાજિક અસમાનતાવાળા દરજ્જાના ચઢતા-ઉતરતા કોષ્ટિકમ જેવાં જૂથો જેને સ્તર તરીકે ઓળખવામાં આવે છે. સામાજિક સ્તરીકરણ છે. આવું સામાજિક સ્તરીકરણ કઈ રીતે ઉદ્ભવે છે. તેની મૂળભૂત પરિસ્થિતિ કઈ છે, તેનું સ્વરૂપ કેવું છે. તે કઈ રીતે સાપુજય સ્થાપે છે. તેનો અભ્યાસ સમાજશાસ્ત્ર કરે છે.

એજ રીતે સમાજશાસ્ત્ર ગતિશીલતાનો અભ્યાસ કરે છે. વ્યક્તિ કે જૂથના સામાજિક દરજ્જાના આવતાં પરિવર્તન કે ફેરફારને સામાજિક ગતિશીલતા કહેવામાં આવે છે. સમાજશાસ્ત્ર ગતિશીલતાનું સ્વરૂપ તેના પ્રકાર તેના પર અસર કરતાં પરિબળો તપાસે છે.

### (6) સામાજિક નિયંત્રણ

સમાજને ટકાવી રાખવી પ્રક્રિયાને સામાજિક નિયંત્રણ કહે છે. સામાજિક પરિસ્થિતિમાં વ્યક્તિએ કઈ રીતે વર્તવું એ અંગેના નિયમો હોય છે. આવા નિયમોને સામાજિક ધોરણો કહેવામાં આવે છે. રૂઢિ, લોકસાર, ધર્મના નિયમો, કાયદા, નીતિ, રિવાજો, ફેશન વગેરે સામાજિક ધોરણો છે. આવાં સામાજિક ધોરણોના ભંગ બદલ શિક્ષાપદ્ધતિ હોય છે. સમાજશાસ્ત્ર આવાં ધોરણોનું સ્વરૂપ તેની શિક્ષા પદ્ધતિ તથા તેનું વ્યક્તિમાં કંઈ રીતે સિદ્ધાંતીકરણ થાય છે તેનો અભ્યાસ કરે છે.

### (7) વ્યક્તિત્વ અને સમાજીકરણ

સામાજિક ક્રિયા કરનાર વ્યક્તિ સામાજિક જીવનનું પ્રાથમિક એકમ છે. વ્યક્તિત્વ કઈ રીતે ઉદ્ભવે છે. તેનું ઘડતર કરતાં સામાજિક, જૈવિક પરિબળો કયાં છે તે સમાજશાસ્ત્ર તપાસે છે.

બીજી બાજું સમાજીકરણ જે સમાજની સાર્વત્રિક કાર્ય કરતી પ્રક્રિયા છે તેનો અભ્યાસ સમાજશાસ્ત્ર કરે છે. સમાજમાં જન્મતાં બાળકને સામાજિક-સાંસ્કૃતિક વારસો આપી સામાજિક જીવન જીવવાની તાલીમ આપતી પ્રક્રિયાને સમાજીકરણ કહેવાય. એટલે કે સમાજની સંસ્કૃતિ અને સમાજની વ્યવસ્થામાં બાળકને બંધબેસતા કરવાની પ્રક્રિયા સમાજીકરણ છે. આ પ્રક્રિયા છચ વ્યક્તિ અને સમાજ વચ્ચેનો આ પારસ્પરિક સંબંધ સ્થાપિત થાય છે અને આ તપાસવાનું કાર્ય સમાજશાસ્ત્ર કરે છે.

### (8) સંસ્કૃતિ

કળા, સંગીત, ભાષા, ધર્મ, સાહિત્ય, તત્ત્વજ્ઞાન, વિચારસરણી વગેરે સંસ્કૃતિનાં તત્ત્વો છે. સમાજશાસ્ત્ર સંસ્કૃતિનો અભ્યાસ કરે છે. કારણ કે સંસ્કૃતિ વ્યક્તિના વર્તન ઉપર અને સમાજરચના અને કાર્ય ઉપર અસર કરે છે. તેમ માનવીના સામાજિક વર્તન અને સામાજિક

સંબંધોના ઘડતરમાં જેટલે અંશે સંસ્કૃતિ ભામ ભજવે છે. એટલે અંશે સમાજશાસ્ત્ર સંસ્કૃતિનો અભ્યાસ કરે છે.

**(9) વાતાવરણ**

માનવીની આસપાસ માત્ર સામાજિક અને સાંસ્કૃતિક વાતાવરણ જ નથી. પરંતુ જમીન, સૂર્ય, ચંદ્ર, હવામાન, પર્વતો, નદીઓ, સમૂદ્રો, જંગલો, પ્રાણી સૃષ્ટિ એમ કુદરતના અનેકવિધ તત્ત્વો માનવીની આસપાસ રહેલાં છે. તત્ત્વોને ભૌગોલિક વાતાવરણ કહેવામાં આવે છે અને તેની અસર વ્યક્તિ ઉપર, માનવીના ધર્મ, ખોરાક, પોષણ, કુટુંબ, લગ્ન, રાજય વગેરે સંસ્થાઓ અને રિવાજો ઉપર પડે છે. આથી સમાજશાસ્ત્ર સામાજિક-સાંસ્કૃતિક વાતાવરણ ઉપરાંત માનવીના સામાજીક જીવન ઉપર ભૌગોલિક વાતાવરણની શી અસર પડે છે. તે પણ તપાસે છે.

**(10) સામાજિક પરિવર્તન**

સમાજની સંસ્થાઓ વિભિન્ન જૂથો તેની રચના અને કાર્યોમાં આવતું પરિવર્તન સામાજિક પરિવર્તન કહેવાય. સમાજ સ્થિર નથી પણ પરિવર્તનશીલ છે. આ સામાજિક પરિવર્તન માટે કયાં પરિબળો જવાબદાર છે. તથા સામાજિક પરિવર્તનને કયાં પરિબળો અવરોધે છે તે સમાજશાસ્ત્ર તપાસે છે. આમ સમાજશાસ્ત્ર સામાજિક પરિવર્તનનું સ્વરૂપ તેની દિશા, તે માટેના જવાબદાર પરિબળો અને તેના અવરોધક પરિબળોનો અભ્યાસ કરે છે આ પ્રકારનો અભ્યાસ કરી સમાજશાસ્ત્ર ભાવિકથન પણ કરે છે.

**(11) સામાજિક સમસ્યાઓ**

સમાજમાં સામાજિક પરિવર્તન આવવાથી તેમજ તેમાં વિઘટન ઉદ્ભવતા સમાજમાં ગુનાખોરી, બાળઅપરાધ, ભિક્ષાવ્યવસાય, વેચ્યાવ્યવસાય, આત્મહત્યા, મધપાન, વિદ્યાર્થી અશાંતિ, બેકારી, અસ્પૃશ્યતા વગેરે સમસ્યાઓ ઉદ્ભવે છે. 'સમાજશાસ્ત્ર આવી સમસ્યાઓનું સ્વરૂપ, તેના ઉદ્ભવ માટેનાં કારણો, સમાજજીવન ઉપર તેની અસર તેમજ વિભિન્ન સમસ્યાઓ વચ્ચેનો સંબંધ તપાસે છે.

## 2.7 ઉપસંહાર

સમાજશાસ્ત્ર એ સમાજનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરતું શાસ્ત્ર છે. એટલે વિજ્ઞાનને વિષયવસ્તુ કરતાં વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા થતાં અભ્યાસનાં રસ છે. જે પ્રાકૃતિક વિજ્ઞાનની જેમ સામાજિક વિજ્ઞાનોમાં થાય છે. તેમ સમાજશાસ્ત્ર પણ વૈજ્ઞાનિક ઢબે ચકાસી શકાય, અનુભવી શકાય. કસોટીએ ચઢાવી શકાય. તેમ વૈજ્ઞાનિક દૃષ્ટિ હકીકતો વચ્ચે તર્કસંગત વર્ગીકરણ કરે છે. તેમજ સમાજશાસ્ત્ર એ સામાન્ય વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનની સાથે સામાન્યીકરણ કરતું વિજ્ઞાન છે તેના લક્ષણો પરની સાબિત થાય છે. જ્યારે સમાજશાસ્ત્રનું અભ્યાસ ક્ષેત્ર તેના વિશાળ અને વ્યાપ કાર્યક્ષેત્રનો વિસ્તાર રજૂ કરે છે. જેમાં મુખ્યત્વે સામાજિક ક્રિયા આંતરક્રિયા, સમસ્યાઓ રચના અને કાર્ય વચ્ચેનો અભ્યાસ કેન્દ્રબિંદુ સમાન રહે છે. તેથી સમાજશાસ્ત્ર એક સામાજિક વિજ્ઞાન તરીકે સ્થાન પામ્યું છે.

## 2.8 તમારી પ્રગતિ ચકાસો

ક

## 2.9 ચાવીરૂપ શબ્દો

- વિજ્ઞાન

- સામાજિક વિજ્ઞાન
- વર્ગીકરણ
- સમાજશાસ્ત્ર
- સાર્વત્રિક
- રચના
- કાર્ય
- અભ્યાસ ક્ષેત્ર
- સામાજિક સમસ્યાઓ
- સામાજિક પરિવર્તન
- સમાજીકરણ
- વાસ્તવિકતા

## 2.10 સ્વાધ્યાય લેખન

(1) વિજ્ઞાનનો અર્થ આપી તેના લક્ષણો સમજાવો ?

................................................................................

................................................................................

................................................................................

................................................................................

................................................................................

(2) વિજ્ઞાનનો અર્થ આપી વિજ્ઞાનનું વર્ગીકરણ સમજાવો ?

................................................................................

................................................................................

................................................................................

................................................................................

................................................................................

(3) સમાજશાસ્ત્રની વ્યાખ્યા આપી તેના લક્ષણોની ચર્ચા કરો ?

................................................................................

................................................................................

................................................................................

................................................................................

................................................................................

(4) સમાજશાસ્ત્રનો અર્થ આપી તેના અભ્યાસ ક્ષેત્રની સમજૂતી આપો ?

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

## 2.11 પ્રવૃત્તિ કરો

ક

## 2.12 કેસસ્ટડી તૈયાર કરો

ક

## 2.13 સંદર્ભ ગ્રંથો

ક

એકમ 3

# સામાજિક માળખું અને સામાજિક સંસ્થાઓ

-: રૂપરેખા :-

**3.0 એકમનાં હેતુઓ**

**3.1 પ્રસ્તાવના**

**3.2 સમાજશાસ્ત્રીય ખ્યાલો - પરિભાષા**

**3.3 સમાજશાસ્ત્રીય ખ્યાલો તરીકે : સામાજિક માળખું**

**3.4 સમાજશાસ્ત્રીય ખ્યાલો તરીકે : સામાજિક સંસ્થાઓ**

**3.5 ઉપસંહાર**

**3.8 તમારી પ્રગતિ ચકાસો**

**3.9 ચાવીરૂપ શબ્દો**

**3.10 સ્વાધ્યાય લેખન**

**3.11 પ્રવૃત્તિ કરો**

**3.13 સંદર્ભ ગ્રંથો**

## 3.0 એકમનાં હેતુઓ

વિદ્યાર્થી મિત્રો આ એકમને સમજ્યા બાદ તમે,

- સમાજશાસ્ત્રીય ખ્યાલો - પરિભાષાની સમજૂતી મેળવશો.
- સમાજશાસ્ત્રીય ખ્યાલો તરીકે : સામાજિક માળખા વિશે જાણી શકશો.
- સમાજશાસ્ત્રીય ખ્યાલો તરીકે : સામાજિક સંસ્થાઓ વિશે ચર્ચા કરી શકશો.

## 3.1 પ્રસ્તાવના

સમાજ એ એક જટિલ તંત્ર છે, જેમાં વિવિધ તત્ત્વો એકબીજા સાથે જોડાઈને એક સુસંગત એકમ બનાવે છે. આ તત્ત્વોને સમજવા માટે સમાજશાસ્ત્રીઓએ કેટલાક મહત્ત્વના ખ્યાલો વિકસાવ્યા છે. આમાંના બે મુખ્ય ખ્યાલો છેઃ સામાજિક માળખું અને સામાજિક સંસ્થાઓ.

સામાજિક માળખું એ સમાજની એક રચના છે જેમાં સામાજિક સ્થાનો, ભૂમિકાઓ અને સંબંધો વચ્ચેના સંબંધો નિર્ધારિત કરવામાં આવે છે. આ એક અદ્રશ્ય ઢાંચો છે જે વ્યક્તિઓને તેમની સામાજિક સ્થિતિ અને ભૂમિકાઓ સમજવામાં મદદ કરે છે. સામાજિક માળખું સ્થિર નથી, પરંતુ સમય સાથે બદલાતું રહે છે. તે સમાજના સંસ્કૃતિ, ઇતિહાસ અને અન્ય પરિબળો દ્વારા પ્રભાવિત થાય છે. ઉદાહરણ તરીકે, કુટુંબ એક સામાજિક સંસ્થા છે અને તે સામાજિક માળખાનો એક ભાગ છે. કુટુંબમાં વિવિધ ભૂમિકાઓ (માતા, પિતા, બાળક) હોય છે અને આ ભૂમિકાઓ સામાજિક માળખા દ્વારા નિર્ધારિત થાય છે.

સામાજિક સંસ્થાઓ એ સામાજિક જીવનના સંગઠિત પાસાઓ છે. તેઓ એવા નિયમો, કિંમતો અને આચારોનું સંકુલ છે જે સમાજના સભ્યોના વર્તનને માર્ગદર્શન આપે છે. કુટુંબ,

શિક્ષણ, ધર્મ, રાજકારણ અને અર્થવ્યવસ્થા આનાં કેટલાંક ઉદાહરણો છે. સામાજિક સંસ્થાઓ સામાજિક માળખાને સમર્થન આપે છે અને તેને સ્થિર રાખવામાં મદદ કરે છે. ઉદાહરણ તરીકે, શિક્ષણ સંસ્થાઓ નવી પેઢીને સામાજિક ભૂમિકાઓ માટે તૈયાર કરે છે અને સમાજને જાળવી રાખવા માટે જરૂરી કુશળતા અને જ્ઞાન પ્રદાન કરે છે.

સમાજ કાર્યકર્તાઓ માટે સામાજિક માળખું અને સામાજિક સંસ્થાઓને સમજવું ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. કારણ કે સમાજ કાર્યકર્તાઓ વ્યક્તિઓ અને તેમના પરિવારો સાથે કામ કરે છે, જેઓ સામાજિક માળખા અને સંસ્થાઓ દ્વારા પ્રભાવિત થાય છે. આ જ્ઞાન સમાજ કાર્યકર્તાઓને વ્યક્તિઓ અને પરિવારોને સમજવામાં અને તેમને સમસ્યાઓનો સામનો કરવામાં મદદ કરવામાં મદદ કરે છે. ઉદાહરણ તરીકે, જો કોઈ વ્યક્તિ ગરીબીમાં જીવી રહી હોય, તો સમાજ કાર્યકર્તાને તે વ્યક્તિના પરિવાર, શાળા અને સમુદાય જેવી સામાજિક સંસ્થાઓ સાથે કામ કરવું પડશે. આ સાથે, તે વ્યક્તિની સામાજિક સ્થિતિ અને ભૂમિકાઓને પણ ધ્યાનમાં લેવી પડશે.

## 3.2 સમાજશાસ્ત્રીય ખ્યાલો - પરિભાષા

સમાજશાસ્ત્ર, માનવ સમાજના સંબંધો, સંસ્થાઓ અને સંસ્કૃતિનો વૈજ્ઞાનિક અભ્યાસ છે. આ વિશાળ ક્ષેત્રમાં અનેક ખ્યાલો અને પરિભાષાઓનો ઉપયોગ થાય છે જે સમાજને સમજવા માટે આવશ્યક છે. સમાજશાસ્ત્રીય ખ્યાલો એ સમાજના વિવિધ પાસાઓને વ્યાખ્યાયિત કરવા માટે વપરાતા ચોક્કસ શબ્દો અને વાક્યો છે. આ ખ્યાલો સમાજશાસ્ત્રીઓને સમાજના વિવિધ ઘટકો વચ્ચેના સંબંધોને સમજવામાં અને સમાજના પરિવર્તનને સમજાવવામાં મદદ કરે છે. સમાજશાસ્ત્રીય ખ્યાલોની શ્રેણી વિશાળ છે અને તેમાં સંસ્કૃતિ, સામાજિક વર્ગ, લિંગ, જાતિ, સત્તા, સમાજીકરણ, સંસ્થાઓ, વિચલન અને સામાજિક પરિવર્તન જેવા વિષયોનો સમાવેશ થાય છે. દરેક ખ્યાલ સમાજના એક વિશિષ્ટ પાસાને રજૂ કરે છે અને તેને સમજવા માટે વિશિષ્ટ દૃષ્ટિકોણની જરૂર પડે છે. ઉદાહરણ તરીકે, સંસ્કૃતિ એ એક જટિલ ખ્યાલ છે જેમાં માનવ સમાજના વિચારો, મૂલ્યો, નિયમો, કલા અને જીવનશૈલીનો સમાવેશ થાય છે. જ્યારે સામાજિક વર્ગ એ સમાજમાં લોકોના સ્થાનને સમજાવવા માટે વપરાતો એક ખ્યાલ છે, જે સામાન્ય રીતે આર્થિક સ્થિતિ, શિક્ષણ અને સામાજિક પ્રતિષ્ઠા પર આધારિત હોય છે. સમાજશાસ્ત્રીય ખ્યાલોની સમજણ સામાજિક કાર્યકરો માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. આ ખ્યાલો સામાજિક કાર્યકરોને વ્યક્તિઓ અને સમુદાયો સાથે કામ કરતી વખતે સમાજના વિવિધ પાસાઓને સમજવામાં મદદ કરે છે. ઉદાહરણ તરીકે, એક સામાજિક કાર્યકર જે ગરીબી અને અસમાનતાના મુદ્દાઓ પર કામ કરે છે, તેણે સામાજિક સ્તર, આર્થિક વ્યવસ્થા અને સંસ્કૃતિ જેવા ખ્યાલોને સારી રીતે સમજવું જરૂરી છે.

## 3.3 સમાજશાસ્ત્રીય ખ્યાલો તરીકે : સામાજિક માળખું

સામાજિક માળખું એ એક જટિલ અને ગતિશીલ ખ્યાલ છે જે સમાજના સંગઠન, વ્યવસ્થા અને સંબંધોને દર્શાવે છે. આપણે રોજબરોજના જીવનમાં સમાજના વિવિધ સ્તરો અને સંસ્થાઓ સાથે વાતચીત કરીએ છીએ, જે આ માળખાનો જ એક ભાગ છે. આ માળખું સમાજના સભ્યોના વર્તન, વિચારો અને ભૂમિકાઓને પ્રભાવિત કરે છે.

- **સામાજિક માળખાનો અર્થ :**

'સામાજિક માળખું' શબ્દનો ઉપયોગ કરનાર એલેક્સિસ ડી ટોકવિલે (Alexis de Tocqueville) માનવામાં આવે છે. કાર્લ માર્ક્સ, હર્બર્ટ સ્પેન્સર, ફર્ડિનાન્ડ ટોનીઝ, એમિલ ડર્કહેમ અને મેક્સ વેબર એમ ઘણા સમાજશાસ્ત્રીઓએ સામાજિક માળખાના ખ્યાલનો ઉપયોગ

કરેલ છે. 1905માં, જર્મન સમાજશાસ્ત્રી ફર્ડિનાન્ડ ટોનીસે (Ferdinand Tönnies) તેમનો અભ્યાસ 'ધ પ્રેઝન્ટ પ્રોબ્લેમ્સ ઓફ સોશિયલ સ્ટ્રક્ચર'માં જણાવે છે કે એકતામાં સમૂહનું બંધારણ માત્ર 'સામાજિક માળખું' (રચના) બનાવે છે, જે તેમની સામાજિક ઇચ્છાના ખ્યાલ પર આધારિત છે. મુર્ડોકે, તેમના પુસ્તક 'સામાજિક માળખું' (Social Structure - 1949) માં, પૂર્વનિર્ધારિત સમાજોમાં સગપણ પ્રણાલીઓની તપાસ કરી અને સગપણ પ્રણાલીના વિવિધ પાસાઓનું વર્ગીકરણ, સરખામણી અને સહસંબંધ માટે વર્ગીકરણ ઉપકરણ તરીકે સામાજિક માળખાનો ઉપયોગ કર્યો.

સામાજિક માળખું અથવા સામાજિક રચના એ સામાજિક વ્યવસ્થાના જુદા જુદા સામાજિક એકમો કે ભાગોની વ્યવસ્થિત ગોઠવણી છે. આ રચના જુદા જુદા સામાજિક એકમોની વ્યવસ્થિત ક્રમબદ્ધતા સૂચવે છે. આ ગોઠવણી મોટેભાગે સ્થિર અને કાર્યલક્ષી હોય છે. આવી રચના સામાજિક સંસ્થાઓ, મંડળો, વિવિધ પ્રકારના સંબંધો, દરજ્જો-ભૂમિકા, મૂલ્યો વગેરે સામાજિક એકમોની સ્થાયી અને કાર્યસાધક ગોઠવણીથી બને છે.

સામાજિક માળખું એટલે સામાજિક વ્યવસ્થાના જુદા જુદા સામાજિક એકમો કે ભાગોની વ્યવસ્થિત ગોઠવણી. આ ગોઠવણને સામાજિક રચના પણ કહેવામાં આવે છે. આ રચના જુદા જુદા સામાજિક એકમોની વ્યવસ્થિત ક્રમબદ્ધતા સૂચવે છે અને મહદ્અંશે એ સ્થિર અને કાર્યલક્ષી ગોઠવણી હોય છે. દરેક જૈવકીય કે ભૌતિક વસ્તુને પણ તેની રચના (માળખું) હોય છે. આ રચના તેનાં કેટલાંક એકમોથી કે તત્ત્વોથી બને છે; દા.ત., માનવશરીરની રચના. હાથ, પગ, હૃદય, ફેફસાં, માથું, મોઢું વગેરે જેવાં અંગો કે એકમોથી તે બને છે તો મકાનની રચના ઈંટ, ચૂનો, પથ્થર, લોખંડ, સિમેન્ટ જેવા એકમોથી થાય છે. આ એકમોનો માત્ર ઢગલો કરી દેવાથી રચના (માળખું) ન બને. આ એકમો પોતાના સ્થાન પર સ્થાયી પણ હોય છે અને એકબીજાની સાથે જોડાયેલા પણ હોય છે. વળી એથી કોઈ ને કોઈ કાર્યની પૂર્તિ પણ થાય છે; જેમ કે, શરીર સક્રિય રહી શકે છે અને મકાનનો રહેવા માટે કે અન્ય હેતુથી ઉપયોગ થઈ શકે છે. જે રીતે શરીર, મકાન કે અન્ય ભૌતિક વસ્તુની તે રીતે સમાજની કે સામાજિક વ્યવસ્થાની રચના હોય છે. આવી રચના સામાજિક સંસ્થાઓ, મંડળો, વિવિધ પ્રકારના સંબંધો, દરજ્જો-ભૂમિકા, મૂલ્યો વગેરે જેવા સામાજિક એકમોની સ્થાયી અને કાર્યસાધક ગોઠવણીથી બને છે. આ બધા એકમો પરસ્પરાવલંબી હોય છે.

- **સામાજિક માળખાના પાસાં :**

સમાજશાસ્ત્રીઓ સામાજિક વ્યવસ્થાની રચનાને અનુલક્ષીને મુખ્ય ચાર આવશ્યક પાસાં કે એકમો દર્શાવે છે :

1. ઉપજૂથ (subgroup): ઉપજૂથ એ સમાજના એક નાના જૂથને સંદર્ભિત કરે છે જે મુખ્ય સમાજના મૂલ્યો, ધોરણો અને રિવાજોને અપનાવે છે. આ જૂથો સામાન્ય રીતે કોઈ ચોક્કસ લક્ષણ, હિત કે ધ્યેયના આધારે બને છે. ઉદાહરણ તરીકે, કોઈ કોલેજમાં વિદ્યાર્થીઓનું એક જૂથ, કોઈ કંપનીમાં કર્મચારીઓનું એક જૂથ, અથવા કોઈ ચોક્કસ શોખ ધરાવતા લોકોનું એક જૂથ ઉપજૂથના ઉદાહરણો છે. અન્ય ઉદાહરણ જોઈએ તો, એક કોલેજ કેમ્પસમાં, વિદ્યાર્થીઓ વિવિધ ઉપજૂથોમાં વહેંચાયેલા હોઈ શકે છે, જેમ કે વિજ્ઞાનના વિદ્યાર્થીઓ, કલાના વિદ્યાર્થીઓ, અથવા વિદેશી વિદ્યાર્થીઓ. આ ઉપજૂથો સભ્યોને સમાનતાની ભાવના આપે છે અને તેમને તેમની ઓળખની મજબૂત ભાવના વિકસાવવામાં મદદ કરે છે. ઉપજૂથો સમાજમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તેઓ વ્યક્તિને ઓળખની ભાવના આપે છે, સામાજિક સમર્થન પૂરું પાડે છે અને નવી માહિતી

અને કુશળતા શીખવાની તક આપે છે. ઉપજૂથો સામાજિક માળખામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે કારણ કે તે વ્યક્તિઓને સમાજમાં તેમની જગ્યા શોધવામાં મદદ કરે છે. ઉપજૂથો સભ્યોને સમાજીક સમર્થન, માર્ગદર્શન અને માહિતી પ્રદાન કરે છે. તેઓ સભ્યોને નવા કૌશલ્યો શીખવામાં અને તેમના વ્યક્તિત્ત્વનો વિકાસ કરવામાં પણ મદદ કરી શકે છે. ઉપરાંત, ઉપજૂથો સામાજિક પરિવર્તનના એજન્ટ તરીકે કામ કરી શકે છે. ઉદાહરણ તરીકે, નારીવાદી જૂથો અને લેસ્બિયન અને ગે જૂથો જેવા ઉપજૂથોએ સમાજમાં સમાનતા અને ન્યાય માટે લડવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. ઉપજૂથો સમાજમાં પરિવર્તન લાવવામાં પણ મદદ કરી શકે છે.

2. ભૂમિકા (role) : ભૂમિકા એ એક સામાજિક અપેક્ષા છે જે કોઈ વ્યક્તિને તેની સામાજિક સ્થિતિના આધારે નિભાવવી પડે છે. દરેક વ્યક્તિ સમાજમાં વિવિધ ભૂમિકાઓ નિભાવે છે, જેમ કે વિદ્યાર્થી, કર્મચારી, માતા-પિતા, મિત્ર વગેરે. દરેક ભૂમિકા સાથે ચોક્કસ અધિકારો અને જવાબદારીઓ જોડાયેલી હોય છે. ભૂમિકાઓ સમાજમાં વ્યવસ્થા જાળવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તેઓ લોકોને જણાવે છે કે તેમને શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ. ભૂમિકાઓ સમાજમાં સહકાર અને સંવાદિતા વધારવામાં પણ મદદ કરે છે. ભૂમિકાઓ સમાજમાં સંતુલન જાળવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. દરેક વ્યક્તિ જ્યારે પોતાની ભૂમિકાઓને સમજીને અને તેને અનુસરીને કામ કરે છે ત્યારે સમાજ સુચારૂ રીતે ચાલે છે. જો કોઈ વ્યક્તિ પોતાની ભૂમિકાઓને અવગણે છે અથવા તેનાથી વિરોધાભાસી વર્તન કરે છે તો તેનાથી સમાજમાં અણબનાવ અને તણાવ ઉભો થઈ શકે છે. ભૂમિકાઓ સમય અને પરિસ્થિતિ અનુસાર બદલાતી રહે છે. ઉદાહરણ તરીકે, એક વિદ્યાર્થી જ્યારે કોલેજમાં અભ્યાસ કરે છે ત્યારે તેની ભૂમિકા વિદ્યાર્થીની હોય છે, પરંતુ જ્યારે તે નોકરી કરવા લાગે છે ત્યારે તેની ભૂમિકા કર્મચારીની બની જાય છે. આમ, ભૂમિકાઓ એક ગતિશીલ ખ્યાલ છે જે વ્યક્તિના જીવનભર બદલાતો રહે છે.

3. સામાજિક ધોરણો (social norms) : સામાજિક ધોરણો એ અપેક્ષિત વર્તનના નિયમો છે જે સમાજના સભ્યો દ્વારા અનુસરવામાં આવે છે. આ ધોરણો સ્પષ્ટ અથવા અસ્પષ્ટ હોઈ શકે છે અને તે સમય, સ્થળ અને સંસ્કૃતિ અનુસાર બદલાતા રહે છે. ઉદાહરણ તરીકે, કોઈ મિત્રને મળતી વખતે હાથ મિલાવવો, અન્ય લોકોનું સન્માન કરવું વગેરે સામાજિક ધોરણોના ઉદાહરણો છે. અ ઉપરાંત સામાજિક ધોરણો એ સમાજમાં વર્તનના નિયમો જેવા હોય છે. જેનું પાલન કરવું જરૂરી માનવામાં આવે છે. ઉદાહરણ તરીકે, લાલ બત્તી પર રોકાવું, લાઇનમાં ઉભા રહેવું વગેરે. સામાજિક ધોરણો સમાજમાં વ્યવસ્થા જાળવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તેઓ લોકોને જણાવે છે કે કઈ વર્તણૂક સ્વીકાર્ય છે અને કઈ નથી. સામાજિક ધોરણો સમાજમાં વ્યક્તિઓના વર્તનને નિયંત્રિત કરવાનું કામ કરે છે. જ્યારે કોઈ વ્યક્તિ સામાજિક ધોરણોનું ઉલ્લંઘન કરે છે ત્યારે તેને સામાજિક દંડનો સામનો કરવો પડે છે. સામાજિક ધોરણો સમાજની સંરચનાનો આધાર હોય છે. તે સમાજમાં વિવિધ સંસ્થાઓ અને સમૂહો વચ્ચેના સંબંધોને નિર્ધારિત કરે છે. સામાજિક ધોરણો સમાજમાં સહકાર અને સંવાદિતા વધારવામાં પણ મદદ કરે છે. જ્યારે સમાજના સભ્યો સામાજિક ધોરણોનું પાલન કરે છે ત્યારે સમાજ સુચારુ રીતે ચાલે છે.

4. સાંસ્કૃતિક મૂલ્યો (cultural values) : સાંસ્કૃતિક મૂલ્યો એ એવા વિચારો અને માન્યતાઓ છે જે એક સમાજના સભ્યો દ્વારા સામાન્ય રીતે સ્વીકારવામાં આવે છે અને જે સારા અને ખરાબ, સાચા અને ખોટા વચ્ચેનો તફાવત કરે છે. આ મૂલ્યો સમાજના સભ્યોને શું કરવું

જોઈએ અને શું ન કરવું જોઈએ તે નક્કી કરવામાં મદદ કરે છે. સાંસ્કૃતિક મૂલ્યો સમય અને સ્થળ સાથે બદલાતા રહે છે અને તે વિવિધ સમાજોમાં અલગ અલગ હોઈ શકે છે. સાંસ્કૃતિક મૂલ્યો સમાજના સામાજિક માળખાને આકાર આપે છે. તે સમાજમાં સત્તાનું વિતરણ, લોકો વચ્ચેના સંબંધો અને સમાજના વિકાસને પ્રભાવિત કરે છે. ઉદાહરણ તરીકે, એક સમાજમાં પરિવારને મહત્ત્વ આપવામાં આવે તો તે સમાજમાં વૃદ્ધોનું સન્માન કરવાની અને બાળકોની સંભાળ લેવાની પરંપરા હોય છે. સમાજમાં આવતા પરિવર્તનો સાથે સાંસ્કૃતિક મૂલ્યો પણ બદલાતા રહે છે. જો કે, કેટલાક મૂલ્યો તો પેઢી દર પેઢી સંચારિત થતા રહે છે. સાંસ્કૃતિક મૂલ્યો સમાજના વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. સકારાત્મક સાંસ્કૃતિક મૂલ્યો સમાજના વિકાસને પ્રોત્સાહન આપે છે જ્યારે નકારાત્મક મૂલ્યો સમાજના વિકાસમાં અવરોધરૂપ બને છે.

આમ, સામાજિક માળખું એ એક જટિલ અને ગતિશીલ વ્યવસ્થા છે જે સમાજના સભ્યોના વર્તનને આકાર આપે છે. સામાજિક કાર્યકરોએ સામાજિક માળખાના વિવિધ પાસાંઓની ઊંડી સમજણ મેળવવી જરૂરી છે જેથી તેઓ સમાજમાં થતી વિવિધ સમસ્યાઓના મૂળ કારણોને સમજી શકે અને તેનું નિરાકરણ લાવી શકે.

## 3.4 સમાજશાસ્ત્રીય ખ્યાલો તરીકેઃ સામાજિક સંસ્થાઓ

સમાજશાસ્ત્રમાં, 'સામાજિક સંસ્થા' એક મહત્ત્વપૂર્ણ અને વ્યાપક ખ્યાલ છે. આપણે દરરોજ જે સંસ્થાઓ સાથે વાર્તાલાપ કરીએ છીએ, જેમ કે પરિવાર, શાળા, ધર્મ, સરકાર વગેરે, તે બધી સામાજિક સંસ્થાઓનું ઉદાહરણ છે.

- **સામાજિક સંસ્થાઓનો અર્થ :**

બોગાર્ડસ (Bogardus) - 'સામાજિક સંસ્થા એ સમાજનું માળખું છે જે મુખ્યત્વે સુસ્થાપિત પ્રક્રિયાઓ દ્વારા લોકોની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે ગોઠવવામાં આવે છે.'

એચ.ઇ. બાર્ન્સ (H. E. Barnes) - 'સામાજિક સંસ્થાઓ એ સામાજિક માળખું અને મશીનરી છે જેના દ્વારા માનવ સમાજ માનવ જરૂરિયાત માટે સમાજ માટે જરૂરી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન, નિર્દેશન અને અમલ કરે છે.'

- **સામાજિક સંસ્થાઓનો અર્થ :**
- **સામાજિક સંસ્થાના તત્ત્વો :**

1. લોકોનો સમૂહઃ સામાજિક માળખાનો એક મુખ્ય ઘટક છે - લોકોનો સમૂહ. આ સમૂહના સભ્યો એકબીજા સાથેના સંબંધો, સામાન્ય ધ્યેયો અને મૂલ્યો દ્વારા જોડાયેલા હોય છે. આ સમૂહના સભ્યોની ભૂમિકાઓ અને જવાબદારીઓ નિર્ધારિત હોય છે અને તેઓ સંસ્થાના કાર્યોને ચાલુ રાખવા માટે એક સાથે કામ કરે છે. લોકોના સમૂહમાં વ્યક્તિઓ એકબીજા સાથે સંપર્કમાં આવે છે, વાતચીત કરે છે અને એકબીજાને પ્રભાવિત કરે છે. આ ક્રિયાપ્રતિક્રિયાઓ સંસ્થાની સાંસ્કૃતિક અને સામાજિક વ્યવસ્થાને આકાર આપે છે. સંસ્થાના તમામ સભ્યો સામાન્ય રીતે કોઈક સામાન્ય ધ્યેય અથવા મૂલ્યનું આદાન-પ્રદાન કરે છે. આ ધ્યેયો અને મૂલ્યો સંસ્થાને એક સુસંગત દિશા આપે છે અને સભ્યોને એક જ દિશામાં કામ કરવા માટે પ્રેરિત કરે છે. સંસ્થાની સંસ્કૃતિ એ તેના સભ્યો દ્વારા બનાવવામાં આવે છે અને જાળવવામાં આવે છે. સંસ્થાના મૂલ્યો, માન્યતાઓ અને વર્તણૂકના નિયમો તેના સભ્યો દ્વારા જ નક્કી કરવામાં આવે છે. સંસ્થાઓ સમય સાથે બદલાતી રહે છે અને આ પરિવર્તન લોકો દ્વારા જ લાવવામાં આવે છે. સંસ્થાના સભ્યો નવી જરૂરિયાતો અને

પરિસ્થિતિઓને અનુરૂપ સંસ્થામાં ફેરફાર કરે છે. સંસ્થા સમાજનો એક અભિન્ન ભાગ છે અને સમાજ સાથેના તેના સંબંધો લોકો દ્વારા જ સ્થાપિત અને જાળવવામાં આવે છે. સંસ્થાના સભ્યો સમાજની જરૂરિયાતોને સમજે છે અને તેને પૂરી કરવા માટે પ્રયત્નો કરે છે.

2. સામાન્ય હિત દ્વારા સંયુક્તતા : સામાન્ય હિત દ્વારા સંયુક્તતા એટલે કે, જ્યારે સમાજના વિવિધ વર્ગના લોકો એક સામાન્ય ધ્યેય અથવા હેતુ માટે એક થાય છે. આ સામાન્ય હિત કંઈપણ હોઈ શકે છે, જેમ કે સમાજનું કલ્યાણ, દેશની પ્રગતિ, પર્યાવરણનું રક્ષણ, અથવા કોઈ ચોક્કસ સમુદાયનું ઉત્થાન. જ્યારે લોકો એક સામાન્ય હિત માટે કામ કરે છે, ત્યારે તેઓ એકબીજા સાથે જોડાય છે અને એક મજબૂત સમુદાય બનાવે છે. દરેક સામાજિક સંસ્થાનું એક સામાન્ય ધ્યેય હોય છે જે તેના સભ્યોને એક કરે છે. ઉદાહરણ તરીકે, પરિવારનું ધ્યેય સભ્યોની સુખાકારી અને સુરક્ષા હોય છે, જ્યારે શાળાનું ધ્યેય વિદ્યાર્થીઓનું શિક્ષણ અને વિકાસ હોય છે. સભ્યોના સામાન્ય હિતો સંસ્થાને એકસાથે રાખવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આ હિતો સામાજિક, આર્થિક, રાજકીય અથવા સાંસ્કૃતિક હોઈ શકે છે. સામાન્ય હિત સમાજમાં ન્યાય અને સમાનતા લાવવામાં મદદ કરે છે. જ્યારે લોકો સમાજના તમામ લોકોના હિત માટે કામ કરે છે ત્યારે તેઓ સમાજમાં અન્યાય અને અસમાનતાને દૂર કરવામાં મદદ કરી શકે છે.

3. ભૌતિક સંસાધનો : ભૌતિક સંસાધનો એટલે કે જે સંસાધનોને સ્પર્શ કરી શકાય અને જેની માલિકી લઈ શકાય. સામાજિક સંસ્થાઓ માટે ભૌતિક સંસાધનો એ ઈમારતો, જમીન, સાધનો, ફર્નિચર, વાહનો, પુસ્તકો, કમ્પ્યુટર્સ અને અન્ય સામગ્રીનો સમાવેશ કરે છે. આ સંસાધનો સંસ્થાને તેના કાર્યોને અસરકારક રીતે પૂર્ણ કરવા માટે જરૂરી ઢાંચો અને માળખું પ્રદાન કરે છે. કોઈપણ સામાજિક સંસ્થા હોય, તેને તેના કાર્યો ચલાવવા માટે ઈમારતો, જમીન, સાધનો, ફર્નિચર, વાહનો અને અન્ય ભૌતિક વસ્તુઓની જરૂર પડે છે. ઉદાહરણ તરીકે, એક શાળાને ઈમારતો, ક્લાસરૂમ, લેબોરેટરી, લાઈબ્રેરી, ખેલનું મેદાન અને અન્ય શૈક્ષણિક સાધનોની જરૂર પડે છે. એ જ રીતે, એક હોસ્પિટલને ઈમારતો, બેડ, ઓપરેશન થિયેટર, દવાઓ, તબીબી સાધનો અને તબીબી કર્મચારીઓની જરૂર પડે છે. ભૌતિક સંસાધનો દ્વારા સામાજિક સંસ્થાઓ લોકો સુધી સેવાઓ પહોંચાડી શકે છે. ઉદાહરણ તરીકે, એક સમાજ કલ્યાણ સંસ્થા ગરીબોને ખોરાક અને કપડા વહેંચવા માટે યોગ્ય સ્થળની જરૂર પડે છે. સમાજિક સંસ્થાઓના સફળ સંચાલન માટે ભૌતિક સંસાધનો અત્યંત મહત્ત્વપૂર્ણ છે. સારા ભૌતિક સંસાધનો સમાજિક સંસ્થાઓને તેમના લક્ષ્યો પ્રાપ્ત કરવામાં મદદ કરે છે અને સમાજના લોકોને વધુ સારી સેવાઓ પૂરી પાડવામાં મદદ કરે છે.

4. ધારાધોરણો : સામાજિક સંસ્થાઓ જેવી કે પરિવાર, શાળા, ધર્મ અને સરકાર, આ ધારાધોરણોને સ્થાપિત કરે છે અને તેમને જાળવી રાખે છે. ઉદાહરણ તરીકે, પરિવારમાં માતા-પિતા બાળકોને સારા નરસાનું ભાન કરાવે છે અને સમાજમાં સફળ થવા માટે જરૂરી કુશળતા શીખવે છે. શાળામાં વિદ્યાર્થીઓને શિસ્ત, સહકાર અને આદર જેવા મૂલ્યો શીખવવામાં આવે છે. ધર્મ લોકોને નૈતિક મૂલ્યો પ્રદાન કરે છે અને સમાજમાં સારા કાર્યો કરવા માટે પ્રેરિત કરે છે. સરકાર કાયદા બનાવે છે અને તેનું પાલન કરવા માટે લોકોને ફરજ પાડે છે. ધારાધોરણો સમાજમાં વિવિધ કાર્યો કરે છે. તેઓ સમાજને સ્થિર રાખવામાં મદદ કરે છે કારણ કે તેઓ લોકોને જણાવે છે કે શું કરવું જોઈએ અને શું નહીં. તેઓ સમાજના સભ્યોને એકબીજા સાથે સુમેળથી જીવવામાં મદદ કરે છે કારણ કે તેઓ

સમાજમાં વર્તનના નિયમો સ્થાપિત કરે છે. ધારાધોરણો સમાજના સભ્યોને સમાજમાં તેમની ભૂમિકા સમજવામાં અને તેમની જવાબદારીઓ નિભાવવામાં મદદ કરે છે. જો કે, ધારાધોરણો સમય અને સ્થળ સાથે બદલાતા રહે છે. જે વસ્તુ એક સમાજમાં સ્વીકાર્ય છે તે બીજા સમાજમાં સ્વીકાર્ય ન હોઈ શકે. ઉદાહરણ તરીકે, એક સમયે લગ્ન માટે ઉંમરની મર્યાદા ન હતી, પરંતુ આજે દરેક દેશમાં લગ્ન માટે નિશ્ચિત ઉંમરની મર્યાદા નક્કી કરવામાં આવી છે.

5. સામાજિક જરૂરિયાતોની પૂર્તિ કરવી : સંસ્થાઓનો મુખ્ય હેતુ હોય છે સમાજની વિવિધ જરૂરિયાતોને પૂરી કરવી. કુટુંબ, શાળા, ધર્મ, રાજકીય પક્ષો, આર્થિક સંસ્થાઓ જેવી વિવિધ સામાજિક સંસ્થાઓ આપણા જીવનના દરેક પાસાને સ્પર્શે છે. આ સંસ્થાઓ સમાજના સભ્યોની મૂળભૂત જરૂરિયાતો જેવી કે ખોરાક, કપડા, આશરો, સુરક્ષા, પ્રેમ, સ્નેહ, સમાજીકરણ વગેરેને પૂરી કરવાનું કામ કરે છે. સમાજની જરૂરિયાતો સતત બદલાતી રહે છે. નવી નવી જરૂરિયાતો ઉભી થતી રહે છે અને જૂની જરૂરિયાતોનું સ્વરૂપ પણ બદલાતું રહે છે. આ બદલાતી જરૂરિયાતોને પહોંચી વળવા માટે સામાજિક સંસ્થાઓને પણ પોતાને અનુકૂળ બનાવવી પડે છે. ઉદાહરણ તરીકે, આજના યુગમાં ટેક્નોલોજીનો ઝડપી વિકાસ થઈ રહ્યો છે, જેના કારણે શિક્ષણની જરૂરિયાતોમાં પણ ઘણો ફેરફાર થયો છે. આવી પરિસ્થિતિમાં શાળાઓએ પણ પોતાના શિક્ષણ પદ્ધતિઓ અને પાઠ્યક્રમોમાં ફેરફાર કરવા પડે છે. સામાજિક સંસ્થાઓ સમાજના સભ્યોને નૈતિક મૂલ્યો, સંસ્કૃતિ અને પરંપરાઓ શીખવવાનું કામ પણ કરે છે. કુટુંબ, શાળા અને ધર્મ જેવી સંસ્થાઓ બાળકોને સારા નાગરિક બનવા માટે જરૂરી મૂલ્યો અને નૈતિક શિક્ષણ આપે છે. આ સંસ્થાઓ સમાજમાં એકતા અને સહકારની ભાવના પેદા કરવામાં પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. સામાજિક સંસ્થાઓ સમાજમાં સંઘર્ષ અને અસમાનતાને ઘટાડવામાં પણ મદદરૂપ થાય છે. રાજકીય પક્ષો અને સરકારી સંસ્થાઓ સમાજના તમામ વર્ગોના લોકોના હિતોનું રક્ષણ કરવા માટે કામ કરે છે. આ સંસ્થાઓ સમાજમાં ન્યાય અને સમાનતા સ્થાપિત કરવાનો પ્રયાસ કરે છે.

આમ, સામાજિક સંસ્થાઓ સમાજના વિકાસ અને પ્રગતિમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આ સંસ્થાઓ સમાજની વિવિધ જરૂરિયાતોને પૂરી કરીને સમાજને સુખી અને સમૃદ્ધ બનાવવામાં મદદ કરે છે.

- **સામાજિક સંસ્થાઓની લાક્ષણિકતાઓ :**

સામાજિક સંસ્થાઓ એ નિયમો, ભૂમિકાઓ અને મૂલ્યોનું એક સંગઠિત સમૂહ છે જે સમાજના સભ્યોના વર્તનને માર્ગદર્શન આપે છે. આ સંસ્થાઓ પરિવાર, શાળા, ધર્મ, સરકાર, વ્યવસાય અને મિત્રતાના જૂથો જેવી હોઈ શકે છે. દરેક સંસ્થાની પોતાની અલગ લાક્ષણિકતાઓ હોય છે, પરંતુ કેટલીક સામાન્ય લાક્ષણિકતાઓ નીચે મુજબ છેઃ

1. સાર્વત્રિક : સૌથી પહેલી અને સૌથી મહત્ત્વની લાક્ષણિકતા એ છે કે સામાજિક સંસ્થાઓ સાર્વત્રિક છે. એટલે કે, દરેક સમાજમાં કોઈને કોઈ સ્વરૂપમાં સામાજિક સંસ્થાઓ હોય છે. ભલે તે સમાજ ગમે તેટલો વિકસિત હોય કે વિકાસશીલ, ગ્રામીણ હોય કે શહેરી, ભલે સમાજોમાં સાંસ્કૃતિક, આર્થિક અને રાજકીય તફાવતો હોય, દરેક સમાજમાં કુટુંબ, શાળા, ધર્મ જેવી સંસ્થાઓ જોવા મળે છે. આ સંસ્થાઓના સ્વરૂપ અને કાર્યો ભલે અલગ અલગ હોય, પરંતુ તેમનું અસ્તિત્ત્વ સર્વત્ર જોવા મળે છે. આ સંસ્થાઓ માનવ સમાજની આવશ્યક જરૂરિયાતો પૂરી કરે છે.

2. સ્થિરતા અને સતત પરિવર્તિત : સામાજિક સંસ્થાઓ સ્થિર હોય છે એટલે કે તે લાંબા સમય સુધી અસ્તિત્ત્વમાં રહે છે. પરંતુ તે જ સમયે, સમાજમાં આવતા ફેરફારો સાથે આ સંસ્થાઓ પણ બદલાતી રહે છે. ઉદાહરણ તરીકે, કુટુંબની રચના અને કાર્યો સમય સાથે બદલાયા છે.

3. ચોક્કસ હેતુ : દરેક સામાજિક સંસ્થાનો એક ચોક્કસ હેતુ હોય છે. કુટુંબનો હેતુ સમાજનું નિર્માણ અને સંવર્ધન કરવાનો છે, શાળાનો હેતુ શિક્ષણ આપવાનો છે, ધર્મનો હેતુ આધ્યાત્મિક જીવનને સમૃદ્ધ બનાવવાનો છે. આ હેતુઓ સમય અને સમાજના આધારે બદલાતા રહે છે.

4. સમૂહના વર્તન અને અપેક્ષાઓનું સંચાલન : સામાજિક સંસ્થાઓ સમાજના સભ્યોના વર્તનને નિયંત્રિત કરે છે અને તેમની પાસેથી ચોક્કસ અપેક્ષાઓ રાખે છે. ઉદાહરણ તરીકે, કુટુંબ સભ્યો પાસેથી પરસ્પર પ્રેમ, આદર અને સહકારની અપેક્ષા રાખે છે. કુટુંબમાં બાળકો પાસેથી માતા-પિતાની આજ્ઞા પાલન કરવાની અપેક્ષા રાખવામાં આવે છે.

5. સામાજિક કાર્યો : સામાજિક સંસ્થાઓ સમાજ માટે વિવિધ પ્રકારના કાર્યો કરે છે. આ કાર્યોમાં સંતાન ઉછેર, શિક્ષણ, આર્થિક ઉત્પાદન, સામાજિક નિયંત્રણ વગેરેનો સમાવેશ થાય છે. ઉદાહરણ તરીકે, કુટુંબ સમાજનું પ્રજનન અને સમાજીકરણ કરે છે, શાળા વ્યક્તિત્ત્વનો વિકાસ કરે છે, ધર્મ સમાજને એકતાની ભાવના આપે છે.

6. સમાજમાં સંતુલન : સામાજિક સંસ્થાઓ સમાજમાં સંતુલન જાળવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આ સંસ્થાઓ સમાજના વિવિધ ભાગોને એકબીજા સાથે જોડે છે અને સમાજને સ્થિર રાખે છે.

આમ, સામાજિક સંસ્થાઓ આપણા જીવનનો અભિન્ન અંગ છે. તેઓ આપણને સમાજમાં રહેવાનું શીખવે છે, આપણને સમાજમાં એક સ્થાન આપે છે અને આપણને સમાજના વિકાસમાં યોગદાન આપવાની તક આપે છે.

- **મુખ્ય સામાજિક સંસ્થાઓ :**

સમાજશાસ્ત્રમાં પાંચ મુખ્ય સામાજિક સંસ્થાઓ કુટુંબ, શિક્ષણ, ધર્મ, સરકાર (રાજકીય) અને અર્થતંત્ર છે.

1. કુટુંબ :

કુટુંબ, માનવ સમાજની સૌથી મૂળભૂત અને મહત્ત્વપૂર્ણ સામાજિક સંસ્થા છે. તે એક એવી એકમ છે જેમાં વ્યક્તિ જન્મે છે, ઉછરે છે અને પોતાનું અસ્તિત્ત્વ જાળવી રાખે છે. કુટુંબ એ માત્ર એક જૈવિક એકમ નથી, પરંતુ એક સામાજિક એકમ પણ છે જેમાં સભ્યો વચ્ચેના સંબંધો, ભૂમિકાઓ અને જવાબદારીઓ નિર્ધારિત હોય છે. કુટુંબના સભ્યો વચ્ચેનો સંબંધ આનુવંશિક, લગ્ન અથવા દત્તક લેવાના કારણે હોઈ શકે છે. કુટુંબના સભ્યો એકબીજાના ઉછેર, સંભાળ અને સુખાકારી માટે જવાબદાર હોય છે. કુટુંબમાં બાળકોને સમાજના નિયમો, મૂલ્યો અને સંસ્કૃતિ શીખવવામાં આવે છે. કુટુંબ એ એક એવી જગ્યા છે જ્યાં વ્યક્તિ પોતાની ઓળખ શોધે છે અને પોતાનો વિકાસ કરે છે. કુટુંબ એક સામાજિકરણનું મુખ્ય સાધન છે. બાળકો કુટુંબમાંથી જ સમાજના મૂલ્યો, ધોરણો અને પરંપરાઓ શીખે છે. તેઓ કુટુંબમાંથી જ સારા અને ખરાબ વચ્ચેનો ફરક શીખે છે.

કુટુંબ એક એવી સંસ્થા છે જેમાં બાળકોને ભાવનાત્મક સમર્થન મળે છે અને તેઓ પોતાને સુરક્ષિત અનુભવે છે. કુટુંબ એક એવી સંસ્થા છે જેમાં બાળકોને શારીરિક, માનસિક અને સામાજિક વિકાસ માટે જરૂરી તમામ પ્રકારની સુવિધાઓ મળે છે. કુટુંબ એક સામાજિક સંસ્થા તરીકે ઘણી બધી ભૂમિકાઓ ભજવે છે. કુટુંબ સમાજના સભ્યોને શિક્ષિત કરવામાં, તેમને નૈતિક મૂલ્યો શીખવવામાં અને તેમને સમાજમાં સફળ થવા માટે તૈયાર કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. કુટુંબ સમાજમાં સુરક્ષા અને સ્થિરતા જાળવવામાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. કુટુંબ એક એવી સંસ્થા છે જે સમાજના વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપે છે. આધુનિક સમાજમાં કુટુંબની સંસ્થામાં ઘણા બધા ફેરફારો આવી રહ્યા છે. પરંતુ કુટુંબની મહત્ત્વની ભૂમિકામાં કોઈ ફેરફાર થયો નથી. કુટુંબ હજુ પણ માનવ સમાજની સૌથી મૂળભૂત અને મહત્ત્વની સંસ્થા છે.

2. શિક્ષણ :

શિક્ષણ એ સમાજનું એક મુખ્ય સાધન છે જે વ્યક્તિઓને સમાજમાં સક્રિય અને ઉત્પાદક નાગરિક બનવા માટે તૈયાર કરે છે. શિક્ષણ સમાજના વિવિધ પાસાઓને પ્રભાવિત કરે છે. તે વ્યક્તિઓને રોજગાર મેળવવામાં, આર્થિક વિકાસમાં ફાળો આપવામાં અને સમાજમાં સુધારો કરવામાં મદદ કરે છે. શિક્ષણ વ્યક્તિઓને વિશ્વ વિશે વધુ જાણવા અને સમજવામાં મદદ કરે છે, જેનાથી તેઓ સમાજના વિવિધ મુદ્દાઓ પર વધુ સારી રીતે વિચાર કરી શકે છે અને નિર્ણય લઈ શકે છે. શિક્ષણ સમાજમાં સમાનતા લાવવામાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. સારું શિક્ષણ દરેક વ્યક્તિને તેની સંપૂર્ણ ક્ષમતા સુધી પહોંચવાની તક આપે છે, ભલે તેઓ કોઈપણ સામાજિક અથવા આર્થિક પૃષ્ઠભૂમિમાંથી આવતા હોય. શિક્ષણ વ્યક્તિઓને તેમના અધિકારો અને જવાબદારીઓ સમજવામાં મદદ કરે છે અને તેમને સમાજમાં સક્રિય ભાગીદાર બનવા માટે પ્રોત્સાહિત કરે છે. શિક્ષણ સમાજમાં સહનશીલતા અને સંવાદિતા વધારવામાં પણ મદદ કરે છે. જ્યારે લોકો વિવિધ સંસ્કૃતિઓ અને પરંપરાઓ વિશે શીખે છે, ત્યારે તેઓ એકબીજાને વધુ સારી રીતે સમજવા અને સ્વીકારવાનું શીખે છે. આ સમાજમાં સંઘર્ષ અને તકરાર ઘટાડવામાં મદદ કરે છે. આમ, શિક્ષણ એ સમાજનું એક મુખ્ય સાધન છે જે વ્યક્તિઓના વિકાસ, સમાજના વિકાસ અને દેશના વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. સારું શિક્ષણ એ સમાજના સર્વાંગી વિકાસ માટે આવશ્યક છે.

3. ધર્મ :

ધર્મ સમાજને એક સામૂહિક ઓળખ પ્રદાન કરે છે. સામાન્ય વિશ્વાસો, રિવાજો અને પરંપરાઓ દ્વારા, ધર્મ લોકોને એકબીજા સાથે જોડે છે અને તેમને એક સમુદાય તરીકે ઓળખ આપે છે. આ સામૂહિક ઓળખ સમાજમાં એકતા અને સહકારને પ્રોત્સાહન આપે છે. ધર્મ સામાજિક નિયમો અને નિયંત્રણો સ્થાપિત કરીને સમાજને સ્થિર રાખવામાં મદદ કરે છે. ધર્મ સમાજના સભ્યોને સમાજ સેવા અને પરોપકાર જેવા કાર્યોમાં સામેલ થવા માટે પ્રોત્સાહિત કરે છે, જેનાથી સમાજમાં સહકાર અને એકતા વધે છે. ધાર્મિક વિશ્વાસો અને આચાર-વ્યવહાર વ્યક્તિગત વર્તનને આકાર આપે છે અને સામાજિક સુમેળ જાળવવામાં મદદ કરે છે. ધર્મ સમાજના સભ્યોને જીવનના અર્થ અને હેતુ વિશેના પ્રશ્નોના જવાબો પણ આપે છે, જેનાથી તેમને આશા અને હેતુની ભાવના પ્રદાન થાય છે. જોકે, ધર્મની સામાજિક ભૂમિકા હંમેશા સકારાત્મક નથી હોતી. ધર્મનો ઉપયોગ ઘણીવાર સત્તા અને પ્રભાવ મેળવવા માટે, અન્ય લોકોને દબાવવા માટે અને સમાજમાં વિભાજન

ફેલાવવા માટે થાય છે. ધાર્મિક કટ્ટરપંથી અને આતંકવાદ જેવી ઘટનાઓ દર્શાવે છે કે ધર્મ કેવી રીતે હિંસા અને સંઘર્ષનું કારણ બની શકે છે.

4. સરકાર (રાજકીય) :

સમાજનું સુચારુ કાર્યચાલન અને નાગરિકોના કલ્યાણ માટે સરકાર એ એક મહત્ત્વપૂર્ણ સામાજિક સંસ્થા છે. સરકાર એ એક રાજકીય એકમ છે જે નિયમો બનાવે છે, તેનું પાલન કરાવે છે અને સમાજના વિવિધ ક્ષેત્રોમાં સુધારા અને વિકાસનું કામ કરે છે. સરકાર એક એવી સંસ્થા છે જે લોકોની જરૂરિયાતોને સમજીને તેમના માટે કલ્યાણકારી યોજનાઓ બનાવે છે અને તેને અમલમાં મૂકે છે. સરકારની ભૂમિકા એકદમ વિશાળ છે. તે કાયદો અને વ્યવસ્થા જાળવવાનું કામ કરે છે, નાગરિકોના મૂળભૂત અધિકારોનું રક્ષણ કરે છે, શિક્ષણ, આરોગ્ય, રોજગાર જેવી સુવિધાઓ પૂરી પાડે છે, આર્થિક વિકાસને પ્રોત્સાહન આપે છે અને સમાજમાં સમાનતા લાવવાનું કામ કરે છે. સરકાર એક એવી સંસ્થા છે જે સમાજના વિવિધ વર્ગોના લોકોના હિતોનું રક્ષણ કરે છે અને સમાજમાં સુમેળ અને એકતા જાળવવાનું કામ કરે છે. સમાજના વિકાસ માટે જરૂરી માળખાગત સુવિધાઓ જેવી કે રસ્તા, પુલ, પાણી પુરવઠો, વીજળી વગેરેનું નિર્માણ કરે છે. સરકાર સમાજમાં રહેલા ગરીબ અને વંચિત વર્ગોના લોકોના કલ્યાણ માટે વિવિધ યોજનાઓ ચલાવે છે.

5. અર્થતંત્ર :

અર્થતંત્ર સમાજના દરેક પાસાને સ્પર્શે છે - સંસ્કૃતિ, રાજકારણ, પરિવાર, શિક્ષણ અને આરોગ્ય. અર્થતંત્ર સમાજના સભ્યોને રોજગારી પૂરી પાડે છે, જેનાથી તેઓ પોતાના અને તેમના પરિવારોનું ગુજરાન ચલાવી શકે છે. તે જ સમયે, અર્થતંત્ર સમાજમાં અસમાનતા પેદા કરી શકે છે, જ્યારે કેટલાક લોકો સંપત્તિ અને સત્તા એકઠી કરે છે, ત્યારે અન્યો ગરીબી અને વંચિતતાનો સામનો કરે છે. અર્થતંત્રની વૃદ્ધિ અને વિકાસ સામાજિક પરિવર્તનને પ્રેરિત કરી શકે છે, પરંતુ તે પર્યાવરણને નુકસાન પણ પહોંચાડી શકે છે. અર્થતંત્ર માત્ર વ્યક્તિઓ અને સમાજને જ નહીં, પરંતુ પર્યાવરણને પણ પ્રભાવિત કરે છે. ઉદાહરણ તરીકે, ઉદ્યોગોના કારણે પ્રદૂષણ થાય છે અને કુદરતી સંસાધનોનો વપરાશ વધે છે. આથી, અર્થતંત્રને એવી રીતે વિકસાવવું જરૂરી છે કે જેથી તે પર્યાવરણને નુકસાન ન પહોંચાડે અને ભાવિ પેઢીઓ માટે સંસાધનો બચાવી શકાય. સમાજ કલ્યાણના દૃષ્ટિકોણથી જોઈએ તો, અર્થતંત્ર એક મહત્ત્વપૂર્ણ સાધન છે. એક સારું અર્થતંત્ર ગરીબી ઘટાડવા, રોજગારની તકો પૂરી પાડવા અને સમાજના દરેક વર્ગના લોકોનું જીવનધોરણ સુધારવામાં મદદ કરી શકે છે. જો કે, અર્થતંત્રના ફાયદાઓ સમાન રીતે વહેંચાતા નથી. ઘણીવાર, અર્થતંત્રના ફાયદાઓ થોડા લોકોના હાથમાં કેન્દ્રિત થઈ જાય છે, જેના કારણે અસમાનતા વધે છે.

આમ, સામાજિક સંસ્થાઓ એ સમાજનું મૂળભૂત માળખું છે. તે સમાજના સભ્યોના જીવનને ઘડે છે અને સમાજને એક સુસંગત એકમ બનાવે છે.

## 3.5 ઉપસંહાર

સમાજશાસ્ત્રીય ખ્યાલો તરીકે સામાજિક માળખું અને સામાજિક સંસ્થાઓનો અભ્યાસ એ સમાજને સમજવા માટેનો મૂળભૂત પાયો છે. આ બંને ખ્યાલો આપણને સમાજના કાર્યરત થવાની રીતો, વ્યક્તિઓ વચ્ચેના સંબંધો અને સમાજના વિકાસને પ્રભાવિત કરતા પરિબળોને

સમજવામાં મદદ કરે છે. સામાજિક માળખું એ સમાજનું એક અદ્રશ્ય પણ મજબૂત પેટર્ન છે જે વ્યક્તિઓ અને જૂથો વચ્ચેના સંબંધોને આકાર આપે છે. તે સમાજના વિવિધ સ્તરો, સંસ્થાઓ અને ભૂમિકાઓનું જાળું છે. સામાજિક માળખું સમાજને સ્થિરતા આપે છે અને વ્યક્તિઓને તેમની ભૂમિકાઓ અને અપેક્ષાઓ સમજવામાં મદદ કરે છે. સામાજિક સંસ્થાઓ એ સામાજિક જીવનના નિર્ધારિત હેતુઓને પૂરા કરવા માટે રચાયેલા સંગઠિત જૂથો છે. પરિવાર, શાળા, ધર્મ અને સરકાર જેવી સંસ્થાઓ સમાજના મૂલ્યો, ધોરણો અને વિશ્વાસોને પ્રસારિત કરે છે. તેઓ વ્યક્તિઓને સામાજિકીકરણ કરવામાં અને સમાજમાં તેમની જગ્યા શોધવામાં મદદ કરે છે. આ બંને ખ્યાલો વચ્ચે ગાઢ સંબંધ છે. સામાજિક માળખું સંસ્થાઓને આકાર આપે છે અને સંસ્થાઓ સામાજિક માળખુંને મજબૂત બનાવે છે. ઉદાહરણ તરીકે, પરિવાર એક સામાજિક સંસ્થા છે જે સામાજિક માળખાના નિર્ધારિત સ્થાને કાર્ય કરે છે. તે વ્યક્તિઓને તેમની સામાજિક ભૂમિકાઓ અને જવાબદારીઓ શીખવે છે. આ ખ્યાલો આપણને વ્યક્તિઓ અને સમાજ વચ્ચેના સંબંધોને સમજવામાં મદદ કરે છે અને સમાજમાં થતી વિવિધ ઘટનાઓના કારણોને શોધવામાં મદદ કરે છે. આ ખ્યાલોનો અભ્યાસ સમાજ કાર્યકરોને સમાજમાં થતી સમસ્યાઓને સમજવા અને તેના ઉકેલો શોધવામાં મદદ કરી શકે છે. ઉદાહરણ તરીકે, સામાજિક અસમાનતા, ગરીબી, અપરાધ અને ભેદભાવ જેવી સમસ્યાઓને સમજવા માટે આ ખ્યાલોનો ઉપયોગ કરી શકાય છે.

## 3.6 તમારી પ્રગતિ ચકાસો

- **વિસ્તારપૂર્વક ઉત્તર લખો :**

1. સમાજશાસ્ત્રીય ખ્યાલો તરીકેઃ સામાજિક માળખું વિગતવાર સમજાવો.
2. સમાજશાસ્ત્રીય ખ્યાલો તરીકેઃ સામાજિક સંસ્થાઓની ચર્ચા કરો.

- યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તરો આપો.

1. 'ધ પ્રેઝન્ટ પ્રોબ્લેમ્સ ઓફ સોશિયલ સ્ટ્રક્ચર' પુસ્તક ફર્ડિનાન્ડ ટોનીસે કયા વર્ષમાં પ્રકાશિત કર્યું ?

   (અ) 1901 (બ) 1905 (ક) 1903
2. 'સામાજિક માળખું' પુસ્તક મુર્ડોકે કયા વર્ષમાં પ્રકાશિત કર્યું ?

   (અ) 1949 (બ) 1944 (ક) 1946
3. કેવું જૂથ એ સમાજના એક નાના જૂથને સંદર્ભિત કરે છે ?

   (અ) ગૌણ જૂથ (બ) પ્રાથમિક જૂથ (ક) ઉપજૂથ
4. કોના મતે, 'સામાજિક સંસ્થા એ સમાજનું માળખું છે જે મુખ્યત્વે સુસ્થાપિત પ્રક્રિયાઓ દ્વારા લોકોની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે ગોઠવવામાં આવે છે.'

   (અ) એચ.ઇ. બાર્ન્સ (બ) બોગાર્ડસ (ક) વેબર
5. માનવ સમાજની સૌથી મૂળભૂત અને મહત્ત્વપૂર્ણ સામાજિક સંસ્થા કઈ છે ?

   (અ) કુટુંબ (બ) ધર્મ (ક) શિક્ષણ

## 3.7 ચાવીરૂપ શબ્દો

1. સમાજશાસ્ત્રઃ માનવ સમાજ અને તેમાંના સંબંધોનો વૈજ્ઞાનિક અભ્યાસ કરતું શાસ્ત્ર.

સમાજશાસ્ત્ર સમાજની રચના, સંસ્થાઓ, સંબંધો અને વર્તણૂકને સમજવાનો પ્રયાસ કરે છે.

2. સામાજિક માળખું: સમાજની રચના જેમાં વિવિધ સામાજિક એકમો (જેમ કે પરિવાર, શાળા, સરકાર) એકબીજા સાથે કેવી રીતે જોડાયેલા છે તે દર્શાવે છે. સામાજિક માળખું સમાજના સભ્યોની ભૂમિકાઓ, દરજ્જા અને સંબંધોને નિર્ધારિત કરે છે.

3. સામાજિક સંસ્થા: સમાજમાં કાર્ય કરતી એક એવી વ્યવસ્થિત રચના જે ચોક્કસ સામાજિક જરૂરિયાતો પૂરી કરે છે. ઉદાહરણ તરીકે, પરિવાર, શાળા, ધર્મ, સરકાર.

4. ભૂમિકા: સમાજમાં એક વ્યક્તિ દ્વારા ભજવવામાં આવતું વર્તનનું એક પેટર્ન. દરેક ભૂમિકા સાથે ચોક્કસ અપેક્ષાઓ અને જવાબદારીઓ જોડાયેલી હોય છે.

5. દરજ્જો: સમાજમાં એક વ્યક્તિની સાપેક્ષ સ્થિતિ. દરજ્જો સામાજિક માન્યતા અને આદર પર આધારિત હોય છે.

6. સામાજિક સંસ્કૃતિ: સમાજના સભ્યો દ્વારા શીખવાયેલા, શેર કરેલા અને પેઢી દર પેઢી પસાર થતા વિચારો, મૂલ્યો, ધોરણો અને કલાત્મક અભિવ્યક્તિઓનો સમૂહ. સંસ્કૃતિ સમાજને એકતા અને ઓળખ પ્રદાન કરે છે.

## 3.8 કેટલાંક ઉપયોગી પુસ્તકો/સંદર્ભ


1. ત્રિવેદી, નલિની કિશોર (જાન્યુઆરી 2008). 'સામાજિક માળખું (સામાજિક રચના) (social structure)'. માં ઠાકર, ધીરુભાઈ (સંપાદક). ગુજરાતી વિશ્વકોશ. ખંડ 23 (સા – સૈ) (પ્રથમ આવૃત્તિ). ગુજરાતી વિશ્વકોશ ટ્રસ્ટ. પૃષ્ઠ 101–102. OCLC 552369153. https://gujarativishwakosh.org/%e0%aa%b8%e0%aa%be%e0%aa%ae%e0%aa%be%e0%aa%9c%e0%aa%bf%e0%aa%95-%e0%aa%ae%e0%aa%be%e0%aa%b3%e0%aa%96%e0%ab%81%e0%aa%82-%e0%aa%b8%e0%aa%be%e0%aa%ae%e0%aa%be%e0%aa%9c%e0%aa%bf%e0%aa%95-%e0%aa%b0/

2. Barnes, H. E. (1942). Social institutions. New York, 29.

3. Bogardus, E. S. (1922). A history of social thought. University of Southern California Press.

4. Bogardus, E. S. (1960). development of social thought.

5. Calhoun, Craig. 2002. 'Social Structure.' Dictionary of the Social Sciences. Oxford: Oxford University Press.

6. Miller, S. (2007). Social institutions In The Stanford Encyclopedia of Philosophy.

7. Murdock, George (1949) 'Social Structure' New York: MacMillan.

8. Tönnies, Ferdinand. 1905. 'The Present Problems of Social Structure.' American Journal of Sociology 10(5):569–88.


## 3.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. (બ) 1905

2. (અ) 1949

3. (ક) ઉપજૂથ
4. (બ) બોગાર્ડસ
5. (અ) કુટુંબ

એકમ 4

# સામાજીકરણ અને સામાજિક જૂથો

-: રૂપરેખા :-


**4.0 એકમનાં હેતુઓ**

**4.1 સામાજીકરણ**

**4.2 સામાજિક જૂથ**

**4.3 ઉપસંહાર**

**4.4 તમારી પ્રગતિ તપાસો**

**4.5 ખાલી જગ્યા પૂરો**

**4.6 સંદર્ભ સૂચિ**


## 4.0 એકમનાં હેતુઓ

આ એકમના અભ્યાસ પછી તમે નીચેની બાબતો જાણશો, સમજશો અને તપાસી શકશો.

- સામાજીકરણ વિશે સમજી શકશો.
- સામાજીકરણનો અર્થ અને સામાજીકરણની એજન્સીઓ વિશે સમજી શકશો.
- સામાજિક જૂથ વિશે સમજી શકશો.
- સામાજિક જૂથની પરિભાષાઓ જાણી શકશો.
- સામૂહિક જીવનના લક્ષણો તપાસી શકશો.
- સામાજિક જૂથોનું વર્ગીકરણ જાણી શકશો.
- પ્રાથમિક જૂથોની પરિભાષાઓ અને વિશેષતાઓ
- ગૌણ અથવા દ્વિતીયક જૂથની પરિભાષાઓ અને વિશેષતાઓ

## 4.1 સામાજીકરણ

સામાજીકરણ એટલે માનવને માનવી બનાવતી પ્રક્રિયા. મનુષ્ય સમાજમાં જન્મે છે ત્યારે તેને પોતાને કોઈ ખ્યાલ હોતો નથી. પરંતુ ધીમે ધીમે તે વિકાસ પામે છે અને સમય જતાં પોતાના વિષે સભાન બને છે. બાળકને શરૂઆતમાં તેની ભૌતિક જરૂરિયાતો પૂરી પાડવામાં આવે છે. આ કાર્ય સામાન્ય રીતે કુટુંબમાં થાય છે. બાળકને સામાજિક બાબતોનો અપાતો ખ્યાલ એજ સામાજીકરણની પ્રક્રિયા છે. વ્યક્તિને પોતાના સમાજને લાયક બનાવવાની ક્રિયાને સામાજીકરણ કહે છે. આ ક્રિયા બે રીતે થઈ શકે છે. શીખવાડીને અને શીખીને. નવજાત બાળકનું સામાજીકરણ શિખવાડવાથી થાય છે. વ્યક્તિ પોતાના સમાજમાં ધોરણો પોતાના જીવનમાં ઉતારવા માટે ઘણી બાબતો શીખે છે. સામાજીકરણની પ્રક્રિયા સાર્વત્રિક છે. સામાજીકરણની પ્રક્રિયામાં વ્યક્તિ લોકાચાર રૂઢિઓ, અંકુશોને સંસ્કૃતિની અન્ય બાબતો શીખે છે. જે તેમને માનવસમાજના સભ્ય બનાવવામાં ઉપયોગી બને છે.

સામાજીકરણ એક એવી પ્રક્રિયા છે કે જે બાળકને સામાજિક વ્યક્તિ બનાવે છે. આ

પ્રક્રિયાથી જ સમાજનું અસ્તિત્ત્વ આગળની પેઢી સુધી જાય છે. આ પ્રક્રિયાથી વ્યક્તિની વ્યક્તિમતા વિકસાવી શકાય છે. વ્યક્તિને તેના જન્મ સમયે પોતાને વિશે કોઈ જાણકારી કે સમજ હોતી નથી, પરંતુ ઉંમર વધવાની સાથે શારીરિક વિકાસ થાય છે. આ સમય દરમિયાન બાળકને તેના વિશે અને તેની આજુબાજુના લોકો વિશેની સમજ અપાય છે. પ્રારંભિક તબક્કામાં કુટુંબ દ્વારા સામાજિક બાબતોથી માહિતગાર કરવામાં આવે છે, અને બાળકે પોતે કેમ વર્તવું તથા અન્ય લોકો સાથે કેમ વર્તવું એ શીખવાડાય છે. જેને લીધે બાળક પોતાના વિશે સગાસંબંધી કે પાડોશીઓ વિશે સભાનતા કેળવે છે.

બાળકને શરૂઆતના સમય ગાળામાં માહિતી સૂચન કે માર્ગદર્શન દ્વારા કેટલીક બાબતો શીખવીને તૈયાર કરવામાં આવે છે. આ પ્રક્રિયા બાળક ઉપરાંત કિશોર, યુવાન, પ્રૌઢ દરેકને માટે હોય છે. દરેકને શરૂઆતમાં અનૌપચારિક રીતે શીખવવામાં આવે છે. સમય જતાં તેમાં ઔપચારિકતા આવતી જાય છે. આમ, સામાજીકરણ શીખવાની પ્રક્રિયા છે. બાળક જેમ જેમ મોટું થતું જાય તેમ તેમ સમાજમાં અવલોકન અને આંતરક્રિયાથી ઘણું શીખે છે. આથી, વ્યક્તિમાં વિશ્વાસ અને જિજ્ઞાસા વધે છે. તેથી સમય જતા તે જાતે શીખવાનું પસંદ કરે છે. વ્યક્તિની ઉંમર જેમ જેમ વધતી જાય તેમ તેમ વ્યક્તિમાં જાતે શીખવાનું વલણ વધતું જાય છે. આમ, સામાજીકરણ જાતે શીખીને પણ થતું હોય છે.

**સામાજીકરણનો અર્થ :**

સામાજીકરણની પ્રક્રિયા આ જીવનપર્યન્ત ચાલતી પ્રક્રિયા છે. જેમાં કોઈ એવો તબક્કો આવતો નથી કે જ્યાં સામાજીકરણની પ્રક્રિયા થોડા સમયને માટે કે કાયમને માટે પૂર્ણ થઈ જાય. આવી સામાજીકરણની પ્રક્રિયાની જુદા જુદા સમાજશાસ્ત્રીઓ જુદી જુદી વ્યાખ્યાઓ આપે છે, જે નીચે મુજબ છે.

મેકાઈવર અને પેજના મતે, ''સામાજીકરણ એક એવી પ્રક્રિયા છે કે જેના દ્વારા માનવીઓ એકબીજા સાથે વિશેષ, વિસ્તૃત અને ગાઢ સંબંધ ધરાવે છે.'' હાર્ટન અને હન્ટ ''સામાજીકરણ એ એવી પ્રક્રિયા છે કે જેના દ્વારા વ્યક્તિ પોતાના સમૂહના ધોરણો પોતાના જીવનમાં ઉતારે છે અને જેના પરિણામે એક વિશિષ્ટ 'સ્વ' જન્મે છે.''

ઓગબર્ન અને નિમ્કોકના મતે, ''સામાજીકરણ એ એવી પ્રક્રિયા છે કે જેના દ્વારા વ્યક્તિ સમૂહના ધોરણોને અનુમતિ આપવાનું શીખે છે.''

આર્નોલ્ડ ગ્રીનના મતે, ''સામાજીકરણ એ એવી પ્રક્રિયા છે કે જેના દ્વારા શિશુ સ્વત્વ અને વ્યક્તિમતા સહિત સંસ્કૃતિના તત્ત્વો મેળવે છે.''

કિંગ્સલે ડેવિસના મતે, ''સામાજીકરણ એટલે નવા જન્મેલા બાળકનું 'સામાજિક વ્યક્તિ' તરીકે ઘડતરની પ્રક્રિયા.''

ઉપરોક્ત ચર્ચાના આધારે કહી શકાય છે કે જન્મથી મૃત્યુ દરમિયાન જુદા જુદા સમયગાળા દરમિયાન દરેક વ્યક્તિને સલાહ સુચનનોની જરૂર પડે છે. એટલે કે માર્ગદર્શનની જરૂર પડે છે. તેમાં દરેક તબક્કે સામાજિક, આર્થિક, માનસિક, સાંસ્કૃતિક રીતે માર્ગદર્શન આપવામાં આવે છે. તેને સામાજીકરણ કહેવામાં આવે છે.

**સામાજીકરણની એજન્સી :**

**કુટુંબ અને શાળા :**

કિંગ્સલે ડેવિસે 'Human society' નામના પુસ્તકમાં બાળકના સામાજીકરણ માટે કામ

કરતી જુદી જુદી એજન્સીઓ જણાવી છે. બાળકને જેવો આકાર આપવામાં આવશે તેવો તે બનશે. બાળકને આકાર આપનારની વૃત્તિઓ, વલણો વગેરેનો ખ્યાલ સામાજીકરણની એજન્સીઓ દ્વારા પ્રાપ્ત થાય છે. સામાજીકરણનું સ્વરૂપ એવા પ્રકારનું હોય છે કે કેવા પ્રકારના લોકો તેમાં સંકળાયેલા છે. તેની અસર સામાજીકરણની પ્રક્રિયા પર હોય છે. સમાજશાસ્ત્રીય દૃષ્ટિબિંદુથી બાળક શું છે એ મહત્ત્વનું નથી, પરંતુ કેવું થશે એ મહત્ત્વનું છે. બાળકનું સમાજમાં ઘણુ મૂલ્ય છે તેની કિંમત બચત ખાતા જેવી છે, કારણ કે તેની પાસેથી ચોક્કસ અપેક્ષાની પરિપૂર્તિ થઈ શકે છે.

સામાજીકરણની વિભિન્ન એજન્સીઓમાં કુટુંબ એ પ્રાથમિક કક્ષાનું છતાં અત્યંત મહત્ત્વનું સામાજિક એકમ છે. એ નિકટવર્તી જૂથ છે. જેની વિશેષતા એ છે કે જૂથમાં વ્યક્તિઓ વર્ચસ્વ ધરાવતી હોય છે. કોઈ પણ સંસ્કૃતિના અપેક્ષિત વર્તનની ઢબ એ આંતરિક હોતી નથી. સામાજીકરણ કરનારી આ એજન્સી માત્ર સંસ્કૃતિનું પ્રસારણ નથી કરતી, પરંતુ તે સત્તા કે વર્ચસ્વ પણ ધરાવે છે.

સામાજીકરણની શરૂઆત કે પ્રારંભિક કાર્ય મા-બાપને સોંપવામાં આવે છે. કારણ કે એકમનો બાળક સાથે ગાઢ સંબંધ હોય છે. વિશ્વના દરેક સમાજોમાં શિક્ષણની વ્યવસ્થા સંસ્કૃતિએ નિર્ણિત કરેલી હોય છે. સમાજે સમાજે સાંસ્કૃતિક ભિન્નતાઓના કારણે બાળકોની વર્તણૂકમાં તફાવત દેખાય છે. તેના સંદર્ભનાં કેટલીક સમસ્યાઓ ઉદ્ભવતી હોય છે. શાળા બાળક માટે વર્ચસ્વ ધરાવતું બીજો સમૂહ બની રહે છે. મહદ્ અંશે બાળકોના વ્યક્તિત્ત્વ ઘડતરમાં શિક્ષકોનું સ્થાન અને તેમની અસર મહત્ત્વનો ભાગ ભજવે છે. તેના સામાજિક વ્યક્તિત્ત્વનું ઘડતર કરવાનું મહત્ત્વનું કાર્ય શાળા કરે છે. તેની વિવિધ અંતઃશક્તિઓને જાગૃત કરીને સમાજના તપ્પા પર આગળ વધવાની શક્તિ વિકસાવવાનું કાર્ય શાળા કરે છે. વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ વિકસાવી શકે છે. સ્પર્ધાઓ યોજીને જુદાજુદા ક્ષેત્રોમાં બાળકોની શક્તિને જાગૃત કરી તેના વ્યક્તિત્ત્વનું ઘડતર કરવામાં આવે છે.

બાળક સમજણું થાય ત્યારથી તેનું સામાજીકરણ ઝડપી બને છે અને તેના જીવનપર્યંત આ પ્રક્રિયા ચાલે છે. સામાજીકરણની પ્રક્રિયા અત્યંત જટિલ, વ્યાપક અને લાંબી છે. ડેવીસ નોંધે છે કે બાળકનું સામાજીકરણ અનિયંત્રિત રીતે ન થતા સંસ્થાકીય માળખામાં થાય છે, તથા સંસ્થાકીય માર્ગો દ્વારા તે નિયંત્રિત થાય છે. વ્યક્તિના સામાજીકરણની આ પ્રક્રિયામાં સમાજની વિભિન્ન સંસ્થાઓ અને જૂથો ભાગ ભજવે છે. સામાજીકરણ કરનાર આ જૂથો અને સંસ્થાઓને સામાજીકરણની 'એજન્સીઝ' કે સામાજીકરણનાં ઉપકરણો તરીકે ઓળખવામાં આવે છે.

**(1) કુટુંબ :**

સામાજીકરણની એજન્સી તરીકે કુટુંબ અત્યંત મહત્ત્વનો ભાગ ભજવે છે. આથી જ ફૂલે નામના સમાજશાસ્ત્રીએ કુટુંબ જેવા પ્રાથમિક જૂથને "હેજીર્અિક રેદ્વક્રહ હદ્વૈૈ" તરીકે વર્ણવેલું છે.

માતા અને બાળક વચ્ચેના સંબંધોની નિકટતા અને ભાવાત્મક એકતા બાળકના વ્યક્તિત્ત્વનું ઘડતર અને સંસ્કૃતિનું પ્રદાન કરવામાં ખૂબ જ અગત્યની બાબત છે, માતા-પિતાનો પ્રેમ, વાત્સલ્ય, હૂંફ વગેરે બાળકના મનમાં સામાજિક માનસિક સલામતીની ભાવના ઉત્પન્ન કરે છે. આ ઘટના વ્યક્તિત્ત્વના વિકાસમાં અગત્યની છે.

(1) સત્તા અને સમાનતાના સંબંધો : કુટુંબ બાળક મટે સત્તાના અને સમાનતાના એમ બે પ્રકારના સંબંધો પૂરા પાડે છે : આ બંને પ્રકારના સંબંધો બાળકના સામાજીકરણમાં ફાળો આપે છે. બીજી બાજુ કુટુંબમાં પ્રેમ અને સત્તાના અદ્વિતીય સંમિશ્રિત સંબંધો દ્વારા બાળકને

સમાન હક્કો અને અસમાન અધિકારોનો પરિચય મળે છે. આ પરિસ્થિતિ વિરોધાભાસી હોવા છતાં વિશાળ સમાજવ્યવસ્થામાં પણ આ ઘટના જોવા મળે છે. આથી સમાજ સાથે અનુકૂલન સાધવામાં કુટુંબની આ વિરોધાભાસી પરિસ્થિતિ બાળક માટે પશ્ચાદભૂમિકા તરીકે કામ કરે છે, અને તે રીતે સામાજીકરણ માટે કુટુંબ 'સામાજિક ગર્ભાશય' તરીકે કાર્ય કરે છે. પ્રેમ, સત્તાના વિચારો, ઉદારતા અને મિલકતની માલિકીભાવના એ ચાર ખ્યાલો કુટુંબ બાળકને શીખવે છે.

(2) કુટુંબમાં સામાજીકરણની ઢબ : કુટુંબ-સંગઠનનું સ્વરૂપ અને સામાજિક સ્તર એ બે બાબતો અનુસાર બાળકનું સામાજીકરણ થાય છે. આ દૃષ્ટિએ જોતાં કુટુંબમાં દબાણપૂર્વકનું અને ભાગીદારીપૂર્વકનું એમ બે ઢબે બાળકનું સામાજીકરણ થાય છે. દબાણ દ્વારા થતા સામાજીકરણમાં બાળકનાં ખોટા વર્તન બદલ શારીરિક શિક્ષા કરવામાં આવે છે, બાળકને મા-બાપ કેન્દ્રિત બનાવાય છે. બાળકને મા-બાપની ઈચ્છાનુસાર ઘડવામાં આવે છે. બાળક માટે કુટુંબ જ મહત્ત્વનું કેન્દ્ર બને છે. રૂઢિચુસ્ત અને નિમ્ન વર્ગના કુટુંબમાં બાળકનું સામાજીકરણ આ ઢબે થાય છે. આવા સામાજીકરણમાં બાળક મુક્તિનો અનુભવ કરતું નથી. અહીં માત્ર રૂઢિગત ભૂમિકાઓ અને અપેક્ષાઓ શીખવવા ઉપર ભાર મુકાય છે. રૂઢિગત હિંદુ સંયુક્ત કુટુંબ વ્યવસ્થામાં આ ઢબે સામાજીકરણ થતું. કુટુંબવાદી સમાજોમાં પણ આ ઢબે સામાજીકરણ થતું હોય છે. આવા સામાજીકરણમાં મા-બાપ અને બાળક વચ્ચે વિચાર-વિનિમયને સ્થાન રહેતું નથી. બાળકની ઈચ્છાઓની તેમાં અવગણના થાય છે. ભાગીદારીપૂર્વકના સામાજીકરણમાં બાળકને સારા વર્તનનો બદલો અપાય છે, બાળકને સ્વતંત્રતા બક્ષવા ઉપર ભાર મુકાય છે, બાળકને સ્વકેન્દ્રિત બનાવાય છે, બાળકની ઈચ્છાનુસાર બાળકનું ઘડતર થાય છે. આધુનિક મધ્યમવર્ગના કુટુંબમાં બાળકનું સામાજીકરણ આ ઢબે થાય છે. આવા સામાજીકરણમાં બાળક મુક્તિ અનુભવે છે અને મા-બાપ તથા બાળક વચ્ચે સંવાદ-વિચાર વિનિમય દ્વારા બાળકનું સામાજીકરણ થાય છે.

(3) જૈવિક વૃત્તિઓનું નિયમન અને નિયંત્રણ : બાળક જૈવિક વૃત્તિઓ સાથે જન્મે છે. સમાજનાં ધોરણો અનુસાર કુટુંબ બાળકને જૈવિક વૃત્તિઓને વ્યક્ત કરવાનું તથા તેના ઉપર નિયંત્રણ મૂકવાનું શીખવે છે. અર્થાત્ કુટુંબ આ અંગેનાં ધોરણો બાળકમાં દૃઢીભૂત કરીને જૈવિક વૃત્તિઓને નિયંત્રિત કરવાની અને વ્યક્ત કરવાની સમાજમાન્ય ટેવોનું ઘડતર કરે છે. બાળકનાં સમાજમાન્ય વર્તનોને માતાપિતા સ્વીકારે છે, તેને પ્રોત્સાહન આપે છે અને સમાજમાં સ્વીકાર્ય ન હોય તેવાં વર્તનોને માબાપ વખોડી કાઢે છે, ટીકા કરે છે, મશ્કરી કરે છે અથવા સદ્વર્તન તરફ બાળક દોરાય તે માટે પ્રોત્સાહનો આપે છે. જરૂર પડ્યે અયોગ્ય વર્તન અટકાવવા શારીરિક શિક્ષા કરે છે અને સદ્વર્તન બદલ બદલો આપે છે. બાળક બીજા પાસેથી શું શીખે છે અને જૈવિક વૃત્તિઓનો સંતોષ કઈ રીતે મેળવે છે તેના પર માબાપ સતત નજર રાખે છે. માબાપનું બાળકના વર્તન ઉપરનું આ નિયંત્રણ હંમેશાં દબાણપૂર્વકનું હોતું નથી. પરંતુ માબાપ બાળકના વર્તનનું નિયમન કરતા હોય છે, અથવા ઈષ્ટ દિશામાં વાળતા હોય છે. આ માટે બાળકનું રીસાઈ જવું, બાળક સાથે થોડા સમય સુધી કિટ્ટા કરવી, ઠપકો આપવો વગેરે યુક્તિઓ અજમાવાતી હોય છે.

(4) વ્યક્તિત્ત્વનો વિકાસ : બાળકની શક્તિઓના વિકાસમાં, તેના વ્યક્તિત્ત્વના ઘડતરમાં કુટુંબ મહત્ત્વનો ભાગ ભજવે છે. કુટુંબમાં જ બાળકના 'સ્વ' ઉદ્ભવ અને વિકાસ થાય છે. માબાપનો પ્રેમ, હૂંફ, વાત્સલ્ય જેવી ભાવાત્મક પરિસ્થિતિ બાળકને સામાજિક-માનસિક સંતોષ અને સલામતી પૂરી પાડે છે. આવો સંતોષ અને સલામતી બાળકના

વ્યક્તિત્ત્વના ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. એ જ રીતે કુટુંબ બાળકને જે ભૂમિકાઓ શીખવે છે એ ભૂમિકાઓનું વ્યક્તિત્ત્વના વિકાસમાં ઘણું મહત્ત્વ છે. રોઝ અને રોઝ લખે છે કે ''બાળકના વ્યક્તિત્ત્વની લાક્ષણિકતાઓને ઘડવાની સાથો સાથ કુટુંબ બાળક ઉપર સામાજિક અસર પાડનારો મહત્ત્વનો સ્રોત છે.'' બીજા લોકોની ખાનગી મિલક્ત તરફનાં વલણો, કાનૂન અને કાનૂનનો અમલ કરનારી સંસ્થાઓ તરફનાં વલણો, શાળા અને ધર્મ જેવી સંસ્થાઓ તરફનાં વલણો અને સમાજ પ્રત્યેનાં વલણોનો પ્રારંભિક વિકાસ કુટુંબમાં થાય છે.

(5) સંસ્કૃતિનું હસ્તાંતર : બર્સ્ટિડટ નોંધે છે કે ''સંસ્કૃતિનું હસ્તાંતર કરવાની પ્રક્રિયાનો પ્રારંભ કુટુંબમાં થાય છે.'' આમાં માતા-બાળક વચ્ચેના નિકટના સંબંધો મહત્ત્વનો ભાગ ભજવે છે. અહીં પિતાની ભૂમિકાનું મહત્ત્વ છે જ, પરંતુ જુદી જુદી સંસ્કૃતિઓમાં પિતાની ભૂમિકા જુદી જુદી હોય છે અને કેટલીક સંસ્કૃતિઓમાં (માતૃવંશી કુટુંબમાં) માતાના ભાઈ કરતાં પિતા ઓછો મહત્ત્વનો ગણાતો હોય છે. આમ છતાં મોટાભાગના સમાજોમાં પુરુષોને જે પ્રવૃત્તિઓ કરવાની હોય છે તે પ્રવૃત્તિઓ વિશેનું જ્ઞાન અને કળા પિતા જ શીખવતો હોય છે. સંક્ષેપમાં, માતા-પિતા સાથેના વ્યવહાર દ્વારા બાળક સમાજના રિવાજો, લોકરીતિઓ, લોકનીતિ, મૂલ્યો વગેરે શીખે છે. મા-બાપ ઉપરાંત બાળક તેના ભાઈ-બહેનો વગેરે રક્તસંબંધીઓ દ્વારા પણ સંસ્કૃતિનાં તત્ત્વો શીખે છે. સામાજીકરણની પ્રક્રિયામાં કુટુંબના ફાળાને નોંધતા રોઝ અને રોઝ લખે છે કે ''નિઃસહાય પ્રાણી તરીકે જન્મેલા બાળકનું સામાજીકરણ કરવામાં કુટુંબ કેન્દ્રવર્તી ફાળો આપે છે.'' કુટુંબ બાળકને શારીરિક ભરણપોષણ પૂરું પાડે છે, લાંબા સમય સુધી ચાલતા સંપર્કો પૂરા પાડે છે, પ્રેમ અને બીજા માનસિક સંતોષ પૂરાં પાડે છે અને સમાજ માન્ય વર્તનની રીતો શીખવે છે. આ ઉપરાંત સામાજીકરણનું કાર્ય કરવામાં પ્રવૃત્ત એવા શાળા, મિત્રજૂથો જેવા અન્ય એજન્ટો સાથેનો સંપર્ક કુટુંબ જોડી આપે છે.

**(2) શાળા :**

બાળકને મિત્રો શાળામાંથી મળે છે. અને ઉંમર વધતા કોલેજ મારફતે મિત્રવર્તુળ વધતું જાય છે. આ શાળા-કોલેજમાં એક સરખી વય જૂથના વિદ્યાર્થીઓ હોય છે. જેમ કે બાલમંદિર, પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા અને કોલેજ આ દરેક શિક્ષણ સંસ્થામાં સંસ્થા મુજબ એક વય જૂથવાળા હોય છે. જેઓને શિક્ષણ અને ભાવિની ભૂમિકા માટે સજ્જ કરવામાં આવે છે. શિક્ષણ સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ રમત-ગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિ, જૂથ ચર્ચા, વ્યાખ્યાન વગેરેના લીધે તેની વ્યક્તિમતા વિકસી શકે છે. શાળા કોલેજના નિયમો અને કાયદાઓનું પાલન કરવું તેના ભંગ બદલ શિક્ષા અનુભવવી વગેરે જેવી બાબતો શીખવાની મળે છે.

કેટલીક વખત શાળા-કોલેજના વિદ્યાર્થીઓ તેના ઔપચારિક વ્યવસ્થા તંત્રને સમજે છે દરજ્જા અને ભૂમિકાના ખ્યાલો શીખે છે. શાળા કોલેજમાં યોજાતી ચુંટણીઓ દ્વારા લોકશાહીના પાઠો શીખે છે. તેમજ એન.સી.સી. અને એન.એસ.એસ. જેવી રાષ્ટ્રીય સેવાની પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓ જોડાય છે. ત્યારે તેઓમાં શિસ્ત, એકતા, અનુશાસન અને શ્રમ કાર્ય પ્રત્યે વધુ સંવેદના મેળવે છે. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મારફતે વિદ્યાર્થીઓને પૂર્વગ્રહો અને લઘુતાગ્રંથિઓમાંથી મુક્તિ અપાવી શકાય છે. આમ શાળા-કોલેજમાંથી માત્ર શિક્ષણનું જ જ્ઞાન પ્રાપ્ત કરે છે. એવું નથી પરંતુ અન્ય પ્રવૃત્તિ દ્વારા પણ કેટલાંક કૌશલ્ય પ્રાપ્ત કરે છે. શાળા, કોલેજમાં બાળક વિદ્યાર્થી ઉપર તેમના શિક્ષક, અધ્યાપક કે પ્રિન્સીપાલની સૌથી વધુ અસર પડે છે. અને આ અસરથી તેનું વ્યક્તિત્ત્વ બને છે. શાળા કોલેજના શિક્ષકો પાસેથી માર્ગદર્શન મેળવે છે. જ્ઞાન

પ્રાપ્ત કરે છે. અને પોતાના જીવન અંગેનું ભાથુ પ્રાપ્ત કરે છે. જે જીવનપર્યંત ચાલે છે. શાળા-કોલેજની લાઈબ્રેરીઓમાં અનેક પ્રકારના પુસ્તકો પ્રાપ્ત થતા હોય છે. જેનાં દ્વારા પણ વિદ્યાર્થી ઘણું જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. આથી શાળા કે કોલેજ સામાજીકરણનું અગત્યનું માધ્યમ બને છે.

વ્યક્તિના સામાજીકરણના એજન્ટો તરીકે માતાપિતા અને કિશોરજૂથો ઉપરાંત શિક્ષકો અને શાળા પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. દરેક સમાજમાં શિક્ષણસંસ્થા સામાજીકરણમાં શું ભાગ ભજવે છે તે ઘટના ઘણી સ્પષ્ટ છે. સમાજની સંસ્કૃતિનું નવી પેઢીને હસ્તાંતર કરવાનું કાર્ય અને નવી પેઢી દ્વારા આ સંસ્કૃતિને ગ્રહણ કરવાનું કાર્ય શાળા કરે છે. સંસ્કૃતિનું માત્ર ઔપચારિક જ્ઞાન આપવાનું જ કાર્ય શાળા કરે છે એવું નથી, તે ઉપરાંત સમાજની નૈતિક લાગણીઓ, રાજકીય વલણો, સમાજના રિવાજો અને નિષેધોનું હસ્તાંતર કરવાનું કામ પણ શાળા કરે છે. શાળાજીવનના શરૂઆતના વરસોમાં બાળકો કોઈ ટીકા વગર (હર્ષૌષ્ઠિક્ષ્ઋઋઅ) તેમના શિક્ષકોના કહેવા પ્રમાણે જ સંસ્કૃતિને ગ્રહણ કરતા હોય છે. જો કે, હાઈસ્કૂલ કક્ષાએ બાળકો થોડી શંકા સાથે તેમનો પ્રતિભાવ વ્યક્ત કરતા થાય એવું બનતું હોય છે. આમ છતાં કોઈ પણ ઉંમરે શિક્ષકો તરફથી તેઓ જે કંઈ મેળવે છે તેનાથી તેમનું સામાજીકરણ થાય છે અને આખરે સમાજના તેઓ પુખ્ત સભ્યો બને છે. શાળા સામાજીકરણના એજન્ટ તરીકે મહત્ત્વનું કાર્ય કરવાની સાથો સાથ શાળા મૂલ્યોના સંઘર્ષનો ગુપ્ત સ્રોત બને છે. દા.ત. અમેરિકન સમાજમાં શિક્ષકો મોટે ભાગે મધ્યમ વર્ગમાંથી આવે છે. આથી મધ્યમ વર્ગનાં મૂલ્યોની પદ્ધતિને તેઓ ચુસ્ત રીતે વરેલા હોય છે. બીજી તરફ અમેરિકાની ઘણી શાળાઓ કામદાર વર્ગ અને નિમ્ન વર્ગનાં બાળકોને મોટા પ્રમાણમાં પ્રવેશ આપે છે. નિમ્ન વર્ગ અને કામદાર વર્ગનાં કુટુંબોમાંથી આવેલાં આ બાળકો કે જેઓએ મધ્યમ વર્ગની જીવનપદ્ધતિ, મૂલ્યો, નીતિમત્તા અને અપેક્ષાઓને અંતરીકૃત કરેલાં હોતાં નથી તેઓ શાળાને એક 'શિક્ષાત્મક પ્રવૃત્તિ' તરીકે જોતાં થાય છે. આવાં કેટલાંક બાળકો તો શાળાને પોતાને ઈજા અને નુકસાન કરતાં એક દુશ્મન તરીકે પણ જુએ છે.

કેટલીક વખત શાળાના વિદ્યાર્થીઓનું અનૌપચારિક રચનાતંત્ર પણ શાળાના સામાજીકરણના કાર્ય ઉપર અસર કરે છે. શાળાના વિદ્યાર્થીઓ વિભિન્ન પેટાજૂથો અને ટુકડીઓમાં વહેંચાયેલાં હોય છે. ખાસ કરીને માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણની કક્ષાએ આ ઘટના હવે સામાન્ય બની છે. આવાં પેટાજૂથો પણ અમુક ચોક્કસ પેટાસંસ્કૃતિનાં મૂલ્યોને અને તેના ઘડતરને ટેકો આપતાં હોય છે. આ ઘટના સામાજીકરણની પ્રક્રિયામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આવાં અનૌપચારિક રચનાતંત્ર સાથેના બાળકના સંબંધો શાળાના સામાજીકરણના કાર્ય ઉપર અનેક રીતે અસર કરે છે. સમુદાયનાં માન્ય મૂલ્યો, પ્રેરણાઓ અને કળાઓનું હસ્તાંતર કરવાના શાળા જેવી ઔપચારિક પદ્ધતિના પ્રયત્નો કેટલીક વખત વિદ્યાર્થીઓની ટુકડીઓ અને પેટાજૂથો જેવી અનૌપચારિક રચનાઓ નિષ્ફળ બનાવે છે.

**સમકક્ષ જૂથો અને માસમીડીયા :**

સામાજીકરણમાં સમાનતાની ભાવના સમજવી થોડી મુશ્કેલ છે. સરખા દરજ્જાવાળા લોકો સત્તામાં રહેલા લોકોના સમાન સંબંધમાં હોય છે. આના પરિણામે તેઓ એકબીજા પર બંધન લાવવાના બદલે પરસ્પરની રક્ષા કરે છે. તેમની વચ્ચેની પરસ્પરની આંતરક્રિયા માટેના નિયમો એમના માટેના સાતત્ય. માટે જરૂરી છે. એવું તેમને તુરંત જ સમજાય છે. સરખી ઉંમરવાળા બાળકો સામાજીકરણના તબક્કામાં હોય છે. પરિણામે તેમની સૂઝ, સમજણ વગેરે સરખા હોય છે. વર્ચસ્વ ધરાવતા સમૂહો કરતાં સમાન કક્ષાના લોકો પાસેથી ઘણી બાબતો પ્રાપ્ત થાય છે. સહકારના ધોરણો ઉપરાંત સંસ્કૃતિના અનૌપચારિક પાસાં જેવાં કે લોકરીતિ અને સમાજની ખાનગી કે પ્રતિબંધ માહિતી ઈચ્છતા ખાનગી સ્વરૂપો વગેરે જાણી શકાય છે. કિંગ્સલે

ડેવિસના મતે "બાળકના સમાજાકરણમાં બે સંસ્થાઓ મહત્ત્વની છે. બાળક ઉપર વર્ચસ્વ ધરાવતા સમૂહોમાં કુટુંબ અને શિક્ષણસંસ્થા ગણી શકાય. જયારે સમવયસ્ક મિત્રજૂથ એ સાથીઓનું જૂથ ગણી શકાય."

બાળકને તેનું કુટુંબ સામાજિકણ કરે છે. તેની સાથે સાથે શાળાના મિત્રો પણ સતત આંતરક્રિયા કરતા હોય છે. આવી આંતરક્રિયામાંથી તેને વર્તન વ્યવહારની રીતભાતો કેટલીક માહિતી અને રિવાજો કે સામાજિક ધોરણોનો પરિચય થાય છે. કુટુંબ પછી વધુ ખેંચાણ મિત્રો તરફ રહે છે. આવા મિત્રો ઉંમર મુજબ હોય છે. બાળપણના મિત્રો અને યુવાવસ્થાના મિત્રો કે જેઓ સાથે વધુ ને વધુ વિનિમય કે આંતરક્રિયા દ્વારા સભાન કે અસમાન રીતે તેનું સામાજીકરણ થતું હોય છે. મિત્રો પાસેથી ભવિષ્યના જીવનની સમજ મેળવાય છે. સહકાર અને મિત્રતા. મિત્રસંબંધો કેવી રીતે જાળવી રાખવા, યોગ્ય અને અયોગ્ય વર્તનો જાણી સમજી શકાય છે.

મિત્ર પાસેથી બાળકને કેટલાંક ખેલદીલીના ખ્યાલો, રમતના નિયમો, જીત અને હારને સ્વીકારતા નેતૃત્વ અને અનુયાયીના અનુભવો, નિયંત્રણના ખ્યાલો વગેરે શીખવાનું મળે છે. એવી જ રીતે ખરાબ ટેવ ધરાવતો મિત્ર ખરાબ અસર જન્માવે છે. આથી બાળકનું સામાજીકરણ ખામીયુક્ત બનવાની સંભાવના રહે છે. સમાન કક્ષા, વર્ગ અને ઉંમરના લીધે મિત્રતા વધુ ગાઢ બને છે ત્યારે મિત્ર પાસેથી અંગત માર્ગદર્શન અને સલાહ, સહકાર અને સહવર્તન શીખે છે અને કેટલાંક પરંપરાગત સમાજનાં જ્યાં યુવાનોને જાતીય જ્ઞાન અપાતું નથી ત્યાં મિત્રજૂથમાંથી આ જ્ઞાનની જાણકારી પ્રાપ્ત કરે છે. બાળક મિત્રો સાથે વધું ખેંચાણ અનુભવે છે કારણ કે ત્યાં તેને સ્વતંત્રતા અને સમાનતાનો ભાવ અનુભવાય છે. ત્યાં તેને મા-બાપ અને વડીલો નિયંત્રણમાં રાખતા નથી અથવા તેનો ભય ઓછો લાગે છે. આમ સામાજીકરણમાં મિત્રજૂથો જે રીતે સામાજીકરણ કરે છે. તેમાં કુટુંબ પણ સતત કાળજી રાખે છે અને જરૂર પડે ત્યાં બાળકને સૂચક ટકોર પણ કરે છે. નહિતર મિત્રજૂથ દ્વારા ખામી ભર્યું સામાજિકરણ થવાની સંભાવના રહે છે.

**(1) સમકક્ષ જૂથો :**

વ્યક્તિનું સામાજીકરણ જેમ તેના વડીલો દ્વારા થાય છે તેમ તેની સમકક્ષ વ્યક્તિઓ કે સમોવડિયા (equals) દ્વારા પણ થાય છે. સમકક્ષ જૂથો ઉંમર અને દરજ્જાની બાબતમાં લગભગ સમાનતાં ધરાવતી વ્યક્તિઓનાં બનેલા છે. અર્થાત્ વ્યક્તિ તેની ઉંમર અને દરજ્જાની બાબતમાં લગભગ સમાનતા ધરાવતી વ્યક્તિઓ સાથે પણ જોડાય છે. વ્યક્તિના સામાજીકરણમાં નીચેના બે પ્રકારના સમકક્ષ જૂથો મહત્ત્વનો ભાગ ભજવે છે :

(1) બાળપણનાં સમકક્ષ જૂથો : બાળપણનાં સમકક્ષ જૂથો ખાસ કરીને રમત જૂથો હોય છે, જેને બાળગોઠિયા તરીકે પણ ઓળખાવી શકાય.

(2) તરુણાવસ્થાનાં સમકક્ષ જૂથો : તરુણાવસ્થાનાં સમકક્ષ જૂથો તરુણ ટોળકી તરીકે જોવા મળે છે. તરુણાવસ્થામાં આ સમકક્ષ જૂથો ટોળકી (clique)નું રૂપ ધારણ કરે છે. આવી ટોળકી વ્યક્તિને વિવિધ દરજ્જાઓ અને મૂલ્યોનો પરિચય કરાવે છે. આવાં સમકક્ષ જૂથો સામાજીકરણની હેતુપૂર્વકની એજન્સી નથી પરંતુ તેના સભ્યોનો મુખ્ય હેતુ મનોરંજન મેળવવાનો હોય છે. શરૂઆતના વર્ષોમાં બાળક તેના સમોવડિયા મારફત સમાજમાં ભાગ લેતું થાય છે. આવાં જૂથો સામાજીકરણની એજન્સી તરીકે કઈ રીતે ભાગ ભજવે છે તે નીચેની ચર્ચાથી સ્પષ્ટ થશે.

**(1) સમાજજીવનની તાલીમ :**

સમકક્ષ જૂથોમાં ધોરણો, ભૂમિકાઓ અને સામાજિક નિયંત્રણની પદ્ધતિ વિશેના વિચારો

તેમજ દરજ્જાના તફાવતોનો ખ્યાલ સમકક્ષ જૂથો દ્વારા મેળવે છે. બીજા સાથેના વર્તનમાં જરૂરી મૂળભૂત કળા પણ બાળક આવાં જૂથોમાંથી શીખે છે. જેમ કે, સહકાર કેવી રીતે કેળવવો, મિત્રતા કેવી રીતે વિકસાવવી, મૈત્રી-સંબંધોમાં કેવી રીતે ભાગ લેવો, સદ્વર્તનની સીમાં ક્યાં સુધીની હોય છે વગેરે બાળક તેના સમોવડિયા મારફત શીખે છે. એટલું જ નહી, પરંતુ વિવિધ પ્રકારના સંજોગોમાં બીજી વ્યક્તિઓ શું કરશે અને કેવી રીતે વર્તશે એવું ભાવિકથન કરવાની શક્તિનો વિકાસ આવા જૂથો દ્વારા થાય છે. સામાજિક જીવન જીવવાની આવી કળાનું જ્ઞાન અને ઘડતર બાળકને સમાજમાં યોગ્ય રીતે બંધબેસતા થવામાં મદદરૂપ બને છે. આવા જૂથોમાં ભાગ ન લેતું બાળક આગળ જતાં જૂથજીવનમાંથી ફેકાઈ જાય છે.

**(2) સત્તા અને નિયંત્રણનો પરિચય :**

સમકક્ષ જૂથો બાળકને બિનઅંગત સત્તાનો પરિચય કરાવે છે. કુટુંબમાં સત્તા મા-બાપના હાથમાં હોય છે. 'સાચું શું અને ખોટું શું' તે માબાપ નક્કી કરતા હોય છે. જ્યારે રમતજૂથો રમતગમતના નિયમોને તાબે થવાનું શીખવે છે અને તે દ્વારા રમત જૂથના બધા સભ્યોને લાગુ પડતો ન્યાયનો ખ્યાલ બાળકમાં વિકસે છે. સમયજતાં રમતગમતને લગતાં નિયમો અને વ્યવસ્થાનો પોતે જ પ્રતિનિધિ બની રહે છે. તે પોતે પોતાનીજાતને રમતના નિયમોનો રક્ષક માનવા લાગે છે, તેમજ રમતના નિયમોનો ભંગ કરનાર બીજા સભ્યો ઉપર સામાજિક નિયંત્રણનો અમલ કરાવવા લાગે છે. આમ સમાજમાં જે સત્તા અને નિયંત્રણની પદ્ધતિ હોય છે તેનો પરિચય કરાવવામાં રમત જૂથો પાર્શ્વભૂમિકા તરીકે ભાગ ભજવે છે. આવાં જૂથો પોતાનાં મૂલ્યો અને ધોરણોનો સ્વીકાર કરાવવા માટે તેના સભ્યો ઉપર ભારે દબાણ લાવે છે, પરિણામે સમકક્ષ જૂથનો દરેક સભ્ય પોતાનું સ્થાન તે જૂથમાં ટકાવી રાખવા માટે સામાન્ય રીતે સમકક્ષ જૂથનાં ધોરણો અને અપેક્ષાઓનું પોતાનામાં મજબૂત રીતે અંતરીકરણ કરે છે.

**(3) સમાજનાં મૂલ્યોને પીઠબળ પૂરું પાડે છે :**

સમકક્ષ જૂથનાં બાળકોએ તેમના કુટુંબ દ્વારા સમાજનાં સામાન્ય મૂલ્યો આત્મસાત્ કર્યા હોય છે. આથી ઘણી વખત આવાં જૂથો સમાજનાં મૂલ્યોને પીઠબળ પૂરું પાડે છે. આવા સંજોગોમાં સમાજનાં મૂલ્યોનું હસ્તાંતર કરવામાં સમકક્ષ જૂથો અસરકારક ભાગ ભજવે છે.

**(4) માર્ગદર્શન અને સલાહસૂચન :**

આધુનિક યુગમાં વ્યક્તિ માર્ગદર્શન અને સલાહસૂચન માટે તેના સમોવડિયા ઉપર આધાર રાખે છે. આથી સમકક્ષ જૂથો સામાજીકરણની ઘણી જ મહત્ત્વની એજન્સી બની રહી છે.

**(5) મા-બાપ અને વડીલોનો ભય ઘટાડે છે :**

કુટુંબમાં થતી સામાજીકરણની પ્રક્રિયા દરમિયાન મા-બાપ દ્વારા થતી શિક્ષામાંથી બાળકમાં મા-બાપના ભયની લાગણી વિકસી હોય છે. પરંતુ સમકક્ષ જૂથમાં બાળકની સહિષ્ણુતાની મર્યાદાની કસોટી થાય છે. પરિણામે તેનામાં મા-બાપ તરફનો ભય ઘટવા લાગે છે. આનું સુંદર ઉદાહરણ એ છે કે, પુખ્તવયની વ્યક્તિ પ્રત્યે બાળક જે વર્તન ન કરી શકે તે સમકક્ષ જૂથમાં સામૂહિક રીતે છૂટથી કરી શકે છે. અહીં તેને તેના સાથીઓનું પીઠબળ મળે છે. આનું સીધુ પરિણામ એ આવે છે કે બાળકમાં તેના મા-બાપ અને વડીલોનો ભય ઘટવા લાગે છે. આ ઘટનાનું બીજી રીતે મહત્ત્વ રહેલું છે. આધુનિક યુગમાં મા-બાપનાં ધોરણો અને યુવકોનાં ધોરણોમાં વિરોધાભાસ વધી રહ્યો છે તે ઘટના સમકક્ષ જૂથોના સંદર્ભમાં નોંધપાત્ર છે. વ્યક્તિ જ્યારે તેની તરુણાવસ્થા (teenage)માં પ્રવેશે છે ત્યારે તેના સમકક્ષ જૂથો તેને જૂની પેઢીનાં ધોરણોથી વિરુદ્ધના અનુભવો મેળવવાની, વિચારવાની અને વર્તન કરવાની માંગ કરે છે. કળાનાં નવાં સ્વરૂપો,

ઓછા રૂઢિચુસ્ત જાતીય ધોરણો, પહેરવેશની નવી પદ્ધતિઓ, વાળની નવી ફેશનો, માદક પીણાંઓનો ઉપયોગ વગેરે ઉપર ભાર મૂકતી આધુનિક યુવાસંસ્કૃતિ માતાપિતા દ્વારા સ્વીકારાયેલાં ધોરણોમાંથી વિચલન (ધોરણભંગ)ની ઘટનાનો સ્પષ્ટ નિર્દેશ કરનારી છે. આના પરિણામે ઘણી વખત માતા-પિતાનાં મૂલ્યોને ઉથલાવી નાખવામાં આવે છે, અથવા ખુલ્લી રીતે તેનો અસ્વીકાર કરવામાં આવે છે. જોકે, જૂની અને નવી પેઢી વચ્ચેનું અંતર આધુનિક યુગમાં વધી રહ્યું હોવા છતાં તરુણાવસ્થાનો આ સમયગાળો દરેક સમાજમાં સંઘર્ષમય હોતો નથી. કુટુંબનો દરજ્જો ઝડપથી બદલાતો હોય, કુટુંબ ગામડામાંથી શહેરમાં સ્થળાંતર કરે. એક શહેરમાંથી બીજા શહેરમાં કે એક સમાજમાંથી બીજા વિસ્તારમાં સ્થળાંતર કરે કે એક વિસ્તારમાંથી બીજા વિસ્તારમાં મકાન બદલે તેવી પરિસ્થિતિમાં મા-બાપ બાળકને વર્તન અંગેનું સ્થિર મોડેલ પૂરું પાડી શકતા નથી. આથી બાળક જ્યારે મોટું થાય અને પોતાના સમકક્ષ જૂથો દ્વારા સ્થાનિક સંસ્કૃતિની અપેક્ષાઓથી પ્રભાવિત થાય છે ત્યારે કયુ વર્તન યોગ્ય અને સારું કહેવાય તે વિશે તેમના મા-બાપ સાથે સંઘર્ષમાં આવે છે. સમય જતાં સમકક્ષ જૂથોનું મહત્ત્વ કુટુંબ અને મા-બાપ કરતાં પણ વધી જાય છે.

### (2) માસ મિડિયા (માહિતી સંચારના માધ્યમો)

માધ્યમની એજન્સી દ્વારા વ્યક્તિનું વધુ સારું સામાજીકરણ કરી શકાય છે. આ સંચાર માધ્યમોમાં વર્તમાન પત્રો, સામાયિકો, પુસ્તકો, રેડિયો, ટેલિવિઝન, ચલચિત્રો, ટેપરેકોર્ડિંગ, વી.સી.આર., કોમ્પ્યૂટર, ફોન, ફેક્સ, ઈ-મેઈલ વગેરે જેવા સાધનોનો સમાવેશ થાય છે. આજે આ સાધનો વધતા જાય છે અને તેનો ઉપયોગ પણ વધે છે. આ બધા સાધનો વ્યક્તિને નવુ જ્ઞાન સમજણ, શિખામણ અને માર્ગદર્શન આપે છે. જેનાથી વ્યક્તિનું પ્રત્યક્ષ કે પરોક્ષ સામાજીકરણ થાય છે. આ માધ્યમોથી વ્યક્તિના જ્ઞાનની ક્ષિતિજો મર્યાદિત રહી નથી.

સંચાર માધ્યમોએ વિશ્વને નાનુ બનાવ્યું છે. જીવંત પ્રસારણ દ્વારા વિશ્વના બનાવો જોઈ શકાય છે. એક દેશની સંસ્કૃતિ બીજા દેશની સંસ્કૃતિ કરતા કઈ રીતે જુદી પડે છે તે જોઈ શકાય છે એટલું જ નહી, પરંતુ આ સંચાર-માધ્યમો એ શિક્ષણમાં પણ ઉપયોગી બન્યા છે. વિવિધ પ્રયોગો અને વ્યાખ્યાનોની સી.ડી. તૈયાર કરી કોમ્પ્યૂટર અને ટી.વી. પર દર્શાવવામાં આવે છે. જેથી સામાજિક પરિવર્તનો લાવી શકાયા છે. વિદ્યાર્થીઓના સામાજીકરણમાં આ સાધનો અમૂલ્ય પૂરવાર થયા છે. આ સંચાર માધ્યમો માત્ર શિક્ષિત લોકોનું જ સામાજીકરણ કરવામાં ઉપયોગી થાય છે, એવું નથી. પરંતુ જ્યાં અશિક્ષિત લોકો વધુ છે, એવા કામદારો, ખેતમજૂરો, ખેડૂતો, અને મહિલાઓના સામાજીકરણમાં પણ આ સાધનો એ મહત્ત્વની કામગીરી કરી છે. સમાજના પરંપરાગત મૂલ્યો, માન્યતાઓ, ખોટા- રિવાજો છોડીને નવા પરિવર્તનો સ્વીકારવાની વાત આ સંચાર માધ્યમોએ કરી છે તેથી લોકોનું યોગ્ય સામાજીકરણ કરી શકાયું છે. આ સંચાર માધ્યમો કેટલીક ધારાવાહિકો, ચલચિત્રો રજૂ કરીને સમાજના બદલાતા જતા ખ્યાલોનો પરિચય આપે છે. તેમજ મનોરંજન પણ પૂરું પાડે છે. જેના દ્વારા સમાજના સભ્યોનું પરોક્ષ રીતે સામાજીકરણ કરી શકાયું છે. છપાયેલા શબ્દ પણ સામાજીકરણનો સ્ત્રોત છે. જો કે, આ સાધન માત્ર ભણેલા કે અક્ષરજ્ઞાન ધરાવતા સમાજમાં જ જોવા મળે છે. આપણા મોટાભાગની સંસ્કૃતિની રચના 'શબ્દો' વડે થયેલી છે. છાપાઓ, મેગેઝિનો, પુસ્તકો વગેરે દ્વારા શબ્દો જ આપણી નજરે પડે છે. આ ઉપરાંત રેડિયો અને ટેલિવિઝન જેવાં સંચાર માધ્યમો દ્વારા પણ આપણા કાન ઉપર સતત કંઈક ને કંઈક અથડાતું રહે છે. છાપાંઓ, મેગેઝિનો, પુસ્તકો, રેડિયો, ટેલિવિઝન, સિનેમા વગેરે બધાં જ માધ્યમો વિચારસરણીઓ અને વલણો જેવા સમાજની સંસ્કૃતિનાં તત્ત્વોનો સંદેશો આપે છે. શબ્દો હંમેશાં કોઈક દ્વારા લખાયેલા હોય છે અને આ લોકો - લેખકો, તંત્રીઓ અને જાહેરાત કરનારાઓ-સામાજીકરણની પ્રક્રિયામાં આ રીતે શિક્ષકો, મિત્રો અને માતા-પિતા સાથે

જોડાય છે. જો કે વ્યક્તિગત કિસ્સામાં આની કેટલીક અસરો વધુ મહત્ત્વની હોય છે તો કેટલીક અસરો ઓછી મહત્ત્વની હોય છે. એટલું જ નહી, તેમાં કેટલીક વખત વિરોધાભાસ અને વિસંગતિઓ પણ જોવા મળતી હોય છે. તે જ રીતે આવાં માધ્યમો પ્રત્યેનો પ્રતિભાવ પણ વિવિધ રીતે વ્યક્ત થતો જોવા મળે છે.

ડીફલેઅર લખે છે કે ''આજના અમેરિકન સમાજમાં સરેરાશ અમેરિકન બાળક આપણને અચંબો પમાડે એટલો સમય ટેલિવિઝન અને બીજાં માધ્યમો સાથે ગાળે છે.'' અમેરિકાના રાષ્ટ્રીય સ્તરના એક અભ્યાસમાં પ્રોફેસર વિલબરે એવું તારવ્યું છે કે ''બાળક ત્રણથી સોળ વરસની ઉંમરે પહોંચે ત્યાં સુધીમાં તેણે શાળા કરતાં વધુ સમય ટેલિવિઝન ઉપર ગાળ્યો હોય છે.'' સરેરાશ અમેરિકન બાળક તેની જાગૃત અવસ્થાના છઠ્ઠા ભાગ જેટલો સમય ટેલિવિઝન જોવામાં આપે છે. ''ડીફલેઅર કહે છે કે, એવા પુરાવા મળ્યા છે કે ટેલિવિઝન જોવાનું પ્રમાણ મધ્યમ વર્ગ કરતાં નિમ્ન વર્ગમાં ઘણું વધારે છે. પણ અમેરિકાનાં બાળકો સંચારમાધ્યમો સાથે સમગ્ર રીતે જે કુલ સમય ગાળે છે તે સમય કદાચ તેમની ઊંઘવા સિવાયની બીજી બધી જ પ્રવૃત્તિઓ કરતા વધારે છે.''

સંચાર માધ્યમોની અસરનો ખ્યાલ કરવા માટે ડીફલેઅર 'સાંસ્કૃતિક ધોરણોના સિદ્ધાંત'માં નોંધે છે કે માધ્યમો તેના ઓડિયન્સના સભ્યોને વિવિધ વિષયો ઉપર ''પરિસ્થિતિનો ખ્યાલ'' પૂરો પાડે છે. અમુક વિષયો ઉપર ભાર મૂકીને, અમુક ચોક્કસ અર્થઘટન રજૂ કરીને માધ્યમ એવી ખોટી છાપ ઊભી કરી શકે છે કે તેની વ્યાખ્યા અથવા તેનાં ધોરણો વાસ્તવિક સમાજનું પ્રતિબિંબ પાડે છે. જો જાતીય સ્વચ્છંદતાને એક ખૂબ જ પ્રચલિત પદ્ધતિ તરીકે નિયમિત રીતે બતાવવામાં આવે તો યુવાન દર્શક જાતીય સ્વચ્છંદતાને સમાજમાં ધોરણાત્મક હોવાનું સ્વીકારી લેશે. આવી પરિસ્થિતિમાં માધ્યમના સ્રોત દ્વારા આંતરીકૃત થયેલાં ધોરણો તેના વર્તનના માર્ગદર્શકો બનશે તે જ રીતે શરાબ, તમાકુ, નશીલી દવાઓ અને છેવટે હિંસાને પણ આવા જ સંબંધો દ્વારા સમજાવી શકાય મતભેદોનું નિવારણ કરવા માટે હિંસા સમાજમાન્ય સાધન છે એવું વારંવાર માધ્યમો દ્વારા બતાવવામાં કે કહેવામાં આવે તો ઘટના વ્યક્તિને કદાચ તેના મતભેદના કોઈ પણ પ્રસંગે હિંસાનું સાધન પસંદ કરવાનું ધોરણ પૂરું પાડે એવો સંભવ છે. આમ, લાંબા સમય સુધી કોઈક પ્રકારના માધ્યમનો સહવાસ સામાજીકરણના પ્રત્યક્ષ સ્વરૂપો કઈ રીતે પ્રગટાવે છે તેનો ખ્યાલ સાંસ્કૃતિક ધોરણોના સિદ્ધાંતમાં કરવામાં આવ્યો છે.

ડીફલેઅર નોંધે છે કે સંચાર માધ્યમો વ્યક્તિને સમાજ વિશેનું આકસ્મિક શિક્ષણ આપવાનો પણ અગત્યનો સ્ત્રોત બને છે. જો કે, આ શિક્ષણ આકસ્મિક સ્વરૂપનું, મનોરંજનનું બિનઆયોજિત પેટાસર્જન જ હોય છે. ટેલિવિઝન, સિનેમા અને બીજાં માદ્યમો દ્વારા બાળક પુખ્તવયના લોકોના જગત વિશે કે જેનો તે હજી સભ્ય બન્યો નથી તેની ઝાંખી મેળવે છે. આ રીતે લોકોનાં મૂલ્યો, અસંખ્ય સામાજિક ભૂમિકાઓ અને અન્ય પ્રકારનું સામાજિક જ્ઞાન બાળકને વગર માગ્યે મળે છે. ડીફલેઅરે અમેરિકાની શાળાના 237 બાળકોનો ટેલિવિઝનના માધ્યમ અંગે એક અભ્યાસ કર્યો હતો. તેમાં જણાવ્યું હતું કે ''વ્યવસાયોનું આકસ્મિક શિક્ષણ આપવામાં ટેલિવિઝન એક સમૃદ્ધ સ્રોત બની શકે તેમ છે.'' આ અભ્યાશમાં બધા જ સામાજિક સ્તરનાં બાળકો બટલર અને હેડવેઈટરને કદી વ્યક્તિગત રીતે મળેલાં નહી હોવા છતા તેમની ફરજો, પહેરવેશની ઢબ અને તેમની ભૂમિકાના સાપેક્ષ દરજ્જાનું વર્ણન કરી શક્યા હતા આ અભ્યાસના તારણોમાં એવું પણ જણાયું હતુ કે ટેલિવિઝન ઉપરથી જોઈને વ્યાવસાયિક ભૂમિકાઓ અંગે બાળક કેટલીક ખોટી માહિતી અને લક્ષણચિત્રો ધરાવતાં પણ થયાં હતા. ટૂંકમાં, સામાજીકરણની પ્રક્રિયામાં છાપાં, પુસ્તકો, મેગેઝિનો, ટેલિવિઝન, રેડિયો, સિનેમા વગેરે માધ્યમો ઘણો અગત્યનો ભાગ ભજવે

છે. આધુનિક વિશ્વમાં આવા માધ્યમો વિપુલ પ્રમાણમાં વધ્યાં છે. અને વ્યક્તિનું પરોક્ષ રીતે સામાજીકરણ કરવામાં તેમનું મહત્ત્વ દિવસે દિવસે વધી રહ્યું છે.

## 4.2 સામાજિક જૂથ

વ્યક્તિનું જીવન સાચા અર્થમાં સામૂહિક જીવન છે. આપણામાંની દરેક વ્યક્તિ કોઈને કોઈ જૂથનો સભ્ય જરૂર હોય છે. એનું કારણ એ છે કે આજના જટિલ સમાજમાં કોઈપણ વ્યક્તિ કેટલાક જૂથોનો સભ્ય થયા વિના પોતાની જરૂરિયાતો પૂરી કરી શકતો નથી. વિવિધ ક્ષેત્રોમાં આ જરૂરિયાતો પૂરી કરનારા જૂથોની સંખ્યા એટલી વધુ છે કે સરળતાથી તેનો અંદાજ કાઢવો મુશ્કેલ છે. અહીં એ બાબત ધ્યાનમાં રાખવાની છે કે જૂથ શબ્દ કોઈ વ્યવસ્થાને સૂચિત કરતું નથી. એ કેટલીક વ્યક્તિઓનું સંકુલ છે અને એની સંખ્યાની સીમા હોય છે. જૂથમાં સામેલ અથવા તેમાં જોડાયેલી દરેક વ્યક્તિ એકબીજા સાથે ઘનિષ્ઠતાનો અનુભવ કરે છે. આને જૂથની સૌથી અગત્યની વિશેષતા માનવામાં આવે છે. બીજા જૂથોથી અલગતા જાળવી રાખવા માટે જૂથ કેટલાક ખાસ પ્રકારના પ્રતીકો વિકસાવે છે. આ બાબતને આધારે કહી શકાય છે કે સામાજિક જૂથ એક પ્રકારનું સંગઠન છે, જેના સભ્યો એકબીજાને ઓળખતા હોય છે અને વ્યક્તિગત રીતે તેઓ એકબીજા સાથે પોતાની એકરૂપતા સ્થાપિત કરે છે જેમાં કુટુંબ, સામાજિક વર્ગ, વિભિન્ન પ્રજાતિઓ, ધાર્મિક અને વ્યાવસાયિક વર્ગ, વિભિન્ન શારીરિક અથવા માનસિક યોગ્યતાવાળા વ્યક્તિ વગેરેને સામેલ કરી શકાય છે.

સમાજશાસ્ત્રીય અભ્યાસોમાં સામાજિક જૂથોનો વિશેષ મહત્ત્વ છે. આપણી વિભિન્ન આવશ્યકતાઓને પૂરી કરવા માટે દરેક વ્યક્તિ કેટલાક જૂથોનો સભ્ય હોય છે. આમાંથી દરેક વ્યક્તિ એક કુટુંબ, પડોશ, ગામ કે શહેરનો સભ્ય છે. વ્યવસાયને આધારે આપણામાંના ઘણા મજૂર, ક્લાર્ક, અધ્યાપક, લેખક, કલાકાર, ડૉક્ટર, એન્જિનિયર કે વ્યાપારી જૂથના સભ્ય છે. ઉંમરને આધારે આપણે બાળ, પ્રૌઢ કે વૃદ્ધોના જૂથોના સભ્ય હોઈએ છીએ, લિંગના આધારે આપણે સ્ત્રી કે પુરુષ જૂથના સભ્ય હોઈએ છીએ. આ પ્રકારના જૂથોને આધારે વ્યક્તિનું ઘડતર થાય છે. કોઈપણ વ્યક્તિ જે એક સમાન પુસ્તક વાંચે છે, સમાચાર પત્ર ખરીદે છે, એક વર્ષ વર્ગખંડમાં અભ્યાસ કરે છે અથવા એક ધર્મમાં વિશ્વાસ ધરાવે છે તેઓ બધા એક જૂથના સભ્ય કહેવાય. એક ધ્વજને વંદન કરનારા, એક જ પ્રજાતિથી પોતાની ઉત્પત્તિ કહેનારા અને એક જ શ્રેણીના આયકર ચૂકવતા વ્યક્તિઓ એક જૂથના કહેવાશે. ગુનેગાર, વ્યવસાયિકો, ચિત્રકારો, સંગીતકાર, શિક્ષક અને કવિ – બધા એક જૂથનુ ગઠન કરે છે. દરેક જૂથ વિશે આપણી મનોવૃત્તિઓ જુદી જુદી હોય છે. કેટલાક જૂથોને આપણે સમગ્ર રીતે પોતાના માનીએ છીએ તો કેટલાક જૂથોનું સભ્યપદ કેટલાક ખાસ ઉદ્દેશ્યો પૂરા કરવા માટે ગ્રહણ કરીએ છીએ. આ જૂથોનું સ્વરૂપ જેવું પણ હોય, દરેક જૂથ વ્યક્તિનું સમાજીકરણ કરે છે અને વિભિન્ન ક્ષેત્રોમાં વ્યક્તિને પોતાના સમાજના મૂલ્યો અને તેના પ્રત્યે બીજા લોકોની અપેક્ષાઓથી પરિચિત કરાવે છે. બધા સામાજિક જૂથો વ્યક્તિને સામાજિક ક્રિયાઓમાં ભાગ લેવા માટે પ્રેરણા આપે છે. સફળતા અને અસફળતા વચ્ચે અનુકૂલન સાધવાનું શિખવાડે છે, આગાહી કરવાની ક્ષમતા પ્રદાન કરે છે, વ્યક્તિને જીવન પ્રત્યે આશાવાદી બનાવે છે અને વ્યવહાર-કુશળતાનો ગુણ પ્રદાન કરે છે.

**સામાજિક જૂથનો અર્થ :**

સમાજશાસ્ત્રીઓએ સામાજિક જૂથની ઘણીબધી પરિભાષાઓ આપી છે. દષ્ટિકોણમાં ભેદ હોવા છતાં આ પરિભાષાઓમાં સામાજિક જૂથની કેટલીક વિશેષતાઓ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. સામાજિક જૂથની પરિભાષાઓની ટીકાત્મક ચર્ચા કરતાં વધુ સ્પષ્ટતા થશે કે જૂથ શું છે ? સામાજિક જૂથની આ પરિભાષાઓમાં મુખ્ય પરિભાષાઓ આ પ્રમાણે છે.

આર.એમ. વિલિયમ્સના મતે, ''એક સામાજિક જૂથ પરસ્પર સંબંધિત ભૂમિકાઓ નિભાવતા લોકોનું પોતાના અને બીજાથી એક પરસ્પર ક્રિયાના એકમ સ્વરૂપે મનાતું જૂથ છે.'' આમ, સામાજિક જૂથ કેટલાક ચોક્કસ લોકોનું સમુદાય છે. આ લોકોની ભૂમિકાઓ એકબીજાથી સંબંધિત હોય છે. આ સમુદાયને જૂથના બધા લોકો એક એકમ માને છે, જેમાં સભ્યો વચ્ચે પરસ્પર વ્યવહાર થતો રહે છે. જૂથની બહારના લોકો પણ તેના વિશે આવું જ માને છે.

ઓગ્બર્ન અને નિમકોફના મતે, ''જયારે કોઈ બે કે બેથી વધુ વ્યક્તિઓ ભેગા મળે છે અને એકબીજા પર પ્રભાવ પાડે છે ત્યારે તેઓ એક જૂથનું ગઠન કરતા હોય તેવું કહી શકીએ છીએ.'' સામાજિક જૂથની આ પરિભાષા વધુ સરળ છે, એમાંથી એનો ચોક્કસ ખ્યાલ આવે છે કે લોકોના કોઈપણ સંગ્રહને જૂથ ત્યારે જ માની શકાય છે જયારે તેઓ એકબીજા પર પ્રભાવ પાડતા હોય એટલે કે જ્યારે તેઓ એકબીજા પ્રત્યે સભાન (છુક્રાહિીજજ) હોય. મૈકાઈવરના મતે, ''જૂથથી આપણો ખ્યાલ સામાજિક પ્રાણિઓના કોઈપણ એવા સંગ્રહથી છે જે એકબીજાની સાથે વિશેષ સામાજિક સંબંધ સ્થાપિત કરતા હોય.'' આ પરિભાષાથી એ સ્પષ્ટ થાય છે કે જૂથના સભ્યોનો એકબીજાની સાથે સામાજિક સંબંધ (જીૅષ્ઠૈક્ર઼ ઈીક્ષ્ઠૈહજૈ) હોવો આવશ્યક છે.

ગિલિન અને ગિલિનના મતે, ''સામાજિક જૂથના ઉદ્ભવ માટે એવી પરિસ્થિતિઓનું હોવું જરૂરી છે જેમાં સંબંધિત વ્યક્તિઓ વચ્ચે અર્થપૂર્ણ સ્વરૂપની અને લાંબાગાળાની ક્રિયા થઈ શકે અને જેમાં સામાજિક હિતો પ્રત્યે બધા ધ્યાન કેન્દ્રિત કરી શકે અને કેટલાક સામાન્ય ચાલકો, પ્રેરકો અને આવેગોનો વિકાસ થઈ શકે.' સામાજિક જૂથની આ પરિભાષામાં જૂથના સભ્યો વચ્ચે પરસ્પર ઉત્તેજના અને પરસ્પર ક્રિયા-પ્રતિક્રિયા (આંતરક્રિયા)ને જરૂરી માનવામાં આવ્યા છે. જૂથમાં કેટલાક સામાન્ય ધ્યેયો, ચાલકો, હિતો, આવેગ, પ્રેરકો હોય છે.

એડવર્ડ સાપિરના મતે, ''કોઈ જૂથનું ગઠન એ તથ્યને આધારે થાય છે કે દરેકનું કોઈને કોઈ હિત છે જે જૂથના સભ્યોને પરસ્પર બાંધી રાખી છે'', સભ્યોમાં સામાન્ય હિત (Common Interest) પણ હોવા જોઈએ જેથી તેઓ એકબીજા સાથે બંધાઈને રહે.

એલરિજ અને મૈરિલના મતે, ''સામાજિક જૂથની પરિભાષા એવા બે કે વધુ વ્યક્તિ તરીકે કરી શકાય છે કે જેમની વચ્ચે કેટલાક ચોક્કસ ગાળા કે સમયથી સંદેશા વ્યવહાર છે અને જે કોઈ સામાન્ય ક્રિયા કે હેતુ પ્રમાણે કાર્ય કરે છે.'' આ પરિભાષા પ્રમાણે જૂથનો સામાન્ય હેતુની સાથે સાથે ચોક્કસ સમયગાળા પૂરતું સંચાર પણ જરૂરી છે.

બોગાર્ડસના મતે, ''એક સામાજિક જૂથ બે કે તેથી વધુ વ્યક્તિઓની એવી સંખ્યાને કહે છે જેમની વચ્ચે ધ્યાનના કેટલાક સામાન્ય વિષયો હોય, જેઓ એકબીજાને પ્રેરણા પૂરી પાડતા હોય, જેઓમાં સામાન્ય વિશ્વાસ હોય, જેઓ કોઈપણ ક્રિયામાં સહભાગી થતા હોય.'

જૂથની પરિભાષાઓની આ ચર્ચા પરથી એ સ્પષ્ટ થાય છે કે, ''સામાજિક જૂથ લોકોના એવા સંકલનને કહે છે કે જે એક એકમની સમાન છે અને જેના સભ્યોમાં પરસ્પર સામાજિક સંબંધ અને સામાજિક આંતરક્રિયા, સભાનતાની સાથે સાથે કેટલાક સામાન્ય ઉદ્દેશ્યો, હિતો, ઉત્તેજકો, સામાન્ય પ્રેરકો હોય છે.''

આ બધાને કારણે સામાજિક જૂથના સભ્યો એકબીજાને પ્રભાવિત કરે છે અને પરસ્પર જોડાયેલા રહે છે.

**સામાજિક જૂથના મુખ્ય લક્ષણો :**

જૂથ જીવનની વિશેષતાઓ નક્કી કરવાનું કામ અઘરું છે. તેમ છતાં, સામુહિક જીવનની કેટલીક વિશેષતાઓનો ઉલ્લેખ કરી શકાય છે. જે આ પ્રમાણે છે -

(1) જૂથના સભ્યોમાં પરસ્પર સંબંધ હોય છે.

લોકોના કોઈ જૂથ માત્રને જૂથ માની શકાય નહીં. જૂથના સભ્યો વચ્ચે પરસ્પર સંબંધ હોવો જોઈએ. ખરેખર તો, આ સામાજિક સંબંધને જ જૂથ કહેવાય. ક્યૂબરે લખ્યું છે કે, ''જૂથ કોઈપણ સંખ્યાના લોકોના પારસ્પરિક સંબંધને કહે છે.'' મૈકાઈવર વગેરે અન્ય સમાજશાસ્ત્રીઓ બધા પ્રકારના સામાજિક સંબંધોને જૂથની અનિવાર્ય વિશેષતા માને છે.

(2) જૂથમાં એકતાની ભાવના હોય છે.

કૂલેના મતે દરેક જૂથમાં એકતાની ભાવના હોવી જરૂરી છે. આથી જૂથના લોકો એકબીજાને પોતાના સમજે છે અને એકબીજા પ્રત્યે સહાનુભૂતિ દાખવે છે.

(3) જૂથના સભ્યોમાં પરસ્પર સહકારની ભાવના હોય છે.

અમે ભાવ (We-feeling) ના કા2ણે જૂથના સભ્યો એકબીજા સાથે દરેક કામમાં સહકાર દાખવે છે, જૂથોને નુકસાન કરનારા પરિબળો સામે સાથે મળી સંઘર્ષ કરે છે. જૂથથી બહારના લોકોને પારકાં સમજે છે અને જૂથને સુખી અને સમૃધ્ધ બનાવવા માટે સતત પ્રયત્ન કરે છે.

(4) જૂથના સભ્યોમાં સ્વાર્થ, ધોરણો અને મૂલ્યો બાબતે સમાનતા હોય છે.

સ્માલ (Small) લખ્યું છે કે જૂથ એવા થોડા કે વધુ વ્યક્તિઓને કહેવાય કે જેમનામાં એવા પ્રકારના સંબંધો હોય છે કે તેઓ એકસમાન લાગે. એ માટે જૂથના સભ્યોમાં કેટલાક સમાન ધોરણો, સમાન મૂલ્યો, સમાન હિતોનું હોવું ખૂબ જરૂરી છે આ બધાના કારણે જૂથમાં એકતા જળવાય છે અને વ્યક્તિગત રીતે બધા એકબીજાથી ભિન્ન હોવા છતાં બધા સભ્યો પરસ્પર સંગઠિત રહે છે.

(5) જૂથના સભ્યોના વ્યવહારમાં સમાનતા હોય છે.

ધોરણો, મૂલ્યો અને હિતોમાં સમાનતા હોવાને લીધે જૂથના સભ્યોના વર્તન વ્યવહારમાં સમાનતા જોવા મળે છે. જનેનિકી (Znaniecki) એ લખ્યું છે કે જૂથ માત્ર વ્યક્તિઓનું સમૂહ નથી હોતું, પરંતુ તે જૂથના સભ્યોના વર્તન-વ્યવહારનો સમન્વય હોય છે.

(6) સભ્યોની આંતરક્રિયા પર જૂથનું નિયંત્રણ :

સામૂહિક જીવનમાં વર્તન વ્યવહારની સમાનતાનું મુખ્ય કારણ સભ્યોની ક્રિયા અને આંતરક્રિયા પર જૂથનું નિયંત્રણ છે. દરેક જૂથમાં કેટલીક પ્રથાઓ, પરંપરાઓ અને રીતો સામાન્ય હોય છે અને જૂથના દરેક સભ્યોએ તેનું પાલન કરવું પડે છે. આ બાબતોનું ઉલ્લંઘન કરતા સભ્યોને જૂથ સજા કરે છે. આ રીતે સામૂહિક નિયમોનું બધા સભ્યોએ પાલન કરવું પડે છે. આમ કોઈને કોઈ પ્રકારના નિયમો વિના સામૂહિક જીવન અશક્ય છે.

(7) જૂથના સભ્યો પર જૂથની વિશેષતાઓનો પ્રભાવ હોય છે.

દરેક જૂથની પોતાની કેટલીક વિશેષતાઓ હોય છે. જે તેમને બીજા જૂથોથી જુદાં પાડે છે. જૂથની આ વિશેષતાઓનો જૂથના દરેક સભ્ય પર પ્રભાવ હોય છે. આ પ્રભાવ બધા સભ્યો પર જૂદો જૂદો પડે છે તેમ છતાં બધા પર જૂથની છાપ રહે છે.

(8) સમાન મૂલ્યો :-

દરેક જૂથના કેટલાક ચોક્કસ સમાન મૂલ્યો હોય છે જે તેને અન્ય જૂથોથી જુદા પાડે છે અને

તેના સભ્યોને એકતાથી જકડી રાખે છે. આમ, બ્રાહ્મણો, ક્ષત્રિયો, શુદ્રો અને વૈશ્યોના સામાજિક મૂલ્યોમાં અંતર જોઈ શકાય છે. જાતિ પંચાયતો આ સામાજિક મૂલ્યોનું રક્ષણ કરે છે અને એનું ઉલ્લંઘન કરનારનો જાતિમાંથી બહિષ્કાર કરવામાં આવે છે. એમની સાથે વ્યવહાર, સગાઈ-લગ્ન વગેરે બંધ કરી દેવામાં આવે છે. ઉદાહરણ તરીકે કુટુંબના સભ્યોના સામાજિક મૂલ્યો સમાન હોય છે જે પરંપરાગત રીતે ચાલતા રહે છે અને તે સભ્યોના વર્તન વ્યવહાર પર સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. આથી સામાજિક જૂથોમાં સભ્યો સામાન્ય મૂલ્યો દ્વારા બંધાયેલા રહે છે.

(9) પરસ્પર ફરજો :

સામાન્ય મૂલ્યોની સાથે સાથે સામાજિક જૂથના સભ્યો પરસ્પરની ફરજોથી બંધાયેલા રહે છે. કુટુંબ એનું સુંદર ઉદાહરણ છે - કુટુંબમાં માતા-પિતા અને બાળકો, મોટાભાઈઓ અને નાના ભાઈઓ, ભાઈ-બહેનો, પતિ-પત્ની વગેરે સભ્યોની એકબીજા પ્રત્યે પૂરક ફરજો હોય છે. બાળકો માતા-પિતાની આજ્ઞાનું પાલન કરે છે અને તેમની અપેક્ષાઓ અનુરૂપ બનવાના પ્રયત્નો કરે છે. પતિ-પત્ની પરસ્પર પ્રેમભર્યો વર્તન વ્યવહાર કરે છે. પતિ, પત્નીની આવશ્યકતાઓની પૂર્તિ કરે છે અને પત્ની-પતિની આજ્ઞા માને છે અને બધા કાર્યોમાં તેને સાથ સહકાર આપે છે. આ રીતે કુટુંબના સભ્યો પરસ્પર ફરજોનું પાલન કરે છે.

(10) પરસ્પર અપેક્ષાઓ :

સામાજિક જૂથમાં સભ્યો એકબીજાથી સહકાર, પ્રેમ અને સહાનુભૂતિની અપેક્ષા રાખે છે. કુટુંબમાં પત્નીથી પતિને પ્રેમની અને પતિથી પત્નીને પ્રેમની અપેક્ષા હોય છે જ્યારે એ આશા નિરાશામાં તબદીલ થાય છે ત્યારે પારિવારિક સંબંધો તૂટે છે અને છૂટાછેડાની નોબત આવી જાય છે. એવી જ રીતે માતા-પિતા તેમની સંતાનોથી આશા રાખે છે કે તે તેમની આજ્ઞાઓનું પાલન કરશે. બીજી તરફ સંતાનોને માતા-પિતાથી મમતા અને સહાનુભૂતિની અને જીવનમાં આગળ વધવામાં સહકારની અપેક્ષા હોય છે. આ અપેક્ષાઓ પૂરી ન થતાં કૌટુંબિક વિઘટન શરૂ થાય છે કુટુંબ જ નહીં, પાડોશીઓ પણ કેટલીક અપેક્ષાઓના બંધનમાં બંધાઈ રહે છે. આમ લોકોના બધા જૂથોમાં સભ્યો એકબીજાથી અનેક અપેક્ષાઓ રાખે છે. જ્ઞાતિ અને બિરાદરીના લોકો, સગા-સંબંધીઓ વગેરે સુખ-દુઃખમાં ન મળે તો કેવી જ્ઞાતિ અને કેવા સગા ? બધાને એવી આશા હોય છે કે તેમના ત્યાં દુઃખ-સુખમાં જ્ઞાતિના લોકો હાજરી આપશે અને જ્યાર સુધી આવું થાય છે ત્યાર સુધી જ્ઞાતિનું સંગઠન જળવાઈ રહે છે. જે શાળામાં શિષ્ય-ગુરુની આજ્ઞા ન માને અને ગુરુ-શિષ્યનું જ્ઞાન વૃદ્ધિમાં સહકાર ન આપે તો તે શાળા કેટલા દિવસ ચાલશે ? આથી સામાજિક જૂથો ત્યાર સુધી રહે છે જ્યાર સુધી તેના સભ્યો પરસ્પર અપેક્ષાઓ પૂર્ણ કરતા રહે છે.

આ ઉદાહરણોથી એ સ્પષ્ટ થાય છે કે, ''સામાજિક જૂથ સામાન્ય મૂલ્યો, પરસ્પર ફરજો અને અપેક્ષાઓ દ્વારા જળવાઈ રહે છે.''

સામાજિક જૂથની ઉપરોક્ત વિશેષતાઓને કુટુંબ જૂથના ઉદાહરણ દ્વારા સારી રીતે સમજી શકાય છે. કુટુંબના સભ્યોમાં પતિ-પત્ની, પિતા-પુત્ર, ભાઈ-બહેન વગેરે વચ્ચે પરસ્પર સંબંધ હોય છે અને એ બધા મળીને કુટુંબના હિતો માટે કામ કરે છે. બધા સભ્યો એકબીજાને પોતાના સમજે છે અને તેમની પ્રવૃત્તિઓમાં કેટલાંક અંતર હોવા છતાં તેમના માટે કેટલાક ધોરણો અને મૂલ્યો સમાન હોય છે. સામાન્ય હિતોના કારણે જ કુટુંબ એકમ તરીકે કામ કરે છે. સભ્યો પર કુટુંબનું નિયંત્રણ રહે છે. કુટુંબના નિયમોનું પાલન ન કરનારને કુટુંબ દ્વારા ઠપકો મળે છે અને બહારના લોકો દ્વારા પણ ફિટકાર મળે છે. કુટુંબના દરેક સભ્ય પર કુટુંબની વિશેષતાઓની છાપ રહે છે. એટલે સુધી કે વ્યક્તિના અમુક વ્યવહારને જોઈ એવું અનુમાન કાઢવામાં આવે છે

કે અમુક વ્યક્તિ અમુક પ્રકારના કુટુંબમાં જ ઉછરી હશે. સામૂહિક જીવનની આ વિશેષતાઓ આ પ્રકારના અન્ય જૂથોમાં પણ જોવા મળે છે. આમ સામાજિક જૂથનો આધાર સામાજિક સંબંધો હોય છે તેથી ઉદાહરણ તરીકે કુટુંબ એક સામાજિક જૂથ છે.

**સામાજિક જૂથોના મુખ્ય પ્રકારો :**

સમાજશાસ્ત્રીય દ્દષ્ટિએ સામાજિક જૂથોના મુખ્યત્વે બે પ્રકાર દર્શાવી શકાય છે. તેમાં (1) પ્રાથમિક જૂથ, અને (2) દૂરવર્તી જૂથનો સમાવેશ થાય છે. આ બંને જૂથના મુખ્ય પ્રકારો ગણાવી શકાય છે. તેની વિગતે સમજૂતી નીચે પ્રમાણે રજૂ કરી શકાય છે.

**(1) પ્રાથમિક જૂથ**

પ્રાથમિક જૂથનો સૌ પ્રથમ ખ્યાલ ચાર્લ્સ હોર્ટન કૂલે (Charles Horton Cooley) નામના સમાજશાસ્ત્રીએ આપ્યો હતો. તેમણે વર્ષ 1909 માં પ્રાથમિક અને દૂરવર્તી એમ બે ભાગમાં માનવી જૂથોના પ્રકારો આપ્યા હતા. 'Social Organziation: A study of the Larger Mind' નામના તેમના પુસ્તકમાં આ પ્રકારોનો ઉલ્લેખ કરેલ છે. તેમાં વિગતે માનવ જૂથોના પ્રકારોની સમજૂતી આપી છે. તેમાં આપેલ માહિતી મુજબ નિકટતા, વૈયક્તિક, ગાઢ અને મોઢામોઢના સબંધોવાળા જૂથોને પ્રાથમિક જૂથો તરીકે ઓળખવામાં આવેલ છે. તેનો અર્થ, લાક્ષણિકતા, મહત્ત્વ વગેરે નીચે મુજબ દર્શાવી શકાય છે.

**પ્રાથમિક જૂથનો અર્થ (Meaning of Primary Group) :**

પ્રાથમિક જૂથનો અર્થ આપતાં ચાર્લ્સ હોર્ટન કૂલે જણાવે છે કે, "નિકટવર્તી મોઢામોઢનો સંબંધ અને સહકારનું વલણ ધરાવતા, સર્વસામાન્ય ધ્યેયો, જૂથ જીવનમાં પારસ્પારિક સહાનુભૂતિ તથા તાદાત્મ્ય કે અમેપણાની ભાવના ધરાવતા હોય તેને સામાજિક જૂથ કહેવાય છે. દા.ત. માતા-પિતા અને બાળકોનું જૂથ, રમતગમત જૂથ, ગ્રામ સમુદાય, પતિ-પત્નીનું બનેલું જૂથ વગેરેને પ્રાથમિક જૂથ કહી શકાય છે.

આમ, સામાન્ય અર્થમાં કહીએ તો સમાજમાં જે જૂથો વચ્ચે નિકટવર્તી સંબંધો હોય, પારસ્પરિક સહકારની ભાવના હોય, ભૌતિક નિકટતા હોય, કદ નાનું હોય, સંબંધોનું કાયમીપણું હોય, અંગત સંબંધો હોય વગેરે સ્વરૂપના જૂથોને પ્રાથમિક જૂથો કહી શકાય.

**પ્રાથમિક જૂથના લક્ષણો :**

કિંગ્સલે ડેવિસ પ્રાથમિક જૂથની સમજ પ્રાથમિક સંબંધો દ્વારા આપે છે. કાયમીપણુ વગેરે જોવા મળે છે. પ્રાથમિક જૂથના લક્ષણો નીચે મુજબ દર્શાવી શકાય છે.

1. સામાજિક-શારીરિક નિકટતા, 2. નાનું કદ, 3. કાયમી સંબંધો, 4. ધ્યેયપ્રાપ્તિમાં એકતા, 5. સંબંધો જ સાધ્ય, 6. અંગત સંબંધો, 7. સર્વાંગી સંબંધો, 8. આપમેળના સંબંધો (પ્રાકૃતિક સંબંધો)

ઉપરોક્ત મુદ્દાઓને વિગતે નીચે પ્રમાણે સમજૂતી આપી શકાય,

1. સામાજિક-શારીરિક નિકટતા :

આ પ્રકારના પ્રાથમિક જૂથમાં ભૌતિક અંતર નથી, એટલે ભૌતિક નિકટતા હોય છે. તેને સામાજિક-શારીરિક નિકટતા કહેવાય છે. આ પ્રકારની લાક્ષણિકતા પ્રાથમિક જૂથમાં છે. તેમાં વ્યક્તિ-વ્યક્તિ છે, એટલે હ્લકષ્ઠી´ હ્લકષ્ઠી ઈીર્ઙ્ક્કૈંહ હોય છે, તેમાં જૂથના સભ્યો સાથે મળીને પોતાના વિચારો, અભિપ્રાયો, ભાવાનાઓ એકબીજા સાથે રજૂ કરી શકે છે.

2. નાનું કદ :

પ્રાથમિક જૂથનું કદ નાનું હોય છે. પણ બધા નાના જૂથો પ્રાથમિક હોતા નથી. આ સંદર્ભમાં બ્રુમ અને સેલ્ઝનિક જણાવે છે કે "Small size facilitators primary group formation but in Itself is not sufficient". ચાર્લ્સ હોર્ટન કૂલે જણાવે છે કે પ્રાથમિક જૂથના સભ્યોની સંખ્યા 2 થી 40 કે 60 સભ્યોની પણ હોઈ શકે છે. ગ્રામીણ સમુદાય એ વિશાળ છે. તેમાં પરસ્પર નિકટતા હોય છે. તેવા સમુદાયને કે જૂથને પ્રાથમિક કહી શકાય. કિંગ્સલે ડેવિસ જણાવે છે કે પ્રાથમિક જૂથ નાનું હોય છે, તેમાં નિકટતા વધુ હોય પણ તેનું કદ નાનું હોય છે.

3. કાયમી સંબંધો

પ્રાથમિક જૂથમાં કાયમી સંબંધો હોય છે. એટલે કે લાંબા ગાળા સુધી ટકી રહે તેવા સબંધો છે. જેમ કે કુટુંબના સભ્યો તથા ગ્રામ સમૂદાયના લોકોમાં કાયમીપણાના સબંધો હોય છે. તેમાં સભ્યો વચ્ચે ગાઢ કાયમી પારસ્પરિક સંબંધો હોય છે.

4. ધ્યેય પ્રાપ્તિમાં એકતા :

દરેક જૂથમાં ધ્યેય હોય છે, તેમાં પ્રાથમિક જૂથોમાં પણ ધ્યેય સંકળાયેલ હોય છે. પ્રાથમિક જૂથોમાં ધ્યેય એકતાપણું એ અગત્યનું લક્ષણ છે. દરેક પ્રાથમિક જૂથોમાં પારસ્પારિક રીતે ધ્યેય સંતોષવા એકતા હોય છે, કુટુંબ જેવાં જૂથમાં સુખમાં સુખ આપવા તથા દુઃખમાં દુઃખની લાગણી વ્યક્તિઓ અનુભવતી હોય છે. તેમાં તેમની એકતા જોવા મળે છે. પણ કુટુંબમાં વ્યક્તિઓ એટલે પતિ-પત્ની છૂટાછેડા લે તો તે પ્રાથમિક જૂથ તરીકેની એકતામાં ખંડન થયું તેમ ગણાવી શકાય. કૂલે ધ્યેયોની આવી એકતા તે સામાજિક સમગ્રતા (Social Wholeness) તરીકે ઓળખાવે છે.

5. સંબંધો જ સાધ્ય :

પ્રાથમિક જૂથોમાં સભ્યો વચ્ચેના સંબંધો પોતે જ સાધ્ય કે ધ્યેય તરીકે હોય છે. તેમાં પતિ તેની પત્ની સાથેના સંબંધો, પડોશીને તેના પડોશી સાથેના સબંધોને એક મૂલ્ય તરીકે ઓળખવામાં આવે છે, એટલે કે એક સાધ્ય તરીકે ગણવામાં આવે છે. તેમાં જો સભ્યો વચ્ચે સંબંધોમાં સંઘર્ષ થાય તો તેને નિવારણ કરવાનો પ્રયાસ થાય છે. સંબંધો ન તૂટે તેની કાળજી રાખવામાં આવે છે. આમ, પ્રાથમિક જૂથમાં સંબંધો જાળવી રાખવાનો પણ ધ્યેય છે.

6. અંગત સંબંધો :

પ્રાથમિક જૂથમાં દરેક સભ્યો વચ્ચે અંગત સંબંધો હોય છે. તેમાં વ્યક્તિગત, અંગત, નિકટતા વગેરેમાં સામાજિક અંતર નથી. આવા જૂથોમાં 'તુ", "તારું' જેવાં શબ્દો વપરાય છે જેના બીજા અર્થ પણ થતા હોય છે. પણ અંગત સંબંધો લાગણી પૂર્વક જળવાયેલ હોય છે.

7. સર્વાંગી સંબંધો :

પ્રાથમિક જૂથમાં સર્વાંગી સંબંધો જોવા મળે છે. તેમાં વ્યક્તિના જીવનનાં બધા જ પાસાંઓમાં વ્યક્તિના સંપૂર્ણ સંબંધો વ્યક્ત થાય છે. સંપૂર્ણ વ્યક્તિત્ત્વ વ્યક્ત થાય છે. સભ્યો પારસ્પરિક સહકારથી રહે છે. તેમાં સંબંધો સર્વાંગી હોવાથી વ્યક્તિનું મૂલ્યાંકન તેની શક્તિના આધારે નહિ પણ ખરેખર તે શું છે તેના આધારે થાય છે. આમ, સર્વાંગી સંબંધોને પ્રાથમિક જૂથનું લક્ષણ ગણાવી શકાય છે.

8. આપમેળના સંબંધો (પ્રાકૃતિક સંબંધો) :

પ્રાથમિક જૂથમાં વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે સબંધો આપમેળના હોય છે. એટલે સ્વયં જનિત સંબંધો છે. પ્રાકૃતિક, સ્વાભાવિક રીતે તેમાં સંબંધો ઘડાય છે. તેમાં મૂળભૂત સામાજિક-ભૌતિક નિકટતાના કારણે આપમેળના સ્વરૂપે સંબંધો છે. કુટુંબ જેવા પ્રાથમિક જૂથમાં સંબંધો આપોઆપ બંધાય છે એટલે આપમેળે ઉદભવે છે.

આમ, ઉપરોક્ત પ્રમાણે પ્રાથમિક જૂથમાં લાક્ષણિકતા જોવા મળે છે. તેમાં મોઢામોઢના સબંધો એ પાયાનું લક્ષણ છે.

**પ્રાથમિક જૂથનું મહત્ત્વ :**

પ્રાથમિક જૂથો માનવસમાજમાં સાર્વત્રિક સ્વરૂપે જોવા મળે છે. મોટા ભાગની પ્રવૃત્તિઓ/ કાર્યો જૂથોમાં જ થતા હોય છે. તેથી પ્રાથમિક જૂથોનું મહત્ત્વ નીચે પ્રમાણે દર્શાવી શકાય છે.

1. માનવ પ્રકૃતિના ઘડતરમાં મહત્ત્વ :

દરેક પ્રાથમિક જૂથો માનવ પ્રકૃતિ અને સામાજિક આદર્શો ઘડવામાં મૂળભૂત ભાગ ભજવે છે તેમ કૂલે જણાવે છે, તેથી વધુમાં કૂલે પ્રાથમિક જૂથને ''દ્રેજીિર્ ંક ૐંદ્બક્રહ દ્રક્રૈંી'' તરીકે ઓળખાવે છે જન્મ સમયે બાળક પશુ સમાન હોય છે. તેને કોઈ સામાજિક ભાન કે જ્ઞાન નથી પણ પ્રાથમિક જૂથ દ્વારા તેનું માનવ ઘડતર થાય છે. કુટુંબ પ્રાથમિક જૂથ તરીકે બાળકોનું માનવઘડતર કરે છે. તે માનવી મૂલ્યોના ત્યાં બીજ રોપે છે. તથા વફાદારીપૂર્વકની ભાવનાઓ વિકસાવે છે.

2. સમાજીકરણ :

પ્રાથમિક જૂથ તરીકે કુટુંબ વ્યક્તિના સમાજીકરણમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તે સામાજિક ધોરણો, સામાજિક મૂલ્યો, સાંસ્કૃતિક વારસો વગેરે અંગેનું માર્ગદર્શન આપે છે. તેના પરિણામે આજે સાંસ્કૃતિક વારસો જળવાઈ રહેલ છે. આમ, સંસ્કૃતિનું સિંચન કરવામાં પ્રાથમિક જૂથનું મહત્ત્વ છે.

3. વ્યક્તિ તરીકેના વિકાસમાં :

પ્રાથમિક જૂથ વ્યક્તિનો વિકાસ કરવામાં અગત્યનો ફાળો આપે છે. વ્યક્તિના વ્યક્તિત્ત્વનો ઉદભવ-વિકાસ પ્રાથમિક જૂથ તરીકે કુટુંબમાં થાય છે. વ્યક્તિમાં વલણો, માન્યતાઓ, આકાંક્ષાઓ, સામાજિકતા, અનુકૂલન વગેરે ગુણો પ્રાથમિક જૂથ દ્વારા ઉદ્ભવે છે. વ્યક્તિના હેતુઓ - ધ્યેય કે ઈચ્છાઓ વગેરે પ્રાથમિક જૂથ દ્વારા પ્રાપ્ત થાય છે.

4. વ્યક્તિને સામાજિક-માનસિક સંતોષ પૂરો પાડે છે.

પ્રાથમિક જૂથો સામાજિક-માનસિક સંતોષની લાગણીઓ પૂરી પાડે છે, આવા જૂથોમાં જીવનની અંગત લાગણીઓની અભિવ્યક્તિ થાય છે. સુઃખ તથા દુઃખની લાગણીઓ વ્યક્ત થાય છે. વ્યક્તિ મા-બાપ પાસે, પત્ની પાસે, પતિ પાસે જઈને દિલ ખોલીને વાત કરી શકે છે. તેનાથી વ્યક્તિને આવા જૂથોમાં એક પ્રકારે સામાજિક-માનસિક સંતોષ અને સલામતી મળે છે. તેથી આ દૃષ્ટિએ પ્રાથમિક જૂથનું મહત્ત્વ છે.

આમ, વ્યક્તિ અને સમાજ માટે પ્રાથમિક જૂથોનું મહત્ત્વ વિશિષ્ટ સ્વરૂપે રહેલ છે. મેકાઈવર અને પેજ પ્રાથમિક જૂથને સર્વ સામાજિક સંગઠનોના કેન્દ્ર તરીકે અને સામાજિક ઘડતરના પ્રાથમિક બિંદુ તરીકે ગણે છે.

**(2) દૂરવર્તી જૂથ (ગૌણ જૂથ) :**

સામાન્ય અર્થમાં કહીએ તો દૂરવર્તી જૂથનો ખ્યાલ પ્રાથમિક જૂથથી વિરુદ્ધનો ખ્યાલ છે. તેમાં સામાન્ય રીતે જૂથના સભ્યો વચ્ચે એક બીજા સાથે નિકટતાના સંબંધો હોતા નથી. કારણ કે દૂરવર્તી જૂથ વિશાળ જૂથ છે તેની વિગતે સમજૂતી નીચે પ્રમાણે છે.

**દૂરવર્તી જૂથનો અર્થ :**

જે જૂથનું કદ વિશાળ હોય, જૂથના સભ્યોમાં નિકટવર્તી સંબંધો ન હોય, આંશિક સંબંધો હોય વગેરે સ્વરૂપના માનવ જૂથને દૂરવર્તી જૂથ કહેવામાં આવે છે.

કિંગ્સ્લે ડેવિસ જણાવે છે તે મુજબ જે જૂથનું ક્ષેત્ર વિશાળ હોય, તેના સભ્યો વચ્ચે ગાઢ નિકટતા હોતી નથી, તેને દૂરવર્તી જૂથ કહેવાય.

કેટલાક વિશિષ્ટ હિતો સંતોષવા માટે બુદ્ધિપૂર્વક, આયોજનપૂર્વક રચાતાં જૂથોને દૂરવર્તી જૂથ કહેવાય છે.

આમ, ઉપરોક્ત વ્યાખ્યા મુજબ, વિદ્યાર્થીમંડળ, મજૂરમંડળ, શિક્ષકસંઘ, કૉલેજ, યુનિવર્સિટી, શહેર સમુદાય, યુવકમંડળ, વગેરે દૂરવર્તી જૂથો છે, કારણ કે તે ચોક્કસ હેતુ માટે રચવામાં આવેલ છે. તથા આયોજનપૂર્વક રચવામાં આવેલ છે.

દૂરવર્તી જૂથનાં લક્ષણો (ઝરક્રિક્રિર્ષીજિૈંજર્ક જીર્ષહક્ષંક્રિઅ યૈં) :

માનવસમાજમાં જોવા મળતાં દૂરવર્તી જૂથો એ પ્રાથમિક જૂથથી વિરુદ્ધના લક્ષણો ધરાવે છે. તે નીચે પ્રમાણે છે.

1. વિશાળ કદ : દૂરવર્તી જૂથો એ આયોજનપૂર્વકના હોય છે. તેમાં તેનું વિશાળ એટલે મોટું કદ હોય છે.
2. ભૌતિક અંતર : દૂરવર્તી જૂથોમાં ભૌતિક અંતર હોય છે. દરેક સભ્યો દરેક સાથે પ્રત્યક્ષ રીતે સંબંધ ધરાવતા નથી. એટલે મોઢા-મોઢ વચ્ચેનો સંબંધ હોતો નથી. તેઓ એકબીજાને પ્રત્યક્ષને બદલે આડકતરી રીતે સહયોગ આપે છે. વ્યક્તિઓ વચ્ચે પરોક્ષ સંબંધો હોય છે.
3. સંબંધો ઓછા કાયમી : દૂરવર્તી જૂથોમાં સંબંધો કાયમી હોતાં નથી. તેમાં સભ્યો વચ્ચે પોતાના ધ્યેયોનો સંતોષ પૂરો થાય એટલે સંબંધનો પણ અંત આવે છે. ટૂંકમાં, વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે કાયમી સંબંધો હોતાં નથી, હોય પણ અલ્પપ્રમાણમાં ઓછા કાયમી હોય છે.
4. ધ્યેયપ્રાપ્તિમાં એકતા ઓછી : દૂરવર્તી જૂથમાં દરેક વ્યક્તિ પોતપોતાના ધ્યેયો સંતોષવામાં સક્રિય હોય છે. તેમાં જોઈએ તેટલા પ્રમાણમાં વ્યક્તિનું જીવન જૂથ જીવનમાં ઓતપ્રોત નથી, તેથી તેમાં એકતા ઓછી હોય છે.
5. સંબંધો હિત સંતોષવા માટે : દૂરવર્તી જૂથોમાં સંબંધો પોતાના હિતો સંતોષવા માટે હોય છે, એટલે વ્યક્તિઓ વચ્ચે સંબંધો પોતપોતાના હિત સંતોષવા સાધનરૂપ હોય છે.
6. બિનઅંગત અને કરારી સંબંધો : દૂરવર્તી જૂથોમાં કરાર આધારિત નીતિ-નિયમોના આધારે સંબંધો વિકસે છે. તેમાં દરેક વ્યક્તિ દરજ્જા-ભૂમિકા પ્રમાણે સંબંધો રાખે છે, એટલે તેમાં બિનઅંગત અને કરારી સંબંધો છે.
7. આંશિક સંબંધો : દૂરવર્તી જૂથમાં બધી વ્યક્તિઓ એક-બીજાથી પરિચિત હોતી નથી, તેથી તેમનામાં આંશિક સંબંધો હોય છે.

8. આયોજનપૂર્વકના અને કૃત્રિમ સંબંધો : દૂરવર્તી જૂથમાં વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે હેતુપૂર્વકના સંબંધો છે. તે આયોજનપૂર્વકના આધારે બંધાયેલ હોય છે. અમુક હિતો સંતોષવા માટે સંબંધો જોવા મળે છે.

**દૂરવર્તી જૂથોનું મહત્ત્વ :**

દૂરવર્તી જૂથોનું પણ માનવસમાજમાં મહત્ત્વ છે. વ્યક્તિઓ પોતાના હેતુઓ સિદ્ધ કરવા આયોજનપૂર્વક દૂરવર્તી જૂથો રચે છે. તેના આધારે પોતાના અમૂક હેતુઓ સિદ્ધ કરી શકે છે. પોતાના ધ્યેયોનો સંતોષ મેળવી શકે છે. શિક્ષક સંઘ, મજૂર સંઘ કે વેપારી મંડળ અથવા વિદ્યાર્થી મંડળ વગેરે જૂથોમાં કેટલાક અંશે પોતાના હિતોનો સંતોષ થતો હોય છે. આ દૃષ્ટિએ દૂરવર્તી જૂથનું મહત્ત્વ છે.

**સામાજિક જૂથોના અન્ય પ્રકારો**

સમાજશાસ્ત્રીઓએ સામાજિક જૂથોનું વર્ગીકરણ જુદી જુદી રીતે આપ્યું છે. જૂથોના આ વર્ગીકરણનો મુખ્ય આધાર કાર્ય (Functions), ક્ષેત્ર, સ્થિરતા વગેરે છે. જાર્જ સિમેલ, વૉન વિજે અને બેકરે સંખ્યાના આધારે, ટોનીજે સામાજિક આંતરક્રિયાના ગુણના આધારે, લૉવી અને મેલીનોવસ્કીએ ઉમંર, જાતિ, જાદુ અને અન્ય લક્ષણોના આધારે અને મોનિયરે લોહીના સંબંધ, સ્થાન અને ક્રિયાના આધારે જૂથોનું વર્ગીકરણ કર્યું છે. લોહીના સંબંધો અને શારીરિક વિશેષતાઓના આધારે પણ જૂથોનું વર્ગીકરણ કર્યું છે. તેવી જ રીતે આકાર, સમયગાળો અને ઇચ્છાને આધારે પણ સામાજિક જૂથોનું વર્ગીકરણ કરવામાં આવે છે.

મેકાઈવર અને પેજે સામાજિક રચનાને આધારે જૂથના ત્રણ પ્રકારોની ચર્ચા કરી છે. (1) ક્ષેત્રિય જૂથ, (2) ચોક્કસ સંગઠનવાળા જૂથ અને (3) હિતો પ્રત્યે જાગૃત જૂથ.

જર્મન સમાજશાસ્ત્રી સિમેલ આકાર (Size)ને જૂથના વર્ગીકરણનો આધાર માને છે. જોકે વ્યક્તિ પોતાની સામાજિક સ્થિતિઓની સાથે સમાજશાસ્ત્રનો મૂળભૂત એકમ છે. આથી જાર્જ સિમેલે સભ્યપદને આધારે જૂથના ત્રણ પ્રકારો જણાવ્યા છે—એકલ સમૂહ (Monaid), દ્વિસમૂહ (Dyad) અને ત્રિ સમૂહ (Triad).

ફિચર દ્વારા આપવામાં આવેલું વર્ગીકરણ - ફિચરના મતે દરેક સમાજમાં વિભિન્ન પ્રકારના કાર્યો થાય છે. આ કાર્યો સમાજને સારી રીતે ચાલુ રાખવામાં સહાયક હોય છે અને સમાજના અસ્તિત્ત્વને પણ ટકાવી રાખે છે. એને આગળ એમ પણ કહ્યું છે કે ભિન્ન-ભિન્ન પ્રકારના કાર્યો ભિન્ન-ભિન્ન જૂથો કરે છે. કોઈપણ સમાજમાં મૂળભૂત રીતે પાંચ પ્રકારના કાર્યો કરવામાં આવે છે જેને પાંચ પ્રકારના જૂથો પૂરા કરે છે :

(1) કુટુંબ સમૂહ - કુટુંબ આપણા સમાજનો મહત્ત્વનો સમૂહ છે. વ્યક્તિ પોતાના જન્મ પછી પોતાને કુટુંબમાં જુએ છે અને અહીં જ તે સામાજિક જીવનની પ્રથમ શિક્ષા ગ્રહણ કરે છે. આ રીતે આપણને જોવા મળે છે કે કુટુંબ યૌન, પ્રજનન અને બાળકોના પાલન-પોષણ સંબંધિત આવશ્યકતાઓની પૂર્તિ કરે છે. પત્ની અને બાળકોની, એક આવાસ નીચે રહેતા વ્યક્તિઓની ભાવનાત્મક આવશ્યકતાઓની પૂર્તિ થાય છે.

(2) શૈક્ષણિક સમૂહ - દરેક સમાજની એક આવશ્યકતા એ પણ હોય છે કે તે આવનારી પેઢીને સમાજની સંસ્કૃતિ અને આવશ્યકતાઓનો પરિચય કરાવે. આ કાર્યો પૂર્ણ ક2વા માટે સમાજમાં અનેક શૈક્ષણિક સંસ્થાઓ હોય છે. શાળા, કોલેજ વગેરે આવા સમૂહોના ઉદાહરણ છે. વિવિધ આદિવાસી સમાજોમાં જોવા મળતા યુવાગૃહો પણ આના ઉદાહરણ છે.

(3) રાજકીય સમૂહ - સમાજની જાળવણી કરવા માટે કાયદો અને વ્યવસ્થાની જરૂર પડે છે. આ માટે આપણને અનેક જૂથો પર આધારિત રહેવું પડે છે. રાજકીય પક્ષ, પોલીસ, ન્યાયાલય વગેરે આવા સમૂહોના ઉદાહરણ છે. આદિવાસી વિસ્તારોમાં જોવા મળતી પંચાયતી વ્યવસ્થાને પણ રાજકીય જૂથનું ઉદાહરણ માની શકાય છે.

(4) ધાર્મિક સમૂહ - પ્રારંભિક કાળથી આજ સુધી પ્રત્યેક સમાજમાં ધર્મ કોઈ ને કોઈ સ્વરૂપે ચોક્કસ જોવા મળે છે. વર્તમાન યુગને ભૌતિકવાદી દૃષ્ટિકોણ સાથે સાંકળવામાં આવે છે. તેમ છતાં ધર્મ આપણા સમાજનો એક મુખ્ય આધાર છે. ધર્મ એક માધ્યમ છે. જેની દ્વારા વ્યક્તિ પોતાને આધ્યાત્મિકતા સાથે જોડે છે અને ધર્મના તાબા હેઠળ તેને નિરાશા વખતે પણ આશાનું કિરણ દેખાય છે. વિવિધ પ્રકારના ધાર્મિક સંપ્રદાયો આવા સમૂહોના ઉદાહરણ છે.

(5) મનોરંજન સમૂહ - દ2રોજનો આપણો મોટાભાગનો સમય વિભિન્ન પ્રકારના કાર્યો કરવામાં પસાર થાય છે. જે ક્યારેક ક્યારેક કંટાળાજનક બની જાય છે. આવી સ્થિતિમાં વ્યક્તિને ઇચ્છા થાય છે કે તે થોડોક સમય મનોરંજન કાર્યોમાં પસાર કરે. નાટક-નૃત્ય, ભવઈ વગેરે મંડળિયો અને સિનેમા વગેરે આવા સમૂહોના ઉદાહરણ છે.

વ્હાઈટ સેંડરસને રચનાને આધારે જૂથોને ત્રણ શ્રેણીમાં વિભાજિત કર્યા છે. તેને જૂથોને અસ્વૈચ્છિક (Involuntary), સ્વૈચ્છિક (voluntary) અને પ્રતિનિધિ (deligate) માં વિભાજિત કર્યા છે. અસ્વૈચ્છિક જૂથ સગપણ સંબંધો (keenship) પર આધારિત છે, ઉદાહરણ : કુટુંબ. વ્યક્તિ પોતાની ઇચ્છાથી કુટુંબની પસંદગી કરતો નથી. તે કુટુંબમાં જન્મે છે. અસ્વૈચ્છિક જૂથ એ હોય છે જેમાં વ્યક્તિ પોતાની ઇચ્છાથી જોડાય છે. તે પોતાની ઇચ્છાથી એનું સભ્યપદ મેળવે છે અને જ્યારે એની ઇચ્છા થાય તે એનું સભ્યપદ છોડી શકે છે. પ્રતિનિધિ જૂથમાં વ્યક્તિ કેટલાક લોકોનાં પ્રતિનિધિ તરીકે સામેલ થાય છે. ઉદાહરણ : સંસદ એક પ્રતિનિધિ જૂથ છે.

ટોનીજે જૂથોને સમુદાયો અને મંડળોમાં વર્ગીકૃત કર્યા છે. તેઓ તેને ગેમિનશાફ્ટ (સમુદાયો) અને ગેસેલશાફ્ટ (મંડળો) કહે છે. ગેમિનશાફ્ટ પ્રાથમિક જૂથની જેમ છે અને ગેસેલશાફ્ટ ગૌણ જૂથની સમાન છે.

સી.એચ. કૂલે સંપર્કના પ્રકારોને આધારે જૂથોને પ્રાથમિક (Primary) અને ગૌણ (Secondary) માં વિભાજિત કર્યા છે. પ્રાથમિક જૂથમાં મોઢામોઢના અને ઘનિષ્ઠ સંબંધો હોય છે. ઉદાહરણ : કુટુંબ. ગૌણ જૂથમાં સંબંધો ગૌણ અથવા અવૈયક્તિક હોય છે. ઉદાહરણ : રાજ્ય અથવા રાજકીય પક્ષ.

સમનરે જૂથોને અંતઃસમૂહ (In-group) અને બાહ્યસમૂહ (Out-group) માં વર્ગીકૃત કર્યા છે એવા જૂથો જેની સાથે વ્યક્તિ તાદાતમ્ય સ્થાપિત કરે છે, તેને અંતઃસમૂહ કહે છે. તેનું કુટુંબ, જ્ઞાતિ, જાતિ, કૉલેજ, વ્યવસાય, ધર્મ વગેરે એવા સમૂહ છે જેના વિશે તે સમાનતાનો ભાવ ધરાવે છે. આ જૂથમાં અમેની ભાવના હોય છે. અંતઃસમૂહમાં સમૂહના બીજા સભ્યો પ્રત્યે સહાનુભૂતિની ભાવના હોય છે. બાહ્ય જૂથની વ્યાખ્યા અંતઃસમૂહનાં સંબંધોને ધ્યાનમાં રાખી કરવામાં આવે છે. સામાન્ય રીતે એને અમે અને તમે દ્વારા અભિવ્યક્ત કરવામાં આવે છે. પ્રત્યેક જૂથને એ ખબર હોય છે કે તેઓ અમારી સાથે નથી. અમે લોકતંત્રીય છીએ, તેઓ સામ્યવાદી છે, અમે હિંદુ છીએ, તેઓ મુસલમાન છે, અમે બ્રાહ્મણ છીએ, તેઓ જૈન છે. એવું દૃષ્ટિકોણ સ્પષ્ટ હોય છે કે, 'આ મારા લોકો છે, તે મારા લોકો નથી.' અંતઃસમૂહના સભ્યોમાં એકબીજા પ્રત્યે સંલગ્નતાનો ભાવ જન્મે છે જયારે બાહ્યજૂથના સભ્યો પ્રત્યે વિમુખતા અને શત્રુતાની

ભાવના ઉત્પન્ન કરે છે.

વ્યક્તિનું જીવન સાચા અર્થમાં સામૂહિક જીવન છે. સમાજશાસ્ત્રીય અભ્યાસોમાં સામાજિક જૂથોનો વિશેષ મહત્ત્વ છે. દરેક પ્રકારનું જૂથ વ્યક્તિનું સામાજીકરણ કરે છે. તે વ્યક્તિને પોતાના સમાજના મૂલ્યો અને તેના પ્રત્યે બીજા લોકોની અપેક્ષાઓથી પરિચિત કરાવે છે. બધા સામાજિક જૂથો વ્યક્તિને સામાજિક ક્રિયાઓમાં ભાગ લેવા માટે પ્રેરણા આપે છે. તે વ્યક્તિને સફળતા અને અસફળતા વચ્ચે અનુકૂલન સાધવાનું શિખવાડે છે. વ્યક્તિને જીવન પ્રત્યે આશાવાદી બનાવે છે.

## 4.3 ઉપસંહાર

સામાજીકરણ વ્યક્તિ અને સંસ્કૃતિ વચ્ચેનો સંબંધ જોડી આપે છે. આંતરક્રિયાના પરિણામે સમાજનાં સામાજિક-સાંસ્કૃતિક મૂલ્યો અને ધોરણો સમાજમાં નવા જન્મેલાં બાળકોમાં અંતર્ગત થાય છે. આથી બાળકો પોતાની ભાવિ સમાજિક ભૂમિકાઓ ભજવવા માટે લાયક બને છે. આમ, વ્યક્તિત્ત્વનો વિકાસ કરવો, સંસ્કૃતિનું સંવાહન કરીને તેનું સાતત્ય ટકાવી રાખવું અને સાથોસાથ સમાજને સભાન સભ્યો પૂરાં પાડવા એ વિવિધ કાર્યો સામાજીકરણ દ્વારા થાય છે. બીજી રીતે કહીએ તો સામાજીકરણની પ્રક્રિયા વ્યક્તિ, સમાજ અને સંસ્કૃતિ એ ત્રણેયને ટકાવી રાખતી અને એકંદરે એ ત્રણેનો સમન્વય કરતી મહત્ત્વની સામાજિક પ્રક્રિયા છે. આ વિશેનો વધુ સ્પષ્ટ ખ્યાલ સામાજીકરણ, વ્યક્તિમત્તા અને સંસ્કૃતિ વચ્ચેના આંતરસંબંધ પરથી આવી શકશે.

વ્યક્તિનું જીવન સાચા અર્થમાં સામૂહિક જીવન છે. સમાજશાસ્ત્રીય અભ્યાસોમાં સામાજિક જૂથોનો વિશેષ મહત્ત્વ છે. દરેક પ્રકારનું જૂથ વ્યક્તિનું સમાજીકરણ કરે છે. તે વ્યક્તિને પોતાના સમાજના મૂલ્યો અને તેના પ્રત્યે બીજા લોકોની અપેક્ષાઓથી પરિચિત કરાવે છે. બધા સામાજિક જૂથો વ્યક્તિને સામાજિક ક્રિયાઓમાં ભાગ લેવા માટે પ્રેરણા આપે છે. તે વ્યક્તિને સફળતા અને અસફળતા વચ્ચે અનુકૂલન સાધવાનું શિખવાડે છે. વ્યક્તિને જીવન પ્રત્યે આશાવાદી બનાવે છે. વધુમાં, આ એકમમાં સામૂહિક જીવનના લક્ષણોને ઉદાહરણ દ્વારા સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. સાથેસાથે સામાજિક જૂથોનું વર્ગીકરણ પણ સમજાવ્યું છે.

## 4.3 તમારી પ્રગતિ તપાસો

1. સામાજીકરણની પરિભાષાઓ સમજાઓ .

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

2. સામાજીકરણની એજન્સી તરીકે કુટુંબ અને શાળા વિશે ટૂંકમાં સમજાઓ

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..................................................................

3. સામાજીકરણની એજન્સી તરીકે સંપર્ક જૂથો અને માસ મીડિયા વિશે ટૂંકમાં સમજાઓ

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

4. સામાજિક જૂથની પરિભાષાઓ સ્પષ્ટ કરો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

5. સામૂહિક જીવનના લક્ષણો ઉદાહરણો સહિત સમજાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

6. સામાજિક જૂથોનું વર્ગીકરણ

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 4.5 ખાલી જગ્યા પૂરો.

1. વ્યક્તિનું જીવન સાચા અર્થમાં ......... છે.
   (સામાજિક જીવન, સામૂહિક જીવન, નાગરિક જીવન)
2. જૂથ વ્યક્તિનું ........ કરે છે. (સમાજીકરણ, પશ્ચિમીકરણ, સ્થાનીયકરણ)
3. જૂથના સભ્યોમાં પરસ્પર ......... હોય છે. (સમાજ, સંબંધ, વ્યવસ્થા)
4. ............ એ સામાજિક રચનાને આધારે જૂથના પ્રકારો દર્શાવ્યા છે. (ફિચર, સિમેલ,

મેકાઈવર અને પેજ)

5. ………. એ જૂથોને સમુદાયો અને મંડળોમાં વર્ગીકૃત કર્યા છે. (ટોનીજ, સેંડરસન, ફિચર)

6. ………… સંપર્કના પ્રકારોને આધારે જૂથોને પ્રાથમિક અને ગૌણમાં વિભાજિત કર્યા છે. (સિમેલ, ટોનીજ, સી.એચ. કૂલે)

7. ………… જૂથોને અંતઃસમૂહ અને બાહ્ય સમૂહમાં વર્ગીકૃત કર્યા છે. (સેંડરસન, સમનર, સી.એચ. કૂલે )

## 4.6 સંદર્ભ સૂચિ :


- ડૉ. અક્ષયકુમાર આર. દેસાઈઃ 'સમાજ' (મકઆઈવર અને પેજ કૃત 'society'નો અનુવાદ) ભાગ-1, ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન, અમદાવાદ-9
- ડૉ. તારાબેન પટેલ : 'સમાજશાસ્ત્રનાં મૂળતત્ત્વો', ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન, અમદાવાદ-9
- ડૉ. અનીલ એસ. વાઘેલાઃ 'સમાજશાસ્ત્રનો પરિચય' યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય અમદાવાદ-6
- શર્મા, રામનાથ અને શર્મા રાજેન્દ્ર (1995), 'સમાજશાસ્ત્ર કે સિદ્ધાંત' એટલાન્ટિક પબ્લિશર્સ એન્ડ ડિસ્ટ્રીબ્યુટર્સ, દિલ્લી.
- શાહ એ.જી. અને દવે જે.કે., (1997), 'સમાજશાસ્ત્ર પરિચય', અનડા પ્રકાશન, અમદાવાદ.

**सत्यकेतु विद्यालंकार : 'समाजशास्त्र', सरस्वती सदन, मसूरी.**

એકમ 5

# સામાજિક નિયંત્રણ અને સામાજિક પરિવર્તન

-: રૂપરેખા :-


**5.0 એકમનાં હેતુઓ**

**5.1 સામાજિક નિયંત્રણ**

**5.2 સામાજિક પરિવર્તન**

**5.3 સાંસ્કૃતિક મંદતા**

**5.4 ઉપસંહાર**

**5.5 ચાવી રૂપ શબ્દો**

**5.6 તમારી પ્રગતિ તપાસો**

**5.7 સંદર્ભ સૂચિ**


## 5.0 એકમનાં હેતુઓ

આ એકમના અભ્યાસ પછી તમે નીચેની બાબતો જાણશો, સમજશો અને તપાસી શકશો.

- સામાજિક નિયંત્રણનો અર્થ અને વ્યાખ્યા સામાજિક નિયંત્રણની જરૂરિયાત સામજિક નિયંત્રણનું મહત્ત્વ સમજી શકશો.
- જુદાજુદા વિચારકોએ આપેલ સામાજિક નિયંત્રણના સ્વરૂપને સમજી શકશો સામાજિક નિયંત્રણ કઈ કઈ રીતે થાય છે તે સમજી શકાશે.

## 5.1 સામાજિક નિયંત્રણ (social control)

સામાજિક નિયંત્રણ એ વ્યક્તિ પર સમાજનું નિયંત્રણ છે. વ્યક્તિની કેટલીક વૃત્તિઓ સમાજ માટે ફાયદાકારક અને કેટલીક હાનિકારક હોય છે. લાભદાયક વૃત્તિઓને કાબૂમાં લેવાનો પ્રશ્ન જ નથી. તેથી, સામાજિક નિયંત્રણ વ્યક્તિની અશુભ વૃત્તિઓને નિયંત્રિત કરે છે. પરંતુ શું સામાજિક નિયંત્રણ માત્ર નકારાત્મક છે ? શું તેમનું કામ માત્ર અમુક વૃત્તિઓને કાબૂમાં રાખવાનું છે ? ના, સામાજિક નિયંત્રણ એવી પરિસ્થિતિઓ બનાવે છે જેમાં માણસ સામાજિક બને છે અને તે અસામાજિક કાર્ય કરતો નથી. સામાજિક નિયંત્રણના આ કાર્યમાં મદદરૂપ થતી તમામ પ્રક્રિયાઓ, પદ્ધતિઓ, નિયમો, ધોરણો વગેરેનો સમાવેશ થાય છે. આમ સામાજિક નિયંત્રણ તે એક વ્યાપક પર્યાપ્ત શબ્દ છે. આ સરકારી નિયંત્રણ નથી. સરકારી નિયંત્રણ બળના ઉપયોગ પર આધારિત છે અને બહારથી વ્યક્તિ પર લાદવામાં આવે છે. સામાજિક નિયંત્રણ એ સ્વ નિયંત્રણ છે. તે પણ સમાજના બદલાવ સાથે બદલાતું રહે છે.

આ સંદર્ભમાં જહોનસન કહે છે કે, વધુ યોગ્ય રીતે સંસ્થીકૃત થયેલાં ધોરણો હોવા છતાં પણ સમાજમાં હંમેશાં ધોરણભંગ વર્તનની મનોવૃત્તિ ચોક્કસપણે જોવા મળે છે, જે કેટલીક વખત વિઘટનકારી પણ હોય છે. પરિણામે આવી ધોરણભંગ વર્તનની મનોવૃત્તિને અંકુશમાં રાખવા માટે સામાજિક નિયંત્રણના ક્રિયાતંત્રની અનિવાર્ય રીતે જરૂર પડે છે.

આથી સામાજિક વ્યવસ્થાને જાળવી રાખવા માટે આવાં વિઘટનકારી ધોરણભંગ વર્તનો

ઉપર નિયંત્રણ રાખવું જરૂરી છે, એટલુ જ નહીં પણ પ્રત્યેક સામાજિક વ્યવસ્થાનુ તે એક આવશ્યક કાર્ય છે. આ રીતે જોતાં સામાજિક નિયંત્રણ પ્રત્યેક સમાજનું એક આવશ્યક અને અનિવાર્ય લક્ષણ છે.

**સામાજિક નિયંત્રણનો અર્થ**

સમાજશાસ્ત્રીઓએ સામાજિક નિયંત્રણની એક સમાન હોય તેવી વ્યાખ્યા આપી નથી. કેટલીક મુખ્ય વ્યાખ્યાઓ આ પ્રમાણે છે-

(1) બ્રિયરલીનો અભિપ્રાય - ''સામાજિક નિયંત્રણ એ સંગઠિત અથવા અસંગઠિત ક્રિયાઓ અને માધ્યમો માટે એક સામૂહિક શબ્દ છે, જેના દ્વારા વ્યક્તિઓને તે જૂથોના જીવનના રિવાજો અને મૂલ્યોનું પાલન કરવા માટે જૂથના સભ્યોને શીખવવામાં આવે છે, સમજાવવામાં આવે છે અથવા ફરજ પાડવામાં આવે છે.'' આ વ્યાખ્યા પરથી સ્પષ્ટ થાય છે કે સામાજિક નિયંત્રણમાં તે તમામ નિયંત્રણોનો સમાવેશ થાય છે જેના દ્વારા વ્યક્તિ જૂથના નિયમોનું પાલન કરે છે.

(2) ગિલિન અને ગિલિનનો અભિપ્રાય - ''સામાજિક નિયંત્રણ એ સૂચન, સમજાવટ, અવરોધ અને દબાણ જેવા પગલાંની એક પ્રણાલી છે જેમાં શારીરિક બળના ઉપયોગ સાથે એવા બધા સાધનોનો સમાવેશ થાય છે કે જેના દ્વારા સમાજ એક પેટા-જૂથને વર્તનની સ્વીકૃત પેટર્નને અનુરૂપ બનાવે છે અથવા જેના દ્વારા જૂથ તેના સભ્યોના વર્તનને પોતાને અનુરૂપ બનાવે છે.'' આમ સામાજિક નિયંત્રણમાં એવા બધા સાધનો(માધ્યમો)નો સમાવેશ થાય છે કે જેના દ્વારા વ્યક્તિ અને જૂથ સમાજ પ્રમાણે ઘડાય છે.

(3) પાર્ક અને બર્ગેસનો અભિપ્રાય - ''સામાન્ય રીતે, આપણે જેને સામાજિક નિયંત્રણ તરીકે સમજીએ છીએ તે કોઈપણ વ્યક્તિ, અધિકારી, કર્મશીલ અથવા નેતાનું સામાજિક પ્રક્રિયામાં મનસ્વી હસ્તક્ષેપ છે.'' સામાજિક નિયંત્રણની આ વ્યાખ્યા અધૂરી છે. સામાન્ય રીતે, સામાજિક નિયંત્રણ એ વ્યક્તિનું નિયંત્રણ નથી પરંતુ જૂથનું નિયંત્રણ છે અને તે હંમેશા નિરંકુશ હોતું નથી.

(4) ઓગબર્ન અને નિમકોફનો અભિપ્રાય - ''સમાજ વ્યવસ્થા અને સ્થાપિત નિયમો જાળવવા માટે એક સમાજ જે દબાણનો ઉપયોગ કરે છે તેને તેની સામાજિક નિયંત્રણની વ્યવસ્થા કહેવામાં આવે છે.'' આ વ્યાખ્યા અનુસાર સામાજિક નિયંત્રણ દબાણની પેટર્ન છે.

(5) મેકઆઈવર અને પેજ - ''સામાજિક નિયંત્રણ એ એવી રીતનો સંદર્ભ આપે છે કે જેમાં સમગ્ર સામાજિક વ્યવસ્થા સમન્વયિત રહે છે અને પોતાની જાતને જાળવી રાખે છે - અથવા જેના દ્વારા સમગ્ર વ્યવસ્થા ચલ સંતુલન તરીકે કાર્ય કરે છે.'' આમ, સામાજિક નિયંત્રણ એ સામાજિક વ્યવસ્થાનો માર્ગ છે.

(6) ગુરવિચ અને મૂર - ''સામાજિક નિયંત્રણને સાંસ્કૃતિક ધોરણો, સામાજિક પ્રતીકો, સામૂહિક આધ્યાત્મિક અર્થ, મૂલ્યો, વિચારો અને આદર્શો અને તેમની સાથે સીધી રીતે સંબંધિત ક્રિયાઓ અને પ્રક્રિયાઓના સરવાળા અથવા કુલ તરીકે વ્યાખ્યાયિત કરી શકાય છે, જેના દ્વારા સમગ્ર સમાજ, દરેક ચોક્કસ જૂથ અને દરેક સહભાગી વ્યક્તિગત સભ્ય અસ્થાયી સંતુલન દ્વારા તેમની અંદરના તણાવ અને સંઘર્ષોને દૂર કરે છે અને નવા સર્જનાત્મક ઉકેલો માટે પગલાં લે છે.''

સામાજિક નિયંત્રણની આ વ્યાખ્યા ખૂબ વ્યાપક છે. તેમાં સામાજિક નિયંત્રણ અને સામાજિક નિયંત્રણના બંને પ્રતિબંધાત્મક અને રચનાત્મક પાસાઓનો સમાવેશ થાય છે

અને તે સામાજિક નિયંત્રણના માધ્યમો અને પ્રક્રિયાઓ તરફ પણ સંકેત છે.

(7) સ્મિથના મતે, "સમાજના કેટલાક ઉદ્દેશ્યો હોય છે. આ હેતુઓ હાંસલ કરવા માટે, સમાજ સામૂહિક રીતે ચોક્કસ માધ્યમોનો ઉપયોગ કરે છે. આ માધ્યમોનો ઉપયોગ જાણી જોઈને કરવામાં આવે છે અને તેની પાછળ સમાજની શક્તિ છે." આ રીતે, સામાજિક નિયંત્રણ એ ચોક્કસ માધ્યમોના ઉપયોગ દ્વારા સમાજના પૂર્વનિર્ધારિત લક્ષ્યોની સામૂહિક સિદ્ધિ છે.

(8) પૌલ એચ. લેન્ડિસના જણાવ્યા મુજબ, "સામાજિક નિયંત્રણ એ સામાજિક પ્રક્રિયાઓની શ્રેણી છે જેના દ્વારા વ્યક્તિને જૂથ પ્રત્યે જવાબદાર બનાવવામાં આવે છે, જેના દ્વારા સામાજિક સંગઠન બનાવવામાં આવે છે અને જાળવવામાં આવે છે... જેમાં સમાજીકરણ દ્વારા વ્યક્તિત્ત્વનું ઘડતર કરવામાં આવે છે."

(9) રોસે 'Social Control' નામના પુસ્તકમાં, સામાજિક નિયંત્રણને ખૂબ જ વ્યાપક અર્થમાં સમજાવ્યું છે. તેમના મતે, સામાજિક નિયંત્રણમાં તે તમામ શક્તિઓનો સમાવેશ થાય છે જેના દ્વારા સમુદાય વ્યક્તિને તેના બીબામાં ઘડે છે. આમ, સામાજિક નિયંત્રણમાં, રીતિ-રિવાજો, સામાજિક ધર્મ, વ્યક્તિગત ધોરણો, જાહેર અભિપ્રાય, કાયદો, માન્યતા, ઉજવણી, કલા, જ્ઞાન, સામાજિક મૂલ્યો વગેરે એ બધાં તત્ત્વો છે જેના દ્વારા જૂથનું વ્યક્તિ પર અથવા સમાજનું જૂથ પર નિયંત્રણ હોય છે. આને કારણે, સમાજમાં વ્યવસ્થા જળવાઈ રહે છે. અને વ્યક્તિગત વર્તનની મર્યાદાઓ નિશ્ચિત રહે છે. તેના વિના, સમાજનું જીવન આગળ વધી શકતું નથી. સામાજિક નિયંત્રણ, જેમ કે ઘણા સમાજશાસ્ત્રીઓ માને છે, તે સ્થિરતા તરફ પક્ષપાતી નથી. તે પ્રતિબંધિત તેમજ સર્જનાત્મક છે.

(10) એલ.ટી. હોબહાઉસના મતે, "તે પ્રગતિનું સમાજશાસ્ત્ર (Sociology of Progress) છે."

(11) કુલેના મતે, "સામાજિક નિયંત્રણ એ સમાજનું સ્વ-નિયંત્રણ છે."

ટૂંકમાં, સામાજિક નિયંત્રણ તે પ્રણાલીઓ, માધ્યમો અથવા પ્રક્રિયાઓનો ઉલ્લેખ કરે છે જેના દ્વારા સમાજમાં વ્યવસ્થા જાળવવામાં આવે છે અને સામાજિક જીવન ચાલે છે. જેમાં શિક્ષણ, પરંપરા, કાયદો, સિદ્ધાંતો, કલા, જાહેર અભિપ્રાય, પ્રચાર, મૂલ્યો, ધોરણો વગેરેનો સમાવેશ થાય છે.

**સામાજિક નિયંત્રણના સ્વરૂપો**

સામાજિક નિયંત્રણના સ્વરૂપો અંગે સમાજશાસ્ત્રીઓના જુદા જુદા મંતવ્યો છે :

(1) કાર્લ મેનહીમનો અભિપ્રાય - કાર્લ મેનહીમ નીચેના બે પ્રકારના સામાજિક નિયંત્રણને ધ્યાનમાં લે છે :

(અ) પ્રત્યક્ષ સામાજિક નિયંત્રણ - આ વ્યક્તિની નજીક રહેતા લોકોની પ્રતિક્રિયાઓ દ્વારા વ્યક્તિના વર્તનનું નિયંત્રણ છે. આ નિયંત્રણ પ્રાથમિક જૂથો કુટુંબ, પડોશી, રમતગમત જૂથ વગેરેમાં જોવા મળે છે. માતાપિતા, શિક્ષકો, સાથી ખેલાડીઓ, સહપાઠીઓ, પડોશીઓ અને સહકાર્યકરોના અભિપ્રાયો વ્યક્તિ પર મોટી અસર કરે છે. વ્યક્તિનું વર્તન તેની ટીકા, વખાણ, સૂચનો અને વિનંતીઓ વગેરે દ્વારા નિયંત્રિત થાય છે. આ સીધું એટલે કે પ્રત્યક્ષ નિયંત્રણ છે.

(બ) પરોક્ષ સામાજિક નિયંત્રણ - આ વ્યક્તિથી દૂર રહેલા પરિબળો દ્વારા વ્યક્તિના

વર્તનનું નિયંત્રણ છે. વ્યક્તિનું આ પ્રકારનું નિયંત્રણ ગૌણ જૂથો દ્વારા કરવામાં આવે છે. આમાં મુખ્ય માધ્યમો પરંપરાગત સંસ્થાઓ, તર્કસંગત વર્તન, પરિસ્થિતિઓમાં ફેરફાર અને સામાજિક પદ્ધતિઓ વગેરે છે. પરોક્ષ નિયંત્રણના માધ્યમો છુપાયેલા અને સૂક્ષ્મ છે. આજના જટિલ સમાજમાં જાહેર અભિપ્રાય, કાયદો, રિવાજ વગેરેની સમાન અસર છે. એવું નથી કે આ નિયંત્રણ પાછળ કોઈ લોકો હોતા નથી, પરંતુ તેઓ અસરગ્રસ્ત વ્યક્તિને દેખાતા નથી.

(2) કિમ્બોલ યંગ નો અભિપ્રાય - કિમ્બોલ યંગે રિવાજોના દૃષ્ટિકોણથી સામાજિક નિયંત્રણના સ્વરૂપોને વિભાજિત કર્યા છે. આમ, સામાજિક નિયંત્રણને નીચેના બે ભાગોમાં વિભાજિત કરવામાં આવ્યું છે -

(અ) હકારાત્મક - તેમાં સામાજિક નિયંત્રણની પુરસ્કાર નીતિનો સમાવેશ થાય છે. પુરસ્કારોની વ્યક્તિની ક્રિયાઓ પર મોટી અસર પડે છે. સમાજના મોટાભાગના લોકો સમાજમાંથી ઈનામ મેળવવા ઈચ્છે છે. તેથી, તેઓ હંમેશા સમાજ દ્વારા સ્વીકૃત પરંપરાઓ, રિવાજો, મૂલ્યો અને ધોરણોને અનુસરવાનો પ્રયાસ કરે છે. બદલામાં તેઓને સામાજિક ખ્યાતિ, સન્માન વગેરેના રૂપમાં પુરસ્કારો મળે છે.

(બ) નકારાત્મક - આમાં સામાજિક નિયંત્રણની તે પદ્ધતિઓનો સમાવેશ થાય છે જેમાં વ્યક્તિને સજાનો ડર બતાવીને કોઈપણ કામ કરતા અટકાવવામાં આવે છે. જ્યારે સમાજ લોકોને પુરસ્કારો દ્વારા અમુક પ્રકારની વર્તણૂક કરવા માટે પ્રોત્સાહિત કરે છે, તે તેમને સજા દ્વારા ઘણી વસ્તુઓ કરવાથી પણ અટકાવે છે. આ સજા હળવી, કઠોર, મૌખિક અથવા શારીરિક હોઈ શકે છે. નિંદા, કટાક્ષ, ઉપહાસ વગેરે મૌખિક સજાના ઉદાહરણો છે. શારીરિક સજાનું ઉદાહરણ એવી વ્યક્તિને જાતિમાંથી બાકાત કરવાનું છે. આ સજાઓના ડરને કારણે લોકો સમાજ દ્વારા સ્વીકૃત રિવાજો, પરંપરાઓ, મૂલ્યો અને ધોરણો વગેરે વિરુદ્ધ વર્તન કરતા ડરે છે.

(3) ગુરવિચનો અભિપ્રાય - ગુરવિચે સામાજિક નિયંત્રણને નીચેના ચાર સ્વરૂપોમાં વિભાજિત કર્યા છે -

(1) સંગઠિત સામાજિક નિયંત્રણ - તેના બે સ્વરૂપો પણ છે - મનસ્વી અને લોકશાહી. આ સામાજિક નિયંત્રણના સરળ સ્વરૂપો દ્વારા નક્કી કરવામાં આવે છે.

(2) સંગઠન સહિત સામાજિક નિયંત્રણ - આ સાંસ્કૃતિક પ્રથાઓ અને પ્રતીકો દ્વારા થાય છે. તે રોજિંદા જીવનની કામગીરી સાથે સંબંધિત છે અને લવચીક છે. તમામ સંસ્થાઓ સહિત ધાર્મિક વિધિઓ, પરંપરાઓ, દૈનિક વ્યવહાર, ફેશન અને પ્રતીકો વગેરે સામાજિક નિયંત્રણો છે.

(3) સ્વયંસ્ફુરિત સામાજિક નિયંત્રણ - તે મૂલ્યો, ધોરણો અને વિચારો દ્વારા કરવામાં આવતું નિયંત્રણ છે.

(4) વધુ સ્વયંસ્ફુરિત સામાજિક નિયંત્રણ - આ સીધા સામૂહિક અનુભવો, આકાંક્ષાઓ અને ઘડતર દ્વારા કરવામાં આવતું સામાજિક નિયંત્રણ છે.

(5) અન્ય મંતવ્યો - ઉપરોક્ત સ્વરૂપના સામાજિક નિયંત્રણ ઉપરાંત, ઔપચારિક અને અનૌપચારિક પ્રકારોને પણ ધ્યાનમાં લેવામાં આવ્યા છે. ઔપચારિક સામાજિક નિયંત્રણમાં તે પદ્ધતિઓનો સમાવેશ થાય છે જે ઇરાદાપૂર્વક નિયંત્રિત

કરવા માટે બનાવવામાં આવે છે જેમ કે સરકારી કાયદા, પોલીસ, લશ્કર, જેલ, સજા, કાયદો વગેરે. અનૌપચારિક સામાજિક નિયંત્રણમાં તે પદ્ધતિઓનો સમાવેશ થાય છે જે સમાજની જરૂરિયાતો જેમ કે રિવાજો, પરંપરાઓ, રૂઢિઓ, સામાજિક ધોરણો વગેરે અનુસાર આપમેળે વિકસિત થાય છે. હેજે સામાજિક નિયંત્રણના બે પ્રકારો ગણ્યા છે - (1) પ્રતિબંધ દ્વારા નિયંત્રણ (Control by Sanction) - આમાં, ગુનેગારને સજા કરીને અને પાલન કરનારને પુરસ્કાર આપીને સામાજિક નિયંત્રણ કરવામાં આવે છે. (2) સમાજીકરણ અને શિક્ષણ દ્વારા નિયંત્રણ (Control by Socialization and Education).

**સામાજિક નિયંત્રણની એજન્સીઓ**

સામાજિક નિયંત્રણના પ્રત્યક્ષ, પરોક્ષ, ઔપચારિક અને અનૌપચારિક ઘણી એજન્સીઓ કે માધ્યમો છે. રોસે કુટુંબ, શિક્ષણ, માન્યતાઓ અને ધર્મ, સામાજિક પ્રતીકો, સામાજિક ધોરણો, ધાર્મિક વિધિઓ અને તહેવારો, કળા, નેતૃત્વ, કાયદો અને શાસન અને શારીરિક શક્તિને સામાજિક નિયંત્રણના મહત્ત્વપૂર્ણ માધ્યમ તરીકે ગણ્યા છે. ગીડીન્ગ્સે માન્યતા, સામાજિક પ્રતીકો, ધર્મ, સામાજિક ધોરણો, સામાજિક ઉજવણીઓ, કલા, નેતૃત્વ, બૌદ્ધિક પરિબળો, શિક્ષણ અને પ્રચાર, કાયદો અને વહીવટ અને સત્તાને સામાજિક નિયંત્રણના મહત્ત્વપૂર્ણ માધ્યમો ગણ્યા છે.

(1) સામાજિક નિયંત્રણની એજન્સી તરીકે પ્રથાઓ - સમાજમાં વ્યક્તિઓના વર્તનને નિયંત્રિત કરવામાં પ્રથાઓ કે રિવાજોનું ખૂબ મહત્ત્વ છે. તેઓ વ્યક્તિના જીવનને એવી રીતે નિયંત્રિત કરે છે કે તેના પર ન્યૂનતમ દબાણ હોય. સામાન્ય રીતે, લોકો પોતે રિવાજોનું પાલન કરવા માંગે છે. જેના કારણે એક તરફ તેઓ સમાજના વિરોધ અને ઉપેક્ષાથી બચી જાય છે અને બીજી તરફ તેમને દરેક બાબતમાં નવેસરથી વિચારવું પડતું નથી. વ્યવહાર દ્વારા, તેઓ જીવનની દરેક વસ્તુ અને ક્રિયામાં સ્પષ્ટ માર્ગદર્શન મેળવે છે. ઉદાહરણ - હિંદુઓની દિનચર્યા, શિક્ષણ, રીતભાત અને લગ્ન વગેરે જેવા પ્રસંગો માટે અમુક રિવાજો છે. વર્ણાશ્રમ પ્રણાલીઓ આ પ્રથાઓને વધુ વ્યવસ્થિત બનાવી છે. તેથી, હિંદુએ આ બધા વિશે વિચારવાની જરૂર નથી અને તેનું જીવન સદીઓના અનુભવોથી વિકસિત પ્રથાઓ અનુસાર સરળતાથી ચાલે છે. ગિન્સબર્ગે કહ્યું છે કે રિવાજો આપણા જીવનમાં એ જ કામ કરે છે જે રીતે મૂળભૂત વૃત્તિ જીવંત માણસોમાં કરે છે. મૂળભૂત વૃત્તિ જીવોને જીવન સંઘર્ષમાં માર્ગદર્શન આપે છે.

(2) સામાજિક નિયંત્રણની એજન્સી તરીકે પરંપરાઓ - પરંપરાઓ માનવીને સામાજિક જીવનમાં માર્ગ બતાવે છે. નાનપણથી જ માણસને તેમને અનુસરવાની ટેવ પડી જાય છે અને કોઈપણ સંકોચ વિના તેમના અનુસાર કાર્ય કરે છે. આ પરંપરાઓ સામાજિક વારસા તરીકે આગામી પેઢી સુધી પહોંચાડવામાં આવે છે. સામાન્ય રીતે વ્યક્તિમાં પ્રથાઓનો વિરોધ કરવાની હિંમત હોતી નથી. કેટલીકવાર હાનિકારક પ્રથાઓ પણ સેંકડો વર્ષો સુધી ચાલુ રહે છે, કારણ કે પ્રથમ, બધા લોકો તેને હાનિકારક માનતા નથી અને બીજું, જેઓ તેને હાનિકારક માને છે તેઓ પણ તેનો વિરોધ કરવાની હિંમત કરતા નથી. કોઈ વિરલ હિંમતવાન વ્યક્તિ જ રિવાજો બદલી નાખે છે, તેનો વિરોધ થાય છે, ક્યારેક તેનો જીવ પણ જોખમમાં મુકાય છે, પરંતુ ધીમે ધીમે અન્ય લોકો પણ તેના પર વિશ્વાસ કરવા માંડે છે અને આમ રિવાજો બદલાતા રહે છે. પરંતુ આનાથી વ્યક્તિના વર્તનને નિયંત્રિત કરવામાં તેમનો પ્રભાવ ઓછો થતો નથી.

(3) સામાજિક નિયંત્રણની એજન્સી તરીકે કાયદો - કાયદો એ સામાજિક નિયંત્રણનું મુખ્ય

માધ્યમ છે. સમાજમાં વ્યક્તિઓના વર્તનને નિયંત્રિત કરવા માટે રાજય કાયદા બનાવે છે. આ કાયદાઓનો અનાદર અને ઉલ્લંઘન કરવા પર સરકાર દ્વારા સજા કરવામાં આવે છે. આમ, કાયદાનું નિયંત્રણ એ વહીવટી સત્તાનું નિયંત્રણ છે જે સરકારી અધિકારીઓમાં રહે છે. પોલીસ અને કોર્ટ અને ક્યારેક કાયદાની મદદથી કાયદાનો અમલ કરવામાં આવે છે. રોસના મતે, ''કાયદો એ સમાજ દ્વારા ઉપયોગમાં લેવાતા સામાજિક નિયંત્રણનું સૌથી વિશિષ્ટ અને સંપૂર્ણ માધ્યમ છે. રોસે કાયદાના બે કાર્યો આપ્યા છે - (1) વ્યક્તિઓના કેટલાક હિંસક કૃત્યોને દબાવવા માટે કાયદો, (2) વ્યક્તિઓને અન્યના અધિકારોની કાળજી લેવા અને સહકારથી કામ કરવા દબાણ કરવા માટે કાયદો. આમ, કાયદો માત્ર સમાજનું રક્ષણ કરતું નથી પરંતુ તેનું કલ્યાણ પણ કરે છે. આધુનિક રાજય કલ્યાણકારી રાજ્ય છે. તેથી, આધુનિક રાજ્યોમાં, કાયદો જીવનના તમામ પાસાઓમાં પ્રવેશી રહ્યો છે. જ્યારે કાયદો ગુનેગારોના કાર્યના અવકાશને મર્યાદિત કરે છે, ત્યારે તે અન્ય લોકોને સજાનો ડર બતાવીને ગુનાઓ કરતા અટકાવે છે. જયાં તે કાયદાનું પાલન કરતા લોકોથી કાયદાનું રક્ષણ કરે છે, જેઓ કાયદાનું પાલન કરતા નથી, તે દરેક વ્યક્તિને અન્યના માર્ગમાં અવરોધો ઉભા કરતા અટકાવે છે. આમ કાયદા રાજ્યની વ્યક્તિઓના વર્તનને નિયંત્રિત કરે છે અને દરેકને આગળ વધવાની તક આપે છે.

(4) સામાજિક નિયંત્રણની એજન્સી તરીકે શિક્ષણ - શિક્ષણ એ સામાજિક નિયંત્રણનું ખૂબ મહત્ત્વનું માધ્યમ છે. તેના દ્વારા સામાજિક વારસો એક વ્યક્તિમાંથી બીજામાં અને એક જૂથમાંથી બીજા જૂથમાં પ્રસારિત થાય છે. તેના દ્વારા વ્યક્તિને સામાજિક પ્રથાઓ, પરંપરાઓ, રિવાજો અને વર્તન વિશે જાગૃત કરવામાં આવે છે. શિક્ષણ સંસ્કૃતિનો વિકાસ કરે છે. તે સામાજિક કાર્યક્ષમતા વધારે છે. વ્યક્તિને આત્મનિર્ભર બનાવીને સમાજની આર્થિક પ્રગતિમાં મદદ કરે છે. તે રાષ્ટ્ર માટે સારા નાગરિકો બનાવે છે. તે સામાજિક પ્રગતિના માર્ગમાં આવતા અવરોધોને દૂર કરીને સમાજની પ્રગતિમાં મદદ કરે છે. તે રાષ્ટ્રવાદ અને આંતરરાષ્ટ્રીયતાની લાગણી વિકસાવે છે અને લોકોને એકબીજાને સમજવામાં મદદ કરે છે. આમ, શિક્ષણ વિના સામાજિક જીવનમાં સંકલન અને વ્યવસ્થા અશક્ય છે. વોર્ડે શિક્ષણના કાર્યને જ્ઞાનની વૃદ્ધિ તરીકે ગણાવ્યું છે. શિક્ષણના ઇતિહાસના સંક્ષિપ્ત અભ્યાસક્રમમાં, મુનોરે શિક્ષણના કાર્યને જ્ઞાનની વૃદ્ધિ સાથે સામાજિક નિયંત્રણ, સંસ્કૃતિ અને સભ્યતાનો ફેલાવો અને સામાજિક પ્રગતિને પ્રોત્સાહન તરીકે ગણાવ્યું છે. અભણ માણસને સંસ્કારી ન કહી શકાય, જો કે અહીં શિક્ષણનો અર્થ સાક્ષરતા નથી. માનવ સમાજ અને પ્રાણીઓના ટોળા વચ્ચેનો તફાવત શિક્ષણને કારણે છે. શિક્ષણ એ માનવ સમાજના સંગઠનનો પાયો છે. તે માનવની શ્રેષ્ઠતાનો આધાર છે. રસ્કિનના મતે, 'શિક્ષણમાં લોકોને એવા લોકો બનાવવાનો સમાવેશ થાય છે જેવા તેઓ હોવા જોઈએ.' શિષ્ટાચારના ધોરણો અને આદર્શો દરેક સમાજમાં અલગ પડે છે.

(5) સામાજિક નિયંત્રણની એજન્સી તરીકે રમતગમત જૂથનું મહત્ત્વ - પ્લે ગ્રુપમાં બાળક સામાજિક બને છે અને તે અન્ય લોકો સાથે સંપર્કમાં આવે છે. વર્તન વ્યવહારની રીતો શીખે છે. હેજે લખ્યું છે કે 'નિરીક્ષિત રમત દ્વારા, બાળકો અનુભવ દ્વારા શીખે છે કે સંસ્કારી જીવન બર્બરતા કરતાં તમામ સંબંધિત લોકો માટે વધુ સારું છે.' 'રમત નિયમો પર આધારિત હોય છે. આ નિયમોનું પાલન કર્યા વિના, રમતગમત થઈ શકતી નથી. આ રીતે, રમતગમતના નિયમો વ્યક્તિમાં નિયંત્રણમાં રહેવાની અથવા નિયમોનું પાલન કરવાની ટેવ કેળવે છે. રમતગમત વ્યક્તિને શિસ્તબદ્ધ બનાવે છે અને તેને નેતા બનાવે છે.

(6) સામાજિક નિયંત્રણની એજન્સી તરીકે કલાનું કાર્ય - કલા સમાજમાં વ્યક્તિઓની ધારણાને નિયંત્રિત કરે છે. કલાકાર સંગીત, કવિતા, નૃત્ય, સંગીતનાં સાધનો, ચિત્ર, શિલ્પ વગેરે દ્વારા અન્ય લોકોને પ્રભાવિત કરે છે. માનવીના સંગઠનમાં લાગણીઓનું ખૂબ મહત્ત્વ છે. સામાજિક સંગઠન લાગણીઓની એકતા પર આધારિત છે. લાગણીઓ પર નિયંત્રણ એ નિયંત્રણનું ખૂબ જ અસરકારક સ્વરૂપ છે. જ્યારે પણ કોઈ દેશ, રાષ્ટ્ર, જૂથ અથવા પક્ષને સંગઠિત કરવાની તક મળે છે, ત્યારે તેના સભ્યોની લાગણીઓને ધ્યાનમાં રાખીને અપીલ કરવામાં આવે છે. ભારતમાં પ્રાચીન સમયમાં યુદ્ધો દરમિયાન યુદ્ધ ગીતો ગાવામાં આવતા હતા. જ્યાં સૈનિકો યુદ્ધ માટે ઉત્સાહિત હતા, ત્યાં તેઓ સામૂહિક ગાયન દ્વારા એકતા અનુભવતા હતા. આદિવાસી સમાજો અને આદિમ સમાજોમાં, સામૂહિક ગાયન અને સામૂહિક નૃત્ય વગેરેનું સામાજિક એકતામાં ઘણું મહત્ત્વ છે. આ લાગણીઓને ઉત્તેજિત કરે છે અને પરસ્પર તણાવ ઓછો કરે છે, જેનાથી માનવીઓમાં એકબીજા પ્રત્યે સહાનુભૂતિની લાગણી પેદા થાય છે. તેઓ સમાજના દરેક વ્યક્તિ પર અસર કરે છે. તેમની અપીલ સાર્વત્રિક છે. તેમાં ભાગ લેનારાઓમાં જ નહીં પણ તેમને જોનારાઓમાં પણ લાગણીઓનો ધસારો થાય છે. આમ, સામાજિક નિયંત્રણમાં કલાનું એટલું જ મહત્ત્વ છે જેટલું રમતગમતનું છે. બંને પરસ્પર મતભેદો દૂર કરે છે અને તણાવ ઘટાડીને એકતાને પ્રોત્સાહન આપે છે. તેથી, કલાનો ઉપયોગ દરેક જગ્યાએ જોવા મળે છે. આદિવાસીઓમાં, તહેવારો પર, યુદ્ધના પ્રસંગે, બીજ વાવવાના પ્રસંગે અને લણણીના પ્રસંગે સામૂહિક ગીતો અને સામૂહિક નૃત્ય જોવા મળે છે. આ રીતે કલાનો ઉપયોગ વ્યાપક છે. તેનો ઉપયોગ તમામ ધાર્મિક, રાજકીય અને સામાજિક પ્રસંગોએ થાય છે. ભારતમાં ખાસ પ્રસંગો પર આયોજિત રાષ્ટ્રગીતનું આ જ મહત્ત્વ છે.

(7) સામાજિક નિયંત્રણની એજન્સી તરીકે માન્યતાઓ - સામાજિક નિયંત્રણમાં માન્યતાઓ, સૂચનો અને સામાજિક આદર્શોનું ઘણું મહત્ત્વ છે. રોસે પોતાના 'Social Control' પુસ્તકમાં, સામાજિક નિયંત્રણમાં વિવિધ પ્રકારની માન્યતાઓનું વિગતવાર વર્ણન આપ્યું છે. ગ્લિન અને રોસે માન્યતાઓને પાંચ પ્રકારમાં વહેંચી છે. આ પ્રકારો નીચે મુજબ છે-

(1) સામાજિક નિયમો અને વર્તનની શાશ્વતતામાં વિશ્વાસ - આમાં એવું માનવામાં આવે છે કે સામાજિક નિયમો કુદરતી અને સ્વાભાવિક છે અને તેમની વિરુદ્ધ કાર્ય કરવાથી પ્રકૃતિ તરફથી સજા થાય છે.

(2) કર્મના પરિણામોમાં વિશ્વાસ - હિંદુઓ પુનર્જન્મમાં માને છે. પુનર્જન્મની સાથે કર્મના સિદ્ધાંતમાં પણ માન્યતા છે. આ માન્યતા અનુસાર દરેક આત્મા એક શરીર છોડ્યા પછી બીજું શરીર લે છે અને તેના કર્મો અનુસાર તેને બીજા જન્મમાં સારું કે ખરાબ શરીર મળે છે. જેઓ ખરાબ કામ કરે છે તેઓ પશુઓ અને નિમ્ન જ્ઞાતિમાં જન્મે છે અને જેઓ સારું કામ કરે છે તેઓ બ્રાહ્મણો, દેવતાઓ કે રાજાઓના દેહ ધારણ કરે છે. આ રીતે, કર્મની માન્યતા કે વિશ્વાસ સામાજિક વર્તણૂકોને માન્યતા આપે છે, જે વ્યક્તિને નિયંત્રણમાં રાખે છે.

(3) તપશ્ચર્યાની માન્યતા - આ પ્રમાણે દુષ્ટ વ્યક્તિએ આ જીવનમાં ખરાબ કર્મોનું ફળ ભોગવવું પડે છે. તેને જાતિમાંથી બહિષ્કૃત કરવામાં આવે છે, સામાજિક તહેવારો અને વ્યવહારોમાં તેને પ્રવેશ આપવામાં આવતો નથી. આ સજાઓ તેને તેના કાર્યો સુધારવા માટે આપવામાં આવે છે. તેનાથી તેનો આત્મા પાપમાંથી મુક્ત થાય છે.

(4) મૃત્યુ પછીના જીવનમાં વિશ્વાસ - લગભગ તમામ સમાજોમાં, લોકો મૃત્યુ પછીના જીવનમાં એટલે કે સ્વર્ગ અને નરકમાં માને છે. પુરાણ અને અન્ય ગ્રંથો સ્વર્ગ અને નરકના વિવિધ નિરૂપણથી ભરેલા છે. આ વર્ણનો, ચિત્રો અને મૂર્તિઓ લોકોને અસામાજિક પ્રવૃત્તિઓથી રોકે છે અને સામાજિક પ્રવૃત્તિઓ તરફ પ્રેરિત કરે છે.

(5) દિવંગત આત્માઓ સાથેના સંબંધમાં વિશ્વાસ - આ માન્યતા અનુસાર આત્માઓ શાશ્વત છે અને શરીર છોડ્યા પછી પણ તેઓ પૃથ્વી પર રહેતા લોકો સાથે જોડાયેલી રહે છે. આપણા પ્રિય મિત્રો અને સ્વજનોના આત્માઓ સ્વર્ગમાંથી આપણી ક્રિયાઓ જોતા રહે છે. માતા તેના બાળકોને જુએ છે, પત્ની તેના પતિ તરફ જુએ છે અથવા પતિ અને પત્ની સ્વર્ગમાંથી એકબીજાને જુએ છે. આ વિશ્વાસ આપણને શક્તિ અને પ્રેરણા આપે છે અને ખોટા રસ્તે ન જવાની પ્રેરણા આપે છે.

વિવિધ પ્રકારની માન્યતાઓના ઉપરોક્ત વર્ણન પરથી તે સ્પષ્ટ થાય છે કે સામાજિક નિયંત્રણમાં માન્યતાઓ કેટલી મહત્ત્વપૂર્ણ છે. એ અસરકારક છે અને એમાં કંઈપણ ખર્ચ થતો નથી. સ્વ-નિયંત્રણના સ્વરૂપ તરીકે, આ કેટલીકવાર કાયદા કરતાં વધુ અસરકારક હોય છે. કાયદો હેતુઓ નક્કી કરતો નથી. તે હૃદય અંતરાત્મા પર રાજ કરતો નથી, પરંતુ માન્યતાઓ આપણા અંતરાત્માનો અભિન્ન ભાગ છે. મૃત્યુ પછીના જીવન, કુદરતી ન્યાય, કર્મ, પુનર્જન્મ અને મૃત આત્માઓની સંભાળમાં વિશ્વાસ રાખીને, માણસ પોતે સાચા માર્ગ પર જવાનો પ્રયાસ કરે છે અને ખરાબ કાર્યોને ટાળે છે. આનાથી ખરાબ કાર્યોની ચિંતા થાય છે અને સારા કાર્યોમાંથી સંતોષ મળે છે. ''ભગવાન બધું જુએ છે'' એવી માન્યતા વ્યક્તિના વર્તનપર જેટલું નિયંત્રણ કરી શકે છે તેટલું રાજ્ય, સેના, પોલીસ, કાયદો, પડોશીઓ નિયંત્રિત કરી શકતા નથી. આ માન્યતાઓ મનુષ્યની અસામાજિક વૃત્તિઓ પર મજબૂત અને સરળ નિયંત્રણ ધરાવે છે. માન્યતાઓ આપણી ક્રિયાઓને મૂળભૂત સ્ત્રોત પ્રદાન કરે છે. તેઓ આદિમ અને સંસ્કારી તમામ સમાજોમાં લોકોના વર્તનને નિયંત્રિત કરે છે. તેમની શક્તિ વ્યક્તિના વિશ્વાસ પર આધારિત છે. શંકા થાય કે તરત જ તેમની શક્તિ સમાપ્ત થઈ જાય છે. માન્યતાઓ તેની તાકાત છે.

(8) સામાજિક નિયંત્રણની એજન્સી તરીકે ધોરણો (આદર્શો) - સામાજિક ધોરણો પણ સામાજિક નિયંત્રણના મહત્ત્વપૂર્ણ માધ્યમો છે. લોકશાહી સમાજોમાં સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વના ધોરણોનું ખૂબ મહત્ત્વ છે. હિટલરે જર્મનીની સામે એક ''આદર્શ જાતિ''નો આદર્શ મૂકીને સમગ્ર રાષ્ટ્ર માટે કેટલું અદ્ભુત સંગઠન બનાવ્યું. સામ્યવાદી દેશોમાં સમાનતાના ધોરણે કેવું પરિવર્તન લાવ્યું છે. વિશ્વ બંધુત્વનો આદર્શ ઘણા બધા ભેદભાવોને નાબૂદ કરી રહ્યો છે. ન્યાયના આદર્શે કેટલું શોષણ અટકાવ્યું છે ? તેથી આદર્શોનું મહત્ત્વ સ્પષ્ટ છે. નિઃશંકપણે, ધોરણોનું મહત્ત્વ તેમનામાં વિશ્વાસ કરનારાઓની શક્તિ પર આધારિત છે, પરંતુ આનાથી તેમનું મૂલ્ય ઘટતું નથી.

(9) સામાજિક નિયંત્રણની એજન્સી તરીકે પુરસ્કાર અને સજાઓ - દરેક સમાજમાં સજા અને પુરસ્કારની વ્યવસ્થા હોય છે જે વ્યક્તિઓની વિવિધ ક્રિયાઓને નિયંત્રિત કરે છે. સજા અને પુરસ્કારની આ વ્યવસ્થા જુદા જુદા સમાજમાં અલગ-અલગ હોય છે અને તે મુજબ લોકોના વર્તન અને વ્યવહારમાં તફાવત હોય છે. ઉદાહરણ તરીકે, કેટલીક

જાતિઓમાં સૌથી વધુ છૂટાછેડા લેનાર સ્ત્રીનું સૌથી વધુ સન્માન કરવામાં આવે છે. તેથી, છૂટાછેડામાં વધારાને આનાથી પ્રેરણા મળે તે સ્વાભાવિક છે. એક તરફ, નાગા જનજાતિમાં, કોઈ પણ છોકરી એવા યુવક સાથે લગ્ન કરવાનું પસંદ કરતી નથી જે કોઈનો શિરચ્છેદ કરતો નથી, તો બીજી તરફ, હિન્દુ સમાજમાં, ભાગ્યે જ કોઈ છોકરી એવા પુરુષ સાથે લગ્ન કરવાનું પસંદ કરશે જે કોઈનું શિરચ્છેદ કરે. આ વિરોધાભાસી સજા અને પુરસ્કાર પ્રણાલીને કારણે, નાગા લોકોમાં ઘણા માથાના શિકારીઓ છે અને હિન્દુ સમાજમાં હત્યાઓ પ્રમાણમાં ઓછી છે.

(10) સામાજિક નિયંત્રણની એજન્સી તરીકે રમૂજ - માનવ સામાજિક સંબંધોમાં રમૂજનું વિશેષ યોગદાન છે. રમૂજ સામાજિક સંબંધોમાં વિવિધતા, જોમ અને નિકટતા જાળવી રાખે છે. શારીરિક અને માનસિક રીતે થાકેલા હોય ત્યારે પણ લોકો હસીને-મજાક કરીને ફ્રેશ થઈ જાય છે. હાસ્ય દ્વારા, લોકોને એવી બાબતો સમજાવી શકાય છે જેને ગંભીરતાથી કહેવામાં આવે તો તેઓ ખરાબ માની શકે છે. આ રીતે, કોમેડી અથવા રમૂજ દ્વારા સામાજિક નિયંત્રણ સરળ બને છે. સમાજના આગેવાનોને દર્શાવવા ખાસ પ્રસંગો પર જોકરો દ્વારા પ્રસ્તુત કરવામાં આવતા નાટકો માત્ર લોકોનું મનોરંજન જ નહીં પરંતુ તેમને શિક્ષિત પણ કરે છે. નાટકો, ફિલ્મો વગેરેમાં હાસ્ય દ્વારા અનેક પ્રકારના ઉપદેશો આપવામાં આવે છે.

### સામાજિક નિયંત્રણ અને સુસંગતતાઓ

કોઈપણ પ્રકારના નિયંત્રણમાં, બે ઘટકોની જરૂર પડે છે, એક જે નિયંત્રિત કરે છે, અને બીજું, જેને નિયંત્રિત કરવામાં આવે છે. આમ નિયંત્રણની પ્રક્રિયામાં નિયંત્રણ ઉપરાંત, નિયંત્રક અને નિયંત્રિતની જરૂર છે. અગાઉ સૂચવ્યા મુજબ, સામાજિક નિયંત્રણ એ વ્યક્તિને નિયંત્રિત કરવાની પ્રક્રિયા છે. અહીં પ્રશ્ન એ થાય છે કે સામાજિક નિયંત્રણમાં નિયંત્રક કોણ છે ? વ્યક્તિનું નિયંત્રણ કોણ કરે છે ? સમાજ એ સામાજિક સંબંધોની વ્યવસ્થા છે. સંબંધોની પ્રણાલીને પોતાના દ્વારા નિયંત્રિત કરી શકાતી નથી; તેમાંના નિયંત્રણના તત્ત્વોનો ઉપયોગ અમુક વ્યક્તિ દ્વારા થવો જોઈએ. આમ, દરેક સામાજિક નિયંત્રણમાં અમુક વ્યક્તિ હોય છે જે તેને નિયંત્રિત કરે છે. ઉદાહરણ તરીકે, કુટુંબમાં પિતા અથવા માતા બાળકના વર્તનને નિયંત્રિત કરે છે. પિતા અથવા માતાની વર્તણૂક પડોશીઓ, સંબંધીઓ અથવા અન્ય લોકો દ્વારા નિયંત્રિત થાય છે. આ રીતે, લોકો સમાજમાં જુદા જુદા સંબંધોમાં એકબીજાને નિયંત્રિત કરે છે. સામાજિક નિયંત્રણ એ કોઈ એક વ્યક્તિ કે અમુક લોકોનું કામ નથી. આ દરેક વસ્તુ પર દરેકનું નિયંત્રણ છે. સામાજિક નિયંત્રણને લગતો બીજો પ્રશ્ન એ છે કે તેના ઉદ્દેશ્યો શું છે ? સામાજિક નિયંત્રણ શા માટે કરવામાં આવે છે ? તેની સુસંગતતા શું છે ? જો કે સામાજિક નિયંત્રણના તમામ લાભોની ગણતરી કરવા માટે એક આખું પુસ્તક જરૂરી છે, પરંતુ વ્યાપક રીતે તેના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ ગણી શકાય.

(1) વ્યક્તિનું સમાજીકરણ - સામાજિક નિયંત્રણનો મુખ્ય ઉદ્દેશ્ય વ્યક્તિનું સમાજીકરણ કરવાનો છે. અસામાજિક માણસ પ્રાણી જેવો છે. તેને માણસ બનાવવા માટે તેને સમાજીકરણની જરૂર છે. સમાજીકરણ દ્વારા, તેના ઉદ્વેગો, લાગણીઓ, નિશ્ચય, પ્રકૃતિ, ક્ષમતાઓ વગેરેને સામાજિક રીતે વ્યક્ત કરવા સક્ષમ બનાવવામાં આવે છે. સમાજીકરણની પ્રક્રિયા માણસની વર્તમાન સંસ્કૃતિ અને સભ્યતાના વિકાસના મૂળમાં છે. માત્ર વર્તમાન જ નહીં પણ મનુષ્યનું ભવિષ્ય પણ સમાજીકરણ પર આધારિત છે.

(2) વ્યક્તિગત વર્તણૂકનું નિયમન કરવું - આમ, સામાજિક નિયંત્રણનો ઉદ્દેશ્ય વ્યક્તિના

વર્તનનું નિયમન કરવાનો છે જેથી તે સમાજમાં તેની વિવિધ સ્થિતિઓ અનુસાર તેના કાર્યો સારી રીતે કરી શકે.

(3) સામાજિક નિર્ણયો અને સહમતીઓની ખાતરી આપવી - સામાજિક નિયંત્રણ એ વ્યક્તિ પર સમાજનું નિયંત્રણ છે. તેનો ઉદ્દેશ્ય સમાજના લોકો સમાજના અભિપ્રાયો અને નિર્ણયોનું પાલન કરે તેવો છે.

(4) પ્રાચીન વ્યવસ્થા જાળવવી - સામાજિક નિયંત્રણ દ્વારા, સમાજમાં પ્રાચીન રીત-રિવાજો, પરંપરાઓ, પ્રથાઓ અને વર્તનની પદ્ધતિઓ જાળવવામાં આવે છે. આમ, સામાજિક નિયંત્રણનો એક ઉદ્દેશ્ય સમાજની પ્રાચીન વ્યવસ્થાને જાળવી રાખવાનો છે.

(5) વ્યક્તિઓના વર્તન વ્યવહારમાં માર્ગદર્શન આપવું - સામાજિક નિયંત્રણ વ્યક્તિઓને વિવિધ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવામાં મદદ કરે છે. સામાજિક નિયંત્રણને કારણે તેના માટે વર્તન વ્યવહારના ઘણા રસ્તાઓ બંધ થઈ જાય છે કારણ કે સમાજ તેમને યોગ્ય નથી માનતો. સામાન્ય રીતે દરેક વ્યક્તિ જીવનના તમામ પાસાઓમાં સમાજ દ્વારા માન્ય કરવામાં આવેલા અને સ્વીકૃત માર્ગને અનુસરવાનું ચાલુ રાખે છે. આનાથી ન તો તેના મનમાં બહુ મૂંઝવણ ઊભી થાય છે અને ન તો તેને નિર્ણય લેવામાં કોઈ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આધુનિક સમાજની જટિલ પરિસ્થિતિઓમાં, જ્યારે જીવનના દરેક ક્ષેત્રમાં ઘણા બધા વિકલ્પો છે, ત્યારે સામાજિક નિયંત્રણ વ્યક્તિને માર્ગદર્શન પૂરું પાડે છે.

(6) સામાજિક વ્યવસ્થા જાળવવી - સામાજિક નિયંત્રણનો અંતિમ ઉદ્દેશ્ય વ્યક્તિને સમાજ સાથે અનુકૂલન કરવાનો છે અને આ રીતે સામાજિક વ્યવસ્થા જાળવવાનો છે. સામાજિક નિયંત્રણ તૂટવાને કારણે સામાજિક વ્યવસ્થા પણ તૂટવા લાગે છે. સમાજના દરેક જૂથમાં મક્કમતા જાળવવા માટે સામાજિક નિયંત્રણ જરૂરી છે.

આમ સામાજિક નિયંત્રણ માનવસમાજની મહત્ત્વની પ્રક્રિયા છે. સમાજની મૂળભૂત વ્યવસ્થા સામાજિક નિયંત્રણના કારણે જ જળવાઈ રહે છે. સમાજમાં ધોરણોનુ પાલન સ્વૈચ્છિક રીતે કે વિના પ્રયત્નો થતું નથી, પરંતુ આ ધારણોના પાલન માટે દરેક સમાજે અમુક ક્રિયાતંત્ર વિકસાવવું પડે છે. ધોરણોના અનુસરણને પ્રેત્સાહન આપતું અને તેનો ભંગ કરતી પ્રવૃત્તિઓને અટકાવતું ક્રિયાતંત્ર એજ સામાજિક નિયંત્રણ છે. સામાજિક નિયંત્રણનુ આ ક્રિયાતંત્ર વિવિધ સ્વરૂપે પોતાનું કાર્ય કરે છે, જેને સામાજિક નિયંત્રણનાં સ્વરૂપો તરીકે ઓળખવામાં આવે છે. સામાજિક નિયંત્રણના દરેક સ્વરૂપનો હેતુ વ્યક્તિની ધોરણભંગ પ્રવૃત્તિઓને રોકવાનો હોય છે અને આ માટે ઉપયોગમાં લઈ શકાય તેવી જુદી જુદી પદ્ધતિઓનો આ સ્વરૂપમાં સમાવેશ થાય છે.

## 5.2 સામાજિક પરિવર્તન (Social change) :

સમાજ પરિવર્તનશીલ છે. બદલતાં સમયની સાથે સાથે પ્રત્યેક સમાજની દરેક વ્યવસ્થામાં પરિવર્તન આવે છે. સામાજિક પરિવર્તનની પ્રક્રિયાને સમજવાથી સમાજ અંગેનો અભ્યાસ કરી શકાય છે. સમાજનું વ્યવસ્થાતંત્ર અલગ અલગ પરિબળોની અસર તળે પરિવર્તિત થાય છે. પરિવર્તનની પ્રક્રિયા એ માનવ સમાજની એક સહજ પ્રક્રિયા છે. વિશ્વના કોઈ પણ સમાજમાં પરિવર્તનની ક્રિયા અવિરત ચાલતી હોય છે. કોઈ પણ સમાજ અથવા સંસ્થાના સ્વરૂપમાં ફેરફારો એ સામાજિક પરિવર્તન છે. આ પરિવર્તન આધુનિકીકરણ, વૈશ્વીકરણ જેવી પ્રક્રિયાઓ દ્વારા બૌદ્ધિક વિકાસ અને સાંસ્કૃતિક વિકાસના સ્વરૂપમાં જોવા મળે છે. વિશ્વનો પ્રત્યેક સમાજ તેનાં

વિવિધ પરિબળોની અસરતળે હંમેશાં પરિવર્તન પામે છે. વિશ્વમાં અલગ અલગ વિવિધતાવાળા અનેક સમાજો જોવા મળે છે. જે દરેકમાં જુદાં જુદાં કારણોથી અલગ અલગ પરિબળોની પારસ્પરિક અસરોથી સમાજ પરિવર્તન પામે છે.

**સામાજિક પરિવર્તનનો અર્થ અને વ્યાખ્યાઓ :**

પરિવર્તનનો અર્થ સામાન્ય રીતે કોઈ વસ્તુ, સમાજ, સંસ્થા વગેરે સાથે સંદર્ભિત ક્રિયાઓમાં આવતા બદલાવ સાથે છે. પરિવર્તન એ પ્રકૃતિનો સાહજિક નિયમ છે. સમાજના દરેક પાસામાં હંમેશાં કોઈને કોઈ બદલાવ આવે છે. પરિવર્તન એ અવિરત ચાલતી એક પ્રક્રિયા છે. સ્થિર સમાજની કલ્પના કરવી શક્ય નથી.

સામાજિક પરિવર્તનની પ્રક્રિયા એ પ્રત્યેક સમાજમાં ભિન્ન ભિન્ન સ્વરૂપે જોવાં મળે છે. પ્રત્યેક સમાજની પોતાની આગવી વિશેષતાઓ હોય છે. દરેક સમાજમાં જોવા મળતી પરિવર્તનની પ્રક્રિયા પણ જુદાં જુદાં સ્વરૂપે જોવાં મળે છે. સામાજિક પરિવર્તનની પ્રક્રિયાની માત્રા પણ પ્રત્યેક સમાજમાં ભિન્ન હોય છે. સામાજિક પરિવર્તનમાં ભૌતિક બાબતો પણ એટલી જ અસરકારક હોય છે. યંત્ર વિજ્ઞાન, શિક્ષણનો વ્યાપ વગેરેને લીધે આવતું વૈચારિક પરિવર્તન સમાજની પરંપરાગત વ્યવસ્થામાં ફેરફાર લાવવા માટે જવાબદાર બને છે. એટલે જે સમાજમાં વૈચારિક ક્રાંતિ ઝડપી હોય છે, તે સમાજમાં પરિવર્તનની પ્રક્રિયા ઝડપી હોય છે. પરંપરાગત મૂલ્યાત્મક વ્યવસ્થાનું સ્વરૂપ આધુનિક સમાજમાં બદલાતું હોય છે, જે સામાજિક પરિવર્તનનું સૂચક છે.

- કિંગ્સલે ડેવિસ જણાવે છે કે, સામાજિક રચનાતંત્રમાં આવતું પરિવર્તન એ સામાજિક પરિવર્તન છે.
- મેકાઈવર અને પેજના જણાવ્યા અનુસાર, સામાજિક સંબંધોમાં આવતું પરિવર્તન એ સામાજિક પરિવર્તન છે.
- હેરાલિટસના મત અનુસાર, સામાજિક પરિવર્તન એ પ્રવાહ આધારિત હોય છે.
- કાન્તે જણાવે છે કે, માનવીના બૌદ્ધિક વિકાસમાં આવતું પરિવર્તન એ સામાજિક પરિવર્તન છે.
- એસ.સી. દૂબેના મત મુજબ સંસ્કૃતિમાં અને માનવ વ્યવહારમાં અનિવાર્યપણે આવતું પરિવર્તન એ સામાજિક પરિવર્તન છે.

માનવ સમાજના રચનાતંત્રમાં સામાજિક પરિવર્તન અનિવાર્યપણે આવે છે. આ પરિવર્તનથી સામાજિક સંબંધોનું સ્વરૂપ બદલાય છે. માનવ સમાજની પરંપરાગત બાબતોમાં પરિવર્તન આવે છે. રૂઢિ-રિવાજો, સામાજિક નીતિનિયમો એ સ્થિર હોતાં નથી, પરંતુ બદલતાં સમયની સાથે સાથે વિવિધ પરિબળોની અસરતળે તેમાં જરૂરી બદલાવ આવે છે. આ બદલાવમાં માનવીનું બૌદ્ધિક સ્તર અસર કરે છે. અલગ અલગ સમાજમાં અલગ અલગ સામાજિક વ્યવસ્થાઓ જોવા મળે છે. વિવિધ પરિબળોની અસરથી માનવીની વ્યવસ્થાઓ જોવા મળે છે. વિવિધ પરિબળોની અસરથી માનવીની બૌદ્ધિક વિચારસરણીમાં બદલાવ આવે છે અને તે માનવસમાજના રચનાતંત્રમાં જરૂરી ફેરફારો સૂચવે છે. જૂની વ્યવસ્થાઓમાં રહેલી બિનઆવશ્યક અને આવશ્યક બાબતો સમાજમાં વિક્ષેપિત પરિસ્થિતિનું નિર્માણ કરે છે. આ પરિસ્થિતિને બદલવા માટે આવશ્યક તત્ત્વોનો સમાજ સ્વીકાર કરે છે, ત્યારે સામાજિક પરિવર્તન દ્વારા આવી વ્યવસ્થાઓમાં બદલાવથી સમાજમાં સારી અને ઉત્તમ સમાજ વ્યવસ્થાનું નિર્માણ થાય છે. આમ, એક રીતે સામાજિક પરિવર્તન એ આવશ્યક પણ બની રહે છે.

સમાજશાસ્ત્રી જહોનસન સામાજિક પરિવર્તનના ખ્યાલમાં મૂલ્યાત્મક પરિવર્તન પર ભાર મૂકે છે. તેઓ જણાવે છે કે, પરિવર્તન એ સામાજિક રચનાતંત્રમાં ફેરફાર સૂચવતું પરિવર્તન છે.

**સામાજિક પરિવર્તનની લાક્ષણિકતાઓ**

(1) સામાજિક પરિવર્તન સતત ચાલતી પ્રક્રિયા છે :

કોઈ પણ સમાજમાં સામાજિક પરિવર્તન અવિરત ચાલુ રહે છે. સમાજમાં આવતી પરિવર્તનની પ્રક્રિયા નવી વ્યવસ્થાનું નિર્માણ કરે છે. સામાજિક રચનાતંત્રના વિવિધ પરિબળોની અસર તળે વ્યવસ્થામાં સતત પરિવર્તન આવે છે. આ પ્રક્રિયા સતત ચાલુ રહેતી પ્રક્રિયા છે.

(2) સામાજિક પરિવર્તન સહજ અને અનિવાર્ય છે :

સામાજિક પરિવર્તનથી નવી વ્યવસ્થાઓનું નિર્માણ થાય છે. પરિવર્તનની ગત્યાત્મક પરિસ્થિતિ એ સમાજના વિકાસ માટે એક આવશ્યક બાબત છે. જેમ કે, જૂના રીત - રિવાજો, જૂની પ્રણાલીઓ એ સમાજના વિકાસમાં ક્યારેક અવરોધક બનતી હોય છે. બૌદ્ધિક વિકાસની સાથે સાથે આ પ્રકારની જૂની પ્રણાલીઓ જૂનાં રીત-રિવાજો કાયમ ટકી રહેતાં નથી. સમયાંતરે તેમાં બદલાવ આવે છે. આમ, પરિવર્તનની આ પ્રક્રિયા સહજ અનિવાર્ય છે. સમાજશાસ્ત્રી એસ.સી. દૂબેના જણાવ્યા મુજબ, સંસ્કૃતિમાં અને માનવ વ્યવહારમાં અનિવાર્યપણે આવતું પરિવર્તન એ સામાજિક પરિવર્તન છે.

(3) સામાજિક પરિવર્તન એ અમૂર્ત પ્રક્રિયા છે :

સામાજિક પરિવર્તન એ એક પ્રક્રિયા છે. પ્રક્રિયાને માત્ર અનુભવી શકાય છે. તેને મૂર્ત સ્વરૂપે જોઈ શકાતી નથી. જેમ કે સામાજિક સંબંધોમાં આવતું પરિવર્તન એ મૂર્ત સ્વરૂપે જોઈ શકાતું નથી. પરંતુ તેને માત્ર અનુભવી શકાય છે. આમ, સામાજિક પરિવર્તન એ અમૂર્ત સ્વરૂપની પ્રક્રિયા છે.

(4) સામાજિક પરિવર્તનની પ્રક્રિયા એ સામુદાયિક પરિવર્તનની પ્રક્રિયા છે :

સામાજિક પરિવર્તન એ જે તે સમયુદાયમાં આવતું પરિવર્તન છે. વિશ્વમાં અલગ અલગ સમાજોનું અસ્તિત્ત્વ છે. જુદી જુદી ભિન્નતાના સ્વરૂપોવાળા સમાજોનાં પરિવર્તનની પ્રક્રિયાનું સ્વરૂપ પણ ભિન્ન સ્વરૂપે જોવાં મળે છે. આ પ્રક્રિયા જે તે સમાજના વ્યવસ્થાતંત્ર પર આધારિત હોય છે. અમુક સામાન્ય બાબતો માનવ સમાજ માટે સમાન હોય છે, છતાં અલગ અલગ સમુદાયના લોકો જુદાં જુદાં પ્રકારનું વ્યવસ્થાતંત્ર ધરાવે છે અને પ્રત્યેક સમુદાય પરિવર્તનની પ્રક્રિયામાંથી પસાર થાય છે. આમ, સામાજિક પરિવર્તનની પ્રક્રિયા સામુદાયિક પરિવર્તનની પ્રક્રિયા છે.

(5) સામાજિક પરિવર્તનની માત્રામાં તફાવત હોય છે :

હેરાક્લિટસના મત અનુસાર, સામાજિક પરિવર્તન એ પ્રવાહ આધારિત હોય છે. સમાજમાં આવતો બદલાવ એ સમાજનો મહત્તમ પ્રવાહ જે દિશામાં પરિવર્તિત થતો હોય એ દિશા તરફ વહેતો હોય છે. વિશ્વના અલગ અલગ સમુદાયોમાં આ બદલાવ જુદી જુદી રીતે વધતી ઓછી માત્રામાં જોવાં મળે છે. વિજ્ઞાનની વધુ અસર પશ્ચિમના સમાજોમાં વહેલાં જોવાં મળી તેને લઈને જોઈએ તો પરિવર્તનની પ્રક્રિયા પશ્ચિમના સમાજોમાં વધુ તીવ્ર ગતિથી થઈ છે, જ્યારે ભારતીય સમાજ પર તેની સરખામણીએ આ

પ્રક્રિયાની ગતિ ધીમી રહેવા પામી છે. આમ, પરિવર્તનની માત્રામાં તફાવત જોવાં મળે છે.

(6) સામાજિક પરિવર્તન બૌદ્ધિક વિકાસ પર આધારિત છે :

સમાજશાસ્ત્રી ઓગસ્ટ કોમ્ટે જણાવે છે કે, માનવીના બૌદ્ધિક વિકાસમાં આવતું પરિવર્તન એ સામાજિક પરિવર્તન છે. ઓગસ્ટ કોમ્ટે પોતાના ત્રણ સ્તરના નિયમમાં પણ ધાર્મિક સ્તર, અધિભૌતિક સ્તર અને પ્રત્યક્ષવાદી સ્તર એવાં ત્રણ સ્તરોમાં માનવમનની વિકાસની પ્રક્રિયાની સમજૂતી આપે છે. માનવમનના વિકાસની પ્રક્રિયા એ તેના બૌદ્ધિક સ્તરના વિકાસની એટલે કે માનવ વિચારોની પ્રગતિના તબક્કાની પ્રક્રિયા છે. જેમ - જેમ માનવીનું બૌદ્ધિક સ્તર પ્રગતિ પામે છે તેમ - તેમ નવીન વિચારસરણીથી પરિવર્તનની પ્રક્રિયા પણ ઝડપી અને વધુ માત્રામાં જોવાં મળે છે. આમ, સામાજિક પરિવર્તન માનવીના બૌદ્ધિક વિકાસ પર આધારિત હોય છે.

(7) સામાજિક પરિવર્તન સમાજની વ્યવસ્થામાં પરિવર્તન લાવે છે :

સમાજ મૂલ્યાત્મક વ્યવસ્થા પર આધારિત હોય છે. સમાજની મૂલ્યાત્મક બાબતોમાં આવતું પરિવર્તન એ સમાજની વ્યવસ્થામાં પરિવર્તન લાવે છે. સમાજના એક ભાગમાં આવતું પરિવર્તન તેની અસરથી વ્યવસ્થાતંત્રમાં તેની સાથે જોડાયેલ અન્ય ભાગમાં પણ પરિવર્તન આવે છે. સામાજિક વ્યવસ્થાતંત્રના બધાં જ ભાગો પરસ્પરાવલંબી હોય છે, એટલે એક ભાગમાં આવતા પરિવર્તનની અસર અન્ય ભાગમાં પણ જોવાં મળે છે. સામાજિક નિયમો, આર્થિક બાબતો, રાજકીય બાબતો, નીતિ વિષયક બાબતો વગેરે સમાજ વ્યવસ્થાતંત્રના અલગ અલગ ભાગો છે. આ વ્યવસ્થા તંત્રમાં આવતું પરિવર્તન એ સામાજિક પરિવર્તન છે.

**આધુનિક સામાજિક પરિવર્તનની લાક્ષણિકતાઓ**

**(1) ઝડપી પરિવર્તન :**

આધુનિક યગમાં પરિવર્તનની દર ઐતિહાસિક યુગ કરતાં વધુ જોવાં મળે છે. વર્તમાન સમય એ વિજ્ઞાન અને ટેકનોલોજીનો યુગ છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના આ યુગમાં વિશ્વના બધાં જ સમાજો એકબીજાના પ્રત્યક્ષ અને પરોક્ષ સંપર્કમાં ઝડપી નજીક આવવા લાગ્યા છે. વર્તમાન સમયમાં સંચારના અને સંપર્કના વિકસિત સાધનોની મદદથી વિશ્વના તમામ સુદાયો એકબીજાના વધુ સંપર્કમાં આવવા લાગ્યાં છે. આ પ્રકારના સંપર્કથી પરિવર્તની પ્રક્રિયા વધુ ઝડપી બનવા લાગી છે. અગાઉના સમયમાં સંપર્કના સાધનોની અછત, વાહનવ્યવહારનો અલ્પ વિકાસ વગેરે પરિબળોને લીધે પરિવર્તનની પ્રક્રિયાનો વેગ ધીમો હતો, જ્યારે વર્તમાન સમયમાં આ પ્રક્રિયાનો વેગ વધુ છે.

**(2) વૈજ્ઞાનિક દ્દષ્ટિકોણ :**

આધુનિક યુગ એ વિજ્ઞાન અને ટેકનોલોજીનો વિકસિત યુગ છે. આ યુગના જ્ઞાનનો પ્રચાર -પ્રસાર વધુ જોવાં મળે છે. પ્રવર્તમાન સમયમાં તમામ પ્રકારના વિજ્ઞાનની નવી નવી શાખાઓ વિસ્તરતી જાય છે. સામાજિક સમસ્યાઓના નિવારણ માટે અને સામાજિક વિકાસ માટે આવશ્યક નવીન બાબતો પરત્વે વૈજ્ઞાનિક દ્દષ્ટિકોણ આધારિત વિચારસરણીનો વ્યાપ વધ્યો છે. ઓગસ્ટ કોમ્ટના ત્રણ સ્તરના નિયમ અનુસારની અંતિમ તબક્કો પ્રત્યક્ષવાદી સ્તર મુજબ માનવમનની વિચારસરણીનો પરિવર્તિત અંતિમ તબક્કો

એ હકીકતલક્ષી, પ્રત્યક્ષવાદી, વૈજ્ઞાનિક દૃષ્ટિકોણવાળો જોવાં મળે છે. આધુનિક યુગમાં વિજ્ઞાન આધારિત તથ્યતાવાળું આવશ્યક પરિબળ બન્યું છે. આમ, આધુનિક પરિવર્તન માટે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અગત્યનું લક્ષણ બન્યું છે.

**(3) સર્વવ્યાપકતા :**

આધુનિક સામાજિક પરિવર્તન સર્વવ્યાપક બન્યું છે. આધુનિક યુગમાં પરિવર્તનનો વ્યાપ સમગ્ર વિશ્વ પર અગાઉની સરખામણીએ વધુ અને સર્વવ્યાપક બન્યો છે. સમાજના વ્યવસ્થાતંત્રના તમામ ભાગો જેવાં કે આર્થિક, રાજકીય, સામાજિક તમામ પર તેની વ્યાપક અસર જોવાં મળે છે, એટલે આધુનિક સામાજિક પરિવર્તન સર્વવ્યાપક બન્યું છે.

**(4) સંચિત સ્વરૂપ :**

પરિવર્તન એ સંચિત સ્વરૂપે જોવા મળે છે. સમાજની વ્યવસ્થાના જુદાં જુદાં ભાગોમાં પરિવર્તન આવે છે. પરંતુ સમાજના રચનાતંત્રના બધા જ પાસાં એકબીજા સાથે પારસ્પરિક રીતે સંકળાયેલાં જોવાં મળે છે. એટલે આધુનિક સમયમાં આવેલું પરિવર્તન તેની મૂળભૂત વ્યવસ્થાઓ સંપૂર્ણપણે બદલી શકતું નથી. ભારતીય સમાજના સંદર્ભમાં જોઈએ તો પરંપરાગત જ્ઞાતિ વ્યવસ્થા, પરંપરાગત કૌટુંબિક વ્યવસ્થા, ધાર્મિક વ્યવસ્થા એ મૂળભૂત સ્વરૂપે ઝડપી બદલાતી નથી. પરિવર્તનની પ્રક્રિયાની સાથે તેનું મૂળ અસ્તિત્ત્વ ટકી રહ્યું છે. એટલે આ પ્રકારના પરિવર્તનો એક સંચિત સ્વરૂપે જોવાં મળે છે.

**(5) એકરૂપતા :**

પ્રત્યેક સમાજ કોઈને કોઈ રીતે એકબીજા સાથે પારસ્પરિક, કાર્યાત્મક રીતે સંકળાયેલ જોવા મળે છે. કોઈ પણ વ્યવસ્થાતંત્ર એ વિવિધ ભાગોનો બનેલો એક સમૂહ છે, એ ભાગો એકબીજા પર અવલંબિત હોય છે. એટલે કે કોઇ એક ભાગમાં પરિવર્તન આવે તો તેની અસર તળે સમગ્ર વ્યવસ્થાતંત્રમાં કોઈને કોઈ રીતે પરિવર્તન આવે છે. એટલે મૂળભૂત રીતે તો અલગ અલગ ભાગો એકરૂપ થઈને એક વ્યવસ્થાતંત્રનું નિર્માણ કરે છે, તેથી તેમાં આવતું પરિવર્તન એકરૂપતા દર્શાવે છે.

**સામાજિક પરિવર્તનના સહાયક પરિબળો**

સામાજિક પરિવર્તનમાં સહાયક થતા પરિબળો આ પ્રમાણે છે : (1) ઉદ્યોગીકરણ, (2) શહેરીકરણ, (3) વૈશ્વિકીકરણ, (4) શિક્ષણ, (5) સંચારના સાધનો વધતો વ્યાપ, (6) વાહનવ્યવહારનો વધતો વ્યાપ, (7) વિજ્ઞાન અને ટેકનોલૉજીનો વિકાસ, (8) ભૌગોલિક વાતાવરણ.

(1) ઉદ્યોગીકરણ :

ઉદ્યોગીકરણની પ્રક્રિયા સામાજિક પરિવર્તનમાં ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ઉદ્યોગીકરણની પ્રક્રિયાથી શહેરીકરણનો પ્રભાવ વધે છે. લોકો ગામડાંઓમાંથી શહેરોમાં સ્થળાંતર કરે છે. સ્થળાંતરને પરિણામે અલગ-અલગ સંસ્કૃતિના લોકો એકબીજાનાં સંપર્કમાં આવે છે, જેનાથી પારસ્પરિક અસરો થાય છે. આ પારસ્પરિક અસરો સમાજજીવનમાં બદલાવ લાવે છે. આ પ્રક્રિયાથી પરંપરાગત વ્યવસ્થાઓમાં પરિવર્તન આવે છે. લોકોના વલણો, માન્યતાઓમાં બદલાવ આવે છે. સામાજિક વ્યવસ્થાના ઘણાં ભાગોમાં જડમૂળથી પરિવર્તન આવે છે. પશ્ચિમના સમાજમાં થયેલી ઔદ્યોગિક ક્રાંતિથી સમાજજીવનમાં આવેલા બદલાવ પરથી જોઈ શકાય છે કે, ઉદ્યોગીકરણથી સમાજજીવનમાં નોંધપાત્ર પરિવર્તનો આવે છે.

(2) શહેરીકરણ :

શહેરીકરણ અને ઉદ્યોગીકરણ એ બન્ને એક સિક્કાની બે બાજુઓ સમાન છે. શહેરીકરણથી ઉદ્યોગીકરણ અને ઉદ્યોગીકરણથી શહેરીકરણની પ્રક્રિયાને વેગ મળે છે. શહેરીકરણથી ગ્રામીણ વિસ્તારો શહેરોમાં પરિવર્તન પામે છે. પરંપરાગત ગ્રામીણ વ્યવસ્થામાં ઘણાં બદલાવો આવે છે. શહેરી સુવિધાઓ, રોજગારીની તકો, મનોરંજનના સાધનો વગેરેનો વધુ વ્યાપ ગ્રામીણ લોકોને શહેરો તરફ આકર્ષે છે. આ બધાં કારણોથી શહેરીકરણની પ્રક્રિયાને વધુ વેગ મળે છે. શહેરીકરણની પ્રક્રિયાનો વધતો પ્રભાવ સમાજની મૂળભૂત વ્યવસ્થામાં અનેક પરિવર્તનો લાવે છે.

(3) વૈશ્વિકીકરણ :

વર્તમાન સમયમાં સમગ્ર વિશ્વ એક નાનું ક્ષેત્ર બની રહ્યું છે. વેપાર-વાણિજ્ય, વધતાં કાર્યક્ષેત્રો વગેરેને લીધે વિશ્વ આજે એક નાનું સમુદાય બની રહ્યું છે. વિશ્વ આખામાં પારસ્પરિક સંપર્કને લીધે સમાજજીવનનાં દરેક તબક્કે નોંધપાત્ર પરિવર્તન આવે છે. વૈશ્વિકીકરણની પ્રક્રિયાથી પરસંસ્કૃતિકરણ જેવી પ્રક્રિયાને વધુ વેગ મળે છે. આ પ્રક્રિયાના પરિણામ સ્વરૂપ લોકોના પરંપરાગત ખ્યાલો, જૂની વ્યવસ્થાઓ વગેરેમાં પરિવર્તન આવી રહ્યું છે. આમ, વૈશ્વિકીકરણની પ્રક્રિયા સામાજિક પરિવર્તન લાવવામાં અગત્યની ભૂમિકા ભજવે છે.

(4) શિક્ષણ :

શિક્ષણ સામાજિક પરિવર્તન માટે ખૂબ અગત્યનું પરિબળ બની રહે છે. શિક્ષણ દ્વારા વૈજ્ઞાનિક દષ્ટિકોણ વિકસે છે. લોકો સામાજિક વ્યવસ્થાને તાર્કિક રીતે સમજતાં થાય છે. શિક્ષણ દ્વારા વૈજ્ઞાનિક અભિગમ કેળવાતા લોકો બિનઆવશ્યક તત્ત્વોને સમાજ વ્યવસ્થામાંથી દૂર કરી એક નવીન સમાજ વ્યવસ્થાનું નિર્માણ કરવાના પ્રયત્નો કરે છે. હકીકતલક્ષી, તર્કસંબંધિત બાબતો શિક્ષણને લીધે વધુ વ્યાપક બને છે; જેનાથી લોકો નવી બાબતોનો ઝડપથી સ્વીકાર કરે છે. સમાજજીવનના દરેક કાર્યક્ષેત્રમાં શિક્ષણ દ્વારા નોંધપાત્ર બદલાવ આવે છે. આમ, શિક્ષણ સામાજિક પરિવર્તન લાવવાની પ્રક્રિયામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

(5) સંચારના સાધનોનો વધતો વ્યાપ :

વર્તમાન સમય વિજ્ઞાનનો સમય છે. નવી-નવી શોધખોળોને પરિણામે સંચારના સાધનોનો વ્યાપ વધ્યો છે. સંચારના સાધોનોનો ઉપયોગ વધવાથી લોકો એકબીજાના વધુ સંપર્કમાં આવવા લાગ્યા છે. લોકોનો પરસ્પરનો સંપર્ક સામાજિક બદલાવ લાવે છે. સંચારના સાધનોના વ્યાપથી અલગ-અલગ સંસ્કૃતિના લોકો એકબીજાની નજીક આવવા લાગ્યા છે. ઈન્ટરનેટ, વૉટ્સઅપ, ફેસબુક વગેરે જેવાં માધ્યમોથી સમગ્ર વિશ્વ એક નાનું સમુદાય બન્યું છે. સમગ્ર વિશ્વના લોકોનું એકબીજા સાથે સંપર્ક થવાથી વિચારોનું આદાન-પ્રદાન વધ્યું છે. વૈચારિક પરિવર્તન કરવાથી સામાજિક પરિવર્તન ઝડપી બની રહ્યું છે.

(6) વાહનવ્યવહારનો વ્યાપ :

વર્તમાન સમયમાં વાહનવ્યવહારના સાધનોનો ઝડપી વિકાસ થયો છે. વાહનવ્યવહારની સુવિધાને લીધે લોકો એકબીજાના સંપર્કમાં વધુ આવવા લાગ્યા છે. ઝડપી વાહનવ્યવહારને લીધે સંપર્કો ઝડપી બન્યાં છે. જેને લીધે વિચારોનું આદાનપ્રદાન પણ ઝડપી બન્યું છે. પરસ્પરના સંપર્કથી એકબીજાની સંસ્કૃતિને લોકો સમજવા લાગ્યા છે. વર્ષો જૂની

વ્યવસ્થાઓ અને પરંપરાઓ આ પ્રકારના સંપર્કથી પરિવર્તિત થઈ છે. આમ, વાહનવ્યવહારનો વધુ વ્યાપ પણ સામાજિક પરિવર્તન માટે અગત્યનું પરિબળ બન્યું છે.

(7) વિજ્ઞાન અને ટેકનોલૉજીનો વિકાસ : વિજ્ઞાન અને ટેકનોલૉજીનો વિકાસ સામાજિક પરિવર્તનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. વાહનવ્યવહારના સાધનો, શિક્ષણ, ટેલિવિઝન વગેરેના વિકાસથી પ્રાપ્ત થયેલ માધ્યમો સમાજમાં નોંધપાત્ર અસરો નિપજાવે છે. વિજ્ઞાન અને ટેકનોલૉજીના વિકાસથી ઉત્પાદનની પ્રક્રિયામાં બદલાવ આવે છે. પરંપરાગત ગૃહ ઉદ્યોગોવાળી વ્યવસ્થા મોટા પાયા પરના ઉદ્યોગોમાં પરિવર્તિત થઈ છે. યંત્રવિજ્ઞાનના આ વિકાસથી સમાજજીવનના અનેક ક્ષેત્રોમાં પરિવર્તનો આવે છે. વિજ્ઞાનનો વિકાસ થતાં લોકો તાર્કિક રીતે સમજતાં થયા છે, જેને પરિણામે સ્ત્રીઓ અને વંચિત વર્ગના સામાજિક દરજ્જામાં સુધારો આવ્યો છે. આ પ્રકારના લોકોના સામાજિક સ્થાનમાં આવતા પરિવર્તનથી લગ્ન વ્યવસ્થા, કુટુંબ વ્યવસ્થા, જ્ઞાતિ વ્યવસ્થા, રૂઢિ-રિવાજો વગેરેમાં પરિવર્તન આવ્યું છે. વિજ્ઞાન અને ટેકનોલૉજીના વિકાસથી કાર્યક્ષેત્રોનો વ્યાપ વધ્યો છે અને જૂની પદ્ધતિઓ, માન્યતાઓ વગેરેમાં પણ બદલાવ આવે છે. યંત્રવિત્રાનના વિકાસથી સમાજજીવનના પ્રત્યેક ક્ષેત્રમાં પરિવર્તન આવે છે.

(8) ભૌગોલિક વાતાવરણ :

ભૌગોલિક વાતાવરણમાં થતાં ફેરફારો સમાજ રચનામાં પરિવર્તન લાવે છે. વિવિધ કુદરતી આપત્તિઓ, અને કુદરતી ઘટનાઓને કારણે સ્થળાંતર શક્ય બને છે. ભૌગોલિક પરિવર્તન માનવસમાજમાં બદલાવ લાવે છે. આ પ્રકારના પરિવર્તન માનવ વર્તણૂકને એક નવી દિશા આપે છે. નવી બાબતોનો જન્મ થાય છે. પ્રતિકૂળ ભૌગોલિક પરિસ્થિતિઓને રોકવા માટે નવી વ્યવસ્થાઓનું નિર્માણ થાય છે. ભૌગોલિક પરિસ્થિતિને લીધે આવતો બદલાવ ધીમી માત્રાએ જોવા મળે છે.

**સામાજિક પરિવર્તનના અવરોધક પરિબળો :**

(1) પરંપરા, (2) અલ્પવૈજ્ઞાનિક દૃષ્ટિકોણ, (3) અયોગ્ય આદતીકરણ, (4) નવાં મૂલ્યોનો સ્વીકાર, (5) સામાજિક અસમાનતાઓનો પ્રચાર, (6) ખર્ચાળ અર્થ-વ્યવસ્થા, (7) સ્થાપિત હિતો.

(1) પરંપરા :

પરંપરાઓ બાલ્યાવસ્થાથી જ વ્યક્તિના જીવનમાં અંતરીકૃત થતી હોય છે. વ્યક્તિ બાળપણથી જ પોતાના વર્તનમાં પરંપરાગત બાબતોને શીખીને સમાજના રીતરિવાજો, રૂઢિઓ વગેરે અનુસરે છે. નવી વ્યવસ્થાનો વ્યક્તિ સ્વીકાર કરે તેમાં આ બાબતો અવરોધરૂપ બનતી હોય છે. વ્યક્તિ જલ્દીથી નવી બાબતોનો સ્વીકાર કરી શકતી નથી. જૂની આદતો તેનાં વર્તનમાં સહજ રીતે કેળવાયેલી હોય છે. તેથી નવી મૂલ્યાત્મક વ્યવસ્થા યોગ્ય હોવાં છતાં તે જૂની પરંપરાઓ આધારિત જીવન જીવવા ટેવાયેલ હોવાથી પરંપરાઓ સામાજિક પરિવર્તન માટે અવરોધક પરિબળ બને છે.

(2) વૈજ્ઞાનિક દૃષ્ટિકોણનો અસ્વીકાર :

વ્યક્તિ પરંપરાગત જીવન જીવવા ટેવાયેલ હોય છે. જૂની વ્યવસ્થાઓમાં અને પરંપરાઓમાં તાર્કિક અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ ઓછો હોય છે, તેથી નવી શોધોનો લોકો જલ્દીથી સ્વીકાર કરતાં નથી. ભૌતિકક્ષેત્રે થતાં નવીન વૈજ્ઞાનિક દૃષ્ટિકોણવાળી બાબતોનો

પરંપરાગત સમાજમાં વિરોધ થતો હોય છે. ભૂતકાલીન સમાજમાં આવાં અનેક ઉદાહરણો છે કે, વિજ્ઞાન દ્વારા રજૂ કરવામાં આવતી સૈદ્ધાંતિક વિચારસરણીનો સમાજમાં વિરોધ થયો છે. યંત્રવિજ્ઞાનની નવી શોધોનો શરૂઆતમાં વિરોધ જોવા મળ્યો હતો. વિજ્ઞાન તાર્કિક અને હકીકતલક્ષી વાસ્તવિક્તા રજૂ કરે છે. જયારે પરંપરાગત વ્યવસ્થાઓ આધારિત જીવન જીવતો માનવી આવી વાસ્તવિક્તાઓનો જલ્દીથી સ્વીકાર કરતો નથી. આમ, વૈજ્ઞાનિક દૃષ્ટિકોણનો અસ્વીકાર એ સામાજિક પરિવર્તનમાં અવરોધ રૂપ બને છે.

(3) અયોગ્ય આદતીકરણ :

વ્યક્તિ સામાજિક જીવનમાં બાલ્યાવસ્થાથી પરંપરા આધારિત જીવન જીવવાની પ્રણાલીઓને આદત સ્વરૂપે પોતાનામાં અંતરીકૃત કરે છે. વ્યક્તિ બદલાતા સમયની સાથે- સાથે વૈજ્ઞાનિક અને તાર્કિક બાબતો જે નવી સમાજ વ્યવસ્થા માટે આવશ્યક હોય તેવી બાબતોનો પણ વિરોધ કરે છે. લોકાચાર, રૂઢિઓ, રિવાજો, શિષ્ટાચાર વગેરેનું વ્યક્તિમાં એવું આદતીકરણ કરવામાં આવ્યું હોય છે જે વૈજ્ઞાનિક અને તાર્કિક બાબતોને સહજ રીતે સ્વીકારવામાં અવરોધરૂપ બને છે. આમ, અયોગ્ય આદતીકરણ સામાજિક પરિવર્તન માટે અવરોધરૂપ બને છે.

(4) નવાં મૂલ્યોનો અસ્વીકાર :

નવીન મૂલ્યોના સ્વીકાર વિના સામાજિક પરિવર્તન શક્ય બનતું નથી. સામાજિક જીવનના તમામ ક્ષેત્રોમાં નવીન વ્યવસ્થાનો સ્વીકાર કરવામાં લોકોમાં ડરની લાગણી જોવા મળતી હોય છે. ભૂતકાલીન કેટલીક આ પ્રકારની પરિસ્થિતિઓને જોઈએ તો, નવી વ્યવસ્થાનો સ્વીકાર કરતી વખતે સમાજમાં તેનો વિરોધ થતો જોવા મળ્યો હતો. કુરિવાજો દૂર કરવામાં, નવીન કાયદાઓના અમલીકરણમાં ભારે વિરોધી વલણ જોવા મળ્યું હતું. નવી વ્યવસ્થાનું પરિણામ કેવું હશે તે અંગેની અનિશ્ચિતતા સમાજમાં નવી બાબતોના સ્વીકાર અંગેની ડરની લાગણી જન્માવે છે. આમ, નવાં મૂલ્યોનો ઝડપથી સ્વીકાર થઈ શકતો નથી.

(5) સામાજિક અસમાનતાઓનો પ્રભાવ :

જૂની પ્રણાલીઓ આધારિત જોવા મળતી સામાજિક વ્યવસ્થાઓમાં ચોક્કસ વર્ગનું પ્રભુત્ત્વ હોય છે. માનવસહજ લાક્ષણિકતા છે કે, સમાજમાં જે વર્ગ પ્રભુત્ત્વ ધરાવે છે તે જલ્દીથી નવી તાર્કિક, વૈજ્ઞાનિક બાબતોનો સ્વીકાર કરવામાં અવરોધ ઊભો કરે છે કારણ કે, વૈજ્ઞાનિક, તાર્કિક બાબતો આધારિત નવી મૂલ્યાત્મક વ્યવસ્થાઓથી જે-તે વર્ગનું પ્રભુત્ત્વ ઘટી જવાની સંભાવના હોવાથી તેઓ જલ્દીથી તેનો સ્વીકાર કરી શકતા નથી. પરંપરાગત જ્ઞાતિ વ્યવસ્થા એ આ પ્રકારની અસમાનતાનો નિર્દેશ કરે છે. વર્તમાન સમયમાં આ પ્રકારની અસમાનતાઓ સ્વીકાર્ય નથી. પરંપરાગત જીવન આધારિત જોવા મળતી અસમાનતાઓનો પ્રભાવ સામાજિક પરિવર્તનમાં અવરોધરૂપ બને છે.

(6) આધુનિક અર્થ વ્યવસ્થા :

આધુનિક સમયમાં થતી નવી શોધો, યંત્રવિજ્ઞાન દ્વારા જોવાં મળતી શોધો ખર્ચાળ હોય છે. ભારતીય સમાજના સંદર્ભમાં જોઈએ તો દેશનો મહત્તમ વર્ગ હાલ પણ પાયાની જરૂરિયાતો પણ મેળવી શકતો નથી તે સંજોગોમાં નવીન યંત્રવૈજ્ઞાનિક શોધો દ્વારા મળતી ઉપલબ્ધિઓને મેળવવા માટે આવશ્યક જરૂરી ખર્ચ કરવા માટે તે અક્ષમતા ધરાવે છે. ભારતીય સમાજનો મહત્તમ વર્ગ એ ગ્રામીણ ક્ષેત્રમાં વસવાટ કરે છે અને ગ્રામીણ સમાજમાં

નાણાકીય તંગીને કારણે આ ઉપલબ્ધિઓનો જલ્દી સ્વીકાર કરવામાં અવરોધ આવે છે. આમ, આધુનિક અર્થ વ્યવસ્થા પણ સામાજિક પરિવર્તન માટે અવરોધરૂપ બને છે.

(7) સ્થાપિત હિતો :

નવી વ્યવસ્થાના નિર્માણથી સમાજમાં કોઈ ચોક્કસ વર્ગને કંઈક લાભોથી વંચિત રહેવું પડે તેવા વર્ગને સ્થાપિત હિતો તરીકે ઓળખવામાં આવે છે. તેથી સમાજના આવાં સ્થાપિત હિતો પોતાના અંગત સ્વાર્થ માટે સમાજમાં આવતા આવશ્યક પરિવર્તનોનો વિરોધ કરે છે. ભૂતકાલીન પરિસ્થિતિઓને જોઈએ તો, સમાજમાં આવાં અનેક સ્થાપિત હિતોએ પરિવર્તનની પ્રક્રિયામાં અવરોધ ઊભો કર્યો છે. ભૂતકાળમાં સતીપ્રથા પ્રતિબંધક-કાનૂન, બાળલગ્ન અટકાવવા માટેનો કાનૂન, જેવાં ઘણાં કુરિવાજો અંગે જયારે સુધારણાવાદી પ્રયત્નો થયાં ત્યારે સાંસ્કૃતિક હેતુથી પ્રેરિત સ્થાપિત હિતોએ, તેનો વિરોધ દર્શાવ્યો હતો. આમ, સમાજમાં સ્થાપિત હિતો, પોતાના અંગત લાભો માટે સામાજિક પરિવર્તનમાં અવરોધક બને છે.

## 5.3 સાંસ્કૃતિક મંદતા

સાંસ્કૃતિક મંદતા શબ્દનો સૌ પ્રથમ પ્રયોગ સમાજશાસ્ત્રી ડબ્લ્યુ. એફ. ઓગબર્ને પોતાના પુસ્તક ''સામાજિક પરિવર્તન''માં કર્યો હતો. તેમના મતાનુસાર સંસ્કૃતિના બે ભાગ હાય છે : ભૌતિક અને અભૌતિક, ઓગબર્ન અને નિમકોફે પોતાના "Hand Book of Sociology" માં મંદતાની વ્યાખ્યા કરતાં જણાવ્યું છે કે, "The strain that exists b<sup>a</sup>ween two correlated parts of culture that change at unequal rate of speed may be interpr<sup>a</sup>ed as a lag in the part that is changing at the slowest rate, for the one lag behind the other."

અંગ્રેજી 'Lag' શબ્દનો શાબ્દિક અર્થ વિલંબન અથવા મંદતા થાય છે. વિલંબન એટલે આગળ વધવામાં વિલંબ થવો અથવા વાર લાગવી. મોટેભાગે સાંસ્કૃતિક વિલંબતાનો-મંદતાનો અર્થ સંસ્કૃતિના કોઈ પણ ભાગ બીજા ભાગથી દૂર રહી જવો તે છે. દા.ત. સંસ્કૃતિના ભૌતિક તથા અભૌતિક ભાગોમાં કોઈ પણ ભાગ જો બીજાથી પાછળ રહી જાય ત્યારે સાંસ્કૃતિક વિલંબના દૃષ્ટિગોચર થાય છે. અલબત્ત, આપણને તે જોવા મળે છે કે અભૌતિક સંસ્કૃતિની તુલનામાં ભૌતિક સંસ્કૃતિ વધુ ઝડપથી આગળ વધે છે. સામાજિક પરિવર્તનના યંત્રવૈજ્ઞાનિક પરિબળનું વિશ્લેષણ કરતા ઓગબર્ન સાંસ્કૃતિક વિલંબન અથવા મંદતાનું વિશ્લેષણ કર્યું છે. તેમનો મત છે કે ભૌતિક અને અભૌતિક સંસ્કૃતિઓમાં એક સાથે પરિવર્તન થતું નથી. જ્યારે સંસ્કૃતિનો એક ભાગ ઝડપથી આગળ વધે છે અને બીજો ભાગ પાછળ રહે છે. તો તે સાંસ્કૃતિ વિલંબતા અથવા મંદતા કહેવાય. આથી એ બને છે કે ભૌતિક ક્ષેત્રમાં કોઈ શોધનો જન્મ થઈ જાય છે. પણ આ શોધને અનુકૂળ થવામાં સમાજને કેટલાંય વર્ષો લાગી જાય છે. યંત્રોનાં ક્ષેત્રોમાં આજે જે 70 માઈલની ઝડપે એક કલાકની ગતિથી ચાલવાવાળી મોટરકાર માટે ન તો આપણી પાસે સારા રસ્તા છે અને ન તો લોકો એટલા શિક્ષિત છે. એવી પરિસ્થિતિમાં ટ્રાફિકની સમસ્યા બહુ કઠિન બની જાય છે. આવી રીતે ભૌતિક ક્ષેત્રના પરિવર્તનની સાથે સામાજિક ક્ષેત્રમાં પરિવર્તન આવતું નથી.

સાંસ્કૃતિક મંદતાનું ઉદાહરણ ભારતમાં સ્ત્રીઓની સ્થિતિમાં મળે છે. ભારતમાં સ્ત્રીઓને પણ પુરુષોની સમાન શિક્ષણ, મતાધિકાર, સામાજિક, રાજકીય, ધાર્મિક, જીવનના તમામ ક્ષેત્રોમાં સમાન રીતે ભાગ લેવાનો અધિકાર છે અને સ્ત્રીઓ આ દિશામાં આગળ વધી રહી છે. પરંતુ ભાવનાઓ, વિચારો અને આદર્શોમાં ભારતીય સ્ત્રી હજુ પણ પશ્ચિમની સ્ત્રીઓથી કેટલી

ભિન્ન છે !! અહીંયાં એ પ્રશ્ન નથી કે આ ભિન્નતા સારી છે કે ખરાબ. સાચું એ છે કે જ્યાં એક દિશામાં ભારતીય નારીએ પશ્ચિમમાંથી બહુ લીધુ છે ત્યાં બીજી તરફ હજુ તો પહેલાં (પ્રાચીન) જેવી છે એમ કહી શયાય. એવું નથી કે આ દિશામાં પરિવર્તન થયું જ નથી, પરંતુ આ દિશામાં પરિવર્તન અન્ય દિશાઓની અપેક્ષાએ બહુ થોડું થયું છે.

વાસ્તવમાં માનવ જ્યાં એક તરફ બરાબર પરિવર્તન ચાહે છે ત્યાં બીજી બાજુ પરિવર્તનની ગતિ બહુ જ ઓછી રહે છે. દા. ત. ફેશન, વેશભૂષા, શૃંગારની બનાવટ, કલા, મનોરંજન વગેરેનાં ક્ષેત્રોમાં સંસ્કૃતિનું ઝડપથી પરિવર્તન થઈ રહ્યું છે. આજનો યુગ વિજ્ઞાન અને બુદ્ધિવાદનો યુગ કહેવાય છે. પશ્ચિમને આ દિશામાં સૌથી આગળ માનવામાં આવે છે પણ ખ્રિસ્તી ધર્મના મધ્યકાલીન અથવા આધુનિક કર્મકાંડ, વિશ્વાસ વગેરેમાં કેટલો બુદ્ધિવાર અથવા વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ છે ? ભારતમાં જ કેટલાય મહત્ત્વાકાંક્ષી સુધારકો અને બુદ્ધિશાળી છે. પરંતુ ક્યારેક ક્યારેક મંદિરમાં સવા રૂપિયાનો પ્રસાદ ચઢાવવા જાય છે અથવા બિલાડી રસ્તો આડો પસાર કરે તો બીજા રસ્તા પર નીકળી જાય છે, વગેરે બાબતો હજૂ ય તેવી જ છે. ટૂંકમાં, વિજ્ઞાન યુગમાં પણ આપણને નવી નવી અંધશ્રદ્ધાઓ જોવા મળે છે. આધુનિક કાળમાં સંસ્કૃતિનાં વિભિન્ન તત્ત્વોમાં આ સાંસ્કૃતિક વિલંબતા કે મંદતા જોવા મળે છે.

આ સાંસ્કૃતિક વિલંબતાનું કારણ શું છે ? મુખ્ય કારણ તો એ છે કે સાંસ્કૃતિક વિભિન્ન તત્ત્વોમાં પરિવર્તનની ગતિમાં અંતર હોય છે. જેમ કે કાનૂનનું પરિવર્તન અનેક પરિવર્તનો પછી થાય છે. દા.ત. ઔદ્યોગિક ક્રાંતિના પ્રારંભિક દિવસોમાં કારખાનાં બહુ જ ઝડપથી વધવા ભાગ્યાં અને તેમાં પુરુષોની સાથેસાથ સ્ત્રીઓ અને બાળકો પણ કામ કરવા લાગ્યા. તે લોકોના કામ કરવાના કલાકો, વેતન તથા અન્ય બાબતો અંગે ત્યારે કોઈ કાનૂન ન હતા. આવી અસહાય અવસ્થાનો લાભ ઉઠાવીને કારખાનાવાળાઓ અને મિલ-માલિકોએ મજૂરોનું વધુને વધુ શોષણ કર્યું કે જેથી તમામ બાજુએ અસંતોષ ફેલાયો. ત્યારબાદ જ મિલ-માલિકોમાં વિરોધ હોવા છતાંય શ્રમ સંબંધી કાનૂન બન્યા. હજુય પણ કેટલાંય ઉદાહરણ આપી શકાય તેમ છે કે જેમની સ્થિતિ બદલાઈ ચૂકી છે ને તેમને કાઈ કાનૂનની જરૂર છે છતાં હજુ સુધી કોઈ કાનૂન બન્યો નથી. ભારતમાં વનસ્પતિ ધીમાં રંગ નાંખવાનો પ્રશ્ન એવો જ છે.

ઓગબર્નના સાંસ્કૃતિક વિલંબના કે મંદતાના સિદ્ધાંતની અનેક સમાજશાસ્ત્રીઓએ આલોચના કરી છે. મ્યુલરના મતાનુસાર સાંસ્કૃતિક વિલંબતા કૃત્રિમ અને કાલ્પનિક છે. કેટલાક અન્ય વિદ્વાનોએ તેને સામાજિક પરિવર્તનને સમજવાની અતિ સરળ ભૂમિકા કહી છે. જેમ્સ વૂડવર્ડ અને મેકાઈવરે સાંસ્કૃતિક વિલંબનાના સિદ્ધાંતની વિરુદ્ધ નિમ્નલિખિત દલીલો રજૂ કરે છે : (1) ઓગબર્નના ભૌતિક અને અભૌતિક સંસ્કૃતિ વચ્ચે અંતર સ્પષ્ટ નથી. બીજું એ આવશ્યક નથી કે અભૌતિક સંસ્કૃતિ ભૌતિક સંસ્કૃતિથી હંમેશાં પાછળ રહી જાય. (2) ઓગબર્નના સિદ્ધાંતમાં એક મોટો દોષ એ છે કે તેણે સામાજિક પરિવર્તનની પ્રક્રિયામાં થવાવાળા તમામ પ્રકારના અસંતુલનો માટે સાંસ્કૃતિક મંદતા શબ્દનો પ્રયોગ કર્યો છે. (3) સાંસ્કૃતિક વિલંબના કે મંદતાની અનુસાર એક વસ્તુ આગળ વધે છે અને બીજી વસ્તુમાં વિલંબતા થાય છે. અર્થાત્ આ શબ્દપ્રયોગ ત્યાં નહિ હોવો જોઈએ કે જ્યાં આગળ વધવાવાળી અને વિલંબ કરવાવાળી વસ્તુઓ એક જ પ્રકારની અને સમાન માપદંડ રાખવાવાળી હોય.

## 5.4 ઉપસંહાર

આમ સામાજિક નિયંત્રણ વ્યક્તિને સલામતી અને સ્થિરતા આપે છે. માણસ એક એવું પ્રાણી છે કે જેને પોતાની જાત ઉપર ઉભા થવામાં ખુબ લાંબો સમય લાગે છે અને બીજાના આધારની જરૂર પડે છે. એટલે વ્યક્તિના અસ્તિત્વના ટકાવ માટે સમાજના વિવિધ વિભાગોની

આવશ્યક્તા રહેલી છે, જેના આધારે તે સલામત રહી શકે. આમ છતાં માનવ સ્વભાવે સ્વાર્થી હોવાથી તેને મુક્ત રીતે કાર્ય કરવાની છૂટ આપવામાં આવે તો સમાજ સુવ્યવસ્થિત ચાલે નહિ એટલે પ્રત્યેક વ્યક્તિ નિયંત્રણ ઈચ્છે છે. આ સામાજિક નિયંત્રણ જ વ્યક્તિ દ્વારા સમાજના વિવિધ ભાગોને સાથે લઈ ચાલે છે અને વિકાસ સાધે છે. માનવ સમાજના અસ્તિત્ત્વ અને ચીર ટકાવ માટે સામાજિક નિયંત્રણ આવશ્યક બની રહે છે.

## 5.5 ચાવી રૂપ શબ્દો

- સામાજિક નિયંત્રણઃ સમાજના ઈચ્છિત વતન સિવાયની પ્રવૃતિઓ ઉપરની પાબંધી.
- સમૂહઃ બેથી વધારે વ્યક્તિઓ કે જેની વચ્ચે અર્થ પૂર્ણ આંતરક્રિયા થતી હોય.
- માનવ વર્તનઃ વ્યક્તિની એવી કોઈ પણ પ્રતિક્રિયા કે વ્યવહાર જેમાં વ્યક્તિ એકલી હોય.

## 5.6 તમારી પ્રગતિ તપાસો

(1) સામાજિક નિયંત્રણ એટલે શું ?

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(2) સામાજિક નિયંત્રણની આવશ્યકતા જણાવો ?

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(3) સામાજિક પરિવર્તન એટલે શું ?

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 5.7 સંદર્ભ સૂચિ

- ડૉ. અક્ષયકુમાર આર. દેસાઈઃ 'સમાજ' (મકઆઈવર અને પેજ કૃત 'society'નો અનુવાદ) ભાગ-1, ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન, અમદાવાદ-9

- ડૉ. તારાબેન પટેલ : 'સમાજશાસ્ત્રનાં મૂળતત્ત્વો', ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન, અમદાવાદ-9
- ડૉ. અનીલ એસ. વાઘેલાઃ 'સમાજશાસ્ત્રનો પરિચય' યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય અમદાવાદ-6
- શર્મા, રામનાથ અને શર્મા રાજેન્દ્ર (1995), 'સમાજશાસ્ત્ર કે સિદ્ધાંત ' એટલાન્ટિક પબ્લિશર્સ એન્ડ ડિસ્ટ્રીબ્યુટર્સ, દિલ્લી.
- શાહ એ.જી. અને દવે જે.કે., (1997), 'સમાજશાસ્ત્ર પરિચય', અનડા પ્રકાશન, અમદાવાદ.

सत्यकेतु विद्यालंकार : 'समाजशास्त्र', सरस्वती सदन, मसूरी.

# એકમ 6 કાર્યવાદી, સંઘર્ષ/દ્વંદ્વવાદ, સંરચનાવાદ અને ઉત્તર આધુનિકતાવાદ

-: રૂપરેખા :-


6.0 એકમનાં હેતુઓ

6.1 પ્રસ્તાવના

6.2 અભિગમ એટલે શું ?

6.3 ઉપસંહાર

6.4 ચાવી રૂપ શબ્દો

6.5 તમારી પ્રગતિ તપાસો

6.6 સંદર્ભ સૂચિ


## 6.0 એકમનાં હેતુઓ

આ એકમના અભ્યાસ બાદ તમે,

- સમાજના અભ્યાસ માટેના અભિગમની વિભાવનાથી પરિચિત થશો.
- સમાજ અભ્યાસના વિવિધ અભિગમોની વ્યાખ્યા કરી શકશો.
- વિવિધ અભિગમો વચ્ચેનો ભેદ પારખી શકશો અને તેની ચર્ચા કરી શકશો.
- સમાજની વ્યવસ્થા, રચનાતંત્રો, સામાજિક પ્રથાઓ, રીતીઓ અને વિવિધ સામાજિક ઘટનાઓને જોવા સમજવાનો નવો દૃષ્ટિકોણ કેળવાશે.

## 6.1 પ્રસ્તાવના

સામાજિક વિજ્ઞાનોના ઉદ્‌ભવ પહેલા સામાજિક જીવન કે સામાજિક વ્યવહારને સામાન્ય બુદ્ધિ, લોક વિવેક, કાલ્પનિક કથાઓ કે અંધવિશ્વાસ વગેરે દ્વારા સમજવામાં આવતા. જેમ જેમ સામાજિક વિજ્ઞાનોનો વિકાસ થતો ગયો તેમ તેમ સમાજનો અભ્યાસ વૈજ્ઞાનિક રીતે થવા લાગ્યો. પ્રત્યેક વિજ્ઞાનમાં અભ્યાસ માટેના તેના વિશિષ્ટ પરિપ્રેક્ષ્યો કે અભિગમો હોય છે. સમાજના અભ્યાસ માટે પણ કેટલાક અભિગમો વિકસાવવામાં આવ્યા છે. આ પ્રકરણમાં આપણે સમાજના અભ્યાસ માટેના જુદા જુદા અભિગમો વિશે ચર્ચા કરીશું, તે પહેલા અભિગમ એટલે શું ? તેનો પ્રાથમિક ખ્યાલ મેળવી લઈએ.

## 6.2 અભિગમ એટલે શું ?

સમાજના અભ્યાસ માટેનો અભિગમએ સમાજના અભ્યાસમાં ઉપયોગમાં લીધેલું સાધન કે સિદ્ધાંત છે. તે સમાજને વસ્તુલક્ષી રીતે સમજવાની એક વિચારધારા છે. જેના આધારે સમાજ સબંધી અમુક હકીકતો એકઠી કરી તેનું વર્ણન અને વિશ્લેષણ કરવામાં આવે છે. અભિગમએ સમાજના મુદ્દાઓ અને સામાજિક ઘટનાઓને સમજવાની એક ચોક્કસ રીત છે. ઉ.દા. ટ્રાફિકના નિયમનું ઉલ્લંઘન થાય ત્યારે તે ઘટનાનો અનેક રીતે અભ્યાસ થઈ શકે. (1) કાયદા અને વ્યવસ્થાનો ભંગ કરવામાં આવ્યો તે રીતે (કાનૂન દ્વારા જે વ્યવસ્થાનું નિર્માણ થયું છે તેનો વ્યક્તિ દ્વારા ભંગ કરવામાં આવ્યો જેથી તેને સજા થવી જોઈએ), (2) કાયદા અને વ્યક્તિના મૂલ્યો વચ્ચેના સંઘર્ષના

સ્વરૂપમાં (કાયદો અને વ્યક્તિના વ્યક્તિગત હિતો વિરોધી હોય ત્યારે આવો સંઘર્ષ જોવા મળે છે તેથી ટ્રાફિકના નિયમોનો ભંગ થાય છે તો લોકોમાં ટ્રાફિકના નિયમોનું સામાજિકરણ થાય અને આ નિયમો આંતરીકૃત થાય તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ), (3) સમગ્ર ઘટનાને જે તે સંદર્ભ સાથે સમજવાથી (વ્યક્તિનું સગુ બીમાર હતું અને તેને ઝડપથી હોસ્પિટલ પહોંચાડવાનું હતું તેથી વ્યક્તિએ કાનૂન ભંગ કર્યો જો કે આ કોઈ એક જ ઘટનાનું સ્પષ્ટીકરણ છે આવા અનેક સ્પષ્ટીકરણ મળી શકે). (4) અનુઆધુનિક સમાજની એક લાક્ષણિકતા છે ઝડપ. આ યુગનો માનવી ધીરજ ધરી શકતો નથી. જેથી આ યુગના લોકો ઝડપથી ગંતવ્ય સ્થળ પર પહોંચવા આવું કરે છે. આમ, ઘટના એક જ છે પરંતુ તેને જુદા જુદા અભિગમથી તપાસવામાં આવી અને તેથી જ તેના ઉકેલ પણ જુદા જુદા મળી શકે. ટૂંકમાં સમાજ એક જટિલ વાસ્તવિકતા હોવાથી બધી બાબતોને એક સાથે આવરી લેવી શક્ય નથી. આથી પ્રત્યેક વ્યક્તિ પોતપોતાની રીતે સમાજને જોવા સમજવાનો પ્રયત્ન કરે છે. સમાજને સમજવાની આવી વિભિન્ન રીતો કે જે સમાજને વસ્તુલક્ષી રીતે ચકાસે છે અને તેની સમજૂતી આપે છે તેને અભિગમ કહેવાય.

સામાજિક વાસ્તવિકતાને સમજવા માટે અનેક અભિગમો છે. આ અભિગમ સામાજિક વાસ્તવની જટિલતાને અભિવ્યક્ત કરે છે. સમાજનીન કોઈપણ ઘટનાને સંરચનાત્મક અભિગમથી પણ જોઈ શકાય, કાર્યાત્મકવાદી અભિગમથી પણ જોઈ શકાય, સંઘર્ષાત્મક અભિગમથી પણ જોઈ શકાય, અને આંતરક્રિયાવાદી અભિગમથી પણ જોઈ શકાય. સવાલ માત્ર એટલો છે કે અભ્યાસકર્તા ઘટનાના કયાં પક્ષને જોવા માંગે છે. તેનો પ્રશ્ન શું છે ? અને તે કઈ પદ્ધતિથી આ પ્રશ્નનો જવાબ મેળવવા માંગે છે. પ્રસ્તુત પ્રકરણમાં આપણે કાર્યવાદી અભિગમ, સંઘર્ષવાદી અભિગમ, સંરચનાવાદી અભિગમ અને ઉત્તર આધુનિકતાવાદી અભિગમને સમજવાનો પ્રયત્ન કરીશું.

### કાર્યવાદી અભિગમ

કાર્યવાદી અભિગમ એટલે કે કાર્યાત્મકવાદની શરૂઆત જૈવકીય કાર્યાત્મકવાદથી થઈ. અઢારમી સદીના ઉત્તરાર્ધમાં અને ઓગણીસમી સદીમાં જીવશાસ્ત્રમાં થયેલી અનેક શોધોએ માનવ શરીરની રચના અને તેના કાર્યો વિષેના ઘણાં રહસ્યો ખુલ્લાં કર્યાં. જીવવિજ્ઞાનનો વિકાસ થતા તેની અસર સામાજિક વિજ્ઞાનો પર પડી, તેમાંય ઉત્ક્રાંતિવાદનો સિદ્ધાંત અને જીવતંત્રવાદનો સિદ્ધાંત જેવા સિદ્ધાંતોની અસર સામાજિક વિજ્ઞાનો અને ખાસ કરીને સમાજશાસ્ત્ર પર પડી, પરિણામ સ્વરૂપે સમાજના અભ્યાસ માટે પણ આ જ સિદ્ધાંતોના પાયા પર સામાજિક સિદ્ધાંતો અને અભિગમો વિકસવા લાગ્યા. જૈવિક જીવતંત્રવાદ મુજબ શરીર વિવિધ અંગો અને રચનાતંત્રો જેવા કે રુધિરાભિસરણતંત્ર, શ્વસનતંત્ર, પાચનતંત્ર વગેરેનું બનેલું છે. શરીરના આ બધાં જ અંગો પરસ્પરાવલંબી છે. તેમજ બધા જ અંગો શરીર માટે કંઈકને કંઈક કાર્ય કરે છે. હ્દય શરીરને લોહી પહોંચાડવાનું કામ કરે છે તો જઠર ખોરાકનું પાચન કરીને શરીરને પોષક તત્ત્વો પૂરા પાડે છે. આમ, દરેક અંગનું ચોક્કસ કાર્ય છે. અને જે અંગ શરીર માટે કોઈ જ ઉપયોગી નથી રહેતું તે કાળક્રમે લુપ્ત થતું જાય છે. તેનું અસ્તિત્ત્વ લાંબો સમય સુધી રહેતું નથી. જીવતંત્રવાદનો આ નિયમ સમાજ માટે પણ લાગુ પાડવામાં આવ્યો.

સમાજ પણ જુદા જુદા અંગો અને રચનાતંત્રો જેવા કે કુટુંબ, શિક્ષણ, ધર્મ વગેરેનો બનેલો છે. અને સમાજના આ બધા અંગો રિવાજો, સંસ્કૃતિ, પ્રણાલીઓ, ધોરણો, વ્યવસ્થાઓ તેમજ રચનાતંત્રો વગેરે સમાજની જાળવણી અને સંવર્ધન માટે કંઈકને કંઈક યોગદાન આપે છે અને તેથી જ સમાજમાં આ બધી પ્રથાઓ, વ્યવસ્થાઓ કે રચનાતંત્રોનું અસ્તીત્વ જોવા મળે છે. જેમકે, કુટુંબ સંસ્થા સમાજ માટે નવા સભ્યો પૂરા પાડવાનું તેમજ બાળ ઉછેર અને સામાજિકરણનું

કામ કરે છે. અને તેથીજ કુટુંબ સંસ્થા સાર્વત્રિક છે. હા જોકે બાહ્ય અને આંતરિક પરિબળોની અસર હેઠળ આ સંસ્થા પરિવર્તન પામે છે અને પરંતુ આમ છતાં તે સમાજ માટે ચોક્કસ કાર્ય કરતી રહે છે. આમ, આ અભિગમ સમાજના સમૂહો, સંસ્થાઓ અને સંરચનાઓનો અભ્યાસ સામાજિક-સાંસ્કૃતિક તંત્રમાં તેના દ્વારા થતા કાર્યના આધારે કરે છે. આ અભિગમ સમાજની કલ્પના એવા તંત્રના રૂપમાં કરે છે કે જેના બધા અંગો એકબીજા સાથે જોડાયેલા છે જેને અલગથી સમજી શકાય નહિ. મેલિનોવસ્કી અને રેડક્લિફ બ્રાઉન સંસ્કુતિના તત્ત્વોને કાર્યાત્મકવાદ દ્વારા સમજાવે છે. તેમના મતે દરેક સમાજની સંસ્કૃતિના તત્ત્વો તે સમાજ માટે કંઈક કાર્ય કરે છે તેથી તેનું અસ્તિત્ત્વ ટકી રહે છે. બાહ્ય અને આંતરિક પરિવર્તનો સાથે જો આ તત્ત્વો સમાજ માટે કાર્યશીલ ન રહે તો એવા સાંસ્કૃતિક તત્ત્વો લાંબો સમય ટકી શકે નહિ. દા. ત. આદિવાસી સમુદાયમાં ટોટમવાદ અથવા આધુનિક સમુદાયોમાં પ્રકૃતિ પૂજા.

શરૂઆતમાં આ અભિગમનો પ્રયોગ હર્બટ સ્પેંસરે કરેલો ત્યારબાદ કિંગસ્લે ડેવિસ, ટાલ્કોટ પારસન્સ અને રોબર્ટ મર્ટને તેનો પ્રયોગ કર્યો. દુર્ખિમે કાર્યાત્મકવાદનો પ્રયોગ કરી સમૂહમાં એકતા અને સુગ્રથનની ભાવના પેદા કરવામાં ધર્મની ભૂમિકાનું વિશ્લેષણ કર્યુ. મેલિનોવસ્કી અને રેડક્લિફ બ્રાઉન સામાજિક-સાંસ્કૃતિક તત્ત્વોના અભ્યાસમાં કાર્યાત્મકવાદ અભિગમનો ઉપયોગ કરે છે. ટાલ્કોટ પારસન્સ સામાજિક વ્યવસ્થાના સંદર્ભમાં સમાજનું વિશ્લેષણ કરે છે અને સામાજિક વ્યવસ્થાનું અસ્તિત્ત્વ ટકાવી રાખવા માટે જરૂરી ચાર કાર્યાત્મક અનિવાર્ય આવશ્યક્તાઓની ચર્ચા કરે છે. રોબર્ટ મર્ટન કાર્યાત્મક પૃથ્થકરણમાં પ્રકટ કાર્ય અને અપ્રગટ કાર્ય વચ્ચે ભેદ દોરવાનું કામ કરે છે આમ, કાર્યાત્મકવાદ પર ખુબ લખાણ ઉપલબ્ધ છે. કિંગસ્લે ડેવિસ તો ત્યાં સુધી કહે છે કે, સમાજશાસ્ત્રમાં જેટલું સાહિત્ય જોવા મળે છે તેનું 3/4 ભાગનું સાહિત્ય કાર્યાત્મકવાદ પર છે.

વીસમી સદીના ચોથા અને પાંચમા દસકમાં કાર્યાત્મકવાદ તેની ચરમસીમા પર હતો. કાર્યાત્મકવાદની જેટલી લોકપ્રિયતા હતી તેટલી જ તેની ટીકા પણ થઈ. તેની સૌથી મોટી ટીકા એ હતી કે વ્યવસ્થાના નામ પર કાર્યાત્મકવાદ સમાજની ગતિને અવરોધે છે. તે એક રૂઢીવાદી અભિગમ છે કે જેમાં સામાજિક પરિવર્તન, સંરચનાત્મક વિરોધાભાસો અને સંઘર્ષને મહત્ત્વ આપવામાં આવ્યુ નથી. કારણકે કાર્યાત્મકવાદ મુજબ સમાજમાં જે કંઈ પણ વ્યવસ્થા અસ્તિત્ત્વ ધરાવે છે તે સમાજ માટે કાર્યાત્મક છે જે એવો ભ્રમ પેદા કરે છે કે સમાજ યથાસ્થિતિ બની રહે જેથી અમીર સમૃદ્ધ જીવનનો આનંદ લે અને ગરીબ અમાનવીય સ્થિતિમાં જીવતા રહે. એક આરોપ એવો પણ છે કે કાર્યાત્મકવાદ એક સિદ્ધાંત કે અભિગમ નહિ પરંતુ મૂડીવાદીઓના હિતોનું રક્ષણ કરતી વિચારધારા છે. ગુલ્ડનર કાર્યાત્મકવાદીઓ માટે કહે છે કે, ''કાર્યાત્મકવાદી ખોખલા મઠાધીશ છે જે ગરીબોની છાતી પર ચઢીને અમીરોના ગુંબજો બનાવે છે.'' એક બીજી ટીકા એ છે કે કાર્યાત્મકવાદીઓ તેમનું ધ્યાન વ્યવસ્થાના નિર્માણ કે તેની પ્રક્રિયા પર નહિ પરંતુ તેના પરિણામ પર આપે છે. તેમના મતે કોઈ વ્યવસ્થા એટલે અસ્તિત્ત્વમાં આવી કારણકે સમાજે તેની પાસેથી કોઈ કાર્ય કરાવવાનું હતું. પણ પરિસ્થિતિ તેનાથી જુદી પણ હોઈ શકે. એવું પણ બની શકે કે વ્યવસ્થા છે એટલે તેનું કાર્ય છે જેમકે, પગ છે એટલે વ્યક્તિ ચાલે છે નહિ કે વ્યક્તિને ચાલવું છે એટલે પગની ઉત્પત્તિ થઈ.

### સંઘર્ષ/દ્વંદ્વવાદી અભિગમ

કાર્યાત્મક અભિગમ સમાજમાં સ્થિરતા, સર્વસમ્મતિ અને સંતુલન પર ભાર મૂકે છે. ત્યાં સંઘર્ષાત્મક અભિગમ સમાજને સતત સંઘર્ષરત એકમના સ્વરૂપે જુએ છે. આ અભિગમના મત પ્રમાણે જુદા જુદા જૂથો વચ્ચે સંઘર્ષ કે તણાવ ઉત્પન્ન થાય છે જે જરૂરી નથી કે હિંસાત્મક જ હોય. આ સંઘર્ષ જયારે તીવ્ર બને છે ત્યારે તે સમાજવ્યવસ્થામાં પરિવર્તન સૂચવે છે. વીસમી

સદીના પ્રારંભમાં કાર્યાત્મકવાદ પ્રભાવી હતો પરંતુ 1960ના દશકથી સંઘર્ષાત્મક/દ્વંદ્વાદ વધુ પ્રભાવી બનતો ગયો. સંઘર્ષવાદને પરિવર્તનશીલ અભિગમ સમજવામાં આવે છે જ્યારે કાર્યાત્મકવાદને રૂઢીવાદી અભિગમ માનવામાં આવે છે.

સંઘર્ષવાદ મુખ્યત્વે કાર્લ માર્ક્સના લખાણો પર આધારિત છે. જ્યારે કાર્લ માર્ક્સનો સંઘર્ષવાદ હેગલના દ્વંદવાદ પર રચાયેલો છે. સંઘર્ષવાદી અભિગમ મુજબ સમાજમાં ઐતિહાસિક યુગથી માંડીને વર્તમાનકાળ સુધી સતત સંઘર્ષ જોવા મળે છે. પછી તે સંઘર્ષ બે વર્ગ વચ્ચે ભૌતિક સાધન-સંપત્તિ માટેનો હોય, શોષણ સામેના વિરોધ માટેનો હોય, વિરોધી હિતો માટેનો હોય, સત્તા પ્રાપ્તિ માટેનો હોય કે વિરોધી મૂલ્યો વચ્ચેનો હોય. કાર્લ માર્ક્સનો સંઘર્ષવાદ ઉત્પાદનના સાધનોની માલિકી માટે બે વર્ગો વચ્ચેના સંઘર્ષને વર્ણવે છે જ્યારે આધુનિક સંઘર્ષવાદીઓના મતે સંઘર્ષ એ સત્તા અને ધન પ્રાપ્તિ માટે સતત ચાલતી પ્રક્રિયા છે જેમાં માત્ર વિભિન્ન વર્ગ જ નહિ પરંતુ રાષ્ટ્ર, ધર્મ, જ્ઞાતિ, જાતિ તથા જેન્ડર પણ એકબીજાની વિરુદ્ધ સંઘર્ષમાં હોય છે. ટૂકમાં, સમાજમાં સંઘર્ષ સાર્વત્રિક છે જ્યાં સુધી એક વર્ગ કે સમુદાય બીજા વર્ગ કે સમુદાયની જોહુકમી સામે સંગઠિત નથી થતો ત્યાં સુધી આ સંઘર્ષ છુટોછવાયો રહે છે. સમાજની જે વ્યવસ્થા છે તે સમાજનો સત્તાધારી કે અમીર વર્ષ પોતાના ફાયદા પ્રમાણે ગોઠવે છે અને અન્ય પાસે દબાણપૂર્વક અથવા સંસ્થીકરણના માધ્યમથી પાલન કરાવે છે. પરંતુ જ્યારે આ બીજો વર્ગ આ બાબતે સભાન બની સંગઠિત થાય છે ત્યારે સંઘર્ષ તેની ચરમસીમા પર પહોંચે છે અને સંપૂર્ણ સમાજવ્યવસ્થા બદલાય છે. આ સંઘર્ષો જુની વ્યવસ્થાને તોડી નવી વ્યવસ્થાની સ્થાપના કરે છે અને તેથી જ સામાજિક પરિવર્તન આવે છે. કાર્યાત્મકવાદીઓ માને છે કે સમાજમાં સદ્ભાવપૂર્ણ સંતુલન હોય છે જે સમાજમાં બધા માટે લાભકારી હોય છે. જ્યારે સંઘર્ષવાદીઓ માને છે કે સમાજમાં સત્તાધારી વર્ગ તેમના માટે લાભદાયક મૂલ્યો કે વ્યવસ્થા અન્ય લોકો પર થોપી બળજબરીપૂર્વકની સહમતિ સાધે છે અને લોકો પર સાશન કરે છે.

રિચર્ડ શેફર માને છે કે સંઘર્ષાત્મક અભિગમનું સૌથી મોટું યોગદાન એ છે કે તે એ સમાજશાસ્ત્રીઓને સમાજના એ લોકોના દષ્ટિકોણથી જોવા પ્રેરિત કરે છે જે લોકો સમાજની નિર્ણય પ્રક્રિયાને પ્રભાવિત નથી કરતા. ઉદાહરણ તરીકે, આ અભિગમથી ભારતીય સમાજમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ કે અન્ય પછત વર્ગ, મહિલા, ખેડૂત, ઔદ્યોગિક મજૂર વગેરેના અભ્યાસોને વેગ મળ્યો.

કાર્યાત્મકવાદીઓ સમાજને એક એકીકૃત સમગ્રના સ્વરૂપમાં જોવે છે કે જેમાં મૂલ્યો, સંસ્થાઓ આ સમગ્રને જાળવી રાખે છે જ્યારે સંઘર્ષવાદીઓ સમાજને જુદા જુદા વિભાગોમાં વહેંચાયેલો જોવે છે કે જ્યાં અસમાનતા અને સંઘર્ષ છે. કાર્યાત્મકવાદીઓના મતે, સામાજિક વ્યવસ્થા સમગ્ર સમાજનું હિત જાળવે છે અને સમાજમાં એકતા સ્થાપે છે જ્યારે સંઘર્ષવાદીઓના મતે, સામાજિક વ્યવસ્થા માત્ર સાશક વર્ગના હિતોને પોષે છે અને તેથી સમાજમાં અસમાનતા અને સંઘર્ષ ઉદ્ભવે છે. આમ, કાર્યાત્મકવાદીઓ સમાજને ઉપરથી નીચેની તરફ જોવે છે અને જાણવાનો પ્રયત્ન કરે છે કે સમાજમાં એકતા કેવી રીતે આવે છે અને સમાજના અંગો આ એકતા લાવવામાં પોતાનું શું યોગદાન આપે છે. જ્યારે સંઘર્ષવાદીઓ સમાજને નીચેથી ઉપર તરફ જોવે છે અને સમાજની વિષમતાઓ તેમજ અન્યાયને સમજવામાં પોતાનું યોગદાન આપે છે.

સંઘર્ષવાદી અભિગમ સમાજના મહત્ત્વપૂર્ણ પાસાંને ઉજાગર ચોક્કસ કરે છે, પરંતુ સંપૂર્ણ નથી. સંઘર્ષવાદની મુખ્ય ટીકા એ છે કે સામાજિક વાસ્તવિકતા દ્વંદાત્મક સંઘર્ષથી પણ કંઈક વિશેષ છે. સમાજમાં સત્તા, સંપત્તિ અને હિતો માટેનો સંઘર્ષ ચોક્કસ જોવા મળે છે, પરંતુ સમાજમાં માત્ર સંઘર્ષ જ નથી. વિભિન્ન વિરોધી હિતો વચ્ચે સમન્વયની એક અવસ્થા પણ સમાજમાં જોવા મળે છે. જેને આપણે વાટાઘાટો કે સમાધાન કહીએ છીએ. આમ સંઘર્ષવાદ

વ્યાવહારિક અભિગમ નથી તો બીજી એક ટીકા એ પણ છે કે સંઘર્ષવાદીઓ કહે છે કે સંઘર્ષના પરિણામ સ્વરૂપ સમાજમાં પરિવર્તન આવે છે, ત્યારે તેઓ એ ભૂલી જાય છે કે ક્યાંક સામાજિક પરિવર્તન પણ સંઘર્ષને નોતરે છે. આમ, સંઘર્ષવાદ સમાજનું માત્ર એક તરફી ચિત્ર પ્રસ્તુત કરે છે.

**સંરચનાવાદ**

સંરચનાવાદ મૂળભૂત રીતે ભાષાશાસ્ત્રમાં પ્રયોજાયેલો. ફર્દિનાદ સોસુરેના મુજબ કોઈપણ શબ્દ જયારે એક ચોક્કસ સંરચનામાં ગોઠવાય છે ત્યારે તે વાચક સામે કોઈ ચોક્ક્સ અર્થ પ્રસ્તુત કરે છે. કોઈ પણ જાતની સંરચના વગર માત્ર શબ્દોનો ખડકલો કરી દેવામાં આવે તો વાચક કોઈ અર્થ ગ્રહણ કરી શકતો નથી. આમ શબ્દ જયાં સુધી ચોક્ક્સ માળખામાં ગોઠવાઈ વાક્ય ન બનાવે અને વાક્ય જયાં સુધી ચોક્ક્સ માળખામાં ગોઠવાઈ કોઈ લખાણ (ટેક્સ્ટ)ના બનાવે ત્યાં સુધી આ બધા શબ્દો નિરર્થક નિવડે છે. જેનો ઉપયોગ સમાજશાસ્ત્રમાં સામાજિક સંરચના અને માનવી વચ્ચેની આંતરક્રિયાને સમજવા માટે થવા લાગ્યો. જોકે સંરચનાત્મક કાર્યત્મકવાદ સિદ્ધાંત સમાજશાસ્ત્રમાં અસ્તિત્ત્વ ધરાવતો હતો પરંતુ તે માત્ર સંરચનાની કાર્યાત્મકતાની ચર્ચા કરતો હતો. એટલે જયારથી સામાજિક સંરચના અને માનવી વચ્ચેના સબંધની ચર્ચાની શરૂઆત થઈ ત્યારથી સમાજશાસ્ત્રમાં સામાજિક સંરચનાવાદ સિદ્ધાંતની શરૂઆત થઈ તેમ કહી શકાય. અગાઉ કાર્લ માર્ક્સ દ્વારા આપેલ સિદ્ધાંત પણ માનવી પર સામાજિક સંરચનાના પ્રભુત્વને દર્શાવતો હતો પરંતુ તેમાં માત્ર આર્થિક સંરચના જ મહત્ત્વની હતી. તેમના મત મુજબ માત્ર આર્થિક સંરચનાના દોરી સંચારથી જ માનવીના ક્રિયા-કલાપ નિર્ધારિત થતા હતાં.

સમાજશાસ્ત્રમાં સંરચનાવાદી અભિગમનો ઉદ્‌ભવ જિન પોલ સાર્ત્રના અસ્તિત્ત્વવાદના વિરોધથી થયો. સંપૂર્ણ યુરોપમાં અસ્તિત્ત્વવાદી સિદ્ધાંત લોકપ્રિય બન્યો. જેનો વિરોધ સંરચનાવાદી સિદ્ધાંત દ્વારા થયો. સાર્ત્રનો અસ્તિત્ત્વવાદી સિદ્ધાંત વ્યક્તિ પર ભાર મૂકે છે. સાર્ત્ર મૂળભૂત રીતે માનવીની સ્વતંત્રતાના આગ્રહી હતા. માનવીની સ્વતંત્રતાને તે સમાજનો સૌથી મહત્ત્વનો મુદ્દો સમજતા હતા. તેમણે એ બાબત પર ભાર મૂક્યો કે માનવી જે કંઈ પણ કરે છે તે તેનો પોતાનો નિર્ણય હોય છે સમાજ કે સામાજિક સંરચના તેમાં કોઈ ભાગ ભજવતી નથી. તેમના પાછલા જીવનમાં તેમના પર માર્ક્સવાદનો પ્રભાવ પડ્યો અને તેઓએ સ્વીકાર્યું કે મનુષ્ય પોતે પોતાની રીતે સ્વતંત્ર છે તેમ છતાં દમનકારી સંરચનાનો તેના પર બહું મોટો દબાવ હોય છે. ગિલા હૈઈમ તેમની પુસ્તક (Gila Hayim, 1980) માં કહે છે કે સાર્ત્રનો અસ્તિત્ત્વવાદ એવું સ્વીકારીને ચાલે છે કે વ્યક્તિમાં બધુ કરી શકવાની ક્ષમતા છે. તે પોતે જ તેના ભવિષ્યનો નિર્માતા છે.

સંરચનાવાદ સાર્ત્રના અસ્તિત્ત્વવાદ અને માનવવાદના વિરોધમાં ઉદ્ભવ્યો. વ્યક્તિ સંરચનાથી છે નહિ કે વ્યક્તિથી સંરચના. વ્યક્તિ સ્વતંત્ર નથી પરંતુ તે સામાજિક સંરચનાની એક કઠપૂતળી માત્ર છે. સાર્ત્રનો અસ્તિત્ત્વવાદ વ્યક્તિને કેંદ્રમાં રાખે છે તો સંરચનાવાદ સામાજિક સંરચનાને કેંદ્રમાં રાખે છે. સંરચનાવાદના મતે સામાજિક સંરચના જ છે કે જે વ્યક્તિની ક્રિયાઓને નિર્ધારીત કરે છે. વ્યક્તિ જન્મે ત્યારે એક પશુ બાળ માત્ર હોય છે. સામાજિક સંરચનાના માળખામાં રહી તે માનવ તરીકેની સભાનતા કેળવે છે. આમ વ્યક્તિનું વ્યક્તિત્ત્વ આ સામાજિક માળખાનાં બીબામાં આકાર પામતું હોય છે. તેથી તેના દ્વારા થતી ક્રિયાઓ મૂળભૂત રીતે તો સામાજિક સંરચના દ્વારા જ નિર્ધારીત થયેલ છે તેમ કહી શકાય.

સંરચનાવાદી અભિગમ સમાજના અભ્યાસની એક રીત છે. જે વ્યક્તિ કે સમૂહનો અભ્યાસ તેની સામાજિક સંરચનાના માધ્યમથી કરે છે. ભારતીય હિંદુ સમાજમાં ભ્રુણહત્યાનો અભ્યાસ કરવો હોય તો તેને હિંદુ સમાજની સામાજિક સંરચના સાથે જોડી વધુ સારી રીતે

સમજી શકાય. આ અભિગમ દરેક ઘટના, રિવાજ કે સામાજિક સબંધોનું મૂળ જે તે સામાજિક સંરચનામાં જુએ છે અને સામાજિક સંરચનાના માધ્યમથી સમાજને તપાસે છે. લેવી સ્ટ્રોસે માનવ મનમાં સ્થાપિત સંરચનાના માધ્યમથી વ્યક્તિના ક્રિયા-કલાપને સમજવાનો પ્રયત્ન કર્યો હતો. તેમના મતે વ્યક્તિ જે પણ કંઈ ક્રિયા કરે છે તે વ્યક્તિના મનમાં રહેલ વૈચારિક સંરચનાને આધિન હોય છે. જેમકે 'સભ્ય' હોય કે 'બર્બર' એટલે કે આદિમ સમુદાય બંને પકવેલું માંસ ખાવાનું પસંદ કરે છે એટલા માટે નહિ કે તે શરીરને ઉપયોગી છે પરંતુ એટલા માટે કે તેમની માનસિક સંરચના મુજબ પકવેલું માંસ ઉત્તમ છે તેથી તેઓ તેવું માંસ વધુ પસંદ કરે છે. આમ તેઓ આદિમ સુદાયમાં 'ટેબુ', સગપણ સબંધો અને દંતકથાઓ કે કાલ્પનિક કથાઓનું વિશ્લેષણ સંરચનાવાદી અભિગમથી કરે છે.

સંરચનાવાદી અભિગમની સૌથી મોટી ટીકા એ છે કે તે વ્યક્તિને એક કઠપૂતળી માત્ર ગણે છે કે જે સંરચનાથી અસર પામ્યા કરે છે. જ્યારે વાસ્તવમાં વ્યક્તિ પોતે પણ સંરચના પર અસર કરે છે અને માળખાકીય પરિવર્તનો પણ નિપજાવે છે.

### ઉત્તર આધુનિકતાવાદ

ઉત્તર આધુનિકતાનો ઉદ્‌ભવ સ્થાપત્ય કલાથી થયો તેમ માનવામાં આવે છે. ઉત્તર આધુનિકતા શબ્દનો સૌપ્રથમ પ્રયોગ 1960માં લેસ્લી ફિલ્ડર અને ઈહાબ હસ્તાને કર્યો હતો. વાસ્તુશાસ્ત્ર બાદ આ શબ્દ નૃત્ય, રંગમંચ, સંગીત અને પછીથી સમાજ અને સંસ્કૃતિ સાથે જોડાયેલા શાસ્ત્રો સાથે પણ વ્યાપક રીતે ઉપયોગમાં લેવાયો. ઉત્તર આધુનિકતાના મૂળ સમીક્ષા કે ટીકામાં છે. તે સત્યના દરેક પાસાંને પડકારે છે. તેના મતે સત્ય એક નહિ પણ અનેક છે. ઉત્તર આધુનિકતાવાદી અભિગમ સમાજને કોઈ નિશ્ચિત માળખામાં બાંધી તપાસવા માંગતો નથી. જેમકે, પ્રાથમિક સમૂહ અને ગૌણ સમૂહના વર્ગીકરણથી સમાજની બહુલતાને સમજાવી શકાય નહિ. સામાજિક સબંધો બહુવિધ પ્રકારના હોય છે. ગાઢ મિત્રોથી લઈને માત્ર ઓળખાણના સબંધો ધરાવતા લોકો વચ્ચે વિવિધ સ્તરના સમૂહો જોઈ શકાય. જેને માત્ર ઉપર દર્શાવેલી બે શ્રેણીઓમાં સમજાવી શકાય નહી. ઉત્તર આધુનિકતાવાદની માન્યતા છે કે પ્રવર્તમાન સમાજ જટિલ વાસ્તવિકતા છે તેના અભ્યાસમાં એક પક્ષીય સત્યનો આગ્રહ ન રાખતા સત્યનાં તમામ પાસાંને ઉજાગર કરવાનો ધ્યેય હોવો જોઈએ.

ઉત્તર આધુનિકતાવાદને બે રીતે જોઈ શકાય. એક તે સમાજનાં અભ્યાસ માટેનો એક અભિગમ છે કે જે સમાજને એક વિશિષ્ટ પરિપ્રેક્ષ્યમાં જોવા પ્રેરે છે અને બીજું તે એક વૈકલ્પિક સમાજ વ્યવસ્થા છે. લ્યોતારે તેમની પુસ્તકમાં આધુનિકતાવાદી લેખકો પર પ્રહાર કરતા કહ્યું કે,આધુનિકતાવાદી સિદ્ધાંતકારો અને વિચારકોએ માત્ર ભવ્ય અને મહાવૃતાંતવાળા સિદ્ધાંતો જ આપ્યા છે, જે મિથકથી વિશેષ કઈ નથી. તે માત્ર શબ્દોબાજી જ હતી. આધુનિકતાવાદી લેખકોએ આપેલ વિજ્ઞાન મનુષ્યનો ઉદ્ધારક છે એવો દાવો માત્ર છળ છે. દર્શનશાસ્ત્ર સમગ્ર જ્ઞાનને એકીકૃત કરે છે તેમ પણ નથી. તેમના મતે વિશ્વવિદ્યાલય પણ કોઈ અર્થમાં જ્ઞાનનો વિકાસ નથી કરતા. ટૂંકમાં, લ્યોતારનો મુખ્ય તર્ક એ છે કે જેને આપણે સાર્વભૌમિક જ્ઞાન કહીએ છે માત્ર શબ્દબાજી જ છે. તેમનું માનવું છે કે કોઈપણ ઘટના પાછળ કોઈ એક જ કારણ મળે તે શક્ય નથી. કારણ એક નહિ અનેક હોય છે. આમ, ઉત્તર આધુનિકતાવાદી અભિગમ સંશ્લેષણાત્મક અભિગમ છે. જે બહુવિદ્યાકીય દૃષ્ટિકોણ ધરાવે છે.

મિશેલ ફુકો કે જેમના 'પાગલપન'ના અભ્યાસમાં ઉત્તર આધુનિકતાવાદી અભિગમ જોવા મળે છે તેમાં તેમણે જુદા જુદા યુગમાં પાગલપન તરફી સમાજના દૃષ્ટિકોણની ચર્ચા કરી પ્રસ્તાપિત કર્યુ કે એક જ ઘટનાનાં સામાજિક તથ્યો કે અર્થઘટનો જુદા જુદા સમયે જુદા જુદા જોવા

મળે છે. આમ જે જ્ઞાન અત્યારે પ્રવર્તમાન છે તે ભવિષ્યમાં નિરૂપયોગી બને છે અને તેની જગ્યાએ બીજું જ્ઞાન અસ્તિત્ત્વમાં આવે છે. એ જ રીતે ડેરિડા કે જેને ઉત્તર આધુનિકતાવાદી કહેવામાં આવે છે તેઓ એ પ્રતિપાદિત કર્યું કે કોઈ એક લખાણ જ્યારે વાચક દ્વારા વાંચવામાં આવે છે અને ત્યારબાદ તેનું ફરીથી લેખન થાય ત્યારે તેમાં છદ્મજીહં રહેલ તથ્યોને ઉમેરવામાં આવે છે અને આ પ્રક્રિયા સતત ચાલુ રહેતા એક સમય એવો આવે છે કે પ્રાપ્ત લખાણ મૂળ લખાણ કરતા કઈક જુદું જ હોય છે. જિન બોન્દ્રિલાર્ડના મતે ઉત્તર આધુનિક સમાજ મિડીયા સમાજ છે જ્યાં બધુ કાલ્પનિક છે. બધે માત્ર કાર્બન કોપીઓ જ છે મૂળ પ્રત ક્યાં છે તેની તો કોઈ દરકાર જ નથી. આ એક ભ્રામક સમાજ છે જ્યાં મીડીયા બિન જરૂરી સામન માટે પણ ભ્રામક જરૂરીયાત પેદા કરે છે અને અહી યથાર્થ અને અયથાર્થ વચ્ચે ભેદ ભૂંસાતો જાય છે.

આમ ટૂંકમાં, જોઈએ તો ઉત્તર આધુનિક્તાવાદી અભિગમ અગાઉના બધા જ અભિગમને રદીયો આપે છે અને સમાજને છિન્નભિન્ન સ્વરૂપે જેવો છે, તેવો જ કોઈ ચોક્કસ ધારણાઓ કે ગ્રંથીઓ બાધ્યા વગર બહુવિધ આયામી અભ્યાસ કરવા તરફનું વલણ ધરાવે છે. જોકે, આવો અભ્યાસ કેવી રીતે કરવો તેની કોઈ સ્પષ્ટતા જોવા મળતી નથી. અહિ કોઈ એક તથ્ય કે સત્યની નહિ પરંતુ બહુ આયામી તથ્યો કે સત્યોની શોધ તરફનું વલણ જોવા મળે છે.

## 6.3 ઉપસંહાર

આ એકમમાં આપણે સમાજના અભ્યાસ માટેના વિવિધ અભિગમો જેવા કે કાર્યાત્મકવાદી અભિગમ, સંઘર્ષ/દ્વંદ્વવાદી અભિગમ, સંરચનાવાદી અભિગમ અને ઉત્તર આધુનિકતાવાદી અભિગમની ચર્ચા કરી. સમાજ જટીલ વાસ્તવિકતા છે અને સતત પરિવર્તનશીલ છે તેથી સમાજને સમજવા માટે કોઈ એક અભિગમ બીન ઉપયોગી જણાતા નવાં નવાં અભિગમો વિકાસ પામ્યા. દરેક અભિગમ પોતાના આગવા દૃષ્ટિકોણ અને ગૃહિતોના માધ્યમથી સમાજને સમજવા કે મૂલવવાનો પ્રયત્ન કરે છે. અહીં, આ અભિગમોની સમજ દ્વારા સમાજનો અભ્યાસ કરવાનો નવો દૃષ્ટિકોણ કેળવાશે.

## 6.4 તમારી પ્રગતિ ચકાસો

નોંધ : (1) નીચે આપેલી જગ્યામાં તમારો જવાબ લખો.

(2) એકમના અંતે આપેલા જવાબ સાથે તમારો જવાબ સરખાવો.

1. કાર્યાત્મકવાદની શું ટીકા કરવામાં આવી ?
2. જિન પોલ સાર્ત્રનો અસ્તિત્ત્વવાદી સિદ્ધાંત શું છે ?
3. કાર્યાત્મકવાદ અને સંઘર્ષવાદ વચ્ચેનો તફાવત સમજાવો.

## 6.5 શબ્દાવલી

1. કાર્યાત્મકવાદઃ સમાજના વિવિધ અંગો સમાજ માટે વિવિધ કાર્યો કરે છે અને સામજ વ્યવસ્થાને ટકાવી રાખવામાં પોતાનું મહત્ત્વનું યોગદાન આપે છે તેવી વિચારસરણી.
2. સંઘર્ષવાદઃ સમાજમાં મિલકત સત્તા અને તકોની વહેચણી અસમાન હોવાથી સતત સંઘર્ષ જોવા મળે છે અને આ સંઘર્ષ જ સમાજમાં પરિવર્તન નીપજાવે છે તેવી વિચારસરણી.
3. સંરચનાવાદઃ માનવી દ્વારા થતી બધી જ ક્રિયાઓ સામાજિક સંરચના દ્વારા નિર્ધારીત થાય છે. માનવી અને સંરચનામાં સંરચના સર્વોપરી છે. તેવી વિચારસરણી.

4. ઉત્તર આધુનિકતાવાદઃ ઉત્તર આધુનિકતાવાદની સર્વસંમત વ્યાખ્યા કરવી મુશ્કેલ છે. ઉત્તર આધુનિકતા એક એવી વિચારસરણી છે જે કોઈ વિચાર કે જ્ઞાનને અંતિમ તરીકે સ્વીકારતી નથી પરંતુ તે બહુલતાની પક્ષધર છે.

## 6.6 બહુવિકલ્પીય પ્રશ્નો

1. ............ કાર્યાત્મકવાદનો પ્રયોગ કરી સમૂહમાં એકતા અને સુગ્રથનની ભાવના પેદા કરવામાં ધર્મની ભૂમિકાનું વિશ્લેષણ કર્યુ.

   (અ) કાર્લ માર્ક્સે (બ) એમિલી દુર્ખિમે (ક) હર્બટ સ્પેન્સરે

2. ............ મૂડીવાદીઓના હિતોનું રક્ષણ કરતી વિચારધારા છે એવી ટીકા કરવામાં આવે છે.

   (અ) કાર્યાત્મકવાદ (બ) સંઘર્ષવાદ (ક) સંરચનાવાદ

3. સંઘર્ષવાદ મુખ્યત્વે ............ ના લખાણો પર આધારિત છે.

   (અ) વિલ્ફ્રેડ પેરેટોના (બ) કાર્લ માર્ક્સના (ક)આર્નોલ્ડ ટાયનબીના

4. સમાજશાસ્ત્રમાં સંરચનાવાદી અભિગમનો ઉદ્ભવ ............ ના અસ્તિત્ત્વવાદના વિરોધથી થયો.

   (અ) જિન પોલ સાર્ત્ર (બ) મેક્સવેબર (ક) વિલ્ફ્રેડ પેરેટો

5. ઉત્તર આધુનિકતાનો ઉદ્ભવ ............ થી થયો તેમ માનવામાં આવે છે.

   (અ) પત્રકારત્વ (બ) જીવવિજ્ઞાન (ક) સ્થાપત્ય કલા

**જવાબોઃ**

1. - (બ) એમિલી દુર્ખિમે

2. - (અ) કાર્યાત્મકવાદ

3. - (બ) કાર્લ માર્ક્સના

4 - (અ) જિન પોલ સાર્ત્ર

5. - (ક) સ્થાપત્ય કલા

## 6.7 તમારી પ્રગતિ જાતે ચકાસોના જવાબો

1. કાર્યાત્મકવાદની ટીકા એ હતી કે વ્યવસ્થાના નામ પર કાર્યાત્મકવાદ સમાજની ગતિને અવરોધે છે. તે એક રૂઢીવાદી અભિગમ છે કે જેમાં સામાજિક પરિવર્તન, સંરચનાત્મક વિરોધાભાસો અને સંઘર્ષને મહત્ત્વ આપવામાં આવ્યુ નથી. કારણકે કાર્યાત્મકવાદ મુજબ સમાજમાં જે કંઈ પણ વ્યવસ્થા અસ્તિત્ત્વ ધરાવે છે તે સમાજ માટે કાર્યાત્મક છે જે એવો ભ્રમ પેદા કરે છે કે સમાજ યથાસ્થિતિ બની રહે જેથી અમીર સમૃદ્ધ જીવનનો આનંદ લે અને ગરીબ અમાનવીય સ્થિતિમાં જીવતા રહે. એક આરોપ એવો પણ છે કે કાર્યાત્મકવાદ એક સિદ્ધાંત કે અભિગમ નહિ પરંતુ મૂડીવાદીઓના હિતોનું રક્ષણ કરતી વિચારધારા છે. એક બીજી ટીકા એ છે કે કાર્યાત્મકવાદીઓ તેમનું ધ્યાન વ્યવસ્થાના નિર્માણ કે તેની પ્રક્રિયા પર નહિ પરંતુ તેના પરિણામ પર આપે છે. તેમના મતે કોઈ વ્યવસ્થા એટલે અસ્તિત્ત્વમાં આવી કારણકે સમાજે તેની પાસેથી કોઈ કાર્ય કરાવવાનું હતું. પણ પરિસ્થિતિ તેનાથી જુદી પણ હોઈ શકે.

2. સાર્ત્રનો અસ્તિત્ત્વવાદી સિદ્ધાંત વ્યક્તિ પર ભાર મૂકે છે. સાર્ત્ર મૂળભૂત રીતે માનવીની સ્વતંત્રતાના આગ્રહી હતા. માનવીની સ્વતંત્રતાને તે સમાજનો સૌથી મહત્ત્વનો મુદ્દો સમજતા હતા. તેમણે એ બાબત પર ભાર મૂક્યો કે માનવી જે કંઈ પણ કરે છે તે તેનો પોતાનો નિર્ણય હોય છે સમાજ કે સામાજિક સંરચના તેમાં કોઈ ભાગ ભજવતી નથી. તેમના પાછલા જીવનમાં તેમના પર માર્ક્સવાદનો પ્રભાવ પડ્યો અને તેઓએ સ્વીકાર્યું કે મનુષ્ય પોતે પોતાની રીતે સ્વતંત્ર છે તેમ છતાં દમનકારી સંરચનાનો તેના પર બહું મોટો દબાવ હોય છે.

3. કાર્યાત્મકવાદીઓ સમાજને એક એકીકૃત સમગ્રના સ્વરૂપમાં જોવે છે કે જેમાં મૂલ્યો, સંસ્થાઓ આ સમગ્રને જાળવી રાખે છે જ્યારે સંઘર્ષવાદીઓ સમાજને જુદા જુદા વિભાગોમાં વહેંચાયેલો જોવે છે કે જ્યાં અસમાનતા અને સંઘર્ષ છે. કાર્યાત્મકવાદીઓના મતે, સામાજિક વ્યવસ્થા સમગ્ર સમાજનું હિત જાળવે છે અને સમાજમાં એકતા સ્થાપે છે જ્યારે સંઘર્ષવાદીઓના મતે, સામાજિક વ્યવસ્થા માત્ર સાશક વર્ગના હિતોને પોષે છે અને તેથી સમાજમાં અસમાનતા અને સંઘર્ષ ઉદ્‌ભવે છે. આમ, કાર્યાત્મકવાદીઓ સમાજને ઉપરથી નીચેની તરફ જોવે છે અને જાણવાનો પ્રયત્ન કરે છે કે સમાજમાં એકતા કેવી રીતે આવે છે અને સમાજના અંગો આ એકતા લાવવામાં પોતાનું શું યોગદાન આપે છે. જ્યારે સંઘર્ષવાદીઓ સમાજને નીચેથી ઉપર તરફ જોવે છે અને સમાજની વિષમતાઓ તેમજ અન્યાયને સમજવામાં પોતાનું યોગદાન આપે છે.

## 6.7 સ્વાધ્યાય

1. કાર્યાત્મકવાદી અભિગમ સવિસ્તાર સમજાવો.
2. સમાજના અભ્યાસ માટેના સંઘર્ષવાદી અભિગમની ચર્ચા કરો.
3. સંરચનાત્મક અભિગમ મૂળભૂત રીતે ક્યાંથી ઉદ્ભવ્યો ? સંરચાનાત્મક અભિગમની સવિસ્તાર ચર્ચા કરો.
4. ઉત્તર આધુનિકતાવાદી અભિગમ સમજાવો.

## 6.7 સંદર્ભસૂચિ

1. George Ritzer: Sociological Theory; McGraw Hill Education (India) Private Limited, New York 2019.
2. દોશી એસ. એલ.: આધુનિક સમાજશાસ્ત્રીય વિચારક; રાવત પબ્લિકેશન, ન્યુ દિલ્લી 2007.
3. દોશી એસ. એલ.: આધુનિકતા ઉત્તર-આધુનિકતા એવં નવ-સમાજશાસ્ત્રીય સિદ્ધાંત; રાવત પબ્લિકેશન, ન્યુ દિલ્લી 2002.
4. દોશી એસ. એલ., ત્રિવેદી એમ. એસ.: ઉચ્ચતર સમાજશાસ્ત્રીય સિદ્ધાંત; રાવત પબ્લિકેશન, ન્યુ દિલ્લી 1996.
5. પરમાર વાય. એ. (ડૉ.): સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો; યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ 1986.
6. મુખર્જી રવિંદ્રનાથ (ડૉ.): સમકાલીન ઉચ્ચતર સમાજશાસ્ત્રીય સિદ્ધાંત; વિવેક પ્રકાશન, દિલ્લી 1961.

# એકમ 7 સામાજિક સંરચનાનો અર્થ અને વિશેષતા

-: રૂપરેખા :-


7.0 એકમનાં હેતુઓ

7.1 સામાજિક સંરચના એટલે શું ?

7.2 સામાજિક સંરચનાની વિવિધ વ્યાખ્યાઓ

7.3 સામાજિક સંરચનાની વિશેષતાઓ/લાક્ષણિકતાઓ

7.4 ઉપસંહાર

7.5 તમારી પ્રગતિ ચકાસો

7.6 ચાવી રૂપ શબ્દો

7.7 સ્વાધ્યાય લેખન

7.8 સંદર્ભ સૂચિ


## 7.0 એકમનાં હેતુઓ

આ એકમના અભ્યાસ બાદ તમે,

- સામાજિક સંરચના એટલે શું ? તે અંગે જાણકારી પ્રાપ્ત થશે.
- સામાજિક સંરચના વિશેની વૈજ્ઞાનિક જાણકારી મળશે.
- સામાજિક સંરચના વિશેનો ખ્યાલ પ્રાપ્ત થશે.
- સામાજિક સંરચનાની વિશેષતાઓ વિશે જાણવા મળશે.
- સામાજિક સંરચનાનું સમાજકાર્યમાં શું મહત્ત્વ છે ? તે અંગે જાણકારી પ્રાપ્ત થશે.

## 7.1 સામાજિક સંરચના એટલે શું ?

સામાજિક રચનાએ સામાજિક વ્યવસ્થાના જુદા-જુદા સામાજિક એકમો કે ભાગોની વ્યવસ્થિત ગોઠવણી છે. આ રચના જુદા-જુદા સામાજિક એકમોની વ્યવસ્થિત ક્રમબદ્ધતા સૂચવે છે. આ ગોઠવણી મોટા ભાગે સ્થિર અને કાર્યલક્ષી હોય છે. સામાજિક સંરચનાને સામાજિક માળખા તરીકે ઓળખવામાં આવે છે.

સામાજિક વ્યવસ્થાના જુદા-જુદા સામાજિક એકમો કે ભાગોની વ્યવસ્થિત ગોઠવણી. આ ગોઠવણને સામાજિક રચના પણ કહેવામાં આવે છે.

આ રચના જુદા-જુદા સામાજિક એકમોની વ્યવસ્થિત ક્રમબદ્ધતા સૂચવે છે અને મહદ્અંશે એ સ્થિર અને કાર્યલક્ષી ગોઠવણી હોય છે. દરેક જૈવકીય કે ભૌતિક વસ્તુને પણ તેની રચના કે માળખું હોય છે. આ રચના તેનાં કેટલાક એકમોથી કે તત્ત્વોથી બને છે. દા.ત., માનવ શરીરની રચના હાથ, પગ, હૃદય, ફેફસા, માથું વગેરે જેવાં અંગો કે એકમોથી તે બને છે. તો મકાનની રચના પણ જુદી-જુદી સામગ્રીમાંથી બને છે. મકાનની રચના ઈંટ, ચૂનો, પથ્થર, લોખંડ, સિમેન્ટ જેવા એકમોથી થાય છે. આ એકમો અથવા વસ્તુઓને ભેગી કરી દેવાથી કોઈ રચના કે માળખું

તૈયાર થતું નથી. આ એકમો પોતાના સ્થાન પર સ્થાયી હોય છે અને એકબીજાની સાથે જોડાયેલા પણ હોય છે. આનાથી કોઈને કોઈ કાર્યની પૂર્તિ થાય છે. જેમ કે, મકાન રહેવા માટે કે અન્ય હેતુ માટે ઉપયોગી બની શકે છે.




આમ, ઉપર મુજબની સામાજિક વ્યવસ્થાની રચના સમાજમાં જોવા મળે છે. આ બધા એકમો એકબીજા સાથે ગાઢ રીતે જોડાયેલા છે.

સમાજશાસ્ત્રીઓ સામાજિક વ્યવસ્થાની રચના માટે મુખ્ય ચાર બાબતોને આવશ્યક અને જરૂરી ગણાવી છે : (1) ઉપજૂથ (2) ભૂમિકા (3) સામાજિક ધોરણો અને સાંસ્કૃતિક મૂલ્યોનો સમાવેશ કરવામાં આવેલ છે. આપણા સમાજની તમામ વ્યવસ્થાઓમાં મુખ્યત્વે ઉપરોક્ત ચાર બાબતો આપણને જોવા મળે છે.

ઉપજૂથએ દરેક સમાજમાં અને મુખ્ય સામાજિક વ્યવસ્થામાં પેટાજૂથ તરીકે વિકસેલું હોય છે. જોકે જૂથ અને ઉપજૂથએ સાપેક્ષ બાબત બની રહે છે. જેમ કે, જો ભારતને મુખ્ય જૂથ ગણવામાં આવે તો રાજ્યો તેના ઉપજૂથ બને છે. જો રાજ્યને મુખ્ય જૂથ ગણવામાં આવે તો જિલ્લાઓ તેના ઉપજૂથ બને છે. આ દરજ્જાઓ આંતરક્રિયાઓ તેમજ સંબંધિત ધોરણોથી સંકળાયેલા હોય છે અને ચડતા ઉતરતા ક્રમમાં ગોઠવાયેલા હોય છે.

દરજ્જા સાથે ભૂમિકા જોડાયેલી છે. ભૂમિકા દરજ્જાને અનુરૂપ ફરજનું સૂચન કરે છે. આવી અનેક ભૂમિકાઓ હોય છે. જે પરસ્પર સંબંધિત હોય છે. આ ભૂમિકાઓ સામાજિક ધોરણો અને સાંસ્કૃતિક મૂલ્યોથી નિશ્ચિત તેમજ સંબંધિત ધોરણોથી પ્રભાવિત થાય છે. સામાન્ય રીતે સાંસ્કૃતિક મૂલ્યોને લક્ષમાં લઈને જ સામાજિક ધોરણો બને છે અને એજ ધોરણો જૂથના સભ્યોનાં વર્તન-વ્યવહાર અને ભૂમિકા પર નિયંત્રણ મૂકે છે. સાંસ્કૃતિક મૂલ્યો પણ અન્ય રચનાકીય પાસાંઓ સાથે ગાઢ રીતે સંબંધિત હોય છે. આમ, આ બધાં જ પાસાંઓને અલગ-અલગ ઓળખાવી શકાય છે પરંતુ તેમના આંતરસંબંધોની ઢબ એ સામાજિક રચના (માળખું) છે. સામાજિક વ્યવસ્થાના ચારેય પાસાંઓ ઉપજૂથ, ભૂમિકા, ધોરણો અને સાંસ્કૃતિક મૂલ્યોની ગોઠવણીથી જ સામાજિક વ્યવસ્થાને સમાજના ધ્યેયો હાંસલ થાય છે. સામાજિક રચનાની જાણવણી અને તંગદિલીનું નિવારણ અને સુગ્રથન વગેરેનો સમાવેશ થાય છે.

સામાજિક વ્યવસ્થા તંત્રને જાળવવા અને તેના ઉદ્દેશોની પ્રાપ્તિ માટે સામાજિક વ્યવસ્થાના ચારેય પાસાંઓ ખૂબ મહત્ત્વની કામગીરી બજાવે છે. સમગ્ર માળખાને નીચે મુજબ સમજી શકાય છે.




આથી જ સામાજિક માળખું ટકી રહે છે અને સમાજના સભ્યોની જરૂરિયાતો સંતોષાતી રહે છે.

## 7.2 સામાજિક સંરચનાની વિવિધ વ્યાખ્યાઓ

સંરચનાનો અર્થ ખૂબ વિશાળ છે. સંરચનાને બહુ સાદી અને સરળ ભાષામાં કહેવું હોય તો તેને "માળખા" તરીકે ઓળખી શકાય. 16 મી સદીમાં આ શબ્દનું પ્રયોજન જુદા-જુદા એકમો/પાસાંઓને સમજવા માટે કરવામાં આવતું હતું. સંરચના શબ્દનું સૌથી વધુ પ્રયોજન શરીર વિજ્ઞાનમાં કરવામાં આવે છે. જુદાં-જુદાં સામાજિક વિજ્ઞાનોમાં પણ આ સંરચના શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે.

1910 માં માનવશાસ્ત્રી રેડકિલફ બ્રાઉને જાણીતા સમાજશાસ્ત્રી ઈમાઈલ દુર્ખિમના પ્રદાન ઉપર જે અલગ-અલગ વ્યાખ્યાનો આપ્યા હતા એ વ્યાખ્યાન શ્રેણીનું શીર્ષક "સામાજિક સંરચના" રાખવામાં આવ્યું હતું. આમ, સૌપ્રથમ આ "સંરચના" શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સમાજશાસ્ત્રમાં જાણીતા સમાજશાસ્ત્રી હર્બર્ટ સ્પેન્સરે 1958 માં સંરચના અને કાર્યની સમજ આપતી વખતે આ સંરચના શબ્દનો ઉપયોગ કર્યો હતો. આમ, વ્યાપક અર્થમાં આ શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે.

હર્બટ સ્પેન્સરે સૌપ્રથમ "સામાજિક માળખું" શબ્દનો ઉપયોગ તેમના પુસ્તક "પ્રિન્સીપલ ઓફ સોશ્યોલોજી"માં કર્યો હતો. પરંતુ સ્પેન્સર તેનું માળખું સ્પષ્ટ કરી શક્યા નહતા. "સામાજિક માળખું" કોને કહેવાય ? તે અંગે ઘણાં મતભેદો છે. પરંતુ "સામાજિક માળખું" એટલે સામાજિક સાતત્ય અને પુનરાવર્તન સાથે ઘણાં બધાની સહમતી છે.

શરૂઆતમાં અંગ્રેજી ભાષાનો "સ્ટ્રક્ચર" શબ્દનો ઉપયોગ કરવામાં આવતો હતો. સ્ટ્રક્ચર અંગ્રેજી ભાષામાંથી લેવામાં આવેલ શબ્દ છે. જેનો અર્થ ઈમારતનું માળખું અથવા રચના થાય છે. તેની વિવિધ વ્યાખ્યાઓ નીચે મુજબ છે :

(1) ટોલકર પાર્સન્સના જણાવ્યા પ્રમાણે સામાજિક માળખું એકબીજા સાથે સંકળાયેલી સંસ્થાઓ, એજન્સીઓ અને જૂથમાં દરેક સભ્ય દ્વારા ધારવામાં આવેલા હોદ્દાઓ અને કાર્યોના ચોક્કસ અનુક્રમનો સંદર્ભ આપે છે.

(2) ઈગ્ગનના મતે અંગત સંબંધોએ સામાજિક માળખાંનો ભાગ છે, જે વ્યક્તિઓ અધિકૃત પદ-સ્થિતિ તરીકે સામાજિક માળખાનો ભાગ બને છે અને તેની રચના કરે છે.

(3) ફોર્ટસ ના જણાવ્યા પ્રમાણે વ્યક્તિઓ વચ્ચે જોવા મળતા આંતર વ્યક્તિત્વ સંબંધોએ સામાજિક માળખાંનો અંગો છે. જે અંગોથી તેઓ બનેલા છે તે પ્રકૃતિમાં પરિવર્તનશીલ છે અને તેમાં નોંધપાત્ર તફાવત છે.

(4) મેકાઈવર અને પેજના જણાવ્યા પ્રમાણે જૂથ રચનાના વિવિધ સ્વરૂપો સામાજિક માળખાના જટિલ દાખલાઓ બનાવે છે. સામાજિક બંધારણનું વિશ્લેષણ સામાજિક પ્રાણીઓના વિવિધ વલણો અને પસંદગીઓના કાર્યો દર્શાવે છે.

(5) કાર્લ મેનહેમના કહેવા પ્રમાણે "સામાજિક માળખું એ પરસ્પર ક્રિયામાં સમાવિષ્ટ સામાજિક દળાની જાળ છે."

(6) લેવિસ્ટ્રાસ અનુસાર "સમાજનું માળખું એ સમાજમાં રહેતા લોકોના મનનું માળખું છે."

(7) કોકરના શબ્દોમાં "સામાજિક માળખું વિવિધ સામાજિક એકમોના પ્રમાણમાં સ્થિર અને નમૂનારૂપ સંબંધો સૂચવે છે.

(8) મેઈડલના જણાવ્યા મુજબ સામાજિક માળખું એ ઘણા અંગોના ક્રમ તરફ નિર્દેશ કરે છે. આ રચનાઓ તુલનાત્મક રીતે સ્થિર છે. પરંતુ જે અંગો તેમની રચના કરે છે તે પોતે જ પરિવર્તનશીલ છે.

(9) રેડકિલફ બ્રાઉન નામના સમાજશાસ્ત્રીના જણાવ્યા અનુસાર સામાજિક બંધારણનું અંગ પોતે માણસ છે અને માળખું પોતે જ સંસ્થા દ્વારા વ્યાખ્યાયિત અને નિયમન કરાયેલ સંબંધોમાં રોકાયેલા વ્યક્તિઓન ક્રમ છે.

(10) ગ્રિન્સબર્ગના મતે સામાજિક માળખાનો અભ્યાસ સામાજિક સંગઠનના મુખ્ય સ્વરૂપો, જૂથો, સમિતિઓ અને સંસ્થાઓના પ્રકારો અને તેમની સમગ્ર જટિલતા કે જેનાથી સમાજનું નિર્માણ થયું છે તેની સાથે સંબંધિત છે.

સામાજિક માળખાની ઉપરોક્ત વ્યાખ્યા પરથી તે સ્પષ્ટ છે કે સામાજિક માળખુંએ નિયમોનો ક્રમ છે. જે ઘણા સામાજિક જૂથો, સમિતિઓ, સંસ્થાઓ અને વ્યક્તિઓની સ્થિતિ અને ભૂમિકાને અસર કરે છે. અહીં એક બાબત મહત્ત્વની એ છે કે જરૂરિયાત મુજબ અંગોની પ્રકૃતિમાં ફેરફારો થાય છે. જે સામાજિક માળખું બનાવે છે. પરંતુ આનાથી સામાન્ય રીતે સામાજિક બંધારણમાં કોઈ ફેરફાર થતો નથી. આજ સ્થિતિ છે. જેમ રોગ અથવા આરોગ્યની સ્થિતિમાં શરીરના એક ભાગમાં પહેલાંની સરખામણીમાં કેટલાક ફેરફારો થયા પછી પણ શરીરની રચનામાં કોઈ ફેરફાર થતો નથી.

## 7.3 સામાજિક સંરચનાની વિશેષતાઓ/લાક્ષણિકતાઓ

નીચે મુજબ છે :

(1) સામાજિક રચના અમૂર્ત છે.

સામાજિક સંરચનાનું નિર્માણ કરનારા વિવિધ એકમો જેવાં કે સામાજિક સમૂહો, સંસ્થાઓ અને એજન્સીઓ અમૂર્ત છે. તેમનું કોઈ ભૌતિક વસ્તુઓની માફક મૂર્ત સ્વરૂપ કે આકાર હોતો નથી. આમ, આ રીતે સામાજિક રચના અમૂર્ત છે તેમ કહી શકાય.

(2) સામાજિક માળખું સબ સ્ટ્રચર્સ (પેટાજૂથો) ધરાવે છે.

સામાજિક સંરચનાએ કોઈ અખંડ વ્યવસ્થા નથી. પરંતુ તેની પણ અનેક પેટા રચનાઓ છે. શિક્ષણ, ધર્મ, જ્ઞાતિ, કુટુંબ, વર્ગ વગેરે જેવી જુદી-જુદી સંસ્થઓની પોતાની સંરચનાઓ હોય છે. આમ, પેટા સંરચનાઓ સામાજિક સંરચના નિર્માણમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

(3) સામાજિક માળખું બાહ્ય દેખાવનું જ્ઞાન આપે છે.

સામાજિક રચનાનું નિર્માણ જુદા-જુદા ભાગોના સંયોજનથી થાય છે. આ બધા એકમો વ્યવસ્થિત રીતે ગોઠવાય ત્યારે તે ચોક્કસ પ્રકારનું માળખું બને છે. શરીરના જુદા-જુદા અંગો ભેગા થઈને માનવ શરીર બને છે. સામાજિક સમૂહો, સામાજિક સંસ્થાઓ, સામાજિક સમિતિઓ વગેરે સામાજિક સંરચનાના વિવિધ ભાગો છે અને તેનાથી જ સામાજિક સંરચના બને છે.

(4) સામાજિક માળખુંએ એકમોનો ક્રમ છે.

સામાજિક સંરચનાના જુદા-જુદા ભાગો હોય છે અને આ જુદા-જુદા ભાગો એકબીજાની સાથે જોડાયેલા છે. આ બધા ભાગો એકબીજા સાથે ક્રમબદ્ધ જોડાયેલા છે. દા.ત., સિમેન્ટ, રેતી, લોખંડ અને પથ્થરોના સંયોજનથી સુંદર મકાનનું નિર્માણ થાય છે. આ વિવિધ ભાગો એકબીજા સાથે ક્રમિક રીતે જોડાય તે જરૂરી છે.

(5) સામાજિક માળખામાં એકમોનું સ્થાન પૂર્વ નિર્ધારિત છે.

આ એકમોનું સ્થાન પહેલેથી જ નક્કી કરવામાં આવેલ છે. આ એકમોની બદલી કરવામાં આવતી નથી. આપણી સામાજિક વ્યવસ્થાના જેટલા પણ એકમો છે, તેઓ તેમના પોતાના પૂર્વ નિર્ધારિત કાર્યો કરે છે. આમ, સામાજિક માળખું એ એકમોનો ક્રમ છે. આ ચોક્કસ ક્રમ બંધારણનું સ્વરૂપ નક્કી કરે છે.

(6) દરેક સમાજની સંસ્કૃતિઓમાં વૈવિધ્યતા હોય છે.

''સમાજ એટલે સામાજિક સંબંધોનું ગૂંફન છે.'' સમાજમાં અલગ-અલગ લોકો વસવાટ કરે છે. આ સમુદાયની સભ્યતા, સંસ્કૃતિ, રીત-રિવાજો જુદા-જુદા હોય છે. આમ, સાંસ્કૃતિક વૈવિધ્યતા એ સામાજિક સંરચનાનું મહત્ત્વનું લક્ષણ ગણાવી શકાય.

(7) સામાજિક પ્રક્રિયાનું મહત્ત્વનું યોગદાન -

સામાજિક સંરચનાના નિર્માણમાં જુદી-જુદી સામાજિક પ્રક્રિયાનું મહત્ત્વનું યોગદાન છે. આ પ્રક્રિયાઓમાં સહકાર, અનુકૂલન, સંઘર્ષ, સ્પર્ધા વગેરેની મહત્ત્વની ભૂમિકા હોય છે. સામાજિક સંરચનાનું સ્વરૂપ નક્કી કરવામાં સામાજિક પ્રક્રિયાનું યોગદાન ભૂલી શકાય તેમ નથી.

(8) વિઘટનની શક્યતા -

સામાજિક સંરચનામાં વિઘટનની સ્થિતિનું પણ નિર્માણ થઈ શકે છે. જાણીતા સમાજશાસ્ત્રીઓના કહેવા પ્રમાણે ઘણી વખત એવું પણ બને છે કે સામાજિક સંરચના સ્વયં સમાજમાં વિઘટનની સ્થિતિનું નિર્માણ કરે છે.

આમ, સામાજિક સંરચનાએ ખૂબ મહત્ત્વની બાબત છે. સામાજિક સંરચનાએ સામાજિક વ્યવસ્થા જળવાય તે માટે એક મહત્ત્વનું પરિબળ છે. ભારતની સામાજિક સંરચના જ્ઞાતિવાદ પર આધારિત છે. ભારતમાં વિવિધ જ્ઞાતિ અને ધર્મના લોકો વસવાટ કરે છે. આ દરેક સમાજની અલગ-અલગ સભ્યતા અને સંસ્કૃતિ જોવા મળે છે. સામાજિક મૂલ્યો પણ સમાજના રચનાકીય પાસાંઓ સાથે ગાઢ રીતે જોડાયેલા છે. સાંસ્કૃતિક મૂલ્યો સામાજિક વ્યવસ્થાની રચનાના અન્ય પાસાંઓ સાથે સંબંધિત હોય છે. આ બધા જ પાસાંઓને અલગ-અલગ ઓળખાવી શકાય છે, પરંતુ તેમના આંતરસંબંધોની ઢબથી સામાજિક માળખું બને છે. આમ, સામાજિક વ્યવસ્થામાં સામાજિક, સંરચનાએ સમાજ વ્યવસ્થાની કરોડરજ્જૂ ગણાવી શકાય.

## 7.4 ઉપસંહાર

સમાજ એટલે સામાજિક સંબંધોનું ગૂંફન છે. સમાજ કાર્ય સાાન્ય રીતે સમાજજીવનનાં વિવિધ મુદ્દાઓ ઉપર કામ કરે છે. માટે સમાજજીવનની સામાજિક સમસ્યાઓ વિશેની જાણકારી મેળવવી ખૂબ જરૂરી બની રહે છે. સમાજ કાર્યના અભ્યાસનું કેન્દ્રબિંદુ સમાજ છે. સમાજ, સામાજિક રચના કે માળખું એવા વિવિધ શબ્દોનો ઉપયોગ કરવામાં આવે છે. પણ જયારે, સામાજિક કાર્યકર તરીકે સમાજના વિવિધ મુદ્દાઓમાં દરમ્યાનગીરી કરવામાં આવે છે. ત્યારે સામાજિક સંરચના અંગેની વૈજ્ઞાનિક જાણકારી મેળવવી જરૂરી રહે છે.

માતા-પિતા, કે સંતાનો વચ્ચેના સંબંધોને આપણે સામાજિક સંબંધો તરીકે ઓળખીએ છીએ. સમાજએ સામાજિક સંબંધોના પાયા પર રચાયેલી એક સામાજિક સંરચના છે. આ સંરચનાને સમજવી જરૂરી છે. પ્રસ્તુત એકમ સામાજિક સંરચના ના સંદર્ભમાં વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિક માહિતી અને જાણકારી પૂરી પાડે છે.

સામાજિક સંરચનાએ સામાજિક વ્યવસ્થા જળવાય તે માટે એક મહત્ત્વનું પરિબળ છે. સામાજિક દરજ્જો અને ભૂમિકા એ પણ સામાજિક સંરચનાના મહત્ત્વપૂર્ણ ઘટાડો છે. આ તમામ મુદ્દાઓ વિશેની ખૂબ વિગતે ચર્ચાઓ એકમમાં કરવામાં આવેલ છે. સામાજિક વિજ્ઞાનનાં આ મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ સમાજ વ્યવસ્થાને સમજવામાં ખૂબ મદદરૂપ થાય તેમ છે. સામાજિક સંરચનામાં સામાજિક પ્રક્રિયાઓનું મહત્ત્વપૂર્ણ યોગદાન છે. સામાજિક સંરચનાની પ્રક્રિયામાં સહકાર, અનુકૂલન, વ્યવસ્થાપન, સંઘર્ષ, સ્પર્ધા વગેરેની ભૂમિકા ખૂબ મહત્ત્વની છે. સામાજિક સંરચનાનું સ્વરૂપ નક્કી કરવામાં સામાજિક પ્રક્રિયાઓના પ્રદાનને અવગણી શકાય નહિ. કારણ કે સામાજિક સંરચનાની સમજ વગર દરમ્યાનગીરી શક્ય નથી. સમાજકાર્યમાં સૈદ્ધાંતિક બાબતો સાથે પ્રત્યક્ષ જ્ઞાનનું પણ એટલું જ મહત્ત્વ છે. થીયરી અને પ્રેક્ટિસનું કામ સમાંતરે ચાલે છે. આ દષ્ટિએ સામાજિક સંરચના અંગેની સમજ ખૂબ ઉપયોગી બની શકે તેમ છે.

## 7.5 તમારી પ્રગતિ ચકાસો

- **યોગ્ય વિકલ્પ પસંદ કરીને જવાબ આપો :**

1. ભારતની સામાજિક સંરચના કઈ બાબત પર આધારિત છે ?

   (A) સાંપ્રદાયિકતા (B) જ્ઞાતિવાદ (C) ભાષાવાદ (D) જૂથવાદ

2. સામાજિક વ્યવસ્થાની રચના માટે મુખય કેટલી બાબતો જરૂરી છે ?

   (A) બે (B) ચાર (C) છ (D) આઠ

3. સામાજિક રચના માટે નીચેનામાંથી કઈ બાબત જરૂરી છે ?

   (A) ઉપજૂથ (B) ભૂમિકા (C) સામાજિક ધોરણો (D) ઉપરોક્ત તમામ

4. સામાજિક સંરચના દ્વારા શું જાણી શકાય છે ?

   (A) સામાજિક માળખું (B) સામાજિક કાર્યો (C) સામાજિક વ્યવસ્થા (D) સામાજિક સંબંધો

5. નીચેનામાંથી સામાજિક સંરચનાની વિશેષતાઓ કઈ-કઈ છે ? તે જણાવો.

   (A) એકથી વધુ ભાગો (B) વિઘટનની શક્યતા (C) સામાજિક રચનાનું અમૂતપણું (D) ઉપરોક્ત તમામ

6. કઈ સદીમાં સામાજિક સંરચના શબ્દનું પ્રયોજન થયું હતું.

(A) 15 મી (B) 16 મી (C) 17 મી (D) 18 મી

7. સમાજશાસ્ત્રમાં હર્બટ સ્પેન્શનરે કયા વર્ષમાં સામાજિક સંરચના શબ્દનો ઉપયોગ કર્યો હતો.

(A) 1952 (B) 1954 (C) 1958 (D) 1960

8. સમાજશાસ્ત્રી ઈમાઈવ દુર્ખિમના પ્રદાન પર જે વ્યાખ્યાનો અપાયા હતા તે વ્યાખ્યાન શ્રેણીનું શીર્ષક કયું રાખવામાં આવ્યું હતું ?

(A) સામાજિક મૂલ્યો (B) સમાજ કાર્ય (C) સામાજિક ભૂમિકા (D) સામાજિક સંરચના

9. સંરચનાનો સાદો અર્થ શું થાય છે ?

(A) માળખું (B) ભૂમિકા (C) દરજ્જો (D) વ્યવસ્થા

10. સામાજિક સંરચનાના નિર્માણમાં શેનું યોગદાન મહત્ત્વ પૂર્ણ છે ?

(A) સામાજિક પ્રક્રિયા (B) મૂલ્યો (C) દરજ્જો (D) ભૂમિકા

**જવાબોઃ**

(1) B (2) B (3) D (4) A (5) D (6) B (7) C (8) D (9) A (10) A

## 7.6 ચાવી રૂપ શબ્દો

(1) સામાજિક સમસ્યા : સામાજિક સમસ્યા એવી એક પરિસ્થિતિ છે કે જેને વ્યક્તિઓની નોંધપાત્ર સંખ્યા પોતે અપનાવેલ સામાજિક ધોરણના ભંગ તરીકે ગણતી હોય. આમ, દરેક સામાજિક સમસ્યા વસ્તુલક્ષી પરિસ્થિતિ અને આત્મલક્ષી અર્થઘટનની બનેલી હોય છે.

(2) કુટુંબ : કુટુંબ બે અથવા વધુ સભ્યોને સમૂહ છે કે જેમાં પતિ-પત્ની વચ્ચે જાતીય સંબંધ હોય. જે બાળઉછેર માટે પૂરતો હોય છે. આ સમૂહના સભ્યોમાં કેટલાંક સભ્યો લગ્ન સંબંધથી અને રક્તસંબંધથી અથવા દતકના સંબંધથી જોડાયેલા હોય છે. આ બધા સભ્યો એક જ નિવાસસ્થાનમાં રહે છે.

(3) જ્ઞાતિ : જેમાં સ્થાન પરિવર્તનને કોઈ અવકાશ નથી હોતો એવી જન્મ આધારિત સામાજિક શ્રેણીઓને જ્ઞાતિ તરીકે ઓળખવામાં આવે છે.

(4) વૈજ્ઞાનિક પદ્ધતિ : કાર્યકારણના સંબંધને તપાસીને તારણો મેળવવાના અને તેને વારંવારના પ્રયોગો દ્વારા તપાસવાની પદ્ધતિ એટલે વૈજ્ઞાનિક પદ્ધતિ.

(5) અંત્યોદય : અંત્યોદય એટલે સમાજના છેવાડાના વ્યક્તિનો વિકાસ. સમાજકાર્યમાં છેવાડાના માણસનો વિકાસ કરવા ઉપર વિશેષ ભાર મૂકવામાં આવે છે.

(6) કલ્યાણ : કલ્યાણ માટે Welfae શબ્દ વધુ પ્રચલિત છે. કલ્યાણ એટલે અગાઉ કરતાં વધારે સારી સ્થિતિનો અનુભવ. કલ્યાણ શબ્દ સેવાભાવના હેતુ માટે વધારે વપરાય છે.

(7) કાયદો : જે સામાજિક ધોરણોની રચના, અમલ, અર્થઘટન અને ન્યાય તેમજ સુધારા કે પુનર્રચના માટે રાજ્ય સત્તાનાં પીઠબળવાળા ઔપચારિક તંત્રો અને પેટાતંત્રો હોય છે તેમને કાયદા તરીકે ઓળખવામાં આવે છે.

(8) સામાજિક ધોરણો : સામાજિક સંદર્ભમાં વ્યક્તિએ કેવા પ્રકારની વર્તન પદ્ધતિ અપનાવવી તે નક્કી કરતા નિયમો એટલે જ સામાજિક ધોરણો. સામાજિક ધોરણો એટલે સમાજમાં પ્રવર્તતા સમાજ માન્ય વ્યવહારના નિયમો.

(9) સંસ્કૃતિ : માનવ સમાજના સભ્ય તરીકે મનુષ્ય જ્ઞાન, વિશ્વાસ, કલા, નૈતિકતા, રિવાજ, કાયદો વગેરે જે કંઈ પ્રાપ્ત કરે છે તેને તેની સંસ્કૃતિ કહેવામાં આવે છે.

## 7.7 સ્વાધ્યાય લેખન

(1) સામાજિક સંરચના એટલે શું ? તેની વિવિધ વ્યાખ્યા આપી સામાજિક સંરચનાનો અર્થ સ્પષ્ટ કરો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(2) સામાજિક સંરચનાની વિભાવના સ્પષ્ટ કરો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(3) સામાજિક સંરચનાનો અર્થ સ્પષ્ટ કરી તેનો ખ્યાલ સ્પષ્ટ કરો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(4) સામાજિક સંરચનાનો અર્થ જણાવી તેની વિશેષતા/લાક્ષણિકતાઓ સ્પષ્ટ કરો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 7.8 પ્રવૃત્તિ કરો

(1) દરેક સમાજની વિવિધ સંસ્કૃતિ હોય છે. તમારી આજુબાજુના કોઈ એક સમુદાયની સંસ્કૃતિનો અભ્યાસ કરી તેની નોંધ તૈયાર કરો.

(2) તમારા સમાજની સામાજિક સંરચનાનો અભ્યાસ કરી ચાર્ટમાં તેની રજૂઆત કરો.

(3) ''ભારતની સામાજિક સંરચના જ્ઞાતિ ઉપર આધારિત છે.'' આ વિધાનના સંદર્ભમાં એક સામાજિક કાર્યકર તરીકે જ્ઞાતિવાદ અંગે તમારા વિચારો જણાવો.

## 7.9 કેસસ્ટડી તૈયાર કરો

(1) સમાજમાં જ્ઞાતિવાદનો ભોગ બનેલ કોઈ એક વ્યક્તિની મુલાકાત લઈ તેનો કેસસ્ટડી તૈયાર કરો.

(2) સાંસ્કૃતિક વિવિધતાના સંદર્ભમાં કોઈ એક વ્યક્તિની મુલાકાત કરી કેસસ્ટડી તૈયાર કરો.

(3) સમાજમાં જેઓ અટકને પોતાની ઓળખ ગણતા નથી, તેવા કોઈપણ બે વ્યક્તિઓને મળી તેના જીવન અને વિચાર અંગે કેસસ્ટડી તૈયાર કરો.

## 7.10 સંદર્ભ સૂચિ

(1) સામાન્ય સમાજશાસ્ત્ર, પ્રો. એ.જી.શાહ અને પ્રો. જે.કે. દવે, અનડા પ્રકાશન, અમદાવાદ.

(2) વ્યાવસાયિક સમાજકાર્યના આધાર સ્તંભો, ડૉ. આનંદી પટેલ, વ્યાવસાયિક અભિવૃત્તિ પ્રકાશન, અમદાવાદ, વર્ષ-2009.

(3) સમાજકાર્ય (હિન્દી), રાજારામ શાસ્ત્રી, ઉત્તરપ્રદેશ, હિન્દી સંસ્થાન,લખનૌ.

(4) પારિભાષિક કોશ : સમાજશાસ્ત્ર, ડૉ. વિદ્યુત જોષી, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

(5) વ્યાવસાયિક સમાજકાર્ય, ગીતા ચાવડા, લોક પ્રકાશન, લોકનિકેતન, પાલનપુર.

(6) સમાજ અને સમાજકાર્ય પ્રો. જે.સી.પટેલ, ડૉ. મહેશ ગામિત, અનડા પ્રકાશન, અમદાવાદ.

(7) સમાજકાર્ય, ડૉ. નેહલ ત્રિવેદી, ડૉ. પ્રિયકાં જાની, પ્રા. ખ્યાતિ વાઘેલા, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ.

(8) સામાન્ય સમાજશાસ્ત્ર અને સમાજકાર્ય, લેખક, જે.કે.દવે, અનડા પ્રકાશન, અમદાવાદ.

(9) ભારતમાં સામાજિક આંદોલનો, ડૉ. કામિની દશોરા, અનડા પ્રકાશન, અમદાવાદ.

(10) ગુજરાતી વિશ્વકોશ, સામાજિક માળખું (સામાજિક રચના).

**સમાજકાર્યમાં સ્નાતક (Bachelor of Social Work - BSW)**

**BSWR-203 સમાજકાર્ય અને સામાજિક વિજ્ઞાનોનો ખ્યાલ (Concept of Social Work and Social Sciences)**

**વિભાગ – 2 સામાજિક ખ્યાલો અને સામાજિક વ્યવસ્થા**


**નિદર્શન (Direction)**

| | |
|---|---|
| **પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય** | *નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, કુલપતિ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* |
| **પ્રો. (ડૉ.) પ્રિયાંકી વ્યાસ** | *અધ્યક્ષશ્રી, સમાજકાર્ય તથા પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |

**સંપાદક (Editor)**

| | |
|---|---|
| **ડૉ. સંજય પટેલ** | BSW & MSW *કોર્સ કો-ઓર્ડીનેટર અને આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* |

**સહ-સંપાદક (Editor)**

| | |
|---|---|
| **શ્રી આશિષ વસાવા** | *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજકાર્ય, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* |
| **ડૉ. ભાગ્યશ્રી રાજપૂત** | BSW & MSW *કોર્સ સભ્ય સચિવ અને આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* |
| **ડૉ. જયેશ પરમાર** | *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* |
| **ડૉ. શિલ્પા રાજ્યગુરુ** | *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* |
| **શ્રી કરણસિંહ પરમાર** | *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* |

**વિષય સમિતિ (Subject Committee)**

| | |
|---|---|
| **પ્રો. (ડૉ.) પ્રિયાંકી વ્યાસ** | *અધ્યક્ષશ્રી, સમાજકાર્ય તથા પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* |
| **ડૉ. સંજય પટેલ** | BSW & MSW *કોર્સ કો-ઓર્ડીનેટર અને આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* |
| **પ્રો.(ડૉ.) મગનભાઈ પરમાર** | *અધ્યક્ષશ્રી, સમાજકાર્ય વિભાગ, પારુલ યુનિવર્સિટી, વડોદરા* |
| **પ્રો.(ડૉ.) ભાવના મહેતા** | *અધ્યક્ષશ્રી, સમાજકાર્ય વિભાગ, એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા* |
| **ડૉ. ભાગ્યશ્રી રાજપૂત** | BSW & MSW *કોર્સ સભ્ય સચિવ અને આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* |

**વિષય પરામર્શન (Subject Review)**

| | |
|---|---|
| **ડૉ. ક્રાંતિબેન ત્રિવેદી** | *આચાર્ય, શ્રી સાર્વજનિક* BSW-MSW *કોલેજ, મહેસાણા* |

**લેખન (Writing)**

| | |
|---|---|
| **ડૉ. ભાગ્યશ્રી રાજપૂત** | *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* |
| **શ્રી આશિષ વસાવા** | *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજકાર્ય, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* |
| **ડૉ. જયેશ પરમાર** | *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* |
| **ડૉ. ઉર્વીબેન ગોસ્વામી** | *આસિસ્ટન્ટ પ્રોફેસર, મનોવિજ્ઞાન, શ્રી અને શ્રીમતી. પી. કે. કોટાવાલા આર્ટ્સ કોલેજ, પાટણ* |
| **ડૉ. શીતલબેન હિરસકર** | *એકેડેમિક કાઉન્સેલર, અધ્યાપન* (MSW) *ફિલ્ડવર્ક સુપરવાઇઝર, ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી* (IGNOU), *સરખેજ - ગાંધીનગર* |
| **શ્રી ચંદ્રચુડસિંહ ચુડાસમા** | *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજકાર્ય વિભાગ, જે.કે. સરવૈયા કોલેજ, સરદાર નગર, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર* |
| **શ્રી સતીશકુમાર માકડિયા** | *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજકાર્ય વિભાગ, પારુલ યુનિવર્સિટી, વડોદરા* |

**ભાષા પરામર્શન (Language Review)**

| | |
|---|---|
| **ડૉ. અજયભાઈ રાવલ** | *એસોસિએટ પ્રોફેસર, ઉમિયા આર્ટ્સ કોલેજ, અમદાવાદ* |

**પ્રકાશક (Publisher)**

| | |
|---|---|
| **કુલસચિવ** | *ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* |
| **પ્રકાશન વર્ષ :** | 2024 (*પ્રથમ આવૃત્તિ*) |
| **ISBN NO:** | 978-93-5598-649-8 |

978-93-5598-649-8

**: સર્વાધિકાર સુરક્ષિત :**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**

## BSWR-203 સમાજકાર્ય અને સામાજિક વિજ્ઞાનોનો ખ્યાલ

## વિભાગ – 2 સામાજિક ખ્યાલો અને સામાજિક વ્યવસ્થા

## વિભાગીય પરિચય

*વિદ્યાર્થી મિત્રો, વિદ્યાર્થી મિત્રો, સમાજકાર્ય અને સામાજિક વિજ્ઞાનોનો ખ્યાલનાં વિભાગ – 2 સામાજિક ખ્યાલો અને સામાજિક વ્યવસ્થામાં એકમ 8 થી 15નો પરિચય આપવામાં આવ્યો છે. સામાજિક ખ્યાલો એ તે વિચારો, સિદ્ધાંતો, અને સૈદ્ધાંતિક ધારા છે જે સમાજના મૂળભૂત તત્વો અને સંબંધોને સમજવામાં મદદ કરે છે. આ ખ્યાલો સમાજના વિવિધ પાસાંઓ - જેમ કે વર્ગ, જાતિ, ધર્મ, અને સંસ્કૃતિ -ના ઉદ્દેશ્ય અને અસરને સમજવામાં મદદ કરે છે. સામાજિક વ્યવસ્થા એ તે વ્યવસ્થા છે જે સામાજિક નિયમો, મૂલ્યો, અને ધોરણો દ્વારા બનાવવામાં આવે છે. તે એ પ્રકારનો સામાજિક માળખો છે જે દરેક સમાજના સભ્યોને વ્યવહાર અને પોતાના કાર્યો માટે માર્ગદર્શન આપે છે.એકમ આઠ સામાજિક દરજ્જો અને સામાજિક ભૂમિકાના ખ્યાલ વિશે સમજૂતી આપવામાં આવી છે. એકમ નવમાં સામાજિક સંસ્થાના પ્રકાર તરીકે કુટુંબ અને લગ્ન સંસ્થાઃ અર્થ, પ્રકારો અને કાર્યોની માહિતી આપવામાં આવી છે. એકમ દસમાં સામાજિક સંસ્થાના પ્રકાર તરીકે ધર્મ અને રાજ્ય સંસ્થાઃ અર્થ, લાક્ષણિકતાઓ અને કાર્યો અંગેની સમજ આપવામાં આવી છે.*

*વિદ્યાર્થી મિત્રો, સામાજિક ધારણા એ તે પ્રક્રિયા છે જે લોકો, જૂથો, અને પરિસ્થિતિઓને આંકતા, સમજતા અને મૂલ્ય પરિપ્રેક્ષ્યથી અંદાજ કરતા હોય છે. એકમ અગિયારમાં સામાજિક મનોવિજ્ઞાનઃ સામાજિક ધારણા, વલણની રચના વિશે વિસ્તૃત ખ્યાલ આપવામાં આવ્યો છે. એકમ બાર સામાજિક મનોવિજ્ઞાનઃ પરિવર્તન અને માપન, સંચાર અને સામૂહિક વર્તનના સિદ્ધાંતો અંગે ખ્યાલ આપવામાં આવ્યો છે. એકમ તેરમાં આર્થિક પદ્ધતિઓઃ અર્થ, લક્ષણો, પ્રકારો અને મુખ્ય કાર્યો સામાજિક નીતિ અને સામાજિક વિકાસ વિશે સામાજિક વિજ્ઞાન અને સમાજકાર્યમાં એની શું ભૂમિકા છે તે વિશે વૈજ્ઞાનિક અને વ્યવહારુ શાખાની દ્રષ્ટિએ સમજૂતી આપી છે. એકમ ચૌદમાં આર્થિક વિકાસનો અર્થ, ભારતમાં આર્થિક વિકાસના નિર્દેશકો અને આર્થિક ક્ષેત્રોના ખ્યાલોની સમજૂતી આપવામાં આવી છે. જ્યારે બદલાતા આર્થિક પ્રવાહને કેન્દ્રમાં રાખીને એકમ પંદરમાં આર્થિક આયોજન, હેતુઓ અને નવી આર્થિક નીતિઓ અંગે ગહન સમજૂતી આપવામાં આવી છે.*

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**BSWR-SEM-2**
**BSWR – 203 : સમાજકાર્ય અને સામાજિક વિજ્ઞાનોનો ખ્યાલ**

## વિભાગ – 2 : સામાજિક ખ્યાલો અને સામાજિક વ્યવસ્થા


| | | | |
|---|---|---|---|
| 1. | એકમ - 8 | સામાજિક દરજ્જો અને સામાજિક ભૂમિકા | 101 |
| 2. | એકમ - 9 | સામાજિક સંસ્થાના પ્રકાર તરીકે કુટુંબ અને લગ્ન સંસ્થાઃ અર્થ, પ્રકારો અને કાર્યો | 113 |
| 3. | એકમ -10 | સામાજિક સંસ્થાના પ્રકાર તરીકે ધર્મ અને રાજ્ય સંસ્થાઃ અર્થ, લાક્ષણિકતાઓ અને કાર્યો | 122 |
| 4. | એકમ - 11 | સામાજિક મનોવિજ્ઞાનઃ સામાજિક ધારણા, વલણની રચના | 137 |
| 5. | એકમ - 12 | સામાજિક મનોવિજ્ઞાનઃ પરિવર્તન અને માપન, સંચાર અને સામૂહિક વર્તનના સિદ્ધાંતો | 144 |
| 6. | એકમ - 13 | આર્થિક પદ્ધતિઓઃ અર્થ, લક્ષણો, પ્રકારો અને મુખ્ય કાર્યો સામાજિક નીતિ અને સામાજિક વિકાસ | 152 |
| 7. | એકમ - 14 | આર્થિક વિકાસનો અર્થ, ભારતમાં આર્થિક વિકાસના નિર્દેશકો અને આર્થિક ક્ષેત્રો | 163 |
| 8. | એકમ - 15 | આર્થિક આયોજન, હેતુઓ અને નવી આર્થિક નીતિઓ | 173 |

# એકમ 8 સામાજિક દરજ્જો અને સામાજિક ભૂમિકા

-: રૂપરેખા :-

**8.0 એકમનાં હેતુઓ**

**8.1 પ્રસ્તાવના**

**8.2 સામાજિક દરજ્જો - પરિભાષા**

**8.3 સામાજિક દરજ્જો - લક્ષણો અને પ્રકારો**

**8.4 સામાજિક ભૂમિકા - પરિભાષા**

**8.5 સામાજિક ભૂમિકા - લક્ષણો અને મોડેલો**

**8.6 સામાજિક દરજ્જો અને સામાજિક ભૂમિકા વચ્ચે તફાવત**

**8.7 ઉપસંહાર**

**8.8 તમારી પ્રગતિ ચકાસો**

**8.9 ચાવી રૂપ શબ્દો**

**8.10 સંદર્ભ ગ્રંથો**

## 8.0 એકમનાં હેતુઓ

વિદ્યાર્થી મિત્રો આ એકમને સમજ્યા બાદ તમે,

- સામાજિક દરજ્જો અને સામાજિક ભૂમિકાની પરિભાષા વિશે માહિતી મેળવી શકશો.
- સામાજિક દરજ્જો - લક્ષણો અને પ્રકારોની સમજૂતી મેળવશો.
- સામાજિક ભૂમિકા - લક્ષણો અને મોડેલો વિશે ચર્ચા કરી શકશો.
- સામાજિક દરજ્જો અને સામાજિક ભૂમિકા વચ્ચે તફાવત સમજી શકશો.

## 8.1 પ્રસ્તાવના

સામાજિક દરજ્જો અને સામાજિક ભૂમિકા એ માનવ સમાજના બે મહત્ત્વપૂર્ણ પાસાઓ છે જે વ્યક્તિના જીવનને આકાર આપે છે અને તેની સામાજિક ક્રિયાપ્રતિક્રિયાઓને નિર્ધારિત કરે છે. આ બંને ખ્યાલો એકબીજા સાથે ગાઢ રીતે જોડાયેલા છે અને વ્યક્તિના સમાજમાં સ્થાન અને તેના દ્વારા ભજવવામાં આવતી ભૂમિકાઓને વ્યાખ્યાયિત કરે છે. સમાજશાસ્ત્રમાં, સામાજિક દરજ્જો એ વ્યક્તિને સમાજમાં મળતું સ્થાન છે, જ્યારે સામાજિક ભૂમિકા એ તે સ્થાન સાથે સંકળાયેલી અપેક્ષાઓ અને વર્તન છે.

સામાજિક દરજ્જો એ વ્યક્તિને સમાજમાં મળતું એક સ્થાન છે. આ સ્થાન સ્થિર નથી હોતું અને તે સમાજના વિવિધ પરિબળો જેવા કે વય, લિંગ, જાતિ, વ્યવસાય, શિક્ષણ, આર્થિક સ્થિતિ વગેરે પર આધારિત હોય છે. દરેક વ્યક્તિ એક સાથે અનેક સામાજિક દરજ્જા ધરાવી શકે છે, જેમ કે વિદ્યાર્થી, કર્મચારી, માતા-પિતા, વગેરે. દરેક દરજ્જો સાથે ચોક્કસ અધિકારો અને જવાબદારીઓ જોડાયેલી હોય છે. ઉદાહરણ તરીકે, એક ડૉક્ટરનો સામાજિક દરજ્જો

એક વિદ્યાર્થીના સામાજિક દરજ્જા કરતાં અલગ હોય છે. ડૉક્ટરને સમાજમાં વધુ માન મળે છે અને તેને અમુક વિશેષ અધિકારો પણ મળે છે.

સામાજિક ભૂમિકા એટલે કોઈ ચોક્કસ સામાજિક દરજ્જા સાથે જોડાયેલા વર્તનના નિયમો અને અપેક્ષાઓ. દરેક દરજ્જા સાથે અલગ-અલગ ભૂમિકાઓ જોડાયેલી હોય છે. ઉદાહરણ તરીકે, એક માતાની ભૂમિકા એક પુત્રીની ભૂમિકાથી અલગ હોય છે. એક માતાને તેના બાળકોની સંભાળ રાખવાની, તેમને ઉછેરવાની અને તેમને સારું શિક્ષણ આપવાની અપેક્ષા રાખવામાં આવે છે. એક શિક્ષકની ભૂમિકામાંથી વિદ્યાર્થીઓને જ્ઞાન આપવું, માર્ગદર્શન આપવું અને તેમના વર્તનનું મૂલ્યાંકન કરવું જેવી અપેક્ષાઓ રાખવામાં આવે છે.

સામાજિક દરજ્જો અને ભૂમિકા સમાજના સુચારુ કાર્ય માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. તેઓ સમાજમાં વ્યવસ્થા જાળવવામાં મદદ કરે છે અને વ્યક્તિઓને તેમની ભૂમિકાઓ સમજવામાં મદદ કરે છે. જો કે, ક્યારેક ક્યારેક સામાજિક દરજ્જો અને ભૂમિકાઓને લગતી સમસ્યાઓ પણ ઉભી થાય છે. ઉદાહરણ તરીકે, જાતિવાદ, લિંગભેદ અને વર્ગભેદ જેવી સમસ્યાઓ સામાજિક દરજ્જા અને ભૂમિકાઓ સાથે જોડાયેલી હોઈ શકે છે.

## 8.2 સામાજિક દરજ્જો - પરિભાષા

સામાજિક દરજ્જો એ વ્યક્તિની સામાજિક સ્થિતિ અથવા પદવીને સૂચવે છે. તે વ્યક્તિની સમાજમાંની ભૂમિકા, સત્તા, સન્માન અને અન્ય લોકો સાથેના સંબંધો દ્વારા નક્કી થાય છે. સામાજિક દરજ્જો વ્યક્તિના જન્મ, વ્યવસાય, શિક્ષણ, આવક અને અન્ય પરિબળો દ્વારા પ્રભાવિત થઈ શકે છે. સામાજિક દરજ્જાને સરળ શબ્દોમાં કહીએ તો, તે એક વ્યક્તિની સમાજમાંની ઓળખ છે. તે એક એવી ઓળખ છે જે વ્યક્તિને અન્ય લોકોથી અલગ પાડે છે અને તેને ચોક્કસ અધિકારો અને જવાબદારીઓ આપે છે. સામાજિક દરજ્જો વ્યક્તિના સ્વાભિમાન, આત્મવિશ્વાસ અને સમાજમાંની ભાગીદારીને પ્રભાવિત કરે છે.

જ્યોર્જ એ. લુંડબર્ગના મતે, તે "સમૂહ અથવા સમુદાયમાં જુદી જુદી ભૂમિકાઓ સોંપવામાં આવેલ વ્યક્તિઓને આપવામાં આવતી પ્રતિષ્ઠા, આદર અથવા આદરની તુલનાત્મક રકમ છે."

કિંગ્સલે ડેવિસ ના મતે "દરજ્જો એ સ્થાનનો પર્યાય છે".

એચ.ટી.મઝુમદારના જણાવ્યા મુજબ, "દરજ્જો એટલે જૂથમાં વ્યક્તિનું સ્થાન - પારસ્પરિક જવાબદારી અને વિશેષાધિકારો, અધિકારો અને ફરજોના સામાજિક નેટવર્કમાં તેનું સ્થાન."

મેક્સ વેબરે દરજ્જાને "સન્માનના હકારાત્મક અથવા નકારાત્મક સામાજિક અંદાજ" તરીકે વ્યાખ્યાયિત કર્યું.

બસ્ટ્રેડના મતે "સમાજમાં કે સમૂહમાં વ્યક્તિ જે સ્થાન ધરાવે છે તે સ્થાનને દરજ્જો કહેવામાં આવે છે". એટલે કે વ્યક્તિ સમાજમાં અનેક દરજ્જાઓ ધરાવે છે. વ્યક્તિ જેટલા જૂથની સભ્ય હોય તેટલા દરજ્જા તે ધરાવતી હોય છે. જેમ કે કુટુંબમાં પતિનો દરજ્જો, કોલેજમાં પ્રોફેસરનો દરજ્જો, ક્લબમાં સભ્યનો દરજ્જો, ભારતમાં નાગરિકનો દરજ્જો, વગેરે. જોનસનના મતે "દરજ્જો હકોનો નિર્દેશ કરે છે".

સામાજિક દરજ્જો એ વ્યક્તિના જીવનના ઘણા પાસાઓને પ્રભાવિત કરે છે, જેમ કે તેમના સામાજિક વર્તુળ, તેમની સામાજિક તકો અને તેમના જીવનની ગુણવત્તા. ઉચ્ચ સામાજિક

દરજ્જો ધરાવતા લોકોને ઘણીવાર નીચલા સામાજિક દરજ્જાવાળા લોકો કરતાં વધુ સારી તકો અને સંસાધનો મળે છે. આમ, સામાજિક દરજ્જો (Social status) એ વ્યક્તિને સમાજમાં કે એક ચોક્કસ સમૂહમાં મળતું સ્થાન કે હોદ્દો છે. દરજ્જો ચડતા-ઉતરતા ક્રમની સામાજિક વ્યવસ્થામાં વ્યક્તિના સ્થાનનું સૂચન કરે છે. જેમ કે કુટુંબમાં પિતા, માતા, મોટો પુત્ર, નાનો પુત્ર એવો ચડતો-ઊતરતો ક્રમ હોય છે, જેમાં પિતા સૌથી ઊંચા સ્થાને હોય છે અને નાનો પુત્ર સૌથી નીચા સ્થાને આવે છે. આમ, દરજ્જો વ્યક્તિના સ્થાનનું પ્રતિનિધિત્વ કરે છે.

## 8.3 સામાજિક દરજ્જો - લક્ષણો અને પ્રકારો

સામાજિક દરજ્જો સામાજિક જૂથો, સંસ્થાઓ અને સંસ્કૃતિ દ્વારા નિર્ધારિત થાય છે. આપણે કઈ જાતિ, ધર્મ, લિંગ, વર્ગ કે વ્યવસાય સાથે સંકળાયેલા છીએ તેના આધારે આપણો સામાજિક દરજ્જો નક્કી થાય છે.

- **સામાજિક દરજ્જાના લક્ષણોઃ**

1. સાપેક્ષતાઃ સાપેક્ષતાનો અર્થ એ કે કોઈ વ્યક્તિનો સામાજિક દરજ્જો એકલા તેની વ્યક્તિગત લાક્ષણિકતાઓ પર આધારિત નથી હોતો, પરંતુ તે તેની આસપાસના સમાજના લોકો સાથેની તુલના પર પણ આધારિત હોય છે. એક સમાજમાં ઉચ્ચ દરજ્જો ધરાવતી વ્યક્તિ બીજા સમાજમાં મધ્યમ કે નીચો દરજ્જો ધરાવતી હોઈ શકે છે. દાખલા તરીકે, એક ગામમાં સૌથી ધનવાન વ્યક્તિનો દરજ્જો ખૂબ ઉંચો હોઈ શકે છે, પરંતુ જો તે જ વ્યક્તિ શહેરમાં જાય તો તેનો દરજ્જો એટલો ઉંચો ન પણ હોય. આનો અર્થ એ છે કે સામાજિક દરજ્જો એક સંબંધિત ખ્યાલ છે. તે સમાજના સાંસ્કૃતિક, આર્થિક અને રાજકીય પરિબળો પર પણ આધારિત હોય છે. સામાજિક દરજ્જાની સાપેક્ષતાને સમજવી એ સમાજશાસ્ત્રની દૃષ્ટિએ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. આ સમજણ આપણને સમાજમાં વ્યક્તિઓ વચ્ચેના સંબંધો, અસમાનતા અને સત્તાના વહેંચણીને સમજવામાં મદદ કરે છે.

2. અસ્થાયીઃ દરજ્જો સ્થિર નથી હોતો, તે અસ્થાયી હોય છે. સમાજમાં આર્થિક સ્થિતિ, શિક્ષણ, વ્યવસાય, જાતિ, ધર્મ, લિંગ જેવા અનેક પરિબળો વ્યક્તિના સામાજિક દરજ્જાને પ્રભાવિત કરે છે. આ પરિબળોમાં થતા ફેરફારો સાથે વ્યક્તિનો સામાજિક દરજ્જો પણ બદલાતો રહે છે. ઉદાહરણ તરીકે, આજે ગરીબ હોય તે વ્યક્તિ કાલે અમીર બની શકે છે. એક વિદ્યાર્થી આજે સામાન્ય વિદ્યાર્થી હોય તો કાલે તે ટોપર બની શકે છે. આમ, સામાજિક દરજ્જો એક ગતિશીલ ખ્યાલ છે. સામાજિક દરજ્જાની અસ્થાયી પ્રકૃતિને સમજવા માટે આપણે સમાજમાં થતા ઝડપી બદલાવોને ધ્યાનમાં લેવા જોઈએ. આજના યુગમાં વૈશ્વિકીકરણ, તકનીકી વિકાસ અને સામાજિક ચળવળો જેવા પરિબળો સમાજને સતત બદલી રહ્યા છે. આ બદલાવો વ્યક્તિઓના જીવન અને કારકિર્દી પર નોંધપાત્ર અસર કરે છે, જેના પરિણામે તેમના સામાજિક દરજ્જામાં પણ ફેરફાર થાય છે.

3. બહુવિધઃ દરેક વ્યક્તિ એક જ સમયે અનેક સામાજિક જૂથોનો ભાગ હોય છે. આ દરેક જૂથમાં એક અલગ સ્થાન અને ભૂમિકા હોય છે. આ દરેક દરજ્જો વ્યક્તિના જીવનમાં વિવિધ ભૂમિકાઓ, અપેક્ષાઓ, અધિકારો અને જવાબદારીઓ નક્કી કરે છે. આને જ આપણે બહુવિધ સામાજિક દરજ્જા કહેવાય. ઉદાહરણ તરીકે, એક વ્યક્તિ એકસાથે પુત્ર/પુત્રી, ભાઈ/બહેન, પતિ/પત્ની, માતા/પિતા, કર્મચારી, સમાજસેવક, ધાર્મિક આગેવાન વગેરે અનેક ભૂમિકાઓ ભજવી શકે છે. દરેક ભૂમિકા સાથે તે વ્યક્તિને અલગ-

અલગ અધિકારો અને જવાબદારીઓ મળે છે. દરેક ભૂમિકા એક અલગ સામાજિક દરજ્જો દર્શાવે છે જે સમય સાથે બદલાતા રહે છે. એક વ્યક્તિના જીવનમાં વિવિધ તબક્કાઓમાં તેના દરજ્જામાં ફેરફાર થાય છે. ક્યારેક વિવિધ દરજ્જાઓની અપેક્ષાઓ એકબીજા સાથે ટકરાતી હોય છે. દાખલા તરીકે, એક વ્યક્તિને કામ પર વધારાનો સમય આપવો પડે અને તેના કારણે પરિવાર સાથે ગાળવાનો સમય ઓછો મળે. વિવિધ દરજ્જાઓ ભજવવાથી વ્યક્તિનું વ્યક્તિત્ત્વ સર્વાંગીણ રીતે વિકસે છે.

4. પ્રતિષ્ઠાઃ પ્રતિષ્ઠા એ સામાજિક દરજ્જાનું એક મહત્ત્વનું લક્ષણ છે જે વ્યક્તિને સમાજમાં મળતો આદર, માન અને સન્માન દર્શાવે છે. વ્યક્તિની પ્રતિષ્ઠા તેના સામાજિક દરજ્જાના આધારે નક્કી થાય છે. ઉચ્ચ સામાજિક દરજ્જા ધરાવતી વ્યક્તિને સામાન્ય રીતે વધુ પ્રતિષ્ઠા મળે છે. આ પ્રતિષ્ઠા વિવિધ પરિબળો પર આધારિત હોય છે જેમ કે વ્યક્તિની આર્થિક સ્થિતિ, શિક્ષણ, વ્યવસાય, જાતિ, ધર્મ, લિંગ વગેરે. ઉદાહરણ તરીકે, એક ડૉક્ટર, એક વકીલ અથવા એક વેપારીને સામાન્ય રીતે એક શ્રમજીવી કરતાં વધુ પ્રતિષ્ઠા મળે છે. પ્રતિષ્ઠા એ સમાજમાં વ્યક્તિની ઓળખ નક્કી કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ઉચ્ચ પ્રતિષ્ઠા ધરાવતી વ્યક્તિને સમાજમાં વધુ માન મળે છે અને તેને સરળતાથી સમાજમાં સ્થાન મળી રહે છે. તેને વિવિધ પ્રકારના અધિકારો અને સુવિધાઓ મળે છે. જ્યારે ઓછી પ્રતિષ્ઠા ધરાવતી વ્યક્તિને સમાજમાં ઓછો આદર મળે છે અને તેને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. પ્રતિષ્ઠા એ એક સાપેક્ષ ખ્યાલ છે. એક વ્યક્તિની પ્રતિષ્ઠા એક સંદર્ભમાં ઉચ્ચ હોઈ શકે છે અને બીજા સંદર્ભમાં નીચી હોઈ શકે છે. ઉદાહરણ તરીકે, એક વ્યક્તિ પોતાના ગામમાં ખૂબ પ્રતિષ્ઠિત હોઈ શકે છે પરંતુ શહેરમાં તેને ઓછી પ્રતિષ્ઠા મળી શકે છે. પ્રતિષ્ઠા એ સમાજમાં અસમાનતાનું એક મહત્ત્વનું કારણ છે. ઉચ્ચ પ્રતિષ્ઠા ધરાવતી વ્યક્તિઓ પાસે વધુ સંપત્તિ, શક્તિ અને અધિકાર હોય છે. જ્યારે ઓછી પ્રતિષ્ઠા ધરાવતી વ્યક્તિઓ પાસે આ બધું ઓછું હોય છે. આ અસમાનતા સમાજમાં વિવિધ પ્રકારની સમસ્યાઓ ઉત્પન્ન કરે છે.

5. સામાજિક અસમાનતાઃ સામાજિક અસમાનતા એટલે કે સમાજના સભ્યો વચ્ચે સંપત્તિ, શક્તિ, પ્રતિષ્ઠા અને અવસરોમાં અસમાન વહેંચણી. સામાજિક અસમાનતા વધુ હશે તો સામાજિક દરજ્જામાં તફાવત પણ વધુ હશે. ઉદાહરણ તરીકે, જે વ્યક્તિ પાસે વધુ સંસાધનો અને ઉચ્ચ શિક્ષણ હશે તેનો સામાજિક દરજ્જો ઊંચો હશે અને જે વ્યક્તિ પાસે ઓછા સંસાધનો અને ઓછું શિક્ષણ હશે તેનો સામાજિક દરજ્જો નીચો હશે. ટૂંકમાં, જ્યાં આર્થિક અસમાનતા વધુ હશે ત્યાં અમીર અને ગરીબ વચ્ચે સામાજિક દરજ્જામાં ઘણો તફાવત જોવા મળશે. અમીર વ્યક્તિઓને સમાજમાં વધુ આદર અને સન્માન મળશે જ્યારે ગરીબ વ્યક્તિઓને ઓછો આદર અને સન્માન મળશે. સામાજિક અસમાનતાના પરિણામો ખૂબ જ ગંભીર હોઈ શકે છે. તે સમાજમાં તણાવ અને સંઘર્ષનું કારણ બની શકે છે. તે સમાજના વિકાસને અવરોધે છે અને ગરીબી અને બેરોજગારી જેવી સમસ્યાઓને વધારે છે. સામાજિક અસમાનતાના કારણે લોકોમાં હતાશા અને નિરાશા વધે છે અને તેઓ ગુનાખોરી તરફ વળી શકે છે.

6. અધિકારો અને જવાબદારીઓઃ અધિકારો અને જવાબદારીઓ વ્યક્તિને સમાજમાં કઈ ભૂમિકા ભજવવી છે તે નક્કી કરે છે અને તેને સમાજના અન્ય સભ્યો સાથેના સંબંધોને વ્યાખ્યાયિત કરે છે. અધિકારો એ વ્યક્તિને સમાજમાં મળતા હક્કો છે. આ હક્કો વ્યક્તિને તેના જીવનને સુખી અને સાર્થક બનાવવા માટે મદદ કરે છે. ઉદાહરણ તરીકે, દરેક વ્યક્તિને શિક્ષણ મેળવવાનો, સ્વતંત્ર રીતે વિચારવાનો અને અભિવ્યક્ત કરવાનો,

સુરક્ષિત રહેવાનો અને સમાજમાં સમાનતાનો અધિકાર હોય છે. આ અધિકારો વ્યક્તિને સમાજમાં તેની ભૂમિકા નિભાવવામાં મદદ કરે છે. જવાબદારીઓ એ વ્યક્તિ પરના ફરજો છે. આ ફરજો વ્યક્તિને સમાજના અન્ય સભ્યો સાથે સુમેળથી રહેવા અને સમાજના વિકાસમાં ફાળો આપવા માટે પ્રેરે છે. ઉદાહરણ તરીકે, પર્યાવરણનું રક્ષણ કરવું, કાયદાનું પાલન કરવાનું, સમાજના વિકાસમાં યોગદાન આપવાની અને અન્ય લોકોના અધિકારોનું સન્માન કરવાની જવાબદારી હોય છે. આ જવાબદારીઓ વ્યક્તિને સમાજનું એક સારું નાગરિક બનવામાં મદદ કરે છે.

7. સામાજિક ગતિશીલતાઃ સામાજિક ગતિશીલતા એટલે સમાજમાં વ્યક્તિઓ અને સમૂહોના સામાજિક સ્તરમાં થતો ઉર્ધ્વગામી કે અધોગામી ફેરફાર. કોઈ વ્યક્તિ નીચલા સ્તરથી ઉચ્ચ સ્તર પર જાય તો તેને ઉર્ધ્વગામી ગતિશીલતા કહેવાય અને ઉચ્ચ સ્તરથી નીચલા સ્તર પર આવે તો તેને અધોગામી ગતિશીલતા કહેવાય. આવક, વ્યવસાય, સંપત્તિ જેવા આર્થિક પરિબળો તેમજ જાતિ, ધર્મ, લિંગ, કુટુંબની પૃષ્ઠભૂમિ જેવા સામાજિક પરિબળો વ્યક્તિના સામાજિક દરજ્જાને નક્કી કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. પ્રતિભા, કુશળતા, મહેનત, સંબંધો જેવા વ્યક્તિગત ગુણો ઉપરાંત રાજકીય સત્તા અને પ્રભાવ વ્યક્તિને સામાજિક દરજ્જામાં ઉપર લઈ જાય છે.

આમ, સામાજિક દરજ્જો વ્યક્તિના જીવનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. તે વ્યક્તિના આત્મવિશ્વાસ, સમાજમાં તેની ભૂમિકા અને તેના સંબંધોને પ્રભાવિત કરે છે.

- **સામાજિક દરજ્જાના પ્રકારોઃ**

રાલ્ફ લિંટને સામાજિક દરજ્જાના બે પ્રકાર દર્શાવ્યા છેઃ

1. અર્પિત દરજ્જો (Ascribed Status)

અર્પિત દરજ્જો એવો દરજ્જો છે જે વ્યક્તિને જન્મથી અથવા વારસામાં મળે છે. આ દરજ્જો મેળવવા માટે વ્યક્તિએ કોઈ પ્રકારનો પ્રયત્ન કરવાની જરૂર હોતી નથી. ઉદાહરણ તરીકે, કોઈ વ્યક્તિનો જાતિ, લિંગ, ઉંમર, કુટુંબમાં જન્મ થયો હોય તેવું સ્થાન વગેરે અર્પિત દરજ્જાના ઉદાહરણો છે. આ દરજ્જા સામાજિક સંસ્કૃતિ અને પરંપરાઓ દ્વારા નક્કી થાય છે અને વ્યક્તિની પસંદગીથી બહાર હોય છે. અર્પિત દરજ્જો વ્યક્તિના સામાજિક જીવનમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે અને તેની સામાજિક ઓળખને આકાર આપે છે. આ દરજ્જાઓ વ્યક્તિની પોતાની પસંદગીથી બદલાતા નથી અને સામાન્ય રીતે આખી જીંદગી સાથે રહે છે.

2. પ્રાપ્ત દરજ્જો (Achieved Status)

પ્રાપ્ત દરજ્જો એવો દરજ્જો છે જે વ્યક્તિ પોતાના પ્રયત્નો, કુશળતા અને કાર્યક્ષમતાના આધારે મેળવે છે. આ દરજ્જો મેળવવા માટે વ્યક્તિએ સખત મહેનત કરવી પડે છે અને પોતાની ક્ષમતાઓનો સંપૂર્ણ ઉપયોગ કરવો પડે છે. ઉદાહરણ તરીકે, કોઈ વ્યક્તિનો વ્યવસાય, શૈક્ષણિક લાયકાત, સામાજિક સંગઠનોમાં ભૂમિકા વગેરે પ્રાપ્ત દરજ્જાના ઉદાહરણો છે. કોઈ વ્યક્તિ ડૉક્ટર, એન્જિનિયર, વકીલ, શિક્ષક વગેરે બને છે તો તે પ્રાપ્ત દરજ્જો છે. આ દરજ્જો વ્યક્તિની પોતાની ક્ષમતાઓ અને પ્રયત્નો પર આધારિત હોય છે. પ્રાપ્ત દરજ્જો વ્યક્તિની વ્યક્તિત્ત્વ અને ક્ષમતાઓને દર્શાવે છે અને તેને સમાજમાં એક નવી ઓળખ પ્રદાન કરે છે.

અર્પિત અને પ્રાપ્ત દરજ્જા વચ્ચેનો મુખ્ય તફાવત એ છે કે અર્પિત દરજ્જો વ્યક્તિની પસંદગીથી બહાર હોય છે જ્યારે પ્રાપ્ત દરજ્જો વ્યક્તિના પોતાના પ્રયત્નો પર આધારિત હોય છે. અર્પિત દરજ્જો સામાજિક સંસ્કૃતિ અને પરંપરાઓ દ્વારા નક્કી થાય છે જ્યારે પ્રાપ્ત દરજ્જો

વ્યક્તિની વ્યક્તિગત ક્ષમતાઓ અને પ્રયત્નો દ્વારા નક્કી થાય છે. સમાજશાસ્ત્રીઓનું માનવું છે કે અર્પિત અને પ્રાપ્ત દરજ્જા વ્યક્તિના સામાજિક જીવનને પ્રભાવિત કરે છે. અર્પિત દરજ્જો વ્યક્તિની સામાજિક ઓળખ નક્કી કરે છે અને તેને કયા સમાજમાં જીવવું છે તે નક્કી કરે છે. જ્યારે પ્રાપ્ત દરજ્જો વ્યક્તિને સમાજમાં આગળ વધવા અને નવી તકો મેળવવામાં મદદ કરે છે.

## 8.4 સામાજિક ભૂમિકા - પરિભાષા

સામાજિક ભૂમિકા એટલે વ્યક્તિની અપેક્ષાઓ, વર્તન અને જવાબદારીઓનો સમૂહ, જે સમાજમાં તેની સ્થિતિ અને સંબંધો દ્વારા નિર્ધારિત થાય છે. આ ભૂમિકાઓ સમાજના સાંસ્કૃતિક અને સામાજિક માળખામાંથી ઉદ્ભવે છે અને વ્યક્તિના પરિવાર, વર્ગ, જાતિ, લિંગ, વ્યવસાય અને અન્ય સામાજિક ઓળખકર્તાઓ દ્વારા પ્રભાવિત થાય છે. વિશિષ્ટ સંદર્ભમાં, વ્યક્તિએ એવી અપેક્ષા રાખી હોય છે કે તેઓ ચોક્કસ રીતે વર્તે અને ચોક્કસ જવાબદારીઓ નિભાવે. ઉદાહરણ તરીકે, શિક્ષકની ભૂમિકામાં, વ્યક્તિ પાસેથી વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાની, તેમના વિકાસને પ્રોત્સાહન આપવાની અને શિક્ષણશાસ્ત્રીય સંબંધો જાળવવાની અપેક્ષા રાખવામાં આવે છે.

ગિડેન્સ અને સટન (Giddens and Sutton: 2014) ભૂમિકાઓને ''સામાજિક રીતે વ્યાખ્યાયિત અપેક્ષાઓ તરીકે વ્યાખ્યાયિત કરે છે જે આપેલ દરજ્જામાં (સામાજિક સ્થિતિ) વ્યક્તિ અનુસરે છે''.

ટર્નર (Turner: 2006) ભૂમિકાઓને ''વર્તણૂક અને વલણના સમૂહ'' તરીકે વ્યાખ્યાયિત કરે છે અને દલીલ કરે છે કે ભૂમિકાઓ વ્યક્તિગત અને સામૂહિક બંને સ્તરે સામાજિક વર્તણૂકને ગોઠવવામાં મદદ કરે છે...

બેન્ટન (Banton) મુજબ, ભૂમિકાઓ એ ''અધિકારો અને જવાબદારીઓનું સમૂહ'' છે.

ઓગબર્ન અને નિમકોફ (Ogburn and Nimkoff) મુજબ ભૂમિકા એ ''સામાજિક રીતે અપેક્ષિત અને માન્ય વર્તન પેટર્નનો સમૂહ છે જેમાં ફરજો અને વિશેષાધિકારો બંનેનો સમાવેશ થાય છે, જે જૂથમાં ચોક્કસ પદ સાથે સંકળાયેલ છે.''

જહોન્સન (Johnson)ના મતે ''ભૂમિકા એ પદની વર્તણૂકને લગતા અન્ય સભ્યોની અપેક્ષાઓ અને જવાબદારીઓ છે.''

એલેક્સ ઇંક્લ્સ (Alex Inkles) 'ભૂમિકા' નો સંદર્ભ આપે છે, ''એક જ સામાજિક પ્રણાલીમાં ભાગ લેનારા અન્ય લોકો દ્વારા સામાન્ય રીતે માન્યતા પ્રાપ્ત દરજ્જા માટે જવાબદાર હોવાનું અનુમાનિત અને માંગવામાં આવેલ અપેક્ષિત અથવા આદર્શ અધિકારો અને જવાબદારીઓનો સમૂહ.''

સામાજિક ભૂમિકાઓ વ્યક્તિના વર્તનને માર્ગદર્શન આપે છે અને તેમને સમાજમાં તેમની ઓળખ અને સ્થાન પ્રદાન કરે છે. તેઓ સમાજના સુચારુ કાર્ય માટે જરૂરી સંરચના અને વ્યવસ્થા પૂરી પાડે છે. જો કે, સામાજિક ભૂમિકાઓ સમય સાથે બદલાઈ શકે છે અને સંદર્ભ પ્રમાણે અલગ-અલગ હોઈ શકે છે. સામાજિક ભૂમિકાઓ વ્યક્તિ અને સમાજ બંને માટે મહત્ત્વપૂર્ણ છે. વ્યક્તિ માટે, તેઓ સ્વ-સમજણ, આત્મવિશ્વાસ અને સામાજિક સંબંધો વિકસાવવામાં મદદ કરે છે. સમાજ માટે, તેઓ સામાજિક સંસ્થાઓને સમર્થન આપે છે, સામાજિક ક્રમ જાળવે છે અને સમાજના સુચારુ કાર્ય માટે જરૂરી વર્તનના ધોરણો સ્થાપિત કરે છે.

## 8.5 સામાજિક ભૂમિકા - લક્ષણો અને પ્રકારો

સામાજિક ભૂમિકા મુખ્યત્વે સામાજિક દરજ્જા સાથે જોડાયેલી વર્તણૂક અને અપેક્ષાઓનો સમૂહ છે. એટલે કે, આપણે કઈ સામાજિક સ્થિતિમાં છીએ તેના આધારે આપણે કેવી રીતે વર્તવું જોઈએ તેની અપેક્ષાઓ હોય છે. આ ભૂમિકાઓ સમાજ દ્વારા નિર્ધારિત થાય છે અને તે સમય અને પરિસ્થિતિઓ સાથે બદલાતી રહે છે.

- **સામાજિક ભૂમિકાના લક્ષણો:**

1. સાપેક્ષ: સામાજિક ભૂમિકાઓ સંપૂર્ણપણે સાપેક્ષ હોય છે. એક જ વ્યક્તિ વિવિધ સંદર્ભોમાં વિવિધ ભૂમિકાઓ ભજવી શકે છે. ઉદાહરણ તરીકે, એક વ્યક્તિ ઘરે માતા-પિતાની ભૂમિકા ભજવી શકે છે, કામ પર કર્મચારીની ભૂમિકા ભજવી શકે છે અને સમાજમાં મિત્રની ભૂમિકા ભજવી શકે છે.

2. અપેક્ષાઓ: દરેક સામાજિક ભૂમિકા સાથે ચોક્કસ અપેક્ષાઓ જોડાયેલી હોય છે. આ અપેક્ષાઓ સમાજના ધોરણો, મૂલ્યો, સંસ્કૃતિ અને પરંપરાઓ દ્વારા નક્કી થાય છે. ઉદાહરણ તરીકે, એક શિક્ષક પાસેથી વિદ્યાર્થીઓને શીખવવાની, માર્ગદર્શન આપવાની અને તેમના વિકાસમાં મદદ કરવાની અપેક્ષા રાખવામાં આવે છે.

3. સામાજિક નિયંત્રણ: સામાજિક ભૂમિકાઓ સામાજિક નિયંત્રણનું એક મહત્ત્વનું સાધન છે. આ ભૂમિકાઓ વ્યક્તિના વર્તનને આકાર આપે છે અને તેને સમાજના ધોરણો અને મૂલ્યો અનુસાર વર્તવા માટે પ્રેરિત કરે છે. જ્યારે કોઈ વ્યક્તિ પોતાની ભૂમિકા અનુસાર વર્તન કરતી નથી ત્યારે સમાજ તેને દંડ કરી શકે છે.

4. સામાજિક સંબંધો: સામાજિક ભૂમિકાઓ સમાજમાં વ્યક્તિઓ વચ્ચેના સંબંધોને નક્કી કરે છે. ઉદાહરણ તરીકે, માતા-પિતા અને બાળક વચ્ચેનો સંબંધ, શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેનો સંબંધ, એક ડૉક્ટર અને દર્દી વચ્ચેનો સંબંધ તેમની ભૂમિકાઓ દ્વારા નક્કી થાય છે.

5. બહુવિધતા: એક જ વ્યક્તિ વિવિધ સંદર્ભોમાં વિવિધ ભૂમિકાઓ ભજવે છે. ઉદાહરણ તરીકે, એક વ્યક્તિ ઘરે માતા-પિતા, કામ પર કર્મચારી, સમાજમાં સ્વયંસેવક અને મિત્રોના વર્તુળમાં મિત્રની ભૂમિકા ભજવી શકે છે. આ દરેક ભૂમિકા સાથે અલગ-અલગ અપેક્ષાઓ અને વર્તન જોડાયેલા હોય છે. આ બહુવિધ ભૂમિકાઓને સંતુલિત રાખવી એ એક મહત્ત્વપૂર્ણ કૌશલ્ય છે.

6. સાંસ્કૃતિક વિવિધતા: સામાજિક ભૂમિકાઓ સંસ્કૃતિ પ્રમાણે બદલાતી રહે છે. દરેક સંસ્કૃતિમાં લિંગ, વય, જાતિ, ધર્મ વગેરેના આધારે વિવિધ ભૂમિકાઓ નિર્ધારિત કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે, એક સંસ્કૃતિમાં સ્ત્રીઓને ઘરકામ કરવાની અપેક્ષા રાખવામાં આવી શકે છે જ્યારે બીજી સંસ્કૃતિમાં સ્ત્રીઓને કામ કરવાની અપેક્ષા રાખવામાં આવી શકે છે. આમ, સાંસ્કૃતિક વિવિધતા સામાજિક ભૂમિકાઓમાં પણ વિવિધતા લાવે છે.

7. સામાજિક એકતા: સમાજમાં સામાજિક એકતા જાળવવા માટે વિવિધ ભૂમિકાઓનું મહત્ત્વનું સ્થાન છે. દરેક વ્યક્તિ જે ભૂમિકા નિભાવે છે, તે સમાજના કાર્યને સરળ બનાવે છે. ઉદાહરણ તરીકે, શિક્ષક વિદ્યાર્થીઓને શિક્ષિત કરીને સમાજનું નિર્માણ કરે છે, જ્યારે ડૉક્ટર લોકોના સ્વાસ્થ્યનું ધ્યાન રાખીને સમાજને સ્વસ્થ રાખે છે. આમ, વિવિધ ભૂમિકાઓ સમાજમાં એકતા અને સંવાદિતા જાળવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

8. સતત પરિવર્તિતઃ સમાજમાં થતા સતત પરિવર્તનો સાથે સામાજિક ભૂમિકાઓ પણ બદલાતી રહે છે. આધુનિકીકરણ, વૈશ્વિકીકરણ અને ટેકનોલોજીના વિકાસ જેવા પરિબળો સામાજિક ભૂમિકાઓને પ્રભાવિત કરે છે. ઉદાહરણ તરીકે, આજે સ્ત્રીઓ પણ પુરુષોની જેમ જ વિવિધ ક્ષેત્રોમાં કામ કરી રહી છે. આમ, સમાજમાં થતા પરિવર્તનો સાથે સામાજિક ભૂમિકાઓ પણ સતત બદલાતી રહે છે.

આમ, સમાજ એ એક જટિલ તંત્ર છે જેમાં દરેક વ્યક્તિની એક અલગ ભૂમિકા હોય છે. આ ભૂમિકાઓ સમાજમાં વ્યક્તિની સ્થિતિ અને તેના અન્ય લોકો સાથેના સંબંધોને નિર્ધારિત કરે છે.

- **સામાજિક ભૂમિકાના મોડેલોઃ**

પ્રખ્યાત સમાજશાસ્ત્રી બ્રુસ બિડલ (Bruce Biddle: 1986) ના જણાવ્યા મુજબ, સામાજિક ભૂમિકા સિદ્ધાંતના પાંચ મુખ્ય મોડેલો છેઃ

1. કાર્યાત્મક ભૂમિકા સિદ્ધાંત (Functional Role Theory): આ સિદ્ધાંત મુજબ, દરેક વ્યક્તિની સમાજમાં એક ચોક્કસ ભૂમિકા હોય છે, જેમ કે વિદ્યાર્થી, શિક્ષક, માતા-પિતા, કર્મચારી વગેરે. આ ભૂમિકાઓ સાથે ચોક્કસ અપેક્ષાઓ અને જવાબદારીઓ જોડાયેલી હોય છે. ઉદાહરણ તરીકે, એક શિક્ષકની ભૂમિકા વિદ્યાર્થીઓને જ્ઞાન આપવાની અને તેમના વિકાસમાં મદદ કરવાની હોય છે. જ્યારે એક માતા-પિતાની ભૂમિકા તેમના બાળકોની સંભાળ રાખવાની અને તેમને ઉછેરવાની હોય છે. કાર્યાત્મક ભૂમિકા સિદ્ધાંત મુજબ, આ ભૂમિકાઓ સમાજના કાર્યોને પૂર્ણ કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ઉદાહરણ તરીકે, શિક્ષકો નવી પેઢીને જ્ઞાન અને કૌશલ્યો પ્રદાન કરીને સમાજને આગળ વધારવામાં મદદ કરે છે. જ્યારે માતા-પિતા નવી પેઢીને ઉછેરીને સમાજનું ભવિષ્ય સુરક્ષિત કરે છે. જ્યારે દરેક વ્યક્તિ પોતાની ભૂમિકા નિભાવે છે, ત્યારે સમાજ સુચારૂ રીતે ચાલે છે. જો કોઈ વ્યક્તિ પોતાની ભૂમિકા નિભાવવામાં નિષ્ફળ જાય છે, તો તે સમાજના કાર્યોને અસર કરી શકે છે.

2. પ્રતીકાત્મક ક્રિયાપ્રતિક્રિયાવાદી ભૂમિકા સિદ્ધાંત (Symbolic Interactionist Role Theory) : આ સિદ્ધાંત સમાજને વ્યક્તિઓ વચ્ચેના પ્રતીકાત્મક આદાનપ્રદાન તરીકે જુએ છે. અન્ય શબ્દોમાં, આ સિદ્ધાંત માને છે કે આપણે જે ભૂમિકાઓ ભજવીએ છીએ તે આપણા પરિવાર, મિત્રો, સમુદાય અને સંસ્કૃતિ સાથેની આપણી ક્રિયાપ્રતિક્રિયાઓ દ્વારા આકાર પામે છે. આ સિદ્ધાંત મુજબ, આપણે બીજા લોકો સાથે વાતચીત કરતી વખતે પ્રતીકોનો ઉપયોગ કરીએ છીએ, જેમ કે શબ્દો, હાવભાવ અને વર્તણૂક. આ પ્રતીકો આપણને એ સમજવામાં મદદ કરે છે કે બીજા લોકો કોણ છે અને તેઓ આપણી પાસેથી શું અપેક્ષા રાખે છે. આપણે આ પ્રતીકોના આધારે પોતાની ભૂમિકા નક્કી કરીએ છીએ અને તે મુજબ વર્તન કરીએ છીએ. ઉદાહરણ તરીકે, જ્યારે આપણે શાળામાં જઈએ છીએ, ત્યારે આપણે વિદ્યાર્થીની ભૂમિકા ભજવીએ છીએ. આ ભૂમિકામાં આપણે શિક્ષકના આદેશોનું પાલન કરીએ છીએ, અભ્યાસ કરીએ છીએ અને અન્ય વિદ્યાર્થીઓ સાથે સહકાર આપીએ છીએ. પ્રતીકાત્મક ક્રિયાપ્રતિક્રિયાવાદી ભૂમિકા સિદ્ધાંત સમાજશાસ્ત્રી જ્યોર્જ હર્બર્ટ મીડના કાર્ય પર આધારિત છે. મીડે સૂચવ્યું હતું કે આપણું 'સેલ્ફ' અથવા આપણી ઓળખ આપણા સામાજિક વાતાવરણમાં અન્ય લોકો સાથેની આપણી ક્રિયાપ્રતિક્રિયાઓ દ્વારા વિકસિત થાય છે. આ સિદ્ધાંત સમાજશાસ્ત્રી ઇરવિંગ ગોફમેનના કાર્ય માટે પણ મહત્ત્વપૂર્ણ છે, જેમણે દૈનિક જીવનને નાટક તરીકે જોયું હતું,

જ્યાં લોકો વિવિધ ભૂમિકાઓ ભજવે છે. આ સિદ્ધાંત સામાજિક સમસ્યાઓને સમજવા અને તેનો ઉકેલ લાવવા માટે પણ ઉપયોગી છે.

3. માળખાકીય ભૂમિકા સિદ્ધાંત (Structural Role Theory): માળખાકીય ભૂમિકા સિદ્ધાંત મુજબ, આ ભૂમિકાઓ સમાજની સામાજિક સંસ્થાઓ દ્વારા નિર્ધારિત થાય છે. ઉદાહરણ તરીકે, પરિવાર, શાળા, અને કાર્યસ્થળ જેવી સંસ્થાઓ વ્યક્તિઓને તેમની ભૂમિકાઓ શીખવવામાં અને તેમને નિભાવવા માટે પ્રેરિત કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આ સિદ્ધાંત એમ પણ માને છે કે આ ભૂમિકાઓ સમાજના સંચાલન માટે જરૂરી છે અને તે સમાજના ક્રમ અને સ્થિરતા જાળવવામાં મદદ કરે છે. આ સિદ્ધાંત સમાજને એક માળખું તરીકે જુએ છે જેમાં વિવિધ ભાગો એકબીજા સાથે જોડાયેલા હોય છે.

4. સંસ્થાકીય ભૂમિકા સિદ્ધાંત (Organizational Role Theory): સંસ્થાઓમાં, દરેક વ્યક્તિ પાસે ચોક્કસ ભૂમિકા હોય છે, જેમાં ચોક્કસ અધિકારો, જવાબદારીઓ અને અપેક્ષાઓ સંકળાયેલી હોય છે. આ ભૂમિકાઓ વ્યક્તિના વર્તનને પ્રભાવિત કરે છે અને સંસ્થાના કાર્યને સરળ બનાવે છે. જો કે, જ્યારે વ્યક્તિને એક સાથે અનેક ભૂમિકાઓ નિભાવવાની હોય ત્યારે ભૂમિકા સંઘર્ષ થઈ શકે છે. સંસ્થાકીય ભૂમિકા સિદ્ધાંત મુજબ, સંસ્થા એક નાટક જેવી હોય છે, જેમાં દરેક વ્યક્તિ એક પાત્ર ભજવે છે. આ પાત્રને નિભાવવા માટે વ્યક્તિએ ચોક્કસ વર્તન, ભાષા અને કુશળતાનો ઉપયોગ કરવો પડે છે. ઉદાહરણ તરીકે, એક શાળામાં શિક્ષકની ભૂમિકા હોય છે, જેમાં શિક્ષણ આપવું, વિદ્યાર્થીઓનું માર્ગદર્શન કરવું અને શાળાના નિયમોનું પાલન કરવું વગેરેનો સમાવેશ થાય છે.

5. જ્ઞાનાત્મક ભૂમિકા સિદ્ધાંત (Cognitive Role Theory): આ સિદ્ધાંત મુજબ, વ્યક્તિઓ સમાજમાં વિવિધ ભૂમિકાઓ ભજવે છે અને આ ભૂમિકાઓ તેમના વર્તનને પ્રભાવિત કરે છે. જ્ઞાનાત્મક ભૂમિકા સિદ્ધાંત આ સિદ્ધાંતનો એક વિશિષ્ટ અભિગમ છે જે ભૂમિકાઓને માત્ર સામાજિક અપેક્ષાઓ તરીકે જ નહીં, પરંતુ વ્યક્તિના જ્ઞાનાત્મક પ્રક્રિયાઓના પરિણામ તરીકે જુએ છે. જ્ઞાનાત્મક ભૂમિકા સિદ્ધાંત મુજબ, વ્યક્તિઓ તેમની ભૂમિકાઓ વિશે માનસિક પ્રતિનિધિત્વો બનાવે છે. આ પ્રતિનિધિત્વોમાં ભૂમિકા સાથે સંકળાયેલા વર્તન, વિચારો અને લાગણીઓનો સમાવેશ થાય છે. આ પ્રતિનિધિત્વો વ્યક્તિના વર્તનને માર્ગદર્શન આપે છે અને તેમને સમાજમાં અન્ય લોકો સાથે અસરકારક રીતે વાતચીત કરવામાં મદદ કરે છે. ઉદાહરણ તરીકે, એક વિદ્યાર્થીની ભૂમિકામાં, વ્યક્તિ પાસે અભ્યાસ કરવા, હોમવર્ક પૂરું કરવા અને શિક્ષકોનું માન રાખવા જેવા વર્તન સાથે સંકળાયેલા માનસિક પ્રતિનિધિત્વ હોય છે. આ પ્રતિનિધિત્વો વિદ્યાર્થીને તેની ભૂમિકા અનુસાર વર્તન કરવામાં મદદ કરે છે. આમ, જ્ઞાનાત્મક ભૂમિકા સિદ્ધાંત સામાજિક ભૂમિકાઓને સમજવા માટે એક મહત્ત્વપૂર્ણ માળખું પ્રદાન કરે છે. આ સિદ્ધાંત સામાજિક કાર્ય સહિત વિવિધ ક્ષેત્રોમાં વ્યક્તિઓ અને સમાજ વચ્ચેના સંબંધને સમજવા અને સુધારવા માટે ઉપયોગી થઈ શકે છે.

## 8.6 સામાજિક દરજ્જો અને સામાજિક ભૂમિકા વચ્ચે તફાવત

સમાજશાસ્ત્રમાં, સામાજિક દરજ્જો અને સામાજિક ભૂમિકા એ બે મહત્ત્વપૂર્ણ ખ્યાલો છે જે વ્યક્તિના સમાજમાંના સ્થાન અને તેની અપેક્ષિત વર્તણૂકને વ્યાખ્યાયિત કરે છે. જોકે, આ બંને અલગ અલગ હોવા છતાં, એકબીજા સાથે ગાઢ રીતે જોડાયેલા છે.

સામાજિક દરજ્જો એ વ્યક્તિની સામાજિક સ્થિતિ છે જે સમાજમાં તેની સ્થાનને સૂચવે છે. આ દરજ્જો સામાજિક વર્ગ, જાતિ, લિંગ, વ્યવસાય, શિક્ષણ, આર્થિક સ્થિતિ વગેરે જેવા

પરિબળો દ્વારા નક્કી થાય છે. દરેક દરજ્જો સાથે ચોક્કસ સામાજિક પ્રતિષ્ઠા જોડાયેલી હોય છે. ઉદાહરણ તરીકે, ડૉક્ટર, એન્જિનિયર, શિક્ષક જેવા વ્યવસાયો સામાજિક રીતે ઉચ્ચ દરજ્જા ધરાવે છે. સામાજિક ભૂમિકા એ વ્યક્તિની સામાજિક દરજ્જા સાથે જોડાયેલી અપેક્ષિત વર્તણૂક છે. એટલે કે, એક ચોક્કસ દરજ્જા ધરાવતી વ્યક્તિ પાસેથી કયા પ્રકારનું વર્તન અપેક્ષિત છે તે દર્શાવે છે. ઉદાહરણ તરીકે, એક શિક્ષકની ભૂમિકામાંથી વિદ્યાર્થીઓને જ્ઞાન આપવું, તેમને માર્ગદર્શન આપવું અને એક શિક્ષક તરીકે વર્તવું જેવી અપેક્ષાઓ હોય છે. સામાજિક દરજ્જો એ વ્યક્તિની સ્થિતિ છે, જ્યારે સામાજિક ભૂમિકા એ તેની વર્તણૂક છે. દરજ્જો સામાજિક સ્તર, વ્યવસાય વગેરે જેવા પરિબળો દ્વારા નક્કી થાય છે જ્યારે ભૂમિકા દરજ્જા સાથે સંકળાયેલી અપેક્ષાઓ દ્વારા નક્કી થાય છે. સામાજિક દરજ્જો સામાન્ય રીતે સ્થિર હોય છે અને ધીમે ધીમે બદલાય છે, જ્યારે સામાજિક ભૂમિકાઓ પરિસ્થિતિ અનુસાર બદલાતી રહે છે. એક વ્યક્તિના ઘણા દરજ્જા હોઈ શકે છે (દા.ત., એક વ્યક્તિ એક ડૉક્ટર, એક માતા અને એક સમાજ સેવક હોઈ શકે છે) પરંતુ દરેક દરજ્જા સાથે માત્ર એક જ ભૂમિકા સંકળાયેલી હોય છે. સામાજિક દરજ્જો અને સામાજિક ભૂમિકા એ બંને એકબીજા સાથે ગાઢ રીતે જોડાયેલા ખ્યાલો છે. સમાજ કાર્યકરો માટે આ બંને ખ્યાલોને સમજવું ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે કારણ કે તે તેમને વ્યક્તિઓ અને સમુદાયો સાથે વધુ અસરકારક રીતે કામ કરવામાં મદદ કરે છે.

## 8.7 ઉપસંહાર

આપણે જોયું કે સામાજિક દરજ્જો અને સામાજિક ભૂમિકા એ સમાજના બે મહત્ત્વપૂર્ણ પાસાઓ છે. આ બંને એકબીજા સાથે ગાઢ રીતે જોડાયેલા છે અને વ્યક્તિના સમાજમાંના સ્થાનને નિર્ધારિત કરે છે. સામાજિક દરજ્જો એ વ્યક્તિની સામાજિક સ્થિતિ દર્શાવે છે, જ્યારે સામાજિક ભૂમિકા એ વ્યક્તિથી અપેક્ષિત વર્તન અને કાર્યોને દર્શાવે છે. સમાજમાં દરેક વ્યક્તિ પાસે એકથી વધુ સામાજિક દરજ્જા હોય છે અને તે દરેક દરજ્જા સાથે જુદી જુદી ભૂમિકાઓ જોડાયેલી હોય છે. ઉદાહરણ તરીકે, એક વ્યક્તિ એક જ સમયે એક વિદ્યાર્થી, એક બાળક, એક મિત્ર અને એક કર્મચારી હોઈ શકે છે. કોઈ વ્યક્તિ એકસાથે પુત્ર, પતિ, કર્મચારી, સમાજ સેવક વગેરે હોઈ શકે છે. દરેક દરજ્જા સાથે અલગ-અલગ સામાજિક ભૂમિકાઓ જોડાયેલી હોય છે. આ ભૂમિકાઓ સમાજના સભ્યો વચ્ચેના સંબંધોને નિર્ધારિત કરે છે અને સમાજને સુચારુ રીતે ચલાવવામાં મદદ કરે છે. દરેક ભૂમિકા સાથે તે વ્યક્તિથી અલગ અલગ અપેક્ષાઓ રાખવામાં આવે છે. સામાજિક દરજ્જો અને ભૂમિકાઓ સમાજના સંસ્કૃતિ, ધર્મ, આર્થિક સ્થિતિ વગેરે પર આધારિત હોય છે. સમાજમાં પરિવર્તન આવવા સાથે સામાજિક દરજ્જા અને ભૂમિકાઓમાં પણ ફેરફાર થાય છે. સામાજિક કાર્યકર તરીકે, આપણે આ સમજણને વ્યક્તિઓ અને સમુદાયો સાથે કામ કરવા માટે ઉપયોગ કરી શકીએ છીએ. આપણે વ્યક્તિઓને તેમની સામાજિક ભૂમિકાઓ અને દરજ્જાને સમજવામાં મદદ કરી શકીએ, અને તેમને તેમની પોતાની સ્થિતિમાં સુધારો કરવા માટે સશક્ત બનાવી શકીએ. આપણે સમાજમાં અસમાનતાઓને ઓળખી શકીએ અને તેને દૂર કરવા માટેના પ્રયાસો કરી શકીએ. આપણે સમુદાયોને મજબૂત બનાવવા માટે કામ કરી શકીએ, જેથી દરેક વ્યક્તિને સમાન તક મળે.

## 8.8 તમારી પ્રગતિ ચકાસો

- **વિસ્તારપૂર્વક ઉત્તર લખો :**

1. સામાજિક દરજ્જાની વ્યાખ્યા આપી, તેના લક્ષણો અને પ્રકારો વિગતવાર સમજાવો.
2. સામાજિક ભૂમિકા - પરિભાષા સમજાવી, સામાજિક ભૂમિકાના લક્ષણોની ચર્ચા કરો.

3. સામાજિક ભૂમિકાના મોડેલોનું વર્ણન કરો.

4. સામાજિક દરજ્જો અને સામાજિક ભૂમિકા વચ્ચે તફાવત - ટૂંકનોંધ લખો.

- **યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તરો આપો.**

1. ............ ના મતે "દરજ્જો એ સ્થાનનો પર્યાય છે".

   (અ) બસ્ટ્રેડ (બ) કિંગ્સલે ડેવિસ (ક) એચ.ટી.મઝુમદાર

2. સમાજના સભ્યો વચ્ચે સંપત્તિ, શક્તિ, પ્રતિષ્ઠા અને અવસરોમાં અસમાન વહેંચણી એટલે ............ અસમાનતા.

   (અ) સામાજિક (બ) આર્થિક (ક) ધાર્મિક

3. ............ એટલે સમાજમાં વ્યક્તિઓ અને સમૂહોના સામાજિક સ્તરમાં થતો ઉર્ધ્વગામી કે અધોગામી ફેરફાર.

   (અ) સાંસ્કૃતિક પરિવર્તન (બ) રાજકીય બદલાવ (ક) સામાજિક ગતિશીલતા

4. રાલ્ફ લિંટને સામાજિક દરજ્જાના ............ પ્રકાર દર્શાવ્યા છે

   (અ) બે (બ) ચાર (ક) છ

5. ગિડેન્સ અને સટન ............ ને સામાજિક રીતે વ્યાખ્યાયિત અપેક્ષાઓ તરીકે વ્યાખ્યાયિત કરે છે.

   (અ) દરજ્જા (બ) ભૂમિકા (ક) જવાબદારી

6. સમાજશાસ્ત્રી બ્રુસ બિડલ (Bruce Biddle: 1986) ના જણાવ્યા મુજબ, સામાજિક ભૂમિકા સિદ્ધાંતના ............ મુખ્ય મોડેલો છે

   (અ) આઠ (બ) સાત (ક) પાંચ

**જવાબો:**

(1) બ (2) અ (3) ક (4) અ (5) બ (6) ક

## 8.9 ચાવીરૂપ શબ્દો

1. સામાજિક દરજ્જો (Social Status): સમાજમાં વ્યક્તિની સ્થિતિ અથવા સ્થાનને સામાજિક દરજ્જો કહેવાય છે. આ દરજ્જો સામાજિક પદાનુક્રમમાં વ્યક્તિની સ્થિતિ નક્કી કરે છે અને તેના પર અન્ય લોકો કેવી રીતે પ્રતિક્રિયા આપશે તે નક્કી કરે છે. ઉદાહરણ તરીકે, ડૉક્ટર, શિક્ષક, વકીલ વગેરે સમાજમાં ઉચ્ચ દરજ્જો ધરાવતા વ્યવસાયો છે.

2. સામાજિક ભૂમિકા (Social Role) : સામાજિક ભૂમિકા એ એક વર્તન પેટર્ન છે જે કોઈ ચોક્કસ સામાજિક સ્થિતિ સાથે સંકળાયેલી હોય છે. એટલે કે, એક વ્યક્તિએ તેના સામાજિક દરજ્જા અનુસાર કેવી રીતે વર્તવું જોઈએ તે નક્કી કરે છે. ઉદાહરણ તરીકે, એક શિક્ષકની ભૂમિકા છે કે તે વિદ્યાર્થીઓને શીખવશે, તેમનું માર્ગદર્શન કરશે અને તેમને સારા નાગરિક બનાવશે.

3. સામાજિક પદાનુક્રમ (Social Hierarchy): સમાજમાં વિવિધ સામાજિક દરજ્જાઓનું એક વ્યવસ્થિત વર્ગીકરણ એટલે સામાજિક પદાનુક્રમ. આ પદાનુક્રમમાં ઉચ્ચ

દરજ્જાવાળા લોકો નીચા દરજ્જાવાળા લોકો પર પ્રભાવ પાડે છે અને તેમના વર્તનને નિર્ધારિત કરે છે.

4. સામાજિક અપેક્ષાઓ (Social Expectations): સામાજિક અપેક્ષાઓ એ એવી વર્તણૂકીય ધોરણો છે જે સમાજ દ્વારા ચોક્કસ સામાજિક દરજ્જા સાથે જોડાયેલી હોય છે. એટલે કે, સમાજ એવી અપેક્ષા રાખે છે કે એક વ્યક્તિ તેના સામાજિક દરજ્જા અનુસાર વર્તશે.

5. સામાજિક સંસ્થાઓ (Social Institutions): સમાજમાં સ્થાપિત થયેલ માળખા જે સમાજના સભ્યોના જીવનને પ્રભાવિત કરે છે તેને સામાજિક સંસ્થાઓ કહેવાય છે. ઉદાહરણ તરીકે, પરિવાર, શાળા, સરકાર વગેરે સામાજિક સંસ્થાઓ છે. આ સંસ્થાઓ વ્યક્તિના સામાજિક દરજ્જા અને ભૂમિકાને નિર્ધારિત કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

## 8.10 સંદર્ભ ગ્રંથો


1. જોષી, વિદ્યુતભાઈ (2016) પારિભાષિક કોશ-સમાજશાસ્ત્ર (દ્વિતીય આવૃત્તિ). અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ. પૃષ્ઠ 183-184. ISBN 978-93-85344-46-6.

2. ત્રિવેદી, નલિની કિશોર (2008) "સામાજિક દરજ્જો" માં ઠાકર, ધીરુભાઈ (સંપાદક). ગુજરાતી વિશ્વકોશ. ખંડ 23 (સા - સૈ) (પ્રથમ આવૃત્તિ). ગુજરાતી વિશ્વકોશ ટ્રસ્ટ. પૃષ્ઠ 97-98. OCLC 552369153.

3. વાઘેલા, અનિલ એસ. (2015) સમાજશાસ્ત્રનો પરિચય (તૃતિય આવૃત્તિ). અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ. પૃષ્ઠ 58. ISBN 978-93-81265-50-5.

4. Banton, M. (1965) 'Roles: An Introduction to the Study of Social Relations'; London: Tavistock.

5. Biddle, B.J. (1986) "Recent Developments in Role Theory". Annual Review of Sociology. 12: 67-92. doi:10.1146/annurev.so.12.080186.000435.

6. BSOC-101 Introduction to Sociology-I; UNIT 11 'STATUS AND ROLE' https://egyankosh.ac.in/bitstream/123456789/66019/1/Unit11.pdf

7. Giddens, A., & Sutton, P. W. (2014) 'Essential Concepts in Sociology'; Cambridge: Polity.

8. Joel Lalengliana Darlong 'Status and Role'; Sociology Lens; https://www.sociologylens.in/2021/06/status-and-role.html#:~:text=26 0 Comments-,Status and Role,oriented to others' patterned expectations.

9. Social Status: The Meaning, Types, Essential Elements and Characteristics of Social Status - https://www.yourarticlelibrary.com/sociology/social-status-the-meaning-types-essential-elements-and-characteristics-of-social-status/8553

10. Turner, J. (Ed). (2006) 'Handbook of Sociological Theory'; United States of America: Springer.

# એકમ 9 સામાજિક સંસ્થાના પ્રકાર તરીકે કુટુંબ અને લગ્ન સંસ્થા : અર્થ, પ્રકારો અને કાર્યો

-: રૂપરેખા :-

**9.0 એકમનાં હેતુઓ**

**9.1 પ્રસ્તાવના**

**9.2 કુટુંબ સંસ્થાનો અર્થ, પ્રકારો અને કાર્યો**

**9.3 લગ્ન સંસ્થા : અર્થ, પ્રકારો અને કાર્યો**

**9.4 ઉપસંહાર**

**9.5 તમારી પ્રગતિ ચકાસો**

**9.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**9.7 ચાવીરૂપ શબ્દો**

**9.8 સંદર્ભ સૂચિ**

## 9.0 એકમનાં હેતુઓ

આ એકમના અભ્યાસ બાદ તમે,

- કુટુંબ સંસ્થાનો અર્થ, પ્રકારો અને કાર્યો વિષે જાણી શકશો.
- લગ્ન સંસ્થા : અર્થ, પ્રકારો અને કાર્યો વિષે જાણી શકશો.

## 9.1 પ્રસ્તાવના

કુટુંબ અને લગ્ન બંને આપણા સમાજના મૂળભૂત તત્ત્વો છે અને તે સમાજની સંસ્કૃતિ અને મૂલ્યોને પરિબિંબિત કરે છે. કુટુંબ એ વ્યક્તિઓનો તે જૂથ છે, જે મૌલિક રીતે રક્તસંબંધ, લગ્ન અથવા દત્તક લેવા દ્વારા જોડાયેલ હોય છે. આ સંસ્થા વ્યક્તિના જીવનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, કારણ કે તે સમાજનું પ્રથમ અને સૌથી મહત્ત્વપૂર્ણ એકમ છે, જ્યાં વ્યક્તિના મૂળભૂત આદર, મૂલ્ય અને આચરણનો વિકાસ થાય છે. કુટુંબ સંસ્થા એ માત્ર વ્યક્તિઓનો જૂથ નથી, પરંતુ તે ભાવનાત્મક, આર્થિક અને સામાજિક આધાર પૂરો પાડતી એકમ છે;જેમાં વ્યક્તિઓ વચ્ચે સહકાર અને સમર્થન રહેલું હોય છે.

લગ્ન એ બે વ્યક્તિઓ વચ્ચેનો એક સામાજિક અને કાયદેસર કરાર છે, જેનો ઉદ્દેશક કુટુંબની સ્થાપના કરવો અને સામાજિક, આર્થિક, જૈવિક અને લાગણીશીલ જરૂરિયાતો પૂરી પાડવા માટે સંબંધ સ્થાપિત કરવો છે. આ સંસ્થા દ્વારા સમાજે જીવનસાથીઓના કાયદેસર અધિકારો અને જવાબદારીઓ નિર્ધારિત કરી છે.

## 9.2 કુટુંબ સંસ્થાનો અર્થ, પ્રકારો અને કાર્યો

કુટુંબએ સમાજની પાયાની સાર્વત્રિક સંસ્થા છે. કુટુંબ સંસ્થા દ્વારા બાળકોનું પ્રજનન અને બાળઉછેર જેવાં જે મહત્ત્વનાં કાર્યો થાય છે. વ્યક્તિના સામાજિક જીવનનો પ્રારંભ કુટુંબમાંથી થાય છે. વ્યક્તિના જીવન પર કુટુંબની સૌથી વિશેષ અસર જોવા મળે છે. કુટુંબ સમાજ અને

સંસ્કૃતિના સાતત્યમાં કેન્દ્રવર્તી સ્થાન ધરાવે છે.

**કુટુંબનો અર્થ :**

કુટુંબ સાર્વત્રિક હોવા છતાં તેનાં સ્વરૂપ, રચના અને કાર્યમાં તફાવત હોય છે. દા. ત., સંયુક્ત કુટુંબ, માતૃસત્તાક કુટુંબ, પિતૃસત્તાક કુટુંબ વગેરે. કુટુંબ સગપણ સંબંધ જૂથ છે. પતિ-પત્ની વચ્ચે જોડાણનો સંબંધ છે અને માતા-પિતા તથા ભાઈ-બહેન વચ્ચે લોહીનો સંબંધ છે.

મેકાઈવર અને પેજના મત મુજબ, ‘‘કુટુંબ પ્રજનનને બાળઉછેર માટે ચોક્કસ અને લાંબા ગાળા સુધી રહેતા જાતીય સંબંધો પર રચાયેલું જૂથ છે.’’

ઓગબર્નના મત મુજબ, ‘‘કુટુંબ એ બાળકોવાળા કે બાળકો વગરના પતિ-પત્નીનું બનેલું લાંબાગાળાનું જૂથ છે.’’

કિંગ્સલે ડેવિસના મતે, ‘‘કુટુંબ એક એવું સામાજિક જૂથ છે, જેના જે ના સભ્યો પ્રજનન પ્રક્રિયા દ્વારા એકબીજા સાથે જોડાયેલા છે.’’ કુટુંબ જૂથ લગ્ન, લોહી અથવા દત્તકના સંબધો દ્વારા અસ્તિત્ત્વમાં આવે છે. કુટુંબના સભ્યોના અધિકારો અને ફરજો સમુદાયનાં સામાજિક ધોરણો દ્વારા નક્કી થયેલા હોય છે. કુટુંબના સભ્યો વચ્ચે જેટલી શારીરિક અને માનસિક નિકટતા તથા લોહીના સંબંધો હોય છે, તેટલી નિકટતા અને તેવા સંબંધો બીજા કોઈ પણ જૂથમાં જોવા મળતા નથી.

**કુટુંબનાં લક્ષણો :**

કુટુંબએ સમાજની પાયાની સાર્વત્રિક સંસ્થા છે. વ્યક્તિના સામાજિક જીવનનો પ્રારંભ કુટુંબમાંથી થાય છે. કુટુંબ સમાજ અને સંસ્કૃતિના સાતત્યમાં કેન્દ્રવર્તી સ્થાન ધરાવેછે.

1. મહિલા અને પુરુષ વચ્ચેના જાતીય સંબંધો :

   કુટુંબ જાતીય સંબંધના આધારે ર ચાયેલું જુથ છે. કુટુંબ મહિલા અને પુરુષની જાતીય ઈચ્છાની પૂર્ણતા કરે છે. જાતીય સંબંધોના કારણે કુટુંબની વંશવૃદ્ધિ થાય છે. સહજીવનના કારણે મહિલા અને પુરુષ બાળકોની સંભાળ અને ઉછેરની સામાજિક જવાબદારી સંયુક્ત રીતે સ્વીકારે છે. આમ, મહિલા અનેપુરુષ વચ્ચેનો જાતીય સંબંધ કુટુંબનું મુખ્ય લક્ષણ છે. આ સંબંધ અલ્પકાળ, દીર્ઘકાળ અને સમગ્ર જીવનકાળ સુધી હોય છે.

2. લગ્નપ્રથા :

   લગ્નપ્રથા એ કુટુંબ રચનાનું પ્રથમ પગથિયું છે. દરેક સમાજમાં માન્ય લગ્નપ્રથા પ્રમાણે જે વ્યક્તિઓ પરસ્પર જોડાય છે, તેમની વચ્ચે જાતીય સંબંધ સ્થાપિત થઈ શકે છે. સમાજ આવા માન્ય સંબંધને જ યોગ્ય ગણે છે. અલગ અલગ સમયે, અલગ અલગ સમાજમાં, સાંસ્કૃતિક મૂલ્યો મુજબ લગ્નનું સ્વરૂપ અલગ અલગ હોઈ શકે છે, પરંતુ લગ્નપ્રથા એ તમામ કુટુંબવ્યવસ્થામાં સાર્વત્રિક રીતે અસ્તિત્ત્વ ધરાવે છે.

3. વાસ :

   લગ્નસંબંધથી જોડાયા બાદ પતિ-પત્નીના સહનિવાસનો પ્રારંભ થાય છે. આમ, કુટુંબ એક સ્થળે સહનિવાસ કરતું જુઠ છે. નવપરિણીત દંપતીએ પોતાનું સાંસારિક કુટુંબજીવન કઈ જગ્યાએ શરૂ કરવું એ વિશેત્રણ વ્યવસ્થા પ્રચલિત છે : (1) પિતૃસ્થાની, (2) માતૃસ્થાની અને(3) નવસ્થાની. મોટા ભાગે પિતૃસ્થાની કુટુંબવ્યવસ્થા વધુ પ્રચલિત છે. આ વ્યવસ્થામાં પત્ની લગ્ન બાદ પતિના ઘેર સહનિવાસ કરવા જાય છે.

4. વંશાવલી :

દરેક કુટુંબને તેની વંશાવલી હોય છે. વંશાવલીના કારણે કુટુંબના પૂર્વજો અને વંશજો વચ્ચેના સંબંધની સમજુતી મળે છે. સામાજિક રીતે સ્વીકાર્ય લગ્ન સંબધના પરિણામે જન્મ પામતાં બાળકોને સમાજની માન્યતા મળે છે. બાળકોના તેમના કુટુંબ સાથેના સંબંધને ચોક્કસ બનાવવા માટે તેમના નામની સાથે માતા અથવા પિતાનું નામ જોડવામાં આવે છે. માતૃવંશી કુટુંબમાં બાળકના નામની પાછળ માતાનું નામ અને પિતૃવંશી કુટુંબમાં બાળકના નામની પાછળ પિતાનું નામ જોડવામાં આવે છે. વર્તમાન સમયમાં પિતૃવંશી કુટુંબ વ્યવસ્થા વધુ પ્રમાણમાં પ્રચલિત છે. પિતૃસત્તાક વ્યવસ્થાવાળી કુટુંબ અવસ્થામાં વંશાવલીની ગણતરી પિતાના નામથી થાય છે. બાળકોને પિતાના નામથી ઓળખવામાં આવે છે. આધુનિક સમયમાં બાળકના નામની પાછળ પિતા અને માતા એમ બંનેનાં નામ લખી શકાય છે.

5. આર્થિક સહભાગીપણું:

આર્થિક વ્યવસ્થામાં સહભાગીપણું એ કુટુંબનું મહત્ત્વનું લક્ષણ છે. કુટુંબના સભ્યોની જરૂરિયાતો સંતોષવા કુટુંબમાં આર્થિક વ્યવસ્થા ગોઠવવામાં આવેછે. કુટુંબમાં જન્મ લેનાર બાળકના જવાબદારી પતિ અને પત્ની બંનેની છે. બાળકોનો ઉછેર, તેમનું ભરણપોષણ તથા તેમના જીવન ઘડતરની આર્થિક જરૂરિયાતો સંતોષવાની જવાબદારી કુટુંબની છે. જો કુટુંબ આ જવાબદારી ન સ્વીકારે તો જન્મ પામનાર બાળકોનાં ભરણપોષણ અને ઉછેરનો પ્રશ્ન વિકટ બની જાય. આર્થિક જવાબદારી પૂરી કરવા કુટુંબમાં પતિ-પત્નીએ સહયોગ આપવો જરૂરી છે. જુદા જુદા સમાજમાં મહિલા અને પુરુષની જવાબદારી જુદી જુદી હોય છે. વર્તમાન સમયમાં મહિલાઓ આર્થિક પ્રવૃત્તિઓમાં જોડાઇ પોતાનો ફાળો આપેછે.

**કુટુંબના પ્રકાર :**

કુટુંબના જુદા જુદા પ્રકારો, વંશ, સત્તા, સ્થાન અને સહનિવાસના આધારે નીચે પ્રમાણે દર્શાવેલ છે :

1. માતૃવંશી કુટુંબ :

માતૃવંશી કુટુંબમાં વંશગણના માતાથી થાય છે. બાળકીનાં નામ પાછળ માતાનું નામ હોય છે. સત્તા અને મિલકતનો વારસો માતા તરફથી મહિલા-બાળકોને મળે છે. બધા જ પ્રકારના આર્થિક વ્યવહારો અને ધાર્મિક વિવિધતાનો મહિલા દ્વારા થાય છે.

2. પિતૃવંશી કુટુંબ :

પિતૃવંશી કુટુંબમાં વંશગણના પિતાથી થાય છે. બાળકોનાં નામ પાછળ પિતાનું નામ હોય છે. સત્તા અને મિલકતનો વારસો પિતા તરફથી પુરુષ-બાળકને છે. બધા જ પ્રકારના આર્થિક વ્યવહારો અને ધાર્મિક વિધિ વિધાનો પુરુષ દ્વારા થાય છે.

3. માતૃસત્તાક કુટુંબ :

માતૃસત્તાક કુટુંબમાં માતા સર્વોપરી સત્તા ભોગવે છે. કુટુંબમાં મહિલાઓ ઉચ્ચ સ્થાને હોય છે. માતાને કુટુંબનું મૂળ ગણવામાં આવે છે. સમાજ જીવનના આર્થિક, ધાર્મિક, રાજકીય અને સામાજિક ક્ષેત્રે મહિલાઓનું પ્રભુત્વ હોય છે. માતૃસત્તાક કુટુંબ મોટા ભાગે માતૃવંશી અને માતૃસ્થાની હોય છે. કુટુંબમાં વંશગણના માતાથી થાય છે. બાળકોનાં

નામ પાછળ માતાનું નામ હોય છે. સત્તા અને મિલકતનો વારસો માતા તરફથી મહિલા-બાળકને મળે છે. સત્તા અને મિલકતમાં પુરુષ-બાળકોને અધિકાર મળતો નથી. લગ્ન પછી યુવતી માતાના ઘરે રહે છે, જ્યારે પતિ લગ્ન પછી પત્નીના ઘરે રહે છે. માતૃસત્તાક કુટુંબમાં મહિલાઓને પ્રમાણમાં વિશેષ સ્વતંત્રતા અને અધિકારો પ્રાપ્ત થાય છે. પોતાના જીવનને લગતા નિર્ણયો લેવામાં મહિલાઓ સ્વતંત્રતા ભોગવે છે. આ પ્રકારના કુટુંબમાં મહિલાઓનો દરજ્જો પિતૃસત્તાક કુટુંબની સરખામણીમાં ઊંચો હોય છે.

4. પિતૃસત્તાક કુટુંબ :

પિતૃસત્તાક કુટુંબમાં પુરુષની સત્તા, સ્થાન અને દરજ્જો ઊંચો હોય છે. પિતાને કુટુંબનું મૂળ ગણવામાં આવે છે. સમાજ જીવનના ભારતની મૂળભૂત સામાજિક સંસ્થાઓ આર્થિક, ધાર્મિક, રાજકીય અને સમાજિક ક્ષેત્રે પુરુષોનું પ્રભુત્વ હોય છે. પિતૃસત્તાક કુટુંબ મોટા ભાગે પિતૃવંશી અને પિતૃસ્થાની હોય છે. કુટુંબમાં વંશગણના પિતાથી થાય છે. બાળકોનાં નામ પાછળ પિતાનું નામ હોય છે. કુટુંબમાં પુત્રનું મહત્ત્વ વિશેષ હોય છે અને પુત્ર જન્મને અનિવાર્ય માનવામાં આવે છે. પુત્ર ન હોય તેવા સંજોગોમાં નજીકના સગાસંબંધીમાંથી પુરુષ-સંતાનને દત્તક લેવામાં આવે છે. લગ્ન પછી પત્ની પતિના ઘરે રહે છે. પિતૃસત્તાક કુટુંબમાં સમાજ જીવનના તમામ ક્ષેત્રેપુરુષો વિશેષાધિકાર ભોગવે છે. પરિણામે મહિલાઓને અન્યાય અને શોષણના ભોગ બનવું પડે છે.

5. માતૃસ્થાનીય કુટુંબ :

માતૃસ્થાનીય કુટુંબમાં મહિલા-બાળક માતાનું વારસદાર ગણાય છે અને લગ્ન પછી માતાની સાથે માતાના કુટુંબમાં રહે છે. લગ્ન બાદ પતિને પત્નીની કુટુંબમાં આવીને રેહેવું પડે છે. સમાજ જીવનનના તમામ નિર્ણયોમાં મહિલાનું પ્રાધાન્ય હોય છે.

6. પિતૃસ્થાનીય કુટુંબ :

પિતૃસ્થાનીય કુટુંબમાં પુરુષ-બાળક પિતાનું વારસદાર ગણાય છે અને લગ્ન પછી માતાની સાથે માતાના કુટુંબમાં રહે છે. લગ્ન બાદ પતિને પત્નીના કુટુંબમાં આવીને રહેવું પડે છે. સમાજ જીવનના તમામ નિર્ણયોમાં મહિલાઓનું પ્રાધાન્ય હોય છે.

7. સંયુક્ત કુટુંબ :

સંયુક્ત કુટુંબ કદની દૃષ્ટિએ વિશાળ હોય છે. તેમાં બેકે તેથી વધુ પેઢીના સભ્યો એકસાથે વસવાટ કરે છે અને એક જ રસોડે ભોજન લે છે. તેઓ એકબીજા સાથે રક્ત, લગ્ન કે સગપણ સંબંધથી જોડાયેલા હોય છે. કુટુંબની તમામ મિલકતમાં કુટુંબના દરેક સભ્યોનો સમાન હક હોય છે. કુટુંબનો વહીવટ અને સંચાલન પિતા અથવા સૌથી મોટા પુરુષ કરે છે. સંયુક્ત કુટુંબમાં કુટુંબના વડાની સત્તાનો અને તેમણે લીધેલા નિર્ણયોનો સ્વીકાર કુટુંબના અન્ય સભ્યોએ કરવો પડે છે. કુટુંબના વડા સત્તા અને સર્વસ્વ ધરાવતા હોય છે. સંયુક્ત કુટુંબમાં વૃદ્ધ વિધવા, અપંગ, અશક્ત વગેરે સભ્યોને સલામતી અને આશ્રય મળે છે.

8. વિભક્ત કુટુંબ :

વિભક્ત કુટુંબ કદની દૃષ્ટિએ નાનું હોય છે. તેમાં પતિ-પત્ની અને તેમનાં અપરિણીત સંતાનોનો સમાવેશ થાય છે. આ કુટુંબમાં સત્તા, વહીવટ અને સંચાલન મુખ્ય જવાબદાર વ્યક્તિ પાસેહોય છે. કુટુંબ જીવનના તમામ નિર્ણયો મોટા ભાગે સર્વ સંમતિથી લેવામાં

આવે છે. સભ્ય સંખ્યા મર્યાદિત હોવાથી વ્યક્તિગત આપાય છે. આથી પરિવારમાં વિરોધ જોવા મળતો નથી. વિભક્ત કુટુંબમાં મહિલાઓ અને બાળકોને સ્વતંત્રતા મળતી હોવાથી એ વ્યક્તિગત પ્રગતિ અને વિકાસને વધુ તક મળે છે.

**કુટુંબ સંસ્થાના કાર્યો :**

1. આર્થિક કાર્ય :
   - આર્થિક સહાય પૂરી પાડવું, જેમ કે આવક, જમીન, માલ સામાન અને બચત.
   - કુટુંબ સભ્યો માટે રોજગાર સુલભ બનાવવું અને જરૂરીતાના સમયે સહાય પૂરી પાડવી.
2. સામાજિક કાર્ય :
   - બાળકોને નૈતિકતા, અનુશાસન અને સાર્વજનિક નિયમો શીખવવું.
   - સમાજમાં વ્યાવહારિકતા અને શિષ્ટાચાર વિકસાવવો.
3. શૈક્ષણિક કાર્ય :
   - કુટુંબ બાળકોને શિક્ષણ અને જીવનમાં આવશ્યક કૌશલ્ય શીખવવાનું કાર્ય કરે છે.
   - જીવનના પ્રાથમિક ઘડતર માટે જરૂરી મૌલિક સંસ્કાર અને જ્ઞાન પૂરા પાડે છે.
4. પ્રેમ અને લાગણીય કાર્ય
   - લાગણીઓ, પ્રેમ, અને માનસિક સહાય પૂરી પાડે છે.
   - મજબૂત સંબંધો વિકસાવવામાં મદદરૂપ બને છે અને દરેક સભ્યને માનસિક સાંત્વના પૂરી પાડે છે.
5. ધાર્મિક અને આદર્શ કાર્ય :
   - બાળકોને ધાર્મિક ધર્મ, પરંપરાઓ અને સંસ્કારોનું જ્ઞાન આપવા.
   - નૈતિક મૂલ્યો અને આદર્શોને પ્રોત્સાહન આપવું.
6. પ્રજનન કાર્ય :
   - સમાજમાં નવું જીવન લાવવું, ભવિષ્યની પેઢી માટે જન્મ આપવું.
   - માનવ વર્ગના જીવનને આગળ વધારવામાં મદદરૂપ.
7. આહાર અને આરોગ્ય :
   - કુટુંબ આરોગ્યનો કાળજી રાખે છે અને ખોરાકની જરૂરિયાત પૂરી પાડે છે.
   - બીમારીની સ્થિતિમાં સભ્યોની સંભાળ રાખે છે.
8. મનોરંજન કાર્ય
   - કુટુંબમાં મનોરંજન અને આનંદના કાર્ય માટે રમતગમત, ફરવા જવું, કે તહેવારો ઉજવવું.
   - સંબંધોમાં સુખ અને મક્કમતા લાવવી.

આ બધા કાર્યો દ્વારા કુટુંબ વ્યક્તિને મજબૂત આધાર અને સુરક્ષા પ્રદાન કરે છે, અને વ્યક્તિગત તેમજ સામૂહિક વિકાસ માટેનું મહત્ત્વનું માધ્યમ બને છે.

## 9.3 લગ્ન સંસ્થા : અર્થ, પ્રકારો અને કાર્યો

લગ્નસંસ્થા એ કુટુંબવ્યવસ્થા સાથે જોડાયેલી મહત્ત્વની સંસ્થા છે. ''લગ્ન' એ કુટુંબ સંસ્થાનું પહેલું પગથિયું છે. લગ્ન માનવસમાજની સાર્વત્રિક ઘટના છે. લગ્નનાં સ્વરૂપો, હેતુઓ, ખ્યાલો, આદર્શો, મૂલ્યો વગેરે બાબતમાં જુદા જુદા સમાજમાં ભિન્નતા જોવા મળે છે.

**લગ્નનો અર્થ :**

લગ્ન એક મહત્ત્વની સામાજિક જરૂરિયાત તરીકે વિશ્વના દરેક સમાજે સ્વીકારેલી મૂળભૂત અને પાયાની સામાજિક સંસ્થા છે. લગ્ન દ્વારા પુરુષ અને મહિલાને નિશ્ચિત પતિ-પત્ની તરીકેનો દરજ્જો પ્રાપ્ત થાય છે અને તેમની જાતીય સંબંધોને સામાજિક માન્યતા મળે છે. જાતીય સંબંધોની માન્યતાને કારણે જન્મ લેનાર બાળકો કાયદેસરનાં ગણાય છે અને પતિ-પત્નીને માતા-પિતાનો દરજ્જો મળે છે.

- હેરી જહૉન્સનના મત પ્રમાણે, ''લગ્નમાં આવશ્યક તત્ત્વ એ છે કે તેમાં પુરુષ અને મહિલાને એક થાયી સંબંધમાં પ્રવેશીને, પોતાનું સામાજિક સ્થાન ગુમાવ્યા વગર બાળકોને જન્મ આપવાની અનુમતિ મળે છે.''
- વેસ્ટર માર્ક જણાવે, ''લગ્ન એક કે વધારે પુરુષોનો એક કે વધારે મહિલાઓ સાથેનો સંબંધ છે. જેનો જે પ સમાજના રિવાજો કે ભારતની મૂળભૂત સામાજિક સંસ્થાઓ કાયદાઓ દ્વારા સ્વીકાર થયો હોય છે. આ પ્રકારના સંબંધોમાં લગ્ન કરનાર વ્યક્તિઓ અને જન્મ પામનાર બાળકોના પારસ્પરિક હકો અને ફરજોનો સમાવેશ થાય છે.''
- બોગાર્ડસના મત પ્રમાણે, ''લગ્ન એ મહિલા અને પુરુષને કૌટુંબિક જીવનમાં પ્રવેશ અપાવતી સંસ્થા છે.'' લગ્ન માનવીની જાતીય વૃત્તિનું નિયંત્રણ કરે છે અને આ વૃત્તિનું સમાજને માટે ઉપયોગી ઢાંચામાં નિયમન કરે છે. લગ્નસંસ્થા આદિકાળથી આધુનિક કાળ સુધી કોઈ નેપ્રહારે મહિલા અને પુરુષના સંબંધોને નિયંત્રિત કરતી રહી છે.

**લગ્નના પ્રકારો :**

1. એકસાથી લગ્ન :

   એકસાથી લગ્ન પ્રકારમાં મહિલા અથવા પુરુષ કોઈ એક સમયે એક પુરુષ અથવા એક મહિલા સાથે લગ્નસંબંધથી જોડાયેલા હોય છે. આ લગ્નપ્રકારમાં કોઈ પણ પરિણીત મહિલા અથવા પરિણીત પુરુષને એક સમયે એક જ પતિ અથવા એક જ પત્ની હોય છે. જયાં સુધી પ્રથમ લગ્નસંબધનનું અસ્તિત્ત્વ હોય ત્યાં સુધી બીજાં લગ્ન કરી શકતાં નથી. જીવનસાથીનું નિધન થાય અથવા કાયદા કે સામાજિક પ્રથા દ્વારા માન્ય છુટાછેડા થાય તો જ બીજા લગ્ન કરી શકે છે. વિશ્વના મોટા ભાગના સમાજમાં આ પ્રકારના લગ્નસંબંધો અસ્તિત્ત્વ ધરાવે છે અને સર્વસ્વીકૃત છે.

2. બહુસાથી લગ્ન :

   બહુસાથી લગ્નપ્રકારમાં લગ્નસંબંધથી જોડનાર મહિલા અને પુરુષમાંથી કોઇ પણ એક પક્ષે સમાજ માન્ય રીતે સંખ્યા એક કરતાં વધુ હોય તેવા લગ્ન પ્રકારને 'બહુસાથી લગ્ન' કહે છે. બહુસાથી લગ્નના પણ બે પેટા પ્રકાર છે. (A) બહુપત્નીત્વ લગ્ન અને

(B) બહુપતિત્ત્વ લગ્ન.

- બહુપત્નીત્વ લગ્ન : જ્યારે કોઇ એક પુરુષ એક કરતાં વધુ મહિલાઓ સાથે લગ્નસંબધથી જોડાય ત્યારે તે લગ્નને "બહુપત્નીત્વ લગ્ન" કહેવાય. બહુપત્નીત્વ લગ્નના બે પ્રકાર છે.
- ભગિની બહુપત્નીત્વ લગ્ન : કોઈ એક પુરુષ સાથે લગ્નસંબધથી જોડાનાર તમામ મહિલાઓ પરસ્પર સગી બહેનો હોય ત્યારે તેવા લગ્નપ્રકારને "ભગિની બહુપત્નીત્વ લગ્ન" કહે છે.
- અભગિની બહુપત્નીત્વ લગ્ન : જ્યારે કોઈ એક પુરુષ સાથે લગ્નસંબંધથી જોડાનાર તમામ મહિલાઓ પરસ્પર સગી બહેનો ન હોય ત્યારે તેવા લગ્નપ્રકારને "અભગિની બહુપત્નીત્વ લગ્ન" કહે છે.
- બહુપતિત્વ લગ્ન : જ્યારે કોઈ એક સ્ત્રી એક કરતા વધુ પુરુષો સાથે લગ્ન કરે તો તેને બહુપતિત્ત્વ લગ્ન કહેવામાં આવે છે.

**લગ્નના કાર્યો :**

લગ્નના કાર્યોએ સમાજ અને પરિવારમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ કાર્યો લગ્નને માત્ર એક કાયદાકીય અને સામાજિક સંસ્થા તરીકે નહીં, પરંતુ જીવનના એક મૂલ્યવાન ભાગ તરીકે પણ સ્થાપિત કરે છે. લગ્નના કેટલાક મુખ્ય કાર્યો નીચે આપેલા છે :

1. જતિગત પરંપરા જાળવી રાખવી :
    - લંગ્ન એ કુટુંબ અને સમાજની પરંપરાઓ, રીતિ-રિવાજો અને મૂલ્યોનું જાળવવામાં સહાય કરે છે.
    - પરંપરાગત રીતે, લગ્નમાં એક પેઢીબીજું પેઢી સાથે જોડાવા માટે મહત્ત્વપૂર્ણ તત્ત્વ બનતા આવ્યા છે. આ રીતે, કુટુંબની પરંપરાઓ, સમાજની ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાઓ, અને વિવિધ આચાર-વ્યવહારો વધુ પડતી પેઢીઓ સુધી પહોંચે છે.
    - લગ્ન, પારંપરિકતા અને સંસ્કૃતિના મજબૂતિ માટે, સંતાનોને પણ એ પરંપરાઓ શિખવવામાં મદદ કરે છે.
2. સમાન સમાજનું નિર્માણ
    - લગ્ન સમાજમાં સામાજિક અને માનસિક સંવેદનાઓ વચ્ચે સંતુલન જાળવે છે.
    - પંતિ અને પત્નીએ તેમના વચ્ચે સહયોગ, સમજદારી અને લાગણીશીલ જોડાણ દ્વારા એક આદર્શ જોડાણ બનાવે છે, જે સાંજોગિક સ્વીકાર અને માન્યતાને પ્રોત્સાહિત કરે છે.
    - આ સમાજમાં એવા લોકો અને પરિવારો બનાવવામાં મદદ કરે છે જે સામાજિક વ્યવહારો અને કાયદાકીય નિયમોને અનુસરતા હોય છે, જેના કારણે શાંતિ જાળવવામાં મદદ મળી રહી છે.
3. સંતાનોની ઉછેર માટે યોગ્ય પરિસ્થિતિ ઉપલબ્ધ કરાવવી
    - લંગ્ન એ સંતાનોના સંવર્ધન માટે જરૂરી પોષણ, ભાવનાત્મક સહારો અને સત્વર

વિકાસ માટે એક મજબૂત આધાર પૂરો પાડે છે.

- પિતા અને માતા સાથે સંતાનોને યોગ્ય શિક્ષણ, આરોગ્ય, અને નૈતિકતા શિખવવામાં સહાય મળે છે.
- સંતાનના ઉછેર માટે લગ્ન એક એવું માહોલ પ્રદાન કરે છે જેમાં સંતાનો એક સકારાત્મક, આરોગ્યમય અને પ્રેમભર્યું પર્યાવરણ અનુભવતા હોય છે, જે તેમના ભાવિ વિકાસ માટે મહત્ત્વપૂર્ણ છે.

## 9.4 સારાંશ

સામાજિક સંસ્થા તરીકે લગ્ન અને કુટુંબ સંસ્થા એ માનવીની જીવન જરૂરિયાતો અને જાતિય જીવનની જરૂરિયાતો પરિપુર્ણ કરવા માટે 'લગ્ન સંસ્થા'નો ઉદભવ થયો હશે, તેમ કહી શકાય. જેમ-જેમ માનવ સમાજ સાંસ્કૃતિક, ધાર્મિક તેમજ બૌદ્ધિક રીતે વિકસિત થયો ગયો તેમ-તેમ લગ્ન સંસ્થા તથા લગ્નનાં રીત-રિવાજો, જીવનસાથીની પસંદગીમાં પરિવર્તનો આવતાં ગયાં. અનેક પરિવર્તનોનાં પરિણામ સ્વરૂપ બહુસાથી લગ્ન, એક્સાથી લગ્ન સંસ્થાનો ઉદભવ થયો. સાથે જ ધોરણો, મૂલ્યો, લગ્નનાં રિવાજો, સ્ત્રી-પુરુષની આકાંક્ષાઓમાં પણ પરિવર્તનો આવ્યા છે.

## 9.5 તમારી પ્રગતિ ચકાસો

1. કુટુંબનો મુખ્ય કાર્ય કયું છે ?

   A) આરોગ્ય સેવાઓ

   B) રાજકીય નીતિઓ બનાવવી

   C) સામાજીકરણ

   D) અર્થશાસ્ત્રનો અભ્યાસ

2. વિભકત કુટુંબમાં કયાં સભ્યોનો સમાવેશ થાય છે ?

   A) માતા, પિતા, સંતાન

   B) દાદા-દાદી, માતા-પિતા

   C) સગા ભાઈ-બહેન

   D) સગા મમેરા ભાઈ-બહેન

3. નીચેના પૈકી કયું કુટુંબનું કાર્ય,નથી ?

   A) સંતાનોની ઉછેર

   B) રાજકીય સંચાલન

   C) લાગણીશીલ સહાય

   D) આર્થિક સહાય

4. સંયુક્ત કુટુંબનો મુખ્ય લક્ષણ કયું છે ?

   A) નાની પરિવારો

B) વિભિન્ન પેઢીઓ સાથે રહેવું

C) માતા-પિતા સિવાય અન્ય કોઈ નથી

D) માત્ર લગ્નિત દંપતી

5. સમાજમાં કુટુંબ અને લગ્નની સંસ્થા શું પ્રદાન કરે છે ?

A) માત્ર આર્થિક સુરક્ષા

B) નૈતિક મૂલ્ય અને સામાજિક આધાર

C) રાજકીય અધિકાર

D) વૈજ્ઞાનિક જ્ઞાન

- **ચકાસોના જવાબો**

1. C) સામાજીકરણ

2. A) માતા, પિતા, સંતાન

3. B) રાજકીય સંચાલન

4. B) વિભિન્ન પેઢીઓ સાથે રહેવું

5. B) નૈત્રિક મૂલ્ય અને સામાજિક આધાર શ

## 9.6 ચાવીરૂપ શબ્દો

1. "લગ્ન : લગ્ન એ કાયદાકીય અને સામાજિક રીતે માન્ય તે બંધન છે, જેમાં બે વ્યક્તિઓ લગ્ન વિધિ અને કાયદાકીય નીતિ અનુસાર સાથે રહેવા માટે પ્રતિબદ્ધ થાય છે. તે પ્રેમ, પરંપરા, અને સામાજિક જવાબદારીનું પ્રતિનિધિત્વ કરે છે.

2. કુટુંબ : કુટુંબ એ એક સામાજિક એકમ છે જેમાં વ્યક્તિઓને રક્ત સંબંધ, લગ્ન, અથવા દત્તક સંબંધ દ્વારા જોડવામાં આવે છે. તે વ્યક્તિઓ માટે ભાવનાત્મક, આંર્થિક અને સામાજિક આધાર પૂરો પાડે છે.

3. સામાજિક સંસ્થા : સામાજિક સંસ્થા એ એવા નિયમો અને માન્યતાઓનો સમૂહ છે, જે સમાજના લોકોના વર્તન અને ક્રિયાઓને નિયંત્રિત કરે છે. તે વ્યક્તિગત અને સામૂહિક જરૂરિયાતો પૂર્ણ કરવા માટે રચાયેલી છે.

## 9.7 સંદર્ભ સૂચિ

1. https://www.zigya.com/gseb/study/book

2. અનિલ એસ. વાઘેલા-લગ્ન, કુટુંબ અને સગપણ સંબંધો (2005)યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ

3. હેમીક્ષાબેન રાવ અને ડૉ. હર્ષિદાબેન દવે - લગ્ન, કુટુંબ અને સગપણ સંબંધો (2005-2006) - ક્રિએટીવ પ્રકાશન.

# એકમ 10 સામાજિક સંસ્થાના પ્રકાર તરીકે ધર્મ અને રાજ્ય સંસ્થા : અર્થ, લાક્ષણિકતાઓ અને કાર્યો

-: રૂપરેખા :-

**10.0 એકમનાં હેતુઓ**

**10.1 પ્રસ્તાવના**

**10.2 ધર્મ સંસ્થા**

**10.3 રાજ્ય સંસ્થા**

**10.4 ઉપસંહાર**

**10.5 તમારી પ્રગતિ ચકાસો**

**10.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**10.7 ચાવીરૂપ શબ્દો**

**10.8 સંદર્ભ સૂચિ**

## 10.0 એકમનાં હેતુઓ

વિદ્યાર્થી મિત્રો આ એકમના અભ્યાસ બાદ તમે,

- ધર્મનો અર્થ અને વ્યાખ્યા વિશે સમજશો.
- ધર્મ સંસ્થાની લાક્ષણિકતાઓ વિશે જાણશો.
- ધર્મ સંસ્થાના કાર્યો વિશે સમજશો.
- રાજ્ય સંસ્થાનો અર્થ/ વ્યાખ્યા સમજી શકશો.
- રાજ્ય સંસ્થાના લક્ષણો વિશે માહિતી મેળવશો.
- રાજ્ય સંસ્થાના કાર્યો સમજશો.

## 10.1 પ્રસ્તાવના

માનવી સામાજિક પ્રાણી છે. સામાજિક પ્રાણી હોવાને નાતે તેનું સર્વાંગી જીવન સંસ્થાકીય માળખામાં જીવાય છે. સમાજિક જૂથો, ઉપજૂથો અને સંસ્થાઓ સમૂહગત જરૂરિયાતમાંથી ઉભી થયેલી એક વ્યવસ્થા છે. સમાજમાં વ્યાપ્ત વિભિન્ન સામાજિક સંસ્થાઓ જેવી કે કુટુંબ, લગ્ન, જ્ઞાતિ, શિક્ષણ, ધર્મ, રાજ્ય વગેરે માનવીની એક યા બીજી જરૂરિયાતોને પોષે છે. આધુનિક ભારતમાં સામાજિક વ્યવસ્થાના માળખાકીય પાસામાં રાજ્ય સંસ્થા પાયાની સંસ્થા ગણાવી શકાય. ધર્મ મનુષ્ય સમાજની મહત્ત્વપૂર્ણ સામાજિક સંસ્થા છે. કુટુંબ લગ્ન સંસ્થાની જેમ ધર્મ પણ સાર્વત્રિક રીતે જોવા મળે છે. વ્યકિત અને સમાજ પર ધર્મની ગાઢ અસર જોવા મળે છે. સામાજિક સંસ્થા તરીકે રાજ્ય સંસ્થામાં ભારતીય રાષ્ટ્ર પ્રત્યેની રાષ્ટ્રીય ક્ષેત્રે રાજકારણમાં રાષ્ટ્રીયતા અને રાષ્ટ્રવાદની ભાવના પાયાના બળ તરીકે કાર્ય કરે છે.

## 10.2 ધર્મ સંસ્થા

ધર્મ માનવ સમાજના પ્રાંરભકાળથી જ અન્ય સંસ્થાઓની જેમ મહત્ત્વપૂર્ણ સામાજિક સંસ્થા રહી છે. સમાજશાસ્ત્રીઓ ધર્મને એક સામાજિક ઘટના તરીકે ગણે છે. સમાજશાસ્ત્રી ધર્મના સંબંધને સમાજ વિવિધ પાસાં સાથે સાંકળે છે. પ્રાચીન સમયથી માનવીય જીવન અને માનવસમાજના વિવિધ પાસાઓ પર ધર્મનો પ્રભાવ રહેવા પામ્યો છે. જો કે સમાજમાં ધર્મનો પાદુર્ભાવ કયારે થયો તે બાબતે વિદ્વાનોમાં મતમતાંર પ્રવર્તે છે. એવું કહેવાય છે કે જીવનના ગૂઢ રહસ્યો, કુદરતી અને અલૌકિક શકિતઓને જાણવાના વિચારો ધર્મના મૂળને ઇંગિત કરે છે. યિંગર નામના વિદ્વાને 'Religion, Soci^ay and the Individuals' માં લખ્યું છે કે ધર્મ એક સામાજિક ઘટના છે - કેમ કે તે સામાજિક જીવનના વણાટમાં ગૂંથાઈ ચૂકેલ છે.આ વિશ્વ શા માટે અને કઈ રીતે બન્યું તેનો જવાબ મેળવવાની ઘટનાએ ઇશ્વરની અલૌકિક શકિતના અસ્તિત્ત્વનો સ્વીકાર કર્યો તે બાબત ધર્મની ઉત્પતિ તરફ દોરી જાય છે. ધર્મ મનુષ્ય સમાજની મહત્ત્વપૂર્ણ સામાજિક સંસ્થા છે. કુટુંબ લગ્ન સંસ્થાની જેમ ધર્મ પણ સાર્વત્રિક રીતે જોવા મળે છે. વ્યકિત અને સમાજ પર ધર્મની ગાઢ અસર જોવા મળે છે. માનવીના સામાજિક સંબંધોનું ફલક વિસ્તૃત અને વિશાળ છે. વ્યકિત-વ્યકિત અને જૂથ-જૂથ વચ્ચેના આંતર-બાહય સંબંધો હોવા ઉપરાંત મનુષ્યથી પર સર્વોપરી અને અલૌકિક શકિત સાથે ધર્મને સંબંધ છે. પ્રત્યેક સમાજ અને તેના સમુદાયોમાં ધર્મની વિચારસરણી, પવિત્ર-અપિત્રતાના ખ્યાલો પાપ-પુણ્ય વિશેની માન્યતાઓ નૈતિકતા અનૈકિતાના ધાર્મિક માપદંડો. ધાર્મિક વિધિ-વિધાનો ધર્મ સ્થાનો અને ધાર્મિક અનુયાયીઓ વગેરેમાં તફાવત હોવાની સાથે એક સંસ્થા તરીકે ધર્મનું અસ્તિત્ત્વ સર્વ સમાજોમાં છે.

### ધર્મનો અર્થ અને વ્યાખ્યા

ધર્મ શબ્દ સંસ્કૃત શબ્દ 'ધૃ' પરથી આવ્યો છે જેનો અર્થ થાય છે કોઈ વસ્તુને પકડી રાખવી અથવા તે વસ્તુનું અસ્તિત્ત્વ જાળવી રાખવું. ધર્મનો વ્યાપકપણે અર્થ થાય છે અલૌકિક શક્તિમાં વિશ્વાસ. ધર્મનો સરળ અર્થ થાય છે ધારણ કરવું અથવા તો જેને ધારણ કરી શકાય છે તે, ધર્મ ગુણોને પ્રદર્શિત કરે તે છે ધર્મ, અહીં ધર્મને ગુણ તરીકે પણ ઓળખવામાં આવે છે. એક મત પ્રમાણે ધર્મ એટલે ઇશ્વર દેવતાઓ અથવા તો તે સંબંધિત દાર્શનિક વિચારધારા અને કર્મકાંડમાં વિશ્વાસ.

ડી.એન.મજુમદાર અને ટી.એન.મદન 'An Introduction To Social Anthropology' માં ધર્મ શબ્દની વ્યુપત્પતિ વિશે જણાવતાં કહે છે. કે religion નો ઉદ્દભવ લેટિન ભાષાના મૂળ શબ્દ નીપ્ન માંથી ઉતરી આવ્યો છે. જેનો અર્થ થાય છે. To bind અર્થાત્ બાંધવુ કે ભેગુ કરવું. આનો અર્થ થાય છે કે ધર્મ એ મનુષ્યને અદ્રશ્ય કે અલૌકિક શકિત સાથે જોડે છે. ધર્મ માનવ અસ્તિત્ત્વના રહસ્યોથી સંબંધિત છે. ધાર્મિક માન્યતા અને ધાર્મિક વિધિઓ એ બે ધર્મના મુખ્ય ઘટકો છે.આ ઉપરાંત ભાવનાત્મક લાગણીઓ અને વલણોનો તેમાં સમાવેશ થાય છે.

ધર્મનો સામાન્ય અર્થ કર્તવ્ય છે. તેથી જ વ્યક્તિના જીવન સાથે સંબંધિત એક આચારસંહિતા છે જે તેની ફરજો અને વર્તનને નિયંત્રિત અને માર્ગદર્શન આપે છે. તેણી તેને માર્ગદર્શન આપે છે જેથી તે તેનું લક્ષ્ય પ્રાપ્ત કરી શકે. હિંદુ સમાજમાં ધર્મ એટલે ''ધારણાત ધર્મમાહુ'' એટલે કે કોઈ વસ્તુને તેના ધારણને કારણે જ ધર્મ કહેવાય છે.

ધર્મની સમજણ આપતા બોસાંકેએ કહ્યું છે કે ''જ્યાં ધર્મનિષ્ઠા, સમર્થન અને ભક્તિ જોવા મળે છે ત્યાં ધર્મનું પ્રાથમિક સ્વરૂપ પ્રાપ્ત થાય છે.''

ધર્મ અંગે થયેલા જુદા-જુદા અભ્યાસોને આધારે સમાજવિજ્ઞાનીઓએ ધર્મને જુદા જુદા

દ્રષ્ટીકોણથી જોઇને તેને વ્યાખ્યાયિત કરેલ છે. જે નીચે પ્રમાણે જોઈ શકીએ છીએ.

હેરી મોર્ટન જોહસન તેમનું પુસ્તક 'Sociology -A Systematic Introduction' માં ધર્મની વ્યાખ્યા આપતા જણાવે છે કે, 'ધર્મ, માન્યતાઓ અને ક્રિયાઓની એવી સામ્યપૂર્ણ વ્યવસ્થા છે. જેનો સંબંધ પ્રાણીઓ, શકિતઓ, સ્થાનો અથવા અન્ય વસ્તુઓની અલૌલિક વ્યવસ્થા સાથે રહેલો છે.' આ અલૌકિક વ્યવસ્થામાં અલૌકિક પ્રાણી (દેવી, દેવતા, દેવદૂત) અલૌકિક સ્થાન (સ્વર્ગ, નર્ક તથા પાપ નિવારણ સ્થળ) હોય છે. અલૌકિક શકિતઓ (પવિત્ર આત્મા, હિંદુ ધર્મનો કર્મનો સિદ્ધાંત) નો તેમજ અનય અલૌકિક વસ્તુઓનો સમાવેશ થાય છે.

મેલિનોવસ્કીએ ધર્મમાં સમાજશાસ્ત્રીય અને મનોવૈજ્ઞાનિક એમ બંને પાસાંનો ઉપયોગ કરીને લખ્યું છે કે, 'ધર્મ ક્રિયાની એક વિધિ છે અને સાથે સાથે વિશ્વાસોની પણ એક વ્યવસ્થા છે. ધર્મ એક સમાજશાસ્ત્રીય ઘટનાની સાથે સાથે એક વ્યક્તિગત અનુભવ પણ છે.'

ઈમાઇલ દુર્ખિમએ તેમનું પુસ્તક 'The Elementary Forms of Religious life' (1912) માં ધર્મ વિશે જણાવે છે કે, ''ધર્મ એ પવિત્ર વસ્તુઓથી સંબંધિત માન્યતાઓ અને પ્રથાઓની સંપૂર્ણતા છે જે તેમનામાં વિશ્વાસ કરનારાઓને નૈતિક સમુદાયમાં જોડે છે.'' તેનો ઉદ્દભવ સામાજિક આંતરક્રિયામાંથી થયો છે. દુર્ખિમે ધર્મનો ખ્યાલ વ્યક્તિગત શ્રદ્ધાના આધારે નહીં પણ સામાજિક ઘટનાના સ્વરૂપે કર્યો ?

ગિલિન અને ગિલિન, ''ધર્મના સમાજશાસ્ત્રીય ક્ષેત્રમાં અલૌકિક અને બાહ્ય વર્તણૂકો, ભૌતિક વસ્તુઓ અને આ માન્યતાઓ સાથે સંકળાયેલા પ્રતીકો સાથે સંબંધિત જૂથની ઉદ્દેશ્ય માન્યતાઓનો સમાવેશ થાય છે.''

ડૉ. રાધાકૃષ્ણન, ''ધર્મની વિભાવના હેઠળ હિન્દુઓ એવા સ્વરૂપો અને પ્રતિક્રિયાઓ લાવે છે જે માનવ જીવનનું સર્જન કરે છે અને ટકાવી રાખે છે.''

ઓગબર્ન અને નિમકોફ પોતાના પુસ્તક 'Handbook of Sociology' માં ધર્મની વ્યાખ્યા આપતા જણાવે છે કે, ધર્મ એ માન્યતાઓ, ભાવનાત્મક વલણો અને ક્રિયાઓની એવી પદ્ધતિ છે કે જેના વડે માનવજૂથ માનવજીવનની અંતિમ સમસ્યાઓને પહોંચી વળવા પ્રયત્ન કરે છે.

મેકાઇવરની દ્રષ્ટીએ જોઈએ તો, ધર્મ શબ્દ આપણે જે સમજીએ તે માત્ર મનુષ્ય અને મનુષ્ય વચ્ચેના સંબંધોને નહીં પણ મનુષ્ય અને દિવ્ય કે અલૌકિક શકિત સાથેનો સંબંધ સૂચવે છે.

જહોન્સનના મતે ''ધર્મ એ માણસો, શક્તિઓ, સ્થાનો અથવા અન્ય વસ્તુઓના અલૌકિક ક્રમને લગતી માન્યતાઓ અને વ્યવહારોની વધુ કે ઓછા એકસરખી વ્યવસ્થા છે.''

ઓગબર્ન અને નિમકોફ, ''ધર્મ એ અતિમાનવીય શક્તિઓ તરફનું વલણ છે.''

ગૅલ્લોવે એક કામચલાઉ વ્યાખ્યા સૂચવે છે. ધર્મ એટલે કોઈ પરશક્તિમાં માનવનો વિશ્વાસ, જેનાથી તે પોતાની ભાવનાત્મક જરૂરિયાતો સંતોષવા માગે છે અને જીવનમાં સ્થિરતા લાવવા ઇચ્છે છે. તેની આ લાગણી તે પૂજા-પાઠ દ્વારા વ્યક્ત કરે છે.

**ધર્મ સંસ્થાની લાક્ષણિકતાઓ**

ધર્મની ઉપર્યુક્ત વ્યાખ્યાઓને આધારે તેમજ એન્ડરસન અને પાર્કરે (Anderson and Paerker) વર્ણવેલ ધર્મના લક્ષણોની સમજ મેળવીએ.

1. અલૌકિક શકિતમાં વિશ્વાસ

ધર્મની પ્રથમ વિશેષતા એ છે કે તે શક્તિની માન્યતા પર આધારિત છે. ધર્મ દ્વારા આપણે જે શક્તિમાં માનીએ છીએ તે અલૌકિક પ્રકૃતિ છે. આ પાત્ર દિવ્ય હોવાથી તે માનવ સમાજની બહાર છે. ધર્મ શક્તિ પર આધારિત છે, તે માનવ નિર્મિત નથી પણ કુદરતી છે. દરેક ધર્મ મનુષ્યથી પર એવી કોઈ અદ્રશ્ય કે અલૌકિક શક્તિમાં વિશ્વાસ કરે છે. આગળ જોયુ તેમ ધર્મ એ મૂળ તો માનવી અને અલૌકિક શકિત વચ્ચેનો સંબંધ પ્રસ્થાપિત કરે છે. આ શકિત બાબતે જુદા-જુદા ધર્મોમાં વિભિન્ન ખ્યાલો પ્રવર્તે છે. દા.ત હિંદુ ધર્મમાં દેવી-દેવતાઓમાં શ્રદ્ધા રાખીને તેની પૂજા-અર્ચના કરવામાં આવતી હોય છે. જયારે આદિવાસી સમુદાયમાં પ્રાકૃતિક તત્ત્વોની પૂજા આરાધના કરવાનો ખ્યાલ રહેલો છે. પ્રત્યેક ધર્મમાં એ બાબત સ્વીકૃત છે કે અલૌકિક શકિત માનવીય જીવનને પ્રભાવિત કરે છે.

2. પાપ-પુણ્યની ઓળખ

દરેક સમાજના ધર્મના પોતાના અલગ અલગ મૂલ્યો અને માન્યતાઓ હોય છે જેમાં પાપ અને પુણ્યના ખ્યાલો પણ પ્રવર્તમાન છે. ધાર્મિક ક્રિયાને પવિત્ર ગણીને તેની સાથે પાપ-પુણ્યની બાબતોને જોડી દેવામાં આવી છે. જીવનમાં રોજીંદા વ્યવહારોમાં ધાર્મિકતાને જોઈતપાસીને તેને આધારે વ્યકિત અને સંસ્થાનું મૂલ્યાંકન થતુ હોય છે. ધાર્મિક માન્યતાઓ અને મૂલ્યોના આધારે પાપ-પુણ્યને જોવામાં આવે છે. દા.ત જેમકે બૌદ્ધ ધર્મ અહિંસાને ધાર્મિક મૂલ્ય તરીકે સ્વીકારે છે. ત્યાં પશુ વધ કે કોઈ પણ જીવ હિંસાને પાપ તરીકે જોવામાં આવે છે.

સામાજિક જીવનના તત્ત્વોને બે ભાગમાં વહેંચી શકાય છે - પવિત્ર અને અપવિત્ર. ધર્મમાં, પવિત્રતાના ખ્યાલ સાથે સંબંધિત તત્ત્વોને જ મહત્ત્વ આપવામાં આવે છે. અલૌકિક શક્તિને સારી કે પવિત્ર માનીને તેની સાથે અલગ પ્રકારનો વ્યવહાર કરવામાં આવે છે. જેમ કે ગાય ને ગાયમાતા કે નદીને નદીમાતા કહેવા પાછળ પવિત્રતાનો ખ્યાલ રહેલો છે. ધાર્મિક ક્રિયાઓ કે વસ્તુઓને પવિત્ર દૃષ્ટિથી જોવામાં આવે છે. અને તેની સાથે સાવધાનીપૂર્વકનો વ્યવહાર કરવામાં આવે છે. જેથી કરીને તેને કંઈ નુકશાન ન પહોંચે અશુદ્ધ વસ્તુ અપવિત્ર ગણીને તેનાથી દુર રહેવાનો પ્રયત્ન કરવામાં આવે છે. દરેક ધર્મમાં પવિત્ર અને અપવિત્ર શકિત, વસ્તુ, વ્યકિત, કાર્ય અને સ્થળ અંગેનું સ્પષ્ટીકરણ જોવા મળે છે. આ બાબતે કેટલાક ધર્મોમાં ભિન્નતા જોવા મળે છે. તેના માટે જે તે ધર્મની ધાર્મિક માન્યતાઓ અને મૂલ્યો જવાબદાર છે. માકર્સનું કહેવું છે કે 'ધર્મ એ અફીણ છે.' તેમને એટલા વિક્ષિપ્ત કરી નાખે છે કે પોતાની સાચી સમસ્યાઓની ચિંતા જ એ કરતા નથી; અથવા ધર્મ એવી શક્તિ છે જે માનવતાને પાપથી મુક્ત કરે છે

3. મોક્ષ પ્રાપ્તિનો ખ્યાલ

મોક્ષ એટલે મુક્તિ. હિન્દુ ધાર્મિક ગ્રંથો અને પૌરાણિક કથાઓ અનુસાર મોક્ષ એટલે ભવ-ભવના બંધનમાંથી મુક્ત થવું. મોક્ષ મેળવવા માટે બહુ કઠિન તપસ્યા કરવી પડતી હોય છે તેમજ જ્ઞાન મેળવવુ પડે છે, જે બંધનોમાથી મુક્ત કરે છે.

(1) દુનિયામાં દુઃખ છે. (2) દુઃખનાં કારણો છે; (3) દુઃખ નિવારણ માટેના ઉપાયો છે. (4) દુઃખમુક્તિ માટેનો માર્ગ છે. આ જ ભગવાન બુદ્ધનાં ચાર આર્યસત્યો છે, જૈન દર્શન અનુસાર સર્વ કર્મોનો ક્ષય થતાં ચેતન મુક્ત થાય છે.ધાર્મિક ક્રિયાને જીવનના અંતિમ

લક્ષ્ય મોક્ષ કે નિર્વાણ સાથે પણ સંબંધ છે. આ એટલા માટે કહી શકાય કે મનુષ્યની ઘણી બધી ઇચ્છાઓમાં મોક્ષની પણ એક ઇચ્છા હોય છે. અલૌકિક શકિત સાથેના શુભ અને પવિત્ર વ્યવહારોના પરિણામ સ્વરૂપ વ્યકિત મોક્ષને પામે છે. વિશિષ્ટ પ્રકારના ધાર્મિક વિધિ-વિધાનો દ્વારા મોક્ષ પ્રાપ્તિના પ્રયત્નો થાય છે.

4. અલૌકિક શકિત સાથે માનવીનો સંબંધ

અલૌકિક શક્તિ સાથે માનવીનો સંબંધ એ ધર્મની ચોથી મહત્ત્વની ખાલાક્ષણિકતા છે. મનોવૈજ્ઞાનિક ક્લે રુટલેજ (Clay Routledge) ના મતે, "ઘણી બધી રીતે, અલૌકિક માન્યતાઓ મનોવૈજ્ઞાનિક દવાનું એક સ્વરૂપ છે જેમાં તે આપણને જીવનની કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવામાં મદદ કરે છે, અને અસ્તિત્ત્વના મોટા પ્રશ્નોનો સામનો કરવાની આપણી જરૂરિયાત છે."

માનવી ધીમે ધીમે અલૌકિક શક્તિ સાથેના સંબંધોમાં આવતો જાય છે. તેમ તેમ તેની સાથે એક વિશિષ્ટ પ્રકારનું જોડાણ બનતું જાય છે. આ શકિત સાથે તાદાત્મય કેળવવા માટે જુદી-જુદી રીતો અપનાવવામાં આવે છે. જેમકે જુદા જુદા ધર્મોમાં પણ ભક્તિ, પ્રાર્થના, બંદગી, ઉપાસના કે મંત્ર જાપની રીત રસમો અલગ અલગ જોવા મળે છે.

5. ધાર્મિક (કર્મકાંડ)વિધિ વિધાન :

ધાર્મિક વિધિ વિધાન નો અર્થ છે ચોક્કસ ધાર્મિક અથવા સાંસ્કૃતિક વિધિના નીતિ- નિયમો નક્કી કરવા અને તેનું પાલન કરવું. આ શબ્દ ખાસ કરીને ધાર્મિક વિધિઓ, પૂજા પદ્ધતિઓ અથવા કોઈપણ પ્રકારની પરંપરાગત ધાર્મિક પ્રવૃત્તિઓ માટેના નિયમનકારી માળખાનો ઉલ્લેખ કરે છે. ધાર્મિક વિધાન વિધાનોને ધાર્મિક સંસ્કાર તરીકે પણ ઓળખવામાં આવે છે. તે એક પ્રકારની ધાર્મિક ક્રિયા છે. જેમાં અલૌકિક શકિત માટે પૂજા અર્ચના કરવામાં આવે છે. પોતાની આસ્થાને માનવી ત્યાં વ્યક્ત કરે છે. પ્રત્યેક ધર્મમાં અલૌકિક શકિત કે દેવ-દેવીને પ્રાર્થના કરવા માટે વિધિ વિધાનનો સહારો લેવામાં આવે છે. જેમ કે હિંદુ ધર્મમાં, યજ્ઞ, હવન અને પૂજાની પદ્ધતિઓ ખૂબ જ વિસ્તૃત અને ધાર્મિક છે. તેમની પ્રક્રિયામાં મંત્રોનો જાપ, હવન સામગ્રીનો ઉપયોગ અને વિશેષ પ્રકારની પૂજા વિધિનો સમાવેશ થાય છે. તેવી જ રીતે બૌદ્ધ ધર્મમાં, ધ્યાન અને સાધના વિધિઓ માટે ચોક્કસ નિયમો છે, જેમ કે સત્રની અવધિ, ધ્યાનની પદ્ધતિ અને ચોક્કસ પ્રાર્થના. આ નીતિ-નિયમોનું અનુકરણ કરીને, અનુયાયીઓ ધાર્મિક વિધિને યોગ્ય રીતે કરવાનો પ્રયાસ કરે છે, જેથી તેમનો ધાર્મિક અથવા સાંસ્કૃતિક ઉદ્દેશ સફળ થઈ શકે.

જહોન્સન નામનાં સમાજશાસ્ત્રી ધાર્મિક ક્રિયાની વ્યાખ્યા આપતાં જણાવે છે કે આ એક એવી ક્રિયા છે કે જેમાં અલૌકિક શકિતને અપીલ કરવામાં આવે છે. અથવા તેનો ઉપયોગ કરવામાં આવે છે. તેની પૂજા કરવામાં આવે છે.

6. ધાર્મિક વિચારસરણી

કોઈપણ ધર્મને પોતાની આગવી વિચારસરણી હોય છે. જે વ્યક્તિની ધાર્મિક વિચારધારા, માન્યતાઓ પર આધારિત વલણનો ઉલ્લેખ કરે છે, આ વિચાર તેના જીવનના વિવિધ પાસાઓ, જેમ કે નૈતિકતા, આચાર અને સામાજિક સંબંધને પ્રભાવિત કરી શકે છે. ધાર્મિક વિચારોમાં ધર્મના સિદ્ધાંતો અને નિયમોનું પાલન કરવામાં આવે છે. આ નિયમો વ્યક્તિની જીવનશૈલી, વર્તન અને નૈતિકતાને પ્રભાવિત કરે છે. ઉદાહરણ તરીકે,

અહિંસા, સત્ય બોલવું અને દાન. વ્યક્તિની માન્યતાઓ અને શ્રદ્ધા ધાર્મિક વિચારસરણીમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તે વ્યક્તિની નૈતિકતા અને મૂલ્યોને આકાર આપે છે. આ વિચારસરણી નક્કી કરે છે કે વ્યક્તિ કેવી રીતે સારા અને ખરાબ વચ્ચે તફાવત કરે છે અને તે તેના વર્તનને ધાર્મિક માન્યતાઓ સાથે કેવી રીતે જોડે છે. ધાર્મિક વિચારસરણીની અસર સમાજ અને સંસ્કૃતિ પર જોવા મળે છે. ધાર્મિક માન્યતાઓ અને પરંપરાઓ સમાજના મૂલ્યો, વર્તન અને સામાજિક માળખાને પ્રભાવિત કરે છે. ધાર્મિક તહેવારો, પરંપરાઓ અને રિવાજો એ સમાજની સાંસ્કૃતિક ઓળખનો ભાગ છે. ધાર્મિક વિચારસરણી ઘણીવાર સ્વ-વિકાસ અને આધ્યાત્મિક ઉન્નતિ તરફ પ્રેરિત થાય છે. તે ધ્યાન, પૂજા અને અન્ય ધાર્મિક વિધિઓ દ્વારા આત્માને શુદ્ધિકરણ અને આધ્યાત્મિક ઉન્નતિ તરફ માર્ગદર્શન આપે છે. દા.ત હિંદુઓમાં શ્રાવણ માસ અને નવરાત્રી કે ગણેશ ચતુર્થીનું ખાસ મહત્ત્વ છે. તે રીતે મુસ્લિમ ધર્મમાં, રમજાન અને ઇસાઈ ધર્મમાં નાતાલનું મહત્ત્વ જોવા મળે છે. દરેક ધર્મમાં ધાર્મિક વડા દ્વારા ધર્મના આદેશો કે ઉપદેશ આપવામાં આવે છે. સામાન્ય રીતે આ પ્રકારનું કાર્ય ધર્મગુરુ, પંડિત, મહંત, મોલવી, ફાધર, બિસપ વગેરે દ્વારા થતુ હોય છે.

દરેક ધર્મમાં પોતાના ધર્મગ્રંથો હોય છે. આ ધર્મગ્રંથોમાં સૂચવ્યા મુજબનું જીવન યોગ્ય ગણવામાં આવે છે. ધર્મગ્રંથોની સાથોસાથ દરેક ધર્મને અલૌકિક શકિત કે દેવી-દેવતા અંગેની કાલ્પનિક કથાઓ હોય છે. જેમાં ઈશ્વરનો ઉદ્દભવ અને તેના કાર્યો, ચમત્કારિત ઘટનાઓ સાથે ઈશ્વરીય સંબંધ દેવી-દેવતાઓ અંગે માન્યતાઓ વિધિ-વિધાન વગેરનો સમાવેશ થાય છે. જેમે કે...

હિંદુ ધર્મઃ હિંદુ ધર્મમાં ધાર્મિક વિચારસરણી કર્મ, અર્થ અને મોક્ષ ના સિદ્ધાંતો પર આધારિત છે. વ્યક્તિ તેના કાર્યોના પરિણામોને સમજે છે અને આત્માની મુક્તિ માટે પ્રયત્ન કરે છે.

બૌદ્ધ ધર્મઃ બૌદ્ધ ધર્મમાં ધાર્મિક વિચારસરણી પ્રેમ, દયા, કરુણા અને નિવારણના સિદ્ધાંતો પર આધારિત છે. ધ્યાન અને આધ્યાત્મિક અભ્યાસ દ્વારા, બૌદ્ધ અનુયાયીઓ દુઃખ અને પુનર્જન્મના ચક્રમાંથી મુક્તિ મેળવવાનો પ્રયાસ કરે છે.

ઈસ્લામઃ ઈસ્લામમાં ધાર્મિક વિચારસરણી અલ્લાહ, શરિયા કાયદા અને પાંચ સ્તંભો (શહાદા, નમાઝ, જકાત, રોઝા અને હજ)માં વિશ્વાસ પર આધારિત છે. તે વ્યક્તિનું વર્તન અને સમાજ પ્રત્યેની જવાબદારીઓ નક્કી કરે છે.

**ધર્મ સંસ્થાના કાર્યો**

માનવસમાજમાં વિવિધ સંસ્થાઓ વ્યક્તિઓની જુદી જુદી જરૂરિયાતો સંતોષે છે. અને આ સંસ્થાઓ પોતાના કાર્યો થકી સમાજ વ્યવસ્થાને ટકાવી રાખવાનો પ્રયત્ન કરતી હોય છે. પ્રત્યેક સંસ્થાની પોતાની આગવી કાર્યપ્રણાલી હોય છે. જેનાથી એક સંસ્થા બીજી સંસ્થાથી જુદી પડે છે. વ્યકિતના જીવનમાં ધર્મનુ સ્થાન મહત્ત્વનું છે. તે વ્યક્તિની આધ્યાત્મિક જરૂરિયાતોને પૂર્ણ કરે છે. ધર્મ વ્યકિત અને સમાજ માટે મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ધર્મ સંસ્થા માનવ સમાજ માટે જે કાર્યો કરે છે. તે નીચે મુજબ છે.

1. સામાજિક એકતાઃ

   'સામાજિક એકતા' નો અર્થ છે સમાજમાં વિવિધ જાતિઓ, ધર્મો, સંસ્કૃતિઓ અને વિચારધારાઓ વચ્ચે સંવાદિતા, સહકાર અને સૌહાર્દ જાળવવું આ એકતા સમાજના તમામ વર્ગો વચ્ચે પરસ્પર આદર અને સમજણની ભાવનાને પ્રોત્સાહન આપે છે, જેનાથી

શાંતિ અને સ્થિરતા પ્રવર્તે છે. ધર્મનું સૌથી મહત્ત્વનું કાર્ય સમાજમાં સામાજિક એકતાને પ્રસ્થાપિત કરવાનું છે. સામાજિક સમન્વય એ વ્યક્તિઓ અને સમગ્ર સમાજ વચ્ચે મજબૂત, સહકારી અને સમજણ સંબંધોની સ્થાપના કરવાની પ્રક્રિયા છે. આ એકતા દ્વારા સમાજમાં શાંતિ, સમરસતા અને સકારાત્મક પ્રગતિ લાવી શકાય છે. ધર્મ શિક્ષણ અને સામાજિક કલ્યાણ દ્વારા સામાજિક સમરસતા અને એકતાનો પ્રસાર કરે છે. ધાર્મિક ઉત્સવો અને તહેવારો પણ લોકોમાં એકતા સર્જે છે.

2. સામાજીકીકરણ

બાળક કઈ ઉંમરે શું શીખશે, તેનું પાલન-પોષણ અને શિક્ષણ કેવી રીતે થશે, જન્મથી મૃત્યુ સુધી તે કયા મૂલ્યોનું પાલન કરશે, સમાજમાં તેના સંજોગો અને જવાબદારીઓ અને સાચા-ખોટાનું નિર્ધારણ વગેરે ઉદ્દેશ્યો તેના વ્યક્તિત્ત્વ પર આધારિત છે. મનુષ્યના આ અંતિમ ઉદ્દેશ્યો ધર્મ દ્વારા જ નક્કી થાય છે. વ્યક્તિને તે ઉંમરે ધર્મનો પરિચય થાય છે જયારે તે તેને સમજતો પણ નથી. ધાર્મિક સંસ્થાઓ દ્વારા વ્યક્તિ નૈતિકતા, સારા ચારિત્ર્ય, શુદ્ધતા, કર્તવ્યનિષ્ઠા, ત્યાગ અને શાંતિ અને ન્યાય માટે પ્રેમનો વિકાસ કરે છે. આ સંસ્થાઓથી જ બાળક શું સાચું છે અને શું ખોટું છે તેનું જ્ઞાન મેળવે છે અને આ રીતે વ્યક્તિને ધર્મનો પરિચય એવી ઉંમરે મળે છે જયારે વ્યક્તિ ધાર્મિક સંસ્થાઓ દ્વારા સારા ચારિત્ર્ય, શુદ્ધતાનો વિકાસ કરે છે. ડેવિસે કહ્યું છે કે ધર્મ સમાજ અને વ્યક્તિત્ત્વના સમન્વયમાં મદદ કરે છે. ઓડિયાના શબ્દોમાં, ‘ધર્મ વ્યક્તિનું જૂથ સાથે જોડાણ સ્થાપિત કરે છે અને અનિશ્ચિતતાની પરિસ્થિતિઓમાં તેને મદદ કરે છે. ધર્મ વ્યક્તિને અલૌકિક શક્તિઓથી ડરાવીને સામાજિક નિયમોનું પાલન કરાવે છે અને ભાઈચારો, સમુદાય કલ્યાણ અને વૈશ્વિક ભાઈચારાની ભાવના વિકસાવે છે.

3. સામાજિક નિયંત્રણ :

સમાજમાં શાંતિ, વ્યવસ્થા અને એકતા જાળવવા માટે સામાજિક નિયંત્રણ જરૂરી છે. જેના માટે ધર્મ સંસ્થા સામાજિક નિયંત્રણની મહત્ત્વપૂર્ણ એજન્સી તરીકે કાર્ય કરે છે. તે વિવિધ તત્ત્વો અને સંસ્થાઓ દ્વારા સમાજના સભ્યોના વર્તનને નિયંત્રિત કરે છે અને તેમને સામાજિક ધોરણો અને આદર્શો અનુસાર રાખે છે. તે માત્ર વ્યક્તિગત વર્તનને જ દિશા આપતું નથી પરંતુ સમાજની એકંદર રચના અને સંવાદિતાને પણ મજબૂત બનાવે છે. પ્રત્યેક ધર્મ સમાજમાં નિયંત્રણ માટેના અનૌપચારિક સાધન તરીકે કાર્ય કરે છે. વિવિધ ધાર્મિક સંગઠનો જેમ કે મંદિર, ચર્ચ, મસ્જિદ વગેરે સ્તરે વ્યકિતગત વર્તન ઉપર નિયંત્રણ રાખે છે.

4. સમાજ કલ્યાણ

સમાજ કલ્યાણની ભાવના ધર્મમાં છે. ધર્મનો બીજો અર્થ છે ‘બીજાનું ભલું કરવું‘. દાન અને પુણ્યનો મહિમા દરેક ધર્મમાં સમજાવવામાં આવ્યો છે. દાનની ભાવના પાછળ તમામ જીવોના કલ્યાણનો ઉદ્દેશ્ય રહેલો છે. ધર્મમાં ઉલ્લેખ છે કે દરેકનું પોષણ દાન દ્વારા થવું જોઈએ. સમાજની મૂળભૂત જરૂરિયાતોને સંતોષવામાં ધર્મની ભૂમિકા મહત્ત્વની રહી છે. કુદરતી આફતો વખતે સેવાભાવી સંસ્થાઓ આગળ આવે છે. તેવી જ રીતે, શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રની કલ્યાણકારી યોજનાઓમાં પણ આ જોઈ શકાય છે. ગુજરાત રાજ્યના ભુજ તાલુકામાં જયારે ભૂકંપ આવ્યો હતો ત્યારબાદ પુનર્વસન કાર્યમાં ધાર્મિક સંસ્થાનું યોગદાન મહત્ત્વનું સાબિત થયું.

5. સામાજિક-માનસિક સંતુષ્ટિ

   દુઃખ અને નિરાશાના સમયમાં ધર્મ વ્યક્તિને માનસિક સંતોષ આપે છે. ધર્મ વ્યક્તિને પ્રેમ, સેવા, સહકાર, અનુશાસન, દાન, પ્રામાણિકતા અને ફરજ પ્રત્યેની નિષ્ઠા જેવા માનવીય ગુણો અને સામાજિક મૂલ્યો પ્રદાન કરે છે. જ્યારે વ્યક્તિ સંકટમાં હોય છે. અથવા જો કોઈ વ્યક્તિ આવી સ્થિતિમાં મુકાઈ જાય તો તેને મદદ કરવાની લાગણી પ્રબળ બને છે. ધાર્મિક વ્યક્તિ તેના વર્તન પર નિયંત્રણ રાખીને, માનસિક શાંતિ પ્રાપ્ત કરીને, આત્મવિશ્વાસ વિકસાવીને અને ધર્મ દ્વારા સૂચવેલા ધોરણોનું પાલન કરીને સંકટમાંથી બહાર આવે છે. આવા સંજોગોમાં વ્યક્તિ સંતોષની લાગણી અનુભવે છે.

## 10.3 રાજ્ય સંસ્થા

આધુનિક ભારતની સામાજિક વ્યવસ્થાના માળખાકીય પાસામાં, રાજ્ય સંસ્થાને પાયાની સંસ્થા તરીકે ગણી શકાય. એક સામાજિક સંસ્થા તરીકે, રાષ્ટ્રવાદ અને રાષ્ટ્રવાદની લાગણી ભારતીય રાષ્ટ્ર માટે રાજ્ય સંસ્થામાં અને રાષ્ટ્રીય ક્ષેત્રે રાજકારણમાં પાયાના બળ તરીકે કામ કરે છે. આ ભાવનાએ અંગનિસિયન યુરોપના રાજકારણ અને રાજકીય ઉત્થાનમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. વીસમી સદીમાં પણ, એશિયા અને આફ્રિકાના ઘણા પછાત દેશોમાં રાજકીય જાગૃતિ અને સ્વતંત્રતાના નિર્માણમાં મજબૂત લાગણીઓ અને દળોએ ફાળો આપ્યો છે. જેના પરિણામે સદીઓથી ગુલામ અને તાબે રહેલા ભારત દેશની આઝાદી માટે રાષ્ટ્રવાદની ભાવના પ્રેરક શક્તિ બની હતી. રાજ્ય અને રાષ્ટ્ર બે અલગ-અલગ શક્તિઓ છે. રાષ્ટ્ર-રાજ્યની રચના સાથે રાષ્ટ્રીય ભાવના લોકોમાં સ્વતંત્રતાનો ખ્યાલ પેદા કરે છે. આથી, દરેક રાષ્ટ્રનું પોતાનું રાજ્ય હોવું જોઈએ એવી વિભાવનાનો જન્મ થયો. પરિણામે, અન્ય દેશોના લોકોએ પોતાને ગુલામીમાંથી મુક્ત કરવા માટે ઘણા પ્રયત્નો કર્યા, જેમાં રાષ્ટ્રવાદનો ખ્યાલ જોવા મળે છે. ભારતની સ્વતંત્રતા ચળવળમાં રાષ્ટ્રવાદ પણ એક બળ હતું. અંગ્રેજો દ્વારા થતા અન્યાય અને અપમાનને કારણે લોકોમાં જાગૃતિ આવી. જેમાં અન્ય પરિબળો, સામાન્ય કાનૂની અને ન્યાયિક પ્રણાલી, અંગ્રેજી બોલવાનું, પરિવહન, સંદેશાવ્યવહારના માધ્યમો, વર્તમાન અખબારો, સમાજ સુધારકો, રાજકીય નેતાઓની વિચારધારાઓએ રાષ્ટ્રવાદની સંસ્થા બનાવી છે.

### રાજ્ય સંસ્થાનો અર્થ/વ્યાખ્યા

આધુનિક સમાજવ્યવસ્થામાં રાજ્ય સંસ્થાને સમાજવ્યવસ્થાની પાયારૂપ કડી ગણાવી શકાય. 'રાજ્ય' શબ્દ અંગ્રેજી શબ્દ 'સ્ટેટ' (State) નું હિન્દી સંસ્કરણ છે. તે ગ્રીક શબ્દ 'પોલિસ' (Polis) પરથી ઉતરી આવેલ છે. પ્રાચીન ગ્રીસના શહેરી રાજ્યોને 'પોલિસ' કહેવામાં આવતું હતું. સમાંયતરે મેક્યાવેલીએ રાજ્ય (State) શબ્દ આપ્યો છે. હાલમાં, શહેર રાજ્યોને મોટા રાષ્ટ્રીય રાજ્યો દ્વારા બદલવામાં આવ્યા છે, પરંતુ રાજ્ય હજી પણ સમાન ખ્યાલનું પ્રતીક છે. પ્રાચીન ભારતીય ગ્રંથોમાં પણ 'રાજ્ય' શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. 'રાજ્ય'ની વ્યાખ્યા રાજકીય વિજ્ઞાનના વિવિધ વિચારકો દ્વારા જુદી જુદી રીતે કરવામાં આવી છે. જે નીચે મુજબ છે.

પ્રાચીન ચિંતકોના મતે, પ્રાચીન ચિંતકો રાજ્યને વ્યક્તિઓનો સમુદાય માનતા હતા જે વ્યક્તિઓના સુખ અને લાભ માટે બનાવવામાં આવ્યું હતું.

રાજ્ય એટલે કાયદાના શાસન હેઠળ એક ચોક્કસ પ્રદેશમાં વ્યવસ્થિત રીતે રહેતાં - રહેનારાં લોકો, ચોક્કસ પ્રદેશમાં રહેતા લોકો કે કુટુંબો કે નાગરિકો, જેઓ અંકુશથી મુક્ત હોય

છે. જ્યાં બીજી કોઈ બહારની સત્તાનું વર્ચસ્વ હોતું નથી અને તંત્ર ચલાવવા માટે જ્યાં સાર્વભૌમ સરકાર હોય છે, તેને રાજ્ય કહેવામાં આવે છે.

એરિસ્ટોટલ અનુસાર, ''રાજ્ય એ પરિવારો અને ગામડાઓનો સમુદાય છે જેનો ઉદ્દેશ્ય સામાન્ય અને આત્મનિર્ભર જીવનની પ્રાપ્તિ છે.''

જહોન્સન નામના સમાજશાસ્ત્રી રાજ્યનો ખ્યાલ સ્પષ્ટ કરતાં જણાવે છે કે - પોતપોતાના સામાજિક સ્થાન સાથે નિશ્ચિત ક્ષેત્રમાં સાર્વભૌમ સરકારના સભ્યો તરીકે રહેતી વ્યક્તિઓ અથવા નાગરિકો અથવા પ્રજાનો રાજ્યમાં સમાવેશ થાય છે.

સિસેરોના મતે, ''રાજ્ય એ એક સમુદાય છે જેમાં એવી લાગણી હોય છે કે તમામ માનવોએ સંયુક્ત રીતે તે સમુદાયના લાભોનો આનંદ માણવો જોઈએ.''

સેન્ટ ઑગસ્ટિનના શબ્દોમાં, ''રાજ્ય એ એવી વ્યક્તિઓના કરાર દ્વારા રચાયેલી સંસ્થા છે, જેમણે કાયદા અને ફરજોની વ્યાયામ અને પરિપૂર્ણતા માટે અને પરસ્પર સંપર્કના લાભો પ્રાપ્ત કરવા માટે તેમની સંસ્થાની રચના કરી છે.''

મહાત્મા ગાંધીના મતે, વ્યક્તિ અધિકારો અને મૂલ્યોનું કેન્દ્ર છે. રાજ્યો અને સરકારોનું અસ્તિત્વ અને અધિકારો પણ વ્યક્તિ પર આધાર રાખે છે. તેથી, તેમનો ઉદ્દેશ્ય સાનુકૂળ કાયદાનો અમલ કરવાનો, શોષણને દૂર કરવાનો, સુરક્ષા, શાંતિ અને પ્રગતિનો માર્ગ બતાવીને વ્યક્તિનો વિકાસ કરવાનો હોવો જોઈએ. રાજ્યએ હંમેશા પ્રજાના સેવકની જેમ વર્તવું જોઈએ, માલિકની જેમ નહીં.

બ્લન્ટસ્ક્લીના શબ્દોમાં, ''ચોક્કસ પ્રદેશમાં રાજકીય રીતે સંગઠિત લોકોને રાજ્ય કહેવામાં આવે છે.''

ડૉ. આંબેડકરના મતે, રાજ્ય અને સમાજમાં કેટલીક બાબતો સમાન છે. સામાન્ય રીતે, જે લોકો સમાજની રચના કરે છે તે રાજ્યના સભ્યો પણ હોય છે. જે અન્ય સભ્યોને ચોક્કસ રીતે વર્તન કરવા દબાણ કરે છે. આ સમાનતાઓ હોવા છતાં, બંને વચ્ચે તફાવત છે. રાજ્ય સત્તાનો ઉપયોગ કાયદાની અનુદાનના આધારે થાય છે અને સમાજની તેની કવાયત ધાર્મિક અને સામાજિક મંજૂરીના આધારે થાય છે.

લોસ્કી ના મતે ''રાજ્ય એક પ્રાદેશિક સમાજ છે જે સરકાર અને વિષયોમાં વિભાજિત છે અને જે તેના ચોક્કસ ભૌગોલિક વિસ્તારના સમુદાયો પર સર્વોચ્ચ સત્તા ધરાવે છે.''

ફિલિમોરના મતે, ''રાજ્ય એ ચોક્કસ પ્રદેશ પર કાયમી ધોરણે સ્થાયી થયેલા માનવોનો સમુદાય છે અને જે તે પ્રદેશની મર્યાદામાં રહેલી વ્યક્તિઓ અને વસ્તુઓ પર સુવ્યવસ્થિત સરકાર દ્વારા સંપૂર્ણ નિયંત્રણ અને આધિપત્યનો ઉપયોગ કરે છે અને જેને બનાવવાનો અધિકાર છે. વિશ્વના કોઈપણ અન્ય રાજ્ય સાથે સંધિ અથવા યુદ્ધ અથવા અન્ય કોઈપણ પ્રકારના આંતરરાષ્ટ્રીય સંબંધો સ્થાપિત કરવા.''

ડૉ. ગાર્નરના મતે, રાજકીય વિજ્ઞાન અને જાહેર ધારણાના સ્વરૂપ તરીકે, રાજ્ય એ વધુ કે ઓછા લોકોનું એક સંગઠન છે જેઓ પ્રદેશના ચોક્કસ વિસ્તારમાં કાયમી રૂપે રહે છે અને જે સંપૂર્ણપણે સ્વતંત્ર છે અથવા બાહ્ય નિયંત્રણથી લગભગ સ્વતંત્ર છે. ''અને જેની પાસે એક સંગઠિત સરકાર છે, જેના આદેશોનું સ્વાભાવિક રીતે નાગરિકોના વિશાળ સમુદાય દ્વારા પાલન કરવામાં આવે છે.''

**રાજ્ય સંસ્થાના લક્ષણો**

ગાર્નરની વ્યાખ્યામાં રાજયના ચાર તત્ત્વો - વસ્તી, નિશ્ચિત પ્રદેશ, સરકાર અને સાર્વભૌમત્વનો પણ ઉલ્લેખ છે. ફિલિમોર અને ગાર્નર દ્વારા આપવામાં આવેલી રાજયની વ્યાખ્યાઓ સાર્વત્રિક રીતે સ્વીકૃત છે.

માનવ સમાજમાં, રાજય તમામ સામાજિક સંસ્થાઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓ પર સત્તા ભોગવે છે. રાજયની સંસ્થાની સૌથી મહત્ત્વપૂર્ણ વિશેષતા એ છે કે તે વ્યક્તિ પર હિંસક બળનો ઉપયોગ કરવાની અમર્યાદિત અને અંતિમ શક્તિનો આનંદ માણે છે. આ દૃષ્ટિએ રાજયની સજા કરવાની શક્તિ અનિયંત્રિત છે. જેના દ્વારા તે સામાજિક વ્યવસ્થામાં ફરજિયાત સામાજિક નિયંત્રણની વ્યવસ્થા તરીકે કામ કરે છે. આમ, ગાર્નરે રાજયનો અર્થ સમજવા માટે વ્યાખ્યામાં મુખ્ય ચાર લક્ષણો દર્શાવ્યા છે.

1. વસ્તી

   એરિસ્ટોટલના શબ્દોમાં, ''માત્ર શ્રેષ્ઠ નાગરિકો જ શ્રેષ્ઠ રાજય બનાવી શકે છે, તેથી તે જરૂરી છે કે નાગરિકો ચારિત્ર્યવાન બનો.''

   પ્લેટોએ તેમના પુસ્તક 'રિપબ્લિક'માં કહ્યું છે કે આદર્શ રાજયમાં માત્ર 5,040 નાગરિકો હોવા જોઈએ. એરિસ્ટોટલ મુજબ, રાજયની વસ્તી 10,000 હોવી જોઈએ.

   રાજય એ માત્ર મનુષ્યોનું સંગઠન છે. રાજય માટે તે જરૂરી છે કે વસ્તી ઓછામાં ઓછી એટલી હોવી જોઈએ કે તેને 'શાસક' અને 'શાસિત'માં વહેંચી શકાય. જો વસ્તી નહીં હોય તો શાસક કોણ હશે અને પ્રજા ક્યાંથી આવશે. રાજયનું અસ્તિત્ત્વ ફક્ત માનવ તત્ત્વના અસ્તિત્ત્વ પર આધારિત છે. માણસ એ રાજયનો પાયાનો પથ્થર છે. મનુષ્ય એ રાજયનો કાચો માલ છે. તેથી, રાજયની રચના માટે વસ્તી એકદમ જરૂરી છે. ગાર્નરનું વિધાન સાચું છે કે ''રાજયના સંગઠનને ટકાવી રાખવા માટે લોકો પૂરતી સંખ્યામાં હોવા જોઈએ અને તે રાજયની જમીન અને સંસાધનો જે પૂરતા છે તેનાથી વધુ ન હોવા જોઈએ.'' અત્યારે કરોડોની વસ્તીવાળા ભારત, ચીન, અમેરિકા જેવા રાજ્યો છે અને સાન મેરિનો અને મોનાકો જેવા થોડા હજારની વસ્તીવાળા રાજ્યો પણ છે. એટલે કે વસતી એ રાજયનું અનિવાર્ય અંગ છે, જેના વગર રાજયનું અસ્તિત્ત્વ સંભવી શકશે નહી.

   હિટલર અને મુસોલિનીના મતે, રાજય એક શક્તિ છે અને આ શક્તિ યોગ્ય રીતે કાર્ય કરવા માટે, મહત્તમ વસ્તી હોવી જરૂરી છે.

2. નિશ્ચિત ભૌગોલિક પ્રદેશ

   નિશ્ચિત ભૌગોલિક પ્રદેશએ રાજયનું બીજું આવશ્યક તત્ત્વ છે. ચોક્કસ જમીનની ગેરહાજરીમાં મનુષ્ય વ્યવસ્થિત જીવન જીવી શકતો નથી. બ્લન્ટસ્ચલી (Bluntschli) ના શબ્દોમાં 'જેમ રાજયનો વ્યક્તિગત આધાર લોકો છે, તેવી જ રીતે તેનો ભૌતિક આધાર પ્રદેશ છે. જ્યાં સુધી તેની પાસે ચોક્કસ પ્રદેશ ન હોય ત્યાં સુધી જનતા રાજયનું સ્વરૂપ ધારણ કરી શકતી નથી.' દરેક રાજયની ચોક્કસ -નિશ્ચિત ભૌગોલિક પ્રદેશમાં પ્રાદેશિક સીમા હોય છે. નિશ્ચિત ભૌગોલિક પ્રાદેશિક સીમામાં વસવાટ કરતા લોકો ઉપર રાજય પોતે અધિકાર અને સત્તા ભોગવે છે. રાજયના આવશ્યક તત્ત્વ તરીકે, નિર્ધારિત પ્રદેશનો અર્થ માત્ર જમીનનો વિસ્તાર જ નથી પણ તે રાજયમાં આવેલી નદીઓ, સરોવરો, તળાવો, ખનિજો, દરિયાકિનારાથી 12 માઈલ સુધીનો સમુદ્ર અને રાજયની સરહદની બહારનો સમુદ્રનો પણ સમાવેશ થાય છે. આ અંતર્ગત વાતાવરણ પણ સામેલ છે. દરેક રાજયને બીજા રાજયથી અલગ કરતી ચોક્કસ સીમા રેખા હોય છે અને આ સીમા રેખાનું ઉલ્લંઘન

ન કરવું તે આંતરરાષ્ટ્રીય શિષ્ટાચાર છે.

3. સરકાર

સરકાર એ રાજ્યનું સંગઠનાત્મક તત્ત્વ છે. ગાર્નરના મતે, ''સરકાર એ રાજ્યનું એક એવું સાધન કે યંત્ર છે જેના દ્વારા રાજ્યના ઉદ્દેશ્યો એટલે કે સામાન્ય નીતિઓ અને સામાન્ય હિતોની પૂર્તિ થાય છે. સરકાર વિના, લોકો એક અસંગઠિત અથવા અરાજક જનસમૂહના સ્વરૂપમાં હશે જે સામૂહિક રીતે કોઈપણ કામ કરવા માટે અસમર્થ હશે.''

ગેટિલના મતે, ''સરકારની ગેરહાજરીમાં, વસ્તી એક અવ્યવસ્થિત, અરાજકતા અથવા અનિયંત્રિત સમૂહ બની જશે અને કોઈપણ સામૂહિક કાર્યવાહી અશક્ય બની જશે.''

દરેક દેશમાં સરકાર અલગ અલગ પ્રકારની જોવા મળે છે. સરકારનું કોઈ નિશ્ચિત સ્વરૂપ નથી. સરકાર કોઈપણ પ્રકારની હોઈ શકે છે, રાજાશાહી, કુલીનશાહી અથવા લોકશાહી. જેમ કે - ચીન, પોલેન્ડમાં સામ્યવાદ; સાઉદી અરેબિયા, જોર્ડન વગેરેમાં રાજાશાહી; ઈરાક, તુર્કી અને લિબિયામાં લશ્કરી શાસન છે, ભારત, બ્રિટન અને જાપાનમાં માં સંસદીય લોકશાહી છે, અને અમેરિકામાં રાષ્ટ્રપતિની લોકશાહી છે.

4. સાર્વભૌમત્વ

''સાર્વભૌમત્વ એ રાજ્યની મહત્ત્વની લાક્ષણિકતા છે જે તેને અન્ય સમુદાયોથી અલગ પાડે છે.'' સાર્વભૌમત્વ એ રાજ્યનું મૂળ છે. તેની ગેરહાજરીમાં રાજ્ય અસ્તિત્વમાં ન આવી શકે. કોઈ ચોક્કસ પ્રદેશમાં રહેતા સરકારથી સજ્જ લોકો પણ જ્યાં સુધી સાર્વભૌમત્વ ન હોય ત્યાં સુધી રાજ્યનું નિર્માણ કરી શકતા નથી. ઉદાહરણ તરીકે, આઝાદી પહેલાં, ભારત એક રાજ્ય ન હતું કારણ કે તે સાર્વભૌમ ન હતું પરંતુ બ્રિટિશ નિયંત્રણ હેઠળ હતું. રાજ્ય બંધારણીય જોગવાઈ અનુસાર રાજ્યમાં વસવાટ કરતા નાગરિકો ઉપર સર્વોપરી સત્તા ભોગવે છે. દરેક રાજ્ય પોતાની ક્ષેત્રમર્યાદામાં અંતિમ નિયંત્રક બળ છે. એટલે કે રાજ્ય સાર્વભૌમત્વનું લક્ષણ ધરાવે છે.

**રાજ્ય સંસ્થાના કાર્યો**

રાજ્ય સંસ્થા માનવસમાજાનાં સામાજિક વ્યવસ્થા જાળવવા માટે કાર્ય કરે છે. આમ છતાં, રાજ્યના સર્વસામાન્ય કાર્યો અંગેનો સામાન્ય શિક્ષિત પ્રસ્થાપિત કરવો મુશ્કેલ છે. અથવા રાજ્યના કાર્યો વિશે સંપૂર્ણ અને ચોક્કસ માહિતી આપી શકાતી નથી. કારણ કે ભૌગોલિક પ્રદેશ અનુસાર દરેકે દરેક રાજ્યોની ભિન્ન-ભિન્ન પ્રદેશોની સામાજિક-સાંસ્કૃતિક-આર્થિક-ભૌગોલિક પરિસ્થિતિમાં ભિન્નતા રહેલી છે. આ સમગ્ર પરિસ્થિતિઓમાં જે તે રાજ્યોની નાગરિકોની પ્રાથમિક જરૂરિયાતો, રાજ્યોની આકાંક્ષાઓ વગેરે બાબતોને ધ્યાનમાં રાખી કાર્યો કરતા હોય છે. આમ છતાં, રાજ્ય પોતાની સાર્વભૌમ સત્તાને કારણે કેટલાંક કાર્યો જેવા કે, કાયદો અને વ્યવસ્થા જાળવવી, ગુનેગારોને શિક્ષા કરવી, આંતરિક અને બાહ્ય દુશ્મનોથી રક્ષણ કરવું વગેરે અસરકારક જણાય છે. આ ઉપરાંત રાજ્યના અન્ય કાર્યો નીચે મુજબના છેઃ

1. કાયદો અને વ્યવસ્થા જાળવવી.
2. રાજ્ય માનવસમાજમાં રીત-રિવાજો, રૂઢિઓ, લોકાચાર, ધર્મ, નીતિ વગેરે સમાજજીવનશૈલીમાં વિકાસમાં અવરોધક પરિસ્થિતિમાં સામાજિક નિયંત્રણનું કાર્ય કરે છે.

3. પરદેશ સાથેના સંબંધો નક્કી કરવા.
4. આંતરિક અશાંતિ અને બાહ્ય આક્રમણ સામે સંરક્ષણ મેળવવું
મૂડીવાદમાં મૂડી ઉપર નફા માટે આથિક પ્રવૃત્તિઓં કરતી ખાનગી વ્યક્તિઓને કાબુ હોય છે. જયારે સમાજવાદમાં આવો કાબુ રાજ્ય કે સમાજના હાથમાં હોય છે. આમ મૂડીવાદ એ એક એવી આર્થિક પધ્યતી છે કે, જેમાં તમામ ખેતરો, કારખાના, ખાણો, ઉત્પાદનના સાધનો, ઉત્પાદકીય પ્રવૃતીયો ઉપર ખાનગી વ્યક્તિયો કે તેમના સમૂહનો કાબુ હોય છે. આ આર્થિક પધ્તીમાં ખાનગી વ્યક્તિઓ કે સમુહ અર્થતંત્રમાં ઉપલબ્ધ સાધનોનો ઉપયોગ કરવો કે નહિ તે બાબતે સ્વત્રંત્ર હોય છે. આ આર્થિક પદ્ધતિમાં ખાનગી વ્યક્તિયો કે સમુહ અર્થતંત્રમાં ઉપલબ્ધ સાધનોનો ઉપયોગ કરવો કે નહિ તે બાબતે સ્વતંત્ર હોય છે. આ આર્થિક પધ્તીમાં નફો જ બધી આર્થિક પ્રવૃતીયો માટેનું માર્ગદર્શક અને કારણભૂત બળ હોય છે. આમ, મૂડીવાદ એ મુક્ત સાહસની પદ્ધતિ છે. જેમાં દરેક મુદીદાર (મૂડીના માલિક) ને પોતાના હિત મુજબ મૂડી રોકાણ કરવાની સત્તા હોય છે. મૂડીવાદમાં કિંમત નિર્ધારણ તે માત્ર માંગ અને પુરવઠા દ્વારા સ્વત્રંત્રપણે થાય છે અને લોકો આ કિંમત નિર્ધારણ મુજબ આર્થિક નિર્ણયો લે છે. જેથી અર્થતંત્રમાં શ્રેષ્ઠ અનુકુલન (સમતુલા) સધાય છે.

2. સમાજવાદ

19 મી સદીના મધ્ય સુધી સમાજવાદની માત્ર કલ્પના જ કરવામાં આવતી હતી. પરંતુ વિવિધ અનુભવો બાદ સમાજવાદના જુદા- જુદા સપનાઓને યોજનાપૂર્વક રજુ કવામાં આવ્યા. આધુનિક સમાંજવાદમાં કેટલાક અણસારો ''સર થોમસ મુરેના'', ''યુટોપિયા'' નામના ગ્રંથમાં સૌ પ્રથમ જોવા મળ્યા. સર થોમસ મુરેએ યુટોપીયામાં આદર્શ સમાજ રચવાનું સ્વપ્ન સેવ્યું.

પ્રો. મોરિસનના મતે, સમાજવાદ એક એવી આર્થિક વ્યવસ્થા છે જેમાં તમામ ઉદ્યોગો અને જમીન પર સામુહિક માલિકી હોય અને તેનો ઉપયોગ સામાજિક હિત માટે કરવામાં આવતો હોય છે.

પ્રો. લુક્સ અને દુથ્સ ના મતે, સમાજવાદ એટલે એવી આર્થિક પધ્યતી કે જેનું ધ્યેય મોટા પાયા પરના ઉત્પાદનના વપરાતા બધા જ કુદરતી અને માનવસર્જિત ઉત્પાદકીય સાધનોની માલિકી અને વ્યવસ્થા વ્યક્તિયો પાસે ન રહેવા દઈ સમગ્ર સમાજના હાથમાં મુકવાનું છે કે જેથી વ્યક્તિઓમાં આર્થિક પ્રોત્સાહનો કે વ્યવસ્થા તથા વપરાશ સંબધી પસંદગીઓની સ્વતંત્રતાનો મૂળભૂત રીતે નાશ કર્યા વગર વધેલી રાષ્ટ્રીય આવકની સમાન રીતે વહેચણી કરી શકાય.

પ્રો. જે. એ. શુંમ્પિટર કહે છે, સમાજવાદી સમાજ એટલે એવી સંસ્થાકીય વ્યવસ્થા કે જેમાં ઉત્પાદનના સાધનો અને ઉત્પાદન પ્રકીર્યા પર મધ્યસ્થ્ય સંસ્થા( સમાજ) નો અકુશ હોય.

સમાંજવાદમાં ઉત્પાદનના સાધનો પર સામુહિક કે સામાજિક માલકી હોય છે. સમાજવાદ

મૂડીવાદને દુર કરવા માંગે છે. સમાંજ્વાદમાં આર્થિક સમાનતાની સ્થાપના કરવા માંગે છે. સમાંજ્વાદમાં આર્થિક સમાનતાની સ્થાપના એટલે માત્ર આવક અને સંપતિની વધુ સમાન વહેંચણી એટલો જ અર્થ થતો નથી. સમાન વહેચણી એટલે માત્ર ઉત્પાદન અંગેના પ્રયાસો જ નહિ પણ જરૂરિયાત પ્રમાણે વહેચણી કરાવી એવો અર્થ થાય છે.

સમાજવાદ આ આર્થિક પ્રકારના પિતા કાર્લ માર્ક્સ છે. તેને ઈ.સ. 1867 માં સમાજવાદનું બાઈબલ એવું " દાસ કેપિટલ" નામના પુસ્તકમાં સમાજવાદ વિશેની વિસ્તૃત સમજ આપી. અન્ય સમાજવાદિયો કરતા જુદી રીતે કાર્લ માર્ક્સએ સમાજ ઉત્ક્રાંતિનો અભ્યાસ કરી તેની પ્રગતિ સમજાવતી રજૂઆત કરી. તેમની સમજુતી મુજબ એક દિવસ મૂડીવાદનો નાશ થવાનો જ છે.

3. મિશ્ર અર્થતંત્ર

મૂડીવાદ આર્થિક પદ્યતિ અને સમાજવાદી આર્થિક પદ્યતિના લાભો અને કેટલાક ગૈરલાભો પણ છે. જેના પરથી એવું તારણ નીકળે છે, કે કોઈએક આર્થિક પદ્યતિ ઉપર આધારિત રહેવું યોગ્ય નથી. આ આર્થિક પધ્યતીઓનો સ્વીકારએ તેમની મર્યાદાઓનો પણ સ્વીકાર બને છે. જેથી બંને આર્થિક પદ્યતિ વચ્ચેનો માર્ગ એટલે મિશ્ર આર્થિક પદ્યતિનો સ્વીકાર થવો જોઈએ. આમ, બજાર હસ્ત પવાળા આર્થિક પદ્યતિ અને સમાજવાદી આર્થિક પદ્ધતિના લાભો અને કેટલાક ગેરલાભો પણ છે. જેના પરથી એવું તારણ નીકળે છે, કે કોઈ એક આર્થિક પદ્ધતિ ઉપર આધારિત રહેવું યોગ્ય નથી. આ આર્થિક પદ્ધાતીઓનો સ્વીકારએ તેમની મર્યાદાઓનો પણ સ્વીકાર અબને છે, જેથી બંને આર્થિક પદ્ધતિ વચ્ચેનો માર્ગ એટલે મિશ્ર આર્થિક પદ્ધતિનો સ્વીકાર થવો જોઈએ. આમ બજાર હસ્તક્ષેપવાળા મૂડીવાદ અને રાજ્ય હસ્તક્ષેપવાળા સમાજવાદ, એવી બે ભિન્ન વિચાર સરનીઓના ગેરલાભો દૂર કરી માત્ર તેમના લાભોનો સ્વીકાર કરવામાં આવે છે. મિશ્ર અર્થતંત્રમાં કેટલાક ઉદ્યોગો સંપૂર્ણપણે રાજ્યની માંલકીના હોય છે. જ્યારે કેટલાક ઉદ્યોગો રાજ્ય અને ખાનગીક્ષેત્રનું સયુંક્ત રીતે સંચાલન અને માંલકીના હોય છે. આ રીતે મિશ્ર અર્થતંત્રમાં દેશની સમગ્ર અર્થ વ્યવસ્થા ત્રણ ભાગમાં વહેચાયાળી હોય છે.

(1) રાજ્યના અંકુશ હેઠળનું ક્ષેત્ર : આ ક્ષેત્રમાં ઉત્પાદન તથા વહેચણી સંપૂર્ણતયે રાજ્યના અંકુશ હેઠળ હોય છે. આ વિભાગમાં ખાનગી ક્ષેત્રનો પ્રવેશ નિષેધ (બંધ) હોય છે. સામાન્ય રીતે સંરક્ષણ, ખુબ અગત્યના અને ચાવીરૂપ ઉદ્યોગોનો આ વિભાગમાં સમાવેશ થાય છે.

(2) સંયુક્ત અંકુશ હેઠળનું ક્ષેત્ર : આ ક્ષેત્રમાં ઉત્પાદન અને વહેચણી રાજ્ય તેમજ ખાનગીક્ષેત્ર એમ બંનેના અંકુશ હેઠળ હોય છે. જેમાં રાજ્યનું મહત્ત્વ અગત્યનું ગણવામાં આવે છે. સામાન્ય રીતે સંદેશવ્યવહાર, બેંક, બીમાં, વાહનવ્યવહાર વગેરેમાં આવો અંકુશ જોવા મળે છે.

(3) ખાનગી અંકુશ હેઠળનું ક્ષેત્ર : આ ક્ષેત્રમાં ઉત્પાદન અને વહેચણી માત્ર ખાનગી ક્ષેત્રમાં અંકુશ હેઠળ હોય છે. આ વિભાગમાં રાજ્ય પ્રવેશ કરતુ નથી. સામાન્ય રીતે ખેતી અને નાના ઉદ્યોગો ટી. વી., ફ્રીજ, એ.સી., કાર, બાઈક વગેરેમાં માત્ર ખાનગી ક્ષેત્રનો અંકુશ જોવા મળે છે.

વર્તમાન સમય માં અમેરિકા, જાપાન, જર્મની વગેરે દેશો મૂડીવાદી દેશો તરીકે ઓળખાય છે. પરંતુ વાસ્તવમાં આ દેશોમાં મિશ્ર અર્થતંત્રનું તત્ત્વ જોવા મળે છે. તેવી જ રીતે, ચીન, ક્યુબા

અને વિયેતનામ વગેરે સામાન્ય રીતે સમાજવાદી દેશો તરીકે ઓળખાય છે, પરંતુ, વાસ્તવમાં આ દેશોમાં પણ મિશ્ર અર્થતંત્રનું તત્ત્વ જોવા મળે છે. જયારે ભારત અને ઈંગ્લેન્ડ શુદ્ધ સ્વરૂપમાં મિશ્ર અર્થતંત્રનો સ્વીકાર કર્યો હોય તેવા રાષ્ટ્રો છે.

## 13.6 આર્થિક પદ્ધતિયોને કાર્યો

કોઈપણ આર્થિક પદ્ધાતિનું મુખ્ય કાર્ય લોકોની જારુરીયાતો ઉત્પાદન-સાધનો અને યાંત્રિક જ્ઞાનનો યોગ્ય રીતે સમન્વય કરવાનું છે; કારણ કે, દરેક દેશમાં જુદી-જુદી વસ્તુઓની જુદા-જુદા પ્રમાણ માં જરૂર પડે છે. તેથી યોગ્ય આર્થિક પદ્ધતિનો ઉપયોગ કરી જરૂરિયાતની વસ્તુઓ મેળવવા ઉત્પાદનના સાધનોની યાંત્રિક જ્ઞાન અનુસાર યોગ્ય વહેંચણી કરી દેશની જરૂરીયાતને સંતોષવા પ્રયત્નો કરવા જરૂરી હોય છે. જેથી દેશમાં મહત્તમ સુખ અને સમૃદ્ધિ હાંસલ થાય.

ઉપરોક્ત મુજબની દેશની સુખ અને સમૃદ્ધિ મેળવવા યોગ્ય દિશામાં, યોગ્ય પ્રયત્નો કરવા માટે યોગ્ય આર્થિક પદ્ધતિ જરૂરી બને છે. આમ, આર્થિક પદ્ધતિ દેશમાં વિકાસમાં અભૂતપૂર્વ ફાળો આપે છે. આવી આર્થી પદ્ધાતીઓનું મહત્ત્વ સમજવું જરૂરી છે. જે નીચે મુજબ છે.

1. જરૂરીયાતોની અગ્રતા અનુસાર યાદી બનાવવી -

   સામાન્ય લોકોની જરૂરિયાતો અમર્યાદિત હોય છે; પરંતુ, તેમની પાસે તે જરૂરિયાત પૂરી કરવાના સાધનો પ્રમાણમાં મર્યાદિત હોય છે. જેથી જરૂરિયાતોનો પસંદીક્રમ નક્કી કરવો જરૂરી બને છે. અર્થતંત્રમાં મૂડીવાદ, સામ્યવાદ કે મિશ્ર અર્થતંત્રની આર્થિક પદ્ધતિ સ્વીકારવામાં આવી હોય તેમાં અગ્રતાક્રમ અનુસાર જરૂરિયાતોને સંતોષવામાં આવે તો મળતો સંતોષ મહત્તમ બનાવી શકાય છે. વાસ્તવમાં જરૂરિયાતોનો સાચો અગ્રતાક્રમ નક્કી કરવો મુશ્કેલ છે; પરંતુ, અનુભવ આધારિત તેનો ઉકેલ મેળવી શકાય છે.

2. ઉત્પાદન સાધનોની યોગ્ય ફળવણી કરવી -

   દરેક આર્થિક પદ્ધતિનું એક અગત્યનું કાર્ય ઉત્પાદનના સાધનોની યોગ્ય ફાળવણી કરવી પણ છે. ઉપલબ્ધ ઉત્પાદનના સાધનોની જરૂરિયાત અનુસાર યોગ્ય ફાળવણી કરવાની અર્થતન્ત્રમાં મહત્તમ ઉત્પાદન મેળવી શકાય અને તે દ્વારા મહત્તમ સંતોષની પ્રાપ્તિ શક્ય બને જયારે એવું જોવામાં આવ્યું છે. કે મૂડીવાદી અર્થતંત્રમાં ઉત્પાદનના સાધનોની ફાળવણી અયોગ્ય હોય તે અર્થ સભર બનતી નથી.

3. ઉત્પાદનનું પ્રમાણ નક્કી કરવું-

   આર્થિક પદ્ધતિની પસંદગી પર ઉત્પાદનના પ્રમાણના નિર્ણયો આધારિત હોય છે. વાસ્તવમાં ઉત્પાદન પચાલનો મૂળ હેતુ મહત્તમ સંતોષનો હોય છે તેમ છતા મૂડીવાદ અને સામ્યવાદમાં ઉત્પાદનમાં પ્રમાણ અંગેના નિર્ણયો જુદી-જુદી રીતે લેવામાં આવે છે. મૂડીવાદ એ બજારતંત્ર આધારિત હોવાથી જરૂરિયાત કરતા ઓછુ ઉત્પાદન રાખી મહત્તમ નફો મેળવવાનો પ્રયત્ન થાય છે. જયારે સામ્યવાદમાં આયોજન આધારિત હોવાથી જરૂરિયાત અનુસારનું ઉત્પાદન કરવામાં અને તે દ્વારા મહત્તમ સંતોષ અને મહત્તમ સેવા પૂરી પડાય છે.

4. ઉત્પાદન પદ્ધતિની પસંદગી -

   કયા પ્રકારની ઉત્પાદન પદ્ધતિનો ઉપયોગ થશે તેનો આધાર પણ આર્થિક પદ્ધતિ ઉપર હોય છે. મૂડીવાદ એ બજાર આધારિત હોઈ હરિફાઈનું તત્ત્વ આ આર્થિક પદ્ધતિમાં જોવા

મળે છે. જે પ્રતિસ્પર્ધાકરતા વધુ પ્રમાણનું ઉત્પાદન અને વધુ ગુણવત્તા સભર ઉત્પાદન મેળવવા મુડીપ્રધાન ઉત્પાદન પદ્ધતિ સ્વીકારવા તરફ વધુ આકર્ષાય છે, જયારે સામ્યવાદી અર્થતંત્રમાં વસ્તી અને બેકારીના પ્રમાણ આધારિત મૂડીપ્રધાન અથવા શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિની પસંદગી કરવામાં આવે છે.

5. ઉત્પાદિત વસ્તુઓ અને સેવાઓની વહેચણી -

આર્થિક પદ્ધતિના આધાર પર અર્થતન્ત્રમાં લોકોને વસ્તુઓ અને સેવાઓનું પ્રમાણ નક્કી કરવામાં આવે છે અથવા એવી ગોઠવણ કરવામાં આવે છે. આ ઉપરાંત, ઉત્પાદનના સાધનો જોવા કે શ્રમ, મૂડી, નિયોજક અને જમીનના માલિકોને પોતાની વસ્તુઓ અને સેવાઓ ઉત્પાદન કાર્યમાં આપવા બદલ વેતન, બ્યાજ, નફો અને ભાડું ચુકવવામાં આવે છે. મૂડીવાદ અર્થતંત્રમાં આ પ્રમાણો કેટલા રહેશે (વળતર કે કિંમત કેટલી રહેશે ) તે બજાર નક્કી કરે છે જયારે સામ્યવાદમાં આ નિર્ણયો સરકાર હસ્તક હોય છે.

## 13.7 સામાજિક નીતિ

વર્તમાન લોકકલ્યાણકારી શાસનવ્યવસ્થાઓનું સંચાલન સંવિધાનમાં સમાંવિષ્ટ નીતિઓ અને વિધીઓના માધ્યમથી થાય છે. નીતિ કોઈ વિષય વિશેષના ભવિષ્ય અને વર્તમાનના મધ્ય સમુચિત દૃષ્ટિકોણને સ્વીકારી નિર્ણય તથા કાર્યક્રમ નિર્ધારિત કરવાની પ્રક્રિયા છે.

નીતિના નિર્માણ લક્ષ્ય તથા ઉદ્દેશ્યોને સ્પષ્ટ કરી શકાય છે તથા તેના આધારે યોગ્ય કાર્ય યોજના બનાવી શકાય છે. નીતિના અભાવમાં સંસાધનોનો દૂરઉપયોગ થાય છે અને સામાજિક-આર્થિક સમસ્યાઓ પણ ઉભી થાય છે. સ્વતંત્રતા બાદ સ્વીકારવામાં આવેલું આપણું સંવિધાન, નીતિઓનું મુખ્ય સ્ત્રોત છે. પંચવર્ષીય યોજના પણ નીતિ પર આધારિત છે.

આજાદી મેળવ્યા બાદ પંચવર્ષીય યોજનાઓ ઘડવામાં આવી હતી. પ્રથમ પંચવર્ષીય યોજનાને અંતે સમજયુ કે, આર્થિક વિકાસની સાથે સાથે સામાજિક વિકાસ પણ એટલોજ જરૂરી છે. અને આ સામાજિક વિકાસ બાબતે પણ પુરતું ધ્યાન આપવું જરૂરી છે અને આ સામાજિક વિકાસ માટે સામાજિક નીતિનું નિર્ધારણ કરવાની આવશ્યકતા છે. આ સામાજિક નીતિ શું છે ?

પ્રો. ગોરે જણાવે છે તેમ, ''સામાજિક નીતિ એક એવી, નીતિ છે છે જે સમુદાયના જીવનના ''સામાજિક'' પાસાઓ સાથે નિસ્બત ધરાવે છે.'' વધુમાં પ્રો. ગોરે ઉમેરે છે કે સામાજિક નીતિને આરોગ્ય, શિક્ષણ, રહેઠાણ, પુનઃસ્થાપન, સમાજકલ્યાણ તથા પછાત અને નબળા વર્ગોના કલ્યાણના કાર્યક્રમો અને સેવાઓ સાથે નિસ્બત છે. કોઈપણ દેશની જે સામાજિક નીતિ શું છે તે જણાવું અને સમજવું હોય તો દેશની રાષ્ટ્રીય આવકની વહેચણી અંગેના માપદંડ, સામાજિક વીમો, સામાજિક સહાયતા, ઔદ્યોગિક નીતિ, ઔદ્યોગિક કાયદાઓ, લગ્ન અને છુટા છેડા જોવા સામાજિક કાયદાઓ અને બાળકો મહિલાઓ તથા પછાત વર્ગો માટેના કાર્યક્રમોને જોવાથી ખ્યાલ આવે છે.

પ્રો. ગોરે દ્વારા જણાવવામાં આવ્યું છે કે સામાજિક નીતિને નીચેની ત્રણ બાબતો સાથે સંબંધ છે.

1) માનવની સ્વતંત્રતા અને નાગરિક અધિકારો

2) સમાન તક અને સમાનતા

3) માનવ કલ્યાણ

આ ત્રણેયના ઉદાહરણો જોઈએ તો માનવની સ્વતંત્રતા સંધર્ભમાં આપણા દેશમાં દરેક વ્યક્તિને પોતે આપણા દેશમાં દરેક વ્યક્તિને પોતે જે ધર્મમાં વિશ્વાસ ધરાવતો હોય તે ધર્મ પાળવાની સ્વતંત્રતા છે. નાગરિક અધિકારોમાં જોઈયે તો નર્મદા જેવા બંધને કારણે વિસ્થાપિત થયેલા લોકો માટે જોઈયે તો પછાત વર્ગો મહિલાઓ માટે અનામત નીતિ ઘડવામાં આવી છે. માનવ કલ્યાણના સંદર્ભમાં જેઅએ તો કોઈ પણ કુદરત સર્જિત કે માનવસર્જિત આપત્તિમાં ભોગ બનેલા લોકોને સહાય માટેની સરકારની નીતિ નિર્ધારિત હોય છે.

આપણા દેશના સંદર્ભમાં વસ્તીનીતી, આરોગ્યની નીતિ, શિક્ષણની નીતિ, બાળમજૂરી અંગેની નીતિ, અનામત નીતિ, પુનઃસ્થાપનની નીતિ, અનામત નીતિ, સામાજિક સલામતીની નીતિ, સ્ત્રી-પુરુષ સમાનતાની નીતિ, વગેરે સામાજિક નીતિના ઉદાહરણો છે.

## 13.8 સામાજિક નીતિનો વ્યાખ્યાઓ

1. ડૉ. એન વિશ્વનાથન : સામાજિક નીતિ સામાન્ય વર્ગને લાગુ પડતી પ્રક્રિયા છે. જેમાં ભેદભાવ વગર સમાજને વિકાસ તરફ લઈ જતી ક્રિયાના દર્શન થાય છે.

2. મેઈક લેન્થ : સામાજિક નીતિયોનો સંબધ સમાજમાં રહેલા પુરુષ અને સ્ત્રી વચ્ચેના જાળ સ્વરૂપે જોવા મળે છે. જે લોકોના હિતોને પ્રભાવિત કરે છે.

3. ટીટમસ : તે સરકાર દ્વારા જાણી જોઈને કરવામાં આવેલ એવું કાર્ય છે. જે નાગરીકોના કલ્યાણમાં વૃદ્ધિ કરે છે. અર્થાત સામાજિક નીતિનો પ્રમુખ ઉદ્દેશ સામાજિક વિકાસ તથા જનકલ્યાણ છે.

## 13.9 સામાજિક નીતિના હેતુઓ

1. સામાજિક પરિવર્તન લાવવુંઃ સમાજમાં જોવા મળતી રૂઢિચુસ્તતા, કુરિવાજો, માન્યતોમાં પરિવર્તન લાવવું, લોકોની રહેણીકહેની, રીતરીવાજો વગેરેમાં પરિવર્તન લાવવું. દા. ત. લોકોમાં રહેલી અંધશ્રદ્ધાઓં, તેને દુર કરવા શું કરી શકાય ? લોકોમાં શિક્ષણનું પ્રમાણ વધારવું જે સમુદાયમાં શિક્ષણનું પ્રમાણ ઓછુ છે. તેમાં વધારો કરવો શિક્ષણ મળવાથી લોકો નવા વિચારોને ઝડપથી સમજી, વિચારી શકે છે, જેથી આપોઆપ પરીવર્તન આવી શકે છે.

2. સામાજિક સંશોધનોની પુનઃવહેચણીમાં મદદરૂપ થવું. આપણા દેશમાં આર્થિક સાધનોની પુન;વહેચણીમાં લોકોને મદદરૂપ થવું. અમુક લોકોને રહેવા માટે આવાસની સુવિધા નથી. રોટી, કપડા અને મકાનએ લોકોની મૂળભૂત જરુરીતાયો છે. તેની પુનઃવહેચણીમાં મદદરૂપ થાય છે. અમુક જ્ઞાતીયોમાં લોકો પાસે રોજગારીનું કોઈ સાધન જ નથી. દા.ત. અનુસુચિત જાતિના લોકોને રોજગારી માટે સરકાર દ્વારા જમીન ફાળવવામાં આવે છે, તે પણ પુનઃવહેચણી જ છે.

3. માનવ સંસાધનોનો વિકાસ કરવોઃ વ્યક્તિની જરૂરિયાત સંદર્ભ તેને હક્ક આપવો જોઈએ. વ્યક્તિ પોતાના હક્કનો ઉપયોગ કરીએ પોતાનો વિકાસ કરી શકે છે. દા.ત. પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત છે, તેને મેળવવા આપણે હકદાર છીએ. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો મુજબ પ્રત્યેક બાળકને મફત અને ફરજિયાત શિક્ષણ મળવું જોઈયે. જેથી સરકાર દ્વારા એક નીતિના રૂપમાં અમલીકરણ કરવામાં આવ્યું, તેથી બાળકો પોતાનો વિકાસ કરી શકે.

4. લોકોના પ્રશ્નો ઓછો કરવા અને માનવકલ્યાણમાં વધારો કરવોઃ સમાજની સાંપ્રત

સમસ્યાઓને દુર કરવી. જેથી માનવ કલ્યાણ થાય છે તે સમાજના ઘણા પ્રશ્નો હશે. તેને જાણીને સામાજિક નીતિ બનાવવામાં આવે છે. જેથી તે સમસ્યા/ પ્રશ્નનો નું નિરાકરણ લાવી શકાય. દા.ત. અનુસુચિત જાતી અને અનુસુચિત જનજાતિ માટેની કલ્યાણ નીતિ.

## 13.10 સામાજિક વિકાસ

વિકાસ વિના કોઈ સમાજ હોય જ નહિ. સામાજિક રાજકીય અને આર્થિક વિકાસ અને પ્રગતિના ધ્યેય દરેક રાજ્ય ધરાવે છે. પણ સમાજના વિકાસ માટે આયોજન જરૂરી છે એક રીતે વિકાસની પણ તાતી જરૂરીયાત છે. સમાજકાર્યમાં વિકાસ આયોજનને મહત્ત્વ આપવામાં આવ્યું છે. તેની વિચારસરણી સેટલમેન્ટ હોઉંસની વિચારસરની સાથે વધુ સુસંગત છે. ભારતમાં આઝાદી પહેલા વિકાસ આયોજનનો ઈતિહાસ પણ મહત્ત્વનું કારણ છે. વિકાસ શબ્દ માત્ર આર્થિક વિકાસના આંકડા અર્થમાં જોવો જોઈએ નહિ. વિકાસ એ પોતાના ભવિષ્યને ઘડવા માટે, વધારે ઉત્પાદકતા માટે, સમાન આર્થિક વહેચણી માટે ઉત્પાદક અને ઉપભોક્તા બંનેને સમાન સુખ મળે તેવી સમગ્ર સમાજની હલચલ- ચળવળ આંદોલનછે.

સમાજકાર્યકર તરીકે સમાજના જરુરિયાતમંદ લોકોને ઉપયોગી બની શકે તે માટે સરકારની નીતિઓં અને સેવાઓ વિષે જાણવું જરૂરી બની રહે છે. સરકાર તરફથી ગ્રામીણ વિકાસ, દલિત વિકાસ, આદિવાસી સમુદાય, પછાત વર્ગ વિશે વિકાસ માટેની અનેક નીતિઓં અને સેવાઓ ઉપલબ્ધ કરી છે. છેવાડાના લોકો સુધી પહોચી શકે તેવા હેતુથી સરકારશ્રી દ્વારા અમુક કાનુની નિયમો પણ અમલીકૃત કરવામાં આવ્યા છે. પર્યાવરણ, શિક્ષણ, સ્ત્રીઓ, બાળકો વિશેની નિતિઓં અને સેવા સહકાર તેમજ સરકાર તરફથી અનુદાન મેળવતી સંસ્થાઓ દ્વારા વિકાસ થવો જરૂરી છે. ગરીબી, બેકારી અને વસ્તીવધારાને નિયંત્રીત કરવા માટે અલગ-અલગ નીતિઓં બનાવી છે.

## 13.11 તમારી પ્રગતી ચકાસો

1. આર્થિક પધ્યતી ................. હોય છે.

   અ) આકસ્મિક　　બ) માનવસર્જિત

   ક) કુદરત સર્જિત　　ડ) ભયાનક

2. સામ્યવાદ એ ................ આધારિત છે.

   અ) બજાર આધારિત　　બ) આયોજન આધારિત

   ક) માંગ આધારિત　　ડ) જરૂરીયાતોને આધારિત

3. આર્થિક પધ્યતી જે-તે દેશની કઈ બાબત રજુ કરે છે.

   અ) વિચારસરણી　　બ) તત્ત્વજ્ઞાન

   ક) માંગ આધારિત　　ડ) જરૂરિયાત આધારિત

4. આર્થિક પધ્યતીઓં કેવી હોય છે.

   અ) જડ　　બ) પરિવર્તનશીલ

   ક) મિશ્ર　　ડ) કુદરતી

5. ''સામાજિક નીતિ સામાન્ય વર્ગને લાગુ પડતી પ્રક્રિયા છે. જેમાં ભેદભાવ વગર સમાજને વિકાસ તરફ તરફ લઈ જતી ક્રિયાના દર્શન થાય છે.'' આ વ્યાખ્યા કોના દ્વારા આપવામાં

આવી હતી.

અ) ડો. એન વિશ્વનાથન    બ) મીઇક લેન્સ

ક) જ્યોર્જ હેડ    ડ) માર્શલ ડીમોક

- **તમારી પ્રગતિ ચકાસોના જબાબો**

  1) બ)માનવસર્જિત 2) બ) આયોજન આધારિત 3) અ) વિચારસરણી

  4) બ) પરિવર્તનશીલ 5) અ) ડો. એન વિશ્વનાથન

## 13.12 ઉપસંહાર

ઉપરોક્ત માહિતી પરથી જાણી શકાય છે કે વિશ્વના વિવિધ દેશોને આર્થિક પધ્યતીનો ઉપયોગ કરવો પડે છે. આ આર્થિક પધ્યતી તે દેશની વિચારસરણી રજુ કરે છે. ઉપરાંત દરેક દેશ માટે આર્થિક પધ્યતી અએ અર્થતંત્રની કાર્ય પ્રણાલીને સરળ અને સુચારુ બનાવવા ખૂબ જરુરી છે તે જાણી શકાય છે તે જાણી શકાય છે. અહી આપણે આર્થિક પધ્યતીનો અર્થ, તેની વ્યાખ્યા, લક્ષણો અને મહત્ત્વ જેવા વિવિધ પાસાયો પર અભ્યાસ કર્યો જે આપણને દુનિયામાં ઉપયોગમાં લેવાની વિવિધ આર્થિક પદયતીનો સમજવા ઉપયોગી થશે.

## 13.13 ચાવીરૂપ શબ્દ

1. આર્થિક પ્રવૃત્તિ : જરૂરિયાતોના સંતોષ માટે માણસ દ્વારા થતી પ્રવૃત્તિ જેમાં આવક-ખર્ચ અને વિનિમય સંકળાયેલા છે.
2. ઉત્પાદનઃ ચોક્કસ સમયે ઉપલબ્ધ સાધનો દ્વારા જેટલા પ્રમાણમાં વસ્તુઓં ઉત્પન્ન થાય તેને ઉત્પાદન કહેવાય.
3. આયોજન : વિચારશીલ પ્રક્રિયા

## 13.14 સ્વાધ્યાય લેખન

1. આર્થિક પધ્યતિની કોઈપણ બે વ્યાખ્યાઓં આપો.
2. આર્થિક પધ્યતીને અસર કરતા ચાર પરિબળો જાણવો.
3. આર્થિક પધ્યતીના ત્રણ લક્ષણોની ચર્ચા કરો.
4. આર્થિક પધ્યતિનું મહત્ત્વ ટૂંકમાં સમજવો.

## 13.15 સંદર્ભ ગ્રંથ

1. ડૉ. સુરેન્દ્રસિંહ (2007) સમાજકાર્ય ઈતિહાસ, દર્શન એવમ પ્રણાલીયા, ન્યુ રોયલ બૂક કંપની, લખનઉ.
2. A guide book to the comparative of the economic system: by Frederic. L. Pryor
3. Comparative economic system - by Ralph H. Blodg[a]t
4. Capitalism, Mark[a] Socialism and central planning, Reading in comparative economic system- by Wayne A. Leena.

એકમ 14

# આર્થિક વિકાસનો અર્થ, ભારતમાં આર્થિક વિકાસના નિર્દેશકો અને આર્થિક ક્ષેત્રો

-: રૂપરેખા :-


**14.0 એકમનાં હેતુઓ**

**14.1 પ્રસ્તાવના**

**14.2 આર્થિક વિકાસ**

**14.3 આર્થિક વિકાસ એટલે**

**14.4 આર્થિક વિકાસના નિર્દેશકો**

**14.5 અર્થવ્યવસ્થાના ક્ષેત્રો**

**14.6 ઉપસંહાર**

**14.7 તમારી પ્રગતિ ચકાસો**

**14.8 ચાવીરૂપ શબ્દો**

**14.9 સંદર્ભ સૂચિ**


## 14.0 એકમનાં હેતુઓ

વિદ્યાર્થી મિત્રો આ એકમને સમજ્યા બાદ તમે,

- પરીવર્તન અને માપન વિશે માહિતી મેળવી શકશો.

## 14.1 પ્રસ્તાવના

સમાજકાર્ય એ દરેક પ્રકારના એવા શાસ્ત્ર સાથે જોડાયેલ છે જેમાં માનવી ને લગતી બાબતોનો સમાવેશ થાય છે. સમાજકાર્ય એ દરેક શાસ્ત્રના ઉપયોગ દ્વારા માનવીય સમસ્યાઓનુ સમાધાન કરે છે. માટે સમાજકાર્ય સીધી કે આડકતરી રીતે અર્થશાસ્ત્ર, રાજયશાસ્ત્ર વગેરે જેવા શાસ્ત્રો સાથે જોડાયેલા હોય છે. અનેક મનો સામાજીક સમસ્યાઓના મૂળમાં આર્થિક કારણોની ભૂમિકા સાપેક્ષ રીતે મહત્ત્વપૂર્ણ હોય છે. આ દ્રષ્ટીએ અર્થશાસ્ત્રમાંથી મળેલ જ્ઞાન સમાજકાર્યમાં ઉપયોગી બને છે.

અર્થશાસ્ત્ર એ સંપતિનુ શાસ્ત્ર ગણવામાં આવે છે. જેમાં સંપતિની વહેંચણી, ઉત્પાદન, વિનીમય અને વપરાશનો અભ્યાસ કરવામાં આવે છે.

અર્થશાસ્ત્ર શબ્દ ગ્રીક શબ્દ Oikonomos પરથી ઉતરી આવ્યો છે. અર્થશાસ્ત્ર શબ્દનો સાદો અર્થ ‘અર્થ’નું શાસ્ત્ર છે. સંસ્કૃતમાં ‘અર્થ’ શબ્દ અનેક રીતે પ્રયોજાયો છે. જેમાંનો એક છે ‘ઉદેશ્ય’ ‘કશુંક મેળવવું’ જે આધુનિક અર્થ સાથે વધારે સુસંગત છે.

ભારતમાં સભ્યતા અને સંસ્કૃતિનો ઈતિહાસ આશરે પાંચ હજાર વર્ષથી પણ વધુ જૂનો છે, ભારતીય તત્ત્વચિંતનમાં માનવજીવનમાં વિવિધ પાસનો અભ્યાસ અને માર્ગદર્શન જોવા મળે છે. જે મુજબ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થ છે જે માણસે કરવાના છે. માનવજીવનના આ ચાર મુખ્ય ઉદેશ્ય છે. જેમાંથી ‘અર્થ’ માટે કરવામાં આવતી પ્રવૃતિ સાથે

અર્થશાસ્ત્રનો સીધો સંબંધ છે. 'કશુંક મેળવવાની' અપેક્ષા સાથે થતી પ્રવૃતિને 'અર્થપૂર્ણ' પ્રવૃતિ કહે છે.

2500 વર્ષ પહેલા 'અર્થશાસ્ત્ર' નામના પોતાના પુસ્તકમાં કૌટિલ્ય દ્વારા માનવીની આર્થિક પ્રવૃતિ માટેનું ચિંતન રજૂ કર્યું હતું. પંડિત રુદ્રપ્રતાપ શ્યામશાસ્ત્રીએ કૌટિલ્યનું 'અર્થશાસ્ત્ર' પુસ્તક મૈસુર રાજ્યની ઓરિએન્ટલ લાઈબ્રેરીમાંથી મેળવી ઇ.સ. 1909માં આ પુસ્તકનું સંસ્કૃત સંસ્કરણમાં આનુવાદ અને સંપાદન કરી પ્રકાશિત કર્યું.

## 14.2 આર્થિક વિકાસ

પ્રત્યેક વ્યક્તિની પ્રત્યેક સવાર અલગ અલગ હોય છે. કેટલાક લોકો ભૌતિક સુખ સુવિધાથી ભરપૂર જીવન જીવે છે. પરંતુ વિશ્વની મોટાભાગની વસતી જીવન અસ્તિત્ત્વ ટકાવી રાખવા સંઘર્ષ કરતી જોવા મળે છે. આ ગરીબ તરીકે ઓળખાતા લોકો માટે ભૌતિક સુખ, સુવિધા કે આરામ એ કલ્પનાનો વિષય છે. આવી પરિસ્થિતિ કેવી રીતે ઉદ્ભવી ? આ પરિસ્થિતિમાંથી બહાર કેવી રીતે નીકળવું ? વગેરે જેવા પ્રશ્નોનો ઉત્તર છે.

આજના આધુનિક યુગમાં વિશ્વનો પ્રત્યેક દેશ વિકાસ માટે પ્રયત્ન કરે છે. પરંતુ, વિકાસ એ માત્ર આર્થિક જ નહિ, અનેક પાસાં ધરાવતી સામાજિક પરિવર્તનની પ્રક્રિયા છે.

આર્થિક વિકાસ એ કોઈ પણ દેશની રાષ્ટ્રીય આવકમાં થતો સતત વધારો દર્શાવે છે.

## 14.3 આર્થિક વિકાસ એટલે :

- દેશની રાષ્ટ્રીય આવકમાં સતત વધારો થવો.
- દેશની માથાદીઠ આવકમાં વધારો થવો.
- લોકોના જીવન ધોરણમાં સુધારો થવો.

આ બાબતને આર્થિક વિકાસ કહેવામાં આવે છે. દેશની કુલ આવકને 'રાષ્ટ્રીય આવક' કહેવામાં આવે છે. દેશની કુલ રાષ્ટ્રીય આવકને દેશની કુલ વસતી વડે ભાગવાથી 'માથાદીઠ આવક' પ્રાપ્ત થાય છે. જ્યારે જીવનધોરણમાં લોકોને પ્રાપ્ત થતી સગવડો જેવી કે અનાજ, કપડાં, શિક્ષણ, આરોગ્ય, વાહન-વ્યવહારની સુવિધા અને રહેઠાણની સુવિધાનો સમાવેશ થાય છે. ભારતમાં આઝાદી પછી રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકમાં વધારો થવાથી અનાજ, કપડાં, વીજળી, શિક્ષણ, આરોગ્ય, રહેઠાણ વગેરે સેવાઓના વપરાશ અને સુવિધાઓમાં વધારો થયો છે. અગાઉની સરખામણીમાં ઉપરોક્ત જરૂરિયાતો વધુ સારી રીતે સંતોષાય છે. આથી કહી શકાય કે ભારતમાં આર્થિક વિકાસ થઈ રહ્યો છે.

## 14.4 વિકાસના નિર્દેશકો (Indicators of Development)

દેશમાં આર્થિક વિકાસ થયો છે કે કેમ ? જો થયો હોય તો કેટલી ઝડપથી થયો છે ? દેશમાં આર્થિક વિકાસની કક્ષા કેટલી છે ? તે જાણવા અને તેનું માપ કાઢવા માટે કેટલાંક પરિબળોને ધ્યાનમાં લેવા પડે છે. આવાં પરિબળો કે બાબતોને આર્થિક વિકાસનાં નિર્દેશકો, માપદંડો કે ધોરણો તરીકે ઓળખવામાં આવે છે. આર્થિક વિકાસનો દર અને આર્થિક વિકાસની કક્ષાને માપનાર આ પરિબળો એવાં છે કે તેમને સંખ્યા કે આંકડામાં રજૂ કરી શકાય છે. તેથી આર્થિક વિકાસના નિર્દેશકો દ્વારા બે સમયગાળા વચ્ચેના, બે દેશો કે રાજ્યોના આર્થિક વિકાસની તુલના થઈ શકે છે. જેમ થરમૉમિટર શરીરના તાપમાનમાં થયેલા ફેરફારને માપે છે, નોંધે છે તેમ આ પરિબળો દેશના વિકાસને માપે છે. આર્થિક વિકાસના કેટલાક નિર્દેશકો નીચે મુજબના છે :

(1) રાષ્ટ્રીય આવકનો વૃદ્ધિ-દર

(2) માથાદીઠ આવકનો વૃદ્ધિ-દર

(3) જીવનની ભૌતિક ગુણવત્તા અને તેનો આંક (PQLI)

(4) માનવવિકાસનો આંક (HDI).

**રાષ્ટ્રીય આવકનો વૃદ્ધિ-દર (Growth Rate of National Income) :**

આ નિર્દેશક મુજબ જો દેશની વાસ્તવિક રાષ્ટ્રીય આવકમાં લાંબા ગાળા સુધી સતત વધારો થઈ રહ્યો હોય તો આર્થિક વિકાસ થયો છે તેમ ગણાય. જો રાષ્ટ્રીય આવક ઊંચા દરે વધી હોય તો વિકાસનો દર ઊંચો ગણાય અને જો રાષ્ટ્રીય આવક નીચા દરે વધી હોય તો આર્થિક વિકાસનો દર મંદ ગણાય છે. અને જો રાષ્ટ્રીય આવકમાં વધારો ન થતો હોય તો તે સ્થગિતતાની અવસ્થા દર્શાવે છે. જો રાષ્ટ્રીય આવકમાં ઘટાડો થતો હોય તો તે આર્થિક વિકાસની પીછેહઠની સ્થિતિ ગણાશે. આ માપદંડ પ્રમાણે નાણાકીય આવક નહિ પણ વાસ્તવિક આવક ધ્યાનમાં લેવાની હોવાથી રાષ્ટ્રીય આવકની બજારભાવે નહિ પરંતુ સ્થિર ભાવે ગણતરી કરવામાં આવે છે.

મર્યાદાઓ : આમ છતાં રાષ્ટ્રીય આવકને વિકાસના એક નિર્દેશક તરીકે સ્વીકારવામાં કેટલીક મર્યાદાઓ રહેલી છે, જે નીચે મુજબની છે :

(1) રાષ્ટ્રીય આવકની ગણતરીની મુશ્કેલી : બેવડી ગણતરી, સ્વ-વપરાશની વસ્તુઓ, ઘસારો જાણવાની મુશ્કેલી, ગેરકાયદેસર આવક, કર ટાળો, કરચોરી જેવી પ્રવૃત્તિ, સાટા પદ્ધતિ, નિરક્ષરતા, એક કરતા વધારે વ્યવસાયમાં રોકાયેલા લોકો જેવાં કારણોસર દેશની રાષ્ટ્રીય આવક અને તેનો સાચો વૃદ્ધિ-દર જાણી શકાતો નથી તેથી રાષ્ટ્રીય આવક સાચો માપદંડ ગણાય નહિ.

**માથાદીઠ આવકનો વૃધ્ધિ-દર**

આ નિર્દેશક મુજબ જો દેશની માથાદીઠ વાસ્તવિક આવકમાં લાંબા ગાળા સુધી સતત વધારો થતો રહે તો આર્થિક વિકાસ થયો છે તેમ કહેવાય. અહીં માથાદીઠ આવક એટલે સરેરાશ માથાદીઠ આવક, દેશની કુલ રાષ્ટ્રીય આવકને વસ્તીના કુલ પ્રમાણ વડે ભાગતા જે સરેરાશ આવક આવે તે માથાદીઠ આવક છે. આમ, આ નિર્દેશક દેશની વસ્તીને પણ ધ્યાનમાં લે છે અને તે દ્રષ્ટિએ તે રાષ્ટ્રીય આવકના નિર્દેશક કરતાં ચઢિયાતો છે. સંયુક્ત રાષ્ટ્રસંઘના નિષ્ણાતો માથાદીઠ આવકના નિર્દેશકને સ્વીકારવાની હિમાયત કરે છે. રાષ્ટ્રીય આવકની જેમ માથાદીઠ આવક વધારે હોય અને વધવાનો દર ઊંચો હોય તે દેશનો વિકાસનો દર ઊંચો ગણાય. જો માથાદીઠ આવક નીચા દરે વધે તો વિકાસનો દર નીચો ગણાય અને જો માથાદીઠ આવકમાં વધારો ન થતો. હોય તો વિકાસમાં સ્થગિતતાની સ્થિતિ આવી છે તેમ કહેવાય. જો કોઈ દેશની માથાદીઠ આવક ઘટતી હોય તો વિકાસની પીછેહઠની સ્થિતિ દર્શાવે છે.

**માથાદીઠ આવકના નિર્દેશકની મર્યાદાઓ નીચે મુજબ છે :**

(1) માત્ર અંદાજો : દેશની રાષ્ટ્રીય આવક દર વર્ષે ગણાય છે તેથી તેના આંકડા આપણને લગભગ સાચા મળી રહે છે. પરંતુ દેશની વસ્તી દર વર્ષે ગણાતી નથી. ભારતમાં વસ્તી-દર 10 વર્ષે ગણાય છે. એટલે કે બાકીનાં વર્ષોમાં વસ્તીના આંકડાના માત્ર અંદાજો બાંધવામાં આવે છે. તેથી સાચી માથાદીઠ આવક મળતી નથી.

(2) રાષ્ટ્રીય આવક-માથાદીઠ આવક ગણવાની મુશ્કેલી : રાષ્ટ્રીય આવક ગણવાની મુશ્કેલી

આપણે જોઈ ગયાં તેવી રીતે માથાદીઠ આવક ચાલુ ભાવે ગણવી કે સ્થિર ભાવે ગણવી તેની મુશ્કેલીને કારણે સાચી સ્થિતિ જાણી શકાતી નથી.

(3) માથાદીઠ આવક માત્ર સરેરાશ દર્શાવે છે : માથાદીઠ આવક એ માત્ર સરેરાશ આવક દર્શાવે છે. આ સરેરાશના આધારે કોઈ નિર્ણય ના લઈ શકાય કે દેશોના વિકાસની કક્ષા જાણી શકાય નહિ. જો માથાદીઠ આવક વધે અને દેશોમાં આવકની વહેંચણી સમાન રીતે થાય તો જ આર્થિક વિકાસ થયો છે તેમ કહેવાય. જો વહેંચણી અસમાન થયેલી હોય તો આર્થિક વિકાસ થયો નથી તેમ કહેવાય. તેથી પણ માથાદીઠ આવકરૂપી નિર્દેશક ખામીભરેલો ગણાય છે.

(4) સરખામણીની મુશ્કેલી : દુનિયાના દેશોની માથાદીઠ આવક જે-તે દેશના ચલણમાં દર્શાવેલ હોય છે. તેને પ્રથમ અમેરિકન ડૉલરમાં ફેરવવી પડે ત્યાર બાદ સરખામણી કરી શકાય કે કયા દેશનો આર્થિક વિકાસનો દર ઊંચો કે નીચો છે. દુનિયાના દેશોએ પોતાના હૂંડિયામણ દરો ઉપર અનેક જાતના અંકુશો મૂકેલાં હોવાથી તેમનો સાચો વિનિમય-દર જાણી શકાતો નથી તેથી દેશોની સાચી સરખામણી થઈ શકતી નથી.

(5) ભ્રામક નિર્દેશક છેઃ માથાદીઠ આવક જેટલી આવક દેશના બધા નાગરિકોને મળે છે તેવું નથી હોતું. માથાદીઠ આવકનો નિર્દેશક જેટલું નિર્દેશ કરે છે તેના કરતા છુપાવે છે વધારે તેથી તે સાચો નિર્દેશક નથી.

**જીવનની ભૌતિક ગુણવત્તામાં સુધારણા :**

આર્થિક વિકાસનો હેતુ હંમેશાં લોકોના જીવનધોરણમાં સુધારો કરવાનો હોય છે. તેથી કોઈ પણ દેશમાં આર્થિક વિકાસ થયો છે તે બીજા દેશો કરતાં કેટલો વધારે કે ઓછો છે તે માપવા માટે માનવજીવનની ભૌતિક ગુણવત્તાનો નિર્દેશક સ્વીકારવામાં આવે છે.

જીવનની ભૌતિક ગુણવત્તા એટલે શું ? : માનવજીવનની ભૌતિક ગુણવત્તા વિવિધ વસ્તુઓ અને સેવાઓની વપરાશનાં ધોરણો પર આધારિત છે. વપરાશનાં ધોરણો એટલે સમયના કોઈ એક ગાળા દરમિયાન વ્યક્તિ અથવા વ્યક્તિઓના સમૂહ દ્વારા

(1) વપરાશમાં લેવાયેલ ખોરાક, બળતણ તથા અન્ય બિનટકાઉ વસ્તુઓ અને અર્ધ ટકાઉ વસ્તુઓ અને (3) વપરાશમાં લેવાયેલ સેવાઓનો સમૂહ.

(2) વપરાશમાં લેવાયેલ ટકાઉ

આ વપરાશના ધોરણ કે જીવનધોરણ તેમના જીવનની ભૌતિક ગુણવત્તા નક્કી કરે છે. તેથી વપરાશના ધોરણ કે જીવનધોરણને જીવનની ભૌતિક ગુણવત્તા તરીકે ઓળખવામાં આવે છે. દેશના નાગરિકોનું જીવનધોરણ ઊંચું જાય તો જીવનનો ભૌતિક સુધારો થયો છે તેમ કહી શકાય.

જીવનની ભૌતિક ગુણવત્તામાં સમાવિષ્ટ થતી બાબતો : કોઈ એક વર્ષના ગાળામાં દેશના લોકોએ વપરાશમાં લીધેલ વસ્તુઓ અને સેવાઓના સમૂહ માનવજીવનની ભૌતિક ગુણવત્તા નક્કી કરે છે. આ વસ્તુઓ અને સેવાઓમાં મુખ્યત્વે નીચેના ઘટકોનો સમાવેશ થાય છે :

(1) ખોરાક (કૅલરી પ્રોટીન-ચરબી)

(2) આરોગ્ય અને તબીબી સેવાઓ (વસ્તીના એકમ દીઠ ડૉક્ટરનું પ્રમાણ)

(3) રહેઠાણ અને કપડાં (ઓરડાની સંખ્યા, ઓરડા દીઠ સરેરાશ વ્યક્તિ)

(4) શિક્ષણ અને મનોરંજન (કેટલા ટકા વસ્તીને પ્રાથમિક, માધ્યમિક ઉચ્ચતર શિક્ષણ મળે છે. ટીવી, થિયેટર્સ) વગેરે

(5) પરિવહન અને માહિતી પ્રસારણ સેવાઓ વસ્તી દીઠ રસ્તા-રેલવેની લંબાઈ, ટેલિફોન સંખ્યા

(6) ઊર્જાશક્તિ (માથાદીઠ ઊર્જાની વપરાશ)

(7) દેશની વસ્તીને મળતું પીવાનું ચોખ્ખું પાણી

(8) સરેરાશ આયુષ્ય

(9) બાળમૃત્યુનું પ્રમાણ

(10) ડ્રેનેજની સુવિધા

જો ઉપર્યુક્ત 10 બાબતોમાં સુધારો થઈ રહ્યો છે તો દેશમાં માનવજીવનની ભૌતિક ગુણવત્તા સુધરી છે તેમ કહી શકાય. જો સુધારો ન થયો હોય તો કયા ક્ષેત્રમાં સુધારાની જરૂર છે તે જાણી તેના ઉપાયો યોજી દેશના વિકાસને વધારી શકાય છે. માનવજીવનના કોઈ પણ નિર્દેશકને સાપેક્ષ રીતે પણ રજૂ કરી શકાય, સૌથી ઊંચું મૂલ્ય ધરાવતા નિર્દેશકને 100નો આંક અપાય છે. જીવનની ભૌતિક ગુણવત્તા સુધારવા ઉપર વિકાસશીલ દેશો હવે વધારે ધ્યાન આપે છે.

**જીવનની ભૌતિક ગુણવત્તાનો આંક (Physical Quality Of Life Index = PQLI) :**

રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકનો વધારો એ આર્થિક વિકાસનો સાચો નિર્દેશક નથી તેમની અનેક મર્યાદાઓ છે. દેશની વધતી આવક અમુક લોકોના હાથમાં કેન્દ્રિત થાય. તે વિકાસ નથી. દેશનો વિકાસ એવો હોવો જોઈએ જે ગરીબોનાં જીવનધોરણને ઊંચું લાવે. નાગરિકોની પ્રાથમિક જરૂરિયાત સંતોષાય. આ બાબતને ધ્યાનમાં રાખીને મોરીસ ડેવિસ મોરીસે જીવનની ભૌતિક ગુણવત્તાના આંકની રજૂઆત કરી છે. જેને ટૂંકમાં PQLI તરીકે ઓળખવામાં આવે છે. આ આંકમાં માનવજીવનના ભૌતિક ગુણવત્તામાં સુધારાને આર્થિક વિકાસ ગણવામાં આવે છે. જીવનની ભૌતિક ગુણવત્તાની કક્ષા આર્થિક વિકાસની કક્ષા દર્શાવે છે. કોઈ એક દેશ કે રાજ્યમાં બીજા દેશ કે રાજ્યની તુલનામાં માનવજીવનની ભૌતિક ગુણવત્તા ચઢિયાતી હોય તો તેનો અર્થ એવો થાય કે, તે દેશ કે રાજ્યમાં આર્થિક વિકાસની કક્ષા એટલે કે સપાટી ઊંચી છે. ભૌતિક જીવનની ગુણવત્તા માપવા માટે ત્રણ ધોરણો દર્શાવાય છે.

જીવનની ભૌતિક ગુણવત્તાના આંકમા સમાવિષ્ટ - ત્રણ બાબતો (ઘટકો)

શિક્ષણ-પ્રમાણ

દેશમાં સાક્ષરતાનું પ્રમાણ શિક્ષણની સ્થિતિ દર્શાવે છે.

દેશમાં શિક્ષણ મેળવેલી વસ્તીની ટકાવારીના આધારે શિક્ષણનું પ્રમાણ જાણી શકાય છે.

અપેક્ષિત આયુષ્ય

બાળકના જન્મસમયે તે કેટલા વર્ષનું આયુષ્ય ભોગવશે તેની અપેક્ષાને અપેક્ષિત આયુષ્ય કહે છે. જે પ્રજાનું સરેરાશ આયુષ્ય દર્શાવે છે. અપેક્ષિત આયુષ્ય વધે તો આરોગ્યની સેવાઓ સારી છે તેમ કહેવાય.

બાળમૃત્યુ-દર

વર્ષ દરમ્યાન જીવતાં જન્મેલાં દર હજાર બાળકોએ એક વર્ષનું આયુષ્ય પૂર્ણ કર્યા પહેલાં

મૃત્યુ પામતાં બાળકોની સંખ્યાને બાળમૃત્યુ-દર કહે છે. જો બાળમૃત્યુ-દર ઘટે તો દેશમાં આરોગ્યની સગવડતા વધી છે તેમ કહેવાય.

PQLI = શિક્ષણનું પ્રમાણ + અપેક્ષિત આયુષ્યનો આંક + બાળમૃત્યુ-દરનો આક

ત્રણ બાબતો જ કેમ ?

(1) આ ત્રણેય બાબતો અંગેના વિશ્વાસપાત્ર આંકડાઓ દરેક દેશમાં મેળવી શકાય છે.

(2) આ ત્રણેય નિર્દેશકો (પરિબળો) પ્રયત્નો નહિ પરંતુ પરિણામ દર્શાવે છે.

(3) આ ત્રણેય બાબતો વસ્તુલક્ષી હોવાથી કામગીરીની તુલના માટે વ્યાજબી ધોરણો પૂરાં પાડે છે.

શિક્ષણ : જીવનની ભૌતિક ગુણવત્તાનો મહત્ત્વનો માપદંડ છે. શિક્ષણનો વધારો વ્યક્તિના કલ્યાણનો વધારો દર્શાવે છે. વ્યક્તિની કુશળતા અને દેશના વિકાસની આવશ્યક બાબત ગણાય છે.

અપેક્ષિત આયુષ્ય : સામાજિક પરિસ્થિતિ અને સુખાકારીનું પ્રતિબિંબ છે અપેક્ષિત આયુષ્યનો વધારો. પોષણ તબીબી સારવાર તથા પર્યાવરણીય સંજોગોનું પરિણામ કે પ્રતિબિંબ છે.

બાળમૃત્યુ-દર : સામાજિક પરિસ્થિતિ અને સુખાકારીનું પ્રતિબિંબ છે. બાળમૃત્યુ-દર પીવાના સ્વચ્છ પાણી, ઘરનું પર્યાવરણ, મહિલાઓની સ્થિતિ, માતૃત્વની કામગીરીનું સંવેદનશીલ પ્રતિબિંબ છે.

**જીવનના ભૌતિક ગુણવત્તાના આંકની રચના**

- દરેક નિદર્શ (શિક્ષણ, આયુષ્ય, બાળમૃત્યુ-દર)ને 100નો ભાર (weightage) આપવામાં આવે છે.
- દેશની તે નિદર્શની કામગીરીના આધારે 0 થી 100 ના આંકની વચ્ચેના ગુણ મૂકવામાં આવે છે.
- આ ત્રણ બાબતોમાં એ દેશને મળેલા ગુણોનો સરવાળો થાય છે.
- સરવાળાને 3 વડે ભાગીને સરેરાશ કાઢવામાં આવે છે.
- જે આંક મળે તે PQLI ના આંક તરીકે ઓળખાય છે.

**મહત્ત્વની બાબતો**

(1) જેમ દેશનો PQLI 100ની નજીક તે દેશની ઉપર્યુક્ત ત્રણ બાબતો (નિદર્શ)માં કામગીરી ઉત્તમ છે તેમ કહેવાય.

(2) જેમ દેશનો PQLI 0 ની નજીક, તે દેશની ઉપર્યુક્ત ત્રણ બાબતો (નિદર્શ)માં કામગીરી કનિષ્ટ (ઊતરતી કક્ષાની) છે તેમ કહેવાય.

(3) PQLI 0 થી 100ની વચ્ચે હોઈ શકે છે.

(4) PQLI ના આંકથી એક જ દેશનાં બે રાજ્યો કે બે જુદા-જુદા દેશોની તુલના થઈ શકે છે.

(5) જેમ PQLIનો આંક વધારે (ઊંચો) તેમ દેશનો આર્થિક વિકાસ વધારે તેમ કહેવાય.

(6) જેમ PQLIનો આંક નીચો તેમ દેશનો આર્થિક વિકાસ નીચો છે તેમ કહેવાય.

**સકારાત્મક બાબતો :**

(1) PQLI માં માનવજીવનના ધોરણને સ્પર્શતા શિક્ષણ અને આરોગ્ય જેવી બાબતોનો સમાવેશ થાય છે.

(2) માથાદીઠ આવકના નિર્દેશક કરતા PQLI ચઢિયાતા છે.

(3) આર્થિક વિકાસના નિર્દેશક તરીકે PQLI રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવક કરતાં ઓછી મર્યાદાવાળા છે.

(4) PQLI થી જુદા-જુદા દેશો, દેશોનાં જૂથો, એક જ દેશનાં વિવિધ રાજ્યોની તુલના થઈ શકે છે.

(5) શહેરી-ગ્રામીણ, સ્ત્રી-પુરુષના PQLI બનાવી તેમની તુલના થઈ શકે છે.

**મર્યાદાઓ**

1) માત્ર ત્રણ જ બાબતોનો સમાવેશ કર્યો છે અને આ ત્રણ જ બાબતોના આધારે સચોટતાથી દેશોનો વિકાસ થયો છે કે નહિ તે કહી શકાય નહિ. સાચો આંક મેળવવા આ ત્રણ બાબતો સિવાયની બાબતોનો પણ સમાવેશ કરવો જોઈએ.

2) માત્ર સરેરાશ દર્શાવે છે : ત્રણ નિર્દેશકના મળેલા આંકને 3 વડે ભાગવાથી મળતો આંક PQLI છે જે સરેરાશ છે. સરેરાશથી તે દેશની ત્રણ બાબતોમાં અગ્રિમતા કે પછાતતા કહી શકાય નહિ. સરેરાશથી નિર્ણયો લેવાતા નથી.

3) કોઈ દેશનો PQLIનો દર ઊંચો હોય (હાલમાં) તો દેશનો વિકાસ બીજા દેશો કરતા વધારે છે તેમ સામાન્યીકરણ કરી શકાય નહિ.

4) ત્રણ ધોરણને માનવજીવનમાં એકસરખું મહત્ત્વ (100 આંક) અપાય છે જે અયોગ્ય છે. ત્રણેય બાબતો માનવજીવનમાં એકસરખું મહત્ત્વ ધરાવતી નથી.

5) જીવનની ભૌતિક ગુણવત્તા આંકમાં આવકવૃદ્ધિ મહત્ત્વની છે જેની ઉપેક્ષા કરી છે.

6) ધનિક દેશોની PQLI વધવાની ગતિ ધીમી હોય છે કારણ કે સરેરાશ આયુષ્ય અમુક હદથી વધારે વધારી શકાતું નથી.

**આજની સ્થિતિ**

વિશ્વમાં 2003 પછી PQLI ની ત્રણ બાબતોને આધારે બનતા આંકને બદલે તેમાં માનવજીવનને સ્પર્શતી બીજી ત્રણ બાબતોનો સમાવેશ કરીને જીવનની ગુણવત્તાનો આંક (QLI) તૈયાર કરવામાં આવે છે.

**માનવવિકાસ આંક (Human Development Index - HDI):**

વિકાસનો અદ્યતન નિર્દેશક માનવવિકાસ આંક છે. 1990માં સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમમાં (UNDP) દ્વારા માનવવિકાસ અહેવાલ (HDR) રજૂ થયો. આ અહેવાલમાં વિકાસના માપદંડ તરીકે માનવવિકાસનો આંક (HDI) રજૂ કરવામાં આવ્યો. HDIમાં આર્થિક માપદંડોની સાથે બિનઆર્થિક માપદંડ ઉપર વધુ ભાર મૂકવામાં આવ્યો છે. HDI તૈયાર કરવામાં મહત્ત્વની ભૂમિકામાં ભારતના અર્થશાસ્ત્રીનો ફાળો પણ છે. જુદા-જુદા દેશોમાં થતાં વિકાસના પ્રયત્નોનું મૂલ્યાંકન કરીને આંક તૈયાર કરાય છે. 1990 થી HDI ને માપવા માટે જે વિવિધ ન્યૂનતમ અને મહત્તમ મૂલ્યનો ઉપયોગ થતો હતો જેમાં 2010માં સુધારો કરવામાં આવ્યો છે.

**માનવવિકાસના આંકના ઘટકો :**

HDI તૈયાર કરવામાં સુગમ બને એ માટે માત્ર ત્રણ જ પરિબળો ધ્યાનમાં લેવાય છે. આ પરિબળોના આંકની યાદી આપવાને બદલે તેની સરેરાશ ઉપર આધારિત સંયુક્ત આંક તૈયાર કરાય છે : (1) અપેક્ષિત આયુષ્ય (2) શૈક્ષણિક સિદ્ધિઓ (જ્ઞાન)નો આંક સામાજિક સિદ્ધિ દર્શાવે છે જ્યારે (3) જીવનધોરણ દર્શાવતો આવકનો આંક આર્થિક સિદ્ધિઓ દર્શાવે છે.

**અપેક્ષિત આયુષ્ય**

જન્મસમયે વસ્તીનું અપેક્ષિત આયુષ્ય કેટલું છે તેને આધારે આંક અપાય છે. જો 50 વર્ષથી ઓછું આયુષ્ય તો તંદુરસ્તીથી વંચિત ગણાય છે. જેમ આયુષ્યનો આંક ઊંચો તેમ સ્થિતિ સારી માનવામાં આવે છે.

**જ્ઞાન (શિક્ષણ)**

જ્ઞાનનું પ્રમાણ જાણવા પુખ્ત- શિક્ષિતોની ટકાવારી કેટલી છે તે જાણવામાં આવે છે. આમાં 15 વર્ષ અને તેનાથી વધુ ઉંમરની વ્યક્તિના અક્ષરજ્ઞાનને ધ્યાનમાં લેવાય છે. જેમાં બે બાબતોનો સમાવેશ થાય છે :

(A) સ્કૂલિંગના સરેરાશ વર્ષ અને

(B) સ્કૂલિંગનાં અપેક્ષિત વર્ષો દેશમાં શાળા કક્ષા માટે કેટલાં વર્ષ અપેક્ષિત છે તેમાંથી બાળક શાળામાં સરેરાશ કેટલાં વર્ષ ગાળે છે તેના આંક મેળવવામાં આવે છે.

**સારું જીવનધોરણ**

જીવનધોરણ એટલે મળતી સગવડતા જેમાં પીવાનું શુદ્ધ પાણી, આરોગ્યની સેવા, સેનિટેશનની સેવા, બાળમૃત્યુ-દર, ઓછાં વજનવાળાં બાળકોની ટકાવારી, માથાદીઠ દૈનિક કેલરી, 5 વર્ષથી નીચેનાં બાળકોનો મૃત્યુ-દર, પ્રોટીન અને ચરબીની પ્રાપ્તિને જોવાય છે અને સારા જીવનધોરણનો આધાર આવક ઉપર હોય છે. આવકનો સૂચક આંક માથાદીઠ કાચી રાષ્ટ્રીય આવક (GNI), PPP સમખરીદ શક્તિના ધોરણે મપાય છે.

**મુખ્ય બાબતો :**

- ત્રણ ધોરણોને આધારે ગણાતા HDIનું મહત્તમ મૂલ્ય 1 ગણાય છે.
- HDI નું મૂલ્ય 0 થી 1ની વચ્ચે હોય છે.
- જે દેશનો HDI 1ની નજીક તે વધુ વિકસિત ગણાય છે. તેને HDI માં ઊંચો ક્રમ મળે છે.
- જે દેશનો HDI 1 થી દૂર તે ઓછો વિકસિત છે. તેને HDI માં ક્રમ નીચો મળે છે.
- વર્ષ 2014માં દુનિયાના 188 દેશોમાં HDI માં 0.944 આંક સાથે નોર્વે દેશ પ્રથમ ક્રમે અને ભારત 0.609 અંક સાથે 130માં ક્રમે હતો.

2015નો માનવવિકાસનો અહેવાલ અને વિશ્વના દેશો : વર્ષ 2015માં માનવવિકાસનો અહેવાલ (HDR) રજૂ થયો તેમાં વર્ષ 2014માં વિશ્વના દેશોની માનવવિકાસ આંકમાં સ્થિતિ શું હતી તે પૃ. 25 મુજબની અનુસૂચિ દર્શાવે છે.

2015ના HDI ના અહેવાલમાં વિશ્વના 188 દેશોને આવરી લેવામાં આવ્યા છે. માનવવિકાસની દૃષ્ટિએ વિશ્વના દેશોને 4 વિભાગમાં વહેંચાયા છે :

1) સૌથી વધુ માનવવિકાસ ધરાવતાં રાષ્ટ્રો : 1 થી 49 રાષ્ટ્રોનું સરેરાશ માનવવિકાસનું મૂલ્ય 0.890 છે.

2) વધુ માનવવિકાસ ધરાવતાં રાષ્ટ્રો : 50 થી 105 રાષ્ટ્રો સરેરાશ 0.735 HDI

3) મધ્યમ માનવવિકાસ ધરાવતાં રાષ્ટ્રો : 106 થી 143 રાષ્ટ્રો સરેરાશ 0.614 HDI

4) નીચો માનવવિકાસ ધરાવતાં રાષ્ટ્રો : 144 થી 188 રાષ્ટ્રો સરેરાશ 0.493 HDI

**2015 ના માનવ વિકાસના અહેવાલના તારણો**

(1) 2014માં માનવવિકાસની દષ્ટિએ 0.944 ના મૂલ્ય સાથે નોર્વેનો પ્રથમ નંબર છે.

(2) ભારતનો માનવવિકાસ આંક 0.609 છે અને તેનું 188 દેશોમાં 130મું સ્થાન છે.

(3) ભારતનો HDIના વર્ગીકરણમાં મધ્યમ માનવવિકાસના ગ્રૂપમાં સમાવેશ થાય છે.

(4) 2014માં HDIમાં છેલ્લા ક્રમે આફ્રિકા ખંડમાં આવેલ 0.348ના આંક સાથે નાઈઝરનું સ્થાન છે.

**માનવવિકાસ આંકનું મહત્ત્વ :**

1) આર્થિક વિકાસના HDIના માપદંડમાં માત્ર આર્થિક નહિ સામાજિક કલ્યાણના શિક્ષણ અને આરોગ્ય જેવા માપદંડનો પણ સમાવેશ કર્યો છે. તેથી તે પરિપૂર્ણ બને છે.

2) HDI આર્થિકનીતિ ઘડનારાઓને સૂચવે છે કે આર્થિક વિકાસ સાધન છે અને માનવકલ્યાણ અંતિમ ઉદેશ્ય છે.

3) સાચી પ્રગતિ = આર્થિક પ્રગતિ સામાજિક પ્રગતિ હોય છે.

4) HDI વિધેયાત્મક છે. HDI વધે તેનો અર્થ દેશમાં શિક્ષણ અને આરોગ્યની સ્થિતિ સુધરી રહી છે.

5) HDI થી વિકાસમાન દેશોને કયા વિકાસની શક્યતા વધારે છે. ક્યાં સરકારે વધારે કામ કરવાનું છે તેનો ખ્યાલ આવે છે.

6) HDI વધારે પ્રગતિશીલ ખ્યાલ છે.

**મર્યાદાઓ**

(1) HDI માં ત્રણ જ સામાજિક નિર્દેશકોનો સમાવેશ કરાયો છે, જે ઓછા છે. બીજા સામાજિક નિર્દેશકોનો સમાવેશ કરવો જોઈતો હતો.

(2) HDI માં ત્રણેય પરિબળોને સરખું મહત્ત્વ અપાયું છે. ખરેખર ત્રણેયનું જુદી-જુદી પરિસ્થિતિમાં જુદું- જુદું મહત્ત્વ હોય છે.

(3) માનવવિકાસનો આંક નિરપેક્ષ સ્થિતિ દર્શાવતો નથી. કોઈ એક દેશ અન્ય દેશોની તુલનાએ કયા સ્થાને છે તે દર્શાવવામાં આવે છે, જેમાં સાપેક્ષ પ્રગતિ જ દર્શાવાય છે.

## 14.5 અર્થવ્યવસ્થાના ક્ષેત્રો

પ્રત્યેક અર્થવ્યવસ્થાની પ્રણાલી ગમે તે હોય, તેની આર્થિક પ્રવૃતિઓને નીચે મુજબ ત્રણ ક્ષેત્રોમાં વહેચવામાં આવે છે.

## 14.6 તમારી પ્રગતિ ચકાસો

1. અર્થશાસ્ત્ર શબ્દ કઇ ભાષા પરથી ઉતારી આવ્યો છે ?

(અ) લેટિન (બ) હિબ્રૂ

(ક) ડચ (ડ) ગ્રીસ

2. નીચેનામથી કયું વિકાસનું નિર્દેશક નથી ?

(અ) કુટુંબના સભ્યોની સંખ્યા (બ) રાષ્ટ્રીય આવકનો વૃદ્ધિ-દર

(ક) માથાદીઠ આવકનો વૃદ્ધિ-દર (ડ) માનવવિકાસનો આંક (HDI)

3. "અર્થશાસ્ત્ર" નામનું પુસ્તક ક્યાં વ્યક્તિ દ્વારા લખવામાં આવ્યું છે ?

(અ) ચાણક્ય (બ) રવિન્દ્રનાથ ટાગોર

(ક) સુરેન્દ્રનાથ બેનર્જી (ડ) ઉપરોક્ત એક પણ નહીં

4. અર્થવ્યવસ્થાના ક્ષેત્રોમાથી દ્વિતીય ક્ષેત્રનું ઉદાહરણ આપો

(અ) બેંકિંગ વીમો (બ) ખાણકામ

(ક) પશુપાલન (ડ) કૃષિ

5. અર્થવ્યવસ્થાના મુખ્ય કેટલા ક્ષેત્રો છે ?

(અ) એક (બ) બે

(ક) ત્રણ (ડ) ચાર

- જવાબો 1(ડ), 2(અ), 3(અ), 4(બ), 5(ક)

## 14.7 ચાવીરૂપ શબ્દો

- આર્થિક વિકાસ : આર્થિક વિકાસ એ બહુપરિમણીય પ્રક્રિયા છે.
- જીવનધોરણ : નાગરિકોને પ્રાપ્ત થતી સુવિધાઓ જેમાં પાણી-વીજળી-ડ્રેનેજ-મકાન-વહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, આરોગ્ય સુવિધા, પ્રોટીન અને ચરબીનો સમાવેશ થાય છે.

## 14.8 સંદર્ભ સૂચિ


- દેસાઇ, ન. અર્થશાસ્ત્રઃ સંકલન અને વ્યાખ્યાઓ.
- પટેલ, બી. આર. ગુજરાતનું આર્થિક વિકાસ
- Smith, A. (2003). The Wealth of Nations(E. Cannan, Ed.). Liberty Fund.(Original work published 1776)
- Datt, R., & Sundaram, K.P. (2020). Indian Economy (77th ed). S. Chand Publishing.

એકમ 15

# આર્થિક આયોજન, ઉદ્દેશ્યો અને નવી આર્થિક નીતિઓ

-: રૂપરેખા :-


15.0 એકમનાં હેતુઓ

15.1 પ્રસ્તાવના

15.2 અધ્યયનના હેતુઓ

15.3 આર્થિક પદ્ધતિયોને અર્થ

15.4 આર્થિક પદ્ધતિયોને લક્ષણો

15.5 આર્થિક પદ્ધતિયોને પ્રકારો

15.6 આર્થિક પદ્ધતિયોને કાર્યો

15.7 સામાજિક નીતિ

15.8 સામાજિક નીતિ ની વ્યાખ્યા

15.9 સામાજિક નીતિ ની હેતુઓ

15.10 સામાજિક વિકાસ

15.11 ઉપસંહાર

15.12 તમારી પ્રગતિ ચકાસો

15.13 ચાવીરૂપ શબ્દો

15.14 સંદર્ભ સૂચિ


## 15.0 એકમનાં હેતુઓ

વિદ્યાર્થી મિત્રો આ એકમને સમજ્યા બાદ તમે,

1. આર્થિક આયોજનની ઊંડાણપૂર્વકની સમજ પૂરી પાડવી.
2. આર્થિક આયોજનના ઐતિહાસિક ઉત્ક્રાંતિ અને મહત્ત્વને અન્વેષણ કરવા.
3. વિવિધ પ્રકારના આર્થિક આયોજનનું વિશ્લેષણ કરવા.
4. નવી આર્થિક નીતિઓ જેમ કે ઉદારીકરણ, ખાનગીકરણ, વૈશ્વિકીકરણ, નાણાકીય ક્ષેત્રના સુધારા, નાણાકીય નીતિ, કર સુધારણા અને ટકાઉ વિકાસની તપાસ કરવા.
5. અર્થતંત્ર પર આ નીતિઓની અસરનું મૂલ્યાંકન કરવા.

## 15.1 પ્રસ્તાવના

આર્થિક આયોજન રાષ્ટ્રીય વિકાસ વ્યૂહરચનાનો પાયાનો પથ્થર છે, ખાસ કરીને વિકાસશીલ દેશોમાં, જ્યાં તે આર્થિક પરિવર્તન અને સામાજિક પ્રગતિને માર્ગદર્શન આપવા માટે એક શક્તિશાળી સાધન તરીકે સેવા આપે છે. આર્થિક આયોજનની વિભાવના 20મી

સદીની શરૂઆતમાં ઉભરી આવી હતી, જે લેસેઝ-ફેર અર્થશાસ્ત્રની નિષ્ફળતાઓને સંબોધવાની જરૂરિયાત દ્વારા સંચાલિત હતી, જે તે સમયની આર્થિક કટોકટી દ્વારા સ્પષ્ટપણે પ્રકાશિત કરવામાં આવી હતી. પ્રથમ વિશ્વયુદ્ધની વિનાશ અને 1930 ના દાયકાના અનુગામી વૈશ્વિક મંદીએ અનિયંત્રિત બજારોની મર્યાદાઓને રેખાંકિત કરી અને આર્થિક બાબતોમાં રાજ્યના હસ્તક્ષેપ માટે એક આકર્ષક કેસ બનાવ્યો.

સોવિયેત યુનિયન એક વ્યાપક આર્થિક આયોજન પ્રણાલીનો અમલ કરનાર પ્રથમ રાષ્ટ્રોમાંનું એક હતું, જેણે 1928માં તેની પ્રારંભિક પંચ-વર્ષીય યોજના શરૂ કરી હતી. જોસેફ સ્ટાલિનના નેતૃત્વ હેઠળ, સોવિયેત સરકારે રાષ્ટ્રનું ઝડપથી ઔદ્યોગિકીકરણ અને આર્થિક આત્મનિર્ભરતા હાંસલ કરવાનો હેતુ રાખ્યો હતો. મોટે ભાગે સંસાધનો અને ઉત્પાદનના રાજ્ય નિયંત્રણ દ્વારા. કેન્દ્રીય આયોજનનું આ મોડલ સોવિયેત યુનિયનની આર્થિક પ્રણાલીનો પર્યાય બની ગયું હતું, જ્યાં સરકારે કૃષિ ઉત્પાદનથી લઈને ભારે ઉદ્યોગ સુધીના અર્થતંત્રના તમામ પાસાઓનું ઝીણવટપૂર્વક આયોજન કર્યું હતું. પરિણામો, જો કે મહાન માનવ અને સામાજિક ખર્ચે પ્રાપ્ત થયા હતા, તે ઝડપી ઔદ્યોગિક વિકાસ અને આર્થિક વિસ્તરણના સંદર્ભમાં પ્રભાવશાળી હતા.

સોવિયેત અનુભવથી પ્રેરિત, અન્ય રાષ્ટ્રોએ, ખાસ કરીને વિકાસશીલ વિશ્વમાં, તેમના પોતાના રાષ્ટ્રીય વિકાસને આગળ ધપાવવા માટે આર્થિક આયોજનને અપનાવ્યું. બીજા વિશ્વયુદ્ધ પછીના યુગમાં એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકામાં નવા સ્વતંત્ર રાષ્ટ્રોની લહેર જોવા મળી, જેમાંથી ઘણા તેમની આર્થિક સ્વતંત્રતાનો દાવો કરવા અને સંસ્થાનવાદી શોષણના વારસાથી મુક્ત થવા આતુર હતા. આ સંદર્ભોમાં આર્થિક આયોજનને વસાહતી શાસનમાંથી વારસામાં મળેલી માળખાકીય નબળાઈઓ, જેમ કે મોનોકલ્ચર કૃષિ પર નિર્ભરતા, ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો અભાવ અને વ્યાપક ગરીબીને સંબોધવા માટે આવશ્યક માનવામાં આવતું હતું.

ભારત એક વિકાસશીલ દેશના મુખ્ય ઉદાહરણ તરીકે ઊભું છે જેણે 1947માં આઝાદી મેળવ્યા પછી તરત જ આર્થિક આયોજનને અપનાવ્યું હતું. આત્મનિર્ભર અને વૈવિધ્યસભર અર્થવ્યવસ્થાના નિર્માણની જરૂરિયાતને ઓળખીને, ભારત સરકારે 1950 માં આયોજન પંચની સ્થાપના કરી અને પાંચ શ્રેણીની શ્રેણી શરૂ કરી. 5-વર્ષીય યોજનાઓ. આ યોજનાઓ ઔદ્યોગિકીકરણ, કૃષિ વિકાસ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિસ્તરણ પર મજબૂત ફોકસ સાથે ભારતના આર્થિક માર્ગને આકાર આપવામાં મહત્ત્વની હતી. પ્રારંભિક યોજનાઓ પ્રવર્તમાન માન્યતાને પ્રતિબિંબિત કરે છે કે ઝડપી આર્થિક વૃદ્ધિ અને સામાજિક વિકાસ હાંસલ કરવા માટે રાજ્યની આગેવાની હેઠળનું રોકાણ અને હસ્તક્ષેપ નિર્ણાયક છે.

ચીને, માઓ ઝેડોંગ હેઠળ, તે જ રીતે કેન્દ્રિય આર્થિક આયોજન અભિગમ અપનાવ્યો, 1953 માં તેની પ્રથમ પંચ-વર્ષીય યોજના શરૂ કરી. ચીની મોડેલ, કેટલીક બાબતોમાં અલગ હોવા છતાં, આર્થિક પ્રવૃત્તિઓને દિશામાન કરવા અને રાષ્ટ્રીય ઉદ્દેશ્યો પ્રાપ્ત કરવા માટે રાજ્ય શક્તિનો ઉપયોગ કરવાના મૂળભૂત સિદ્ધાંતને વહેંચે છે. ચીની સરકારે ભારે ઉદ્યોગ અને સામૂહિક કૃષિને પ્રાથમિકતા આપી, રાષ્ટ્રને મૂડીવાદી પશ્ચિમ સાથે સ્પર્ધા કરવા સક્ષમ સમાજવાદી અર્થતંત્રમાં પરિવર્તિત કરવાનું લક્ષ્ય રાખ્યું. આ નીતિઓ સાથે સંકળાયેલા પડકારો અને આંચકો હોવા છતાં, આર્થિક આયોજન માટે ચીનની પ્રતિબદ્ધતાએ વૈશ્વિક આર્થિક પાવરહાઉસ તરીકે દેશના ઉદય માટે પાયો નાખ્યો.

વિકાસશીલ દેશોમાં આર્થિક આયોજનનું મહત્ત્વ માત્ર આર્થિક વૃદ્ધિથી આગળ વધે છે. આ રાષ્ટ્રોએ ઘણીવાર ગરીબી, નિરક્ષરતા અને અપૂરતી આરોગ્યસંભાળ સહિતના ગંભીર

સામાજિક પડકારોનો સામનો કરવો પડ્યો હતો. આર્થિક આયોજને સ્પષ્ટ ઉદ્દેશ્યો નક્કી કરીને, સંસાધનની ફાળવણીને પ્રાથમિકતા આપીને અને સમયાંતરે પ્રગતિનું નિરીક્ષણ કરીને આ મુદ્દાઓને ઉકેલવા માટે એક સંરચિત અભિગમ પૂરો પાડ્યો છે. ઘણા કિસ્સાઓમાં, ખાસ કરીને સારી રીતે કાર્યરત બજારોની ગેરહાજરીમાં, અલ્પવિકાસની જટિલ અને આંતરસંબંધિત સમસ્યાઓને ઉકેલવા માટે આયોજનને એકમાત્ર વ્યવહારુ માર્ગ તરીકે જોવામાં આવતું હતું.

દાખલા તરીકે, ભારતમાં, ગરીબી ઘટાડવા અને જીવનધોરણ સુધારવાની તાત્કાલિક જરૂરિયાતને સંબોધવા માટે આર્થિક આયોજન નિર્ણાયક હતું. સરકારની યોજનાઓમાં ગ્રામીણ વિકાસ, શિક્ષણ અને આરોગ્ય માટેની વ્યાપક વ્યૂહરચનાઓનો સમાવેશ થાય છે, જેનો હેતુ સમાજના સૌથી નબળા વર્ગોના ઉત્થાનનો છે. આ ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરીને, આર્થિક આયોજને વ્યાપક-આધારિત વિકાસ માટે એવી પરિસ્થિતિઓ બનાવવાની કોશિશ કરી કે જેનાથી માત્ર અમુક વિશેષાધિકારોને બદલે સમગ્ર વસ્તીને ફાયદો થાય.

તેવી જ રીતે, અન્ય વિકાસશીલ દેશોમાં આર્થિક આયોજન ઘણીવાર આત્મનિર્ભરતા હાંસલ કરવા તરફ ધ્યાન દોરતું હતું, ખાસ કરીને ખાદ્ય ઉત્પાદન અને ઔદ્યોગિક માલસામાનમાં. આ આર્થિક નબળાઈઓનો પ્રતિભાવ હતો જેનો આમાંથી ઘણા દેશોએ સામનો કર્યો હતો, જેમ કે આવશ્યક ચીજવસ્તુઓ માટે આયાત પર નિર્ભરતા અને અસ્થિર વૈશ્વિક બજારોના સંપર્કમાં. સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપીને અને વિદેશી ચીજવસ્તુઓ પર નિર્ભરતા ઘટાડીને, આર્થિક આયોજનનો ઉદ્દેશ્ય રાષ્ટ્રીય અર્થતંત્રોને મજબૂત કરવાનો અને બાહ્ય આંચકાઓ સામે તેમની સ્થિતિસ્થાપકતા વધારવાનો છે.

જો કે, જેમ જેમ વૈશ્વિક આર્થિક લેન્ડસ્કેપ વિકસિત થયો, તેમ તેમ આર્થિક આયોજન તરફનો અભિગમ પણ વધ્યો. 20મી સદીના ઉત્તરાર્ધમાં સોવિયેત યુનિયનના પતન, બજાર-લક્ષી અર્થતંત્રોની સફળતા અને વૈશ્વિકીકરણના દબાણને કારણે વિશ્વભરમાં આર્થિક નીતિઓમાં નોંધપાત્ર પરિવર્તન જોવા મળ્યું હતું. આ પાળીએ ઘણા દેશોમાં પરંપરાગત આર્થિક આયોજનના અંતની શરૂઆત તરીકે ચિહ્નિત કર્યું, કારણ કે સરકારોએ ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણ દ્વારા લાક્ષણિકતા ધરાવતી નવી નીતિઓ અપનાવવાનું શરૂ કર્યું.

ઉદારીકરણમાં અર્થતંત્ર પર રાજયના નિયંત્રણને ઘટાડવાનો સમાવેશ થાય છે, જે બજાર દળોને કિંમતો, ઉત્પાદન અને રોકાણ નક્કી કરવામાં વધુ ભૂમિકા ભજવવાની મંજૂરી આપે છે. ખાનગીકરણમાં રાજય-માલિકીના સાહસોની માલિકી અને સંચાલન ખાનગી ક્ષેત્રને સ્થાનાંતરિત કરવામાં આવે છે, એવી અપેક્ષા સાથે કે ખાનગી સંસ્થાઓ વધુ કાર્યક્ષમ અને નફાકારક રીતે કાર્ય કરશે. વૈશ્વિકરણ, તે દરમિયાન, દેશોને તેમની અર્થવ્યવસ્થાને આંતરરાષ્ટ્રીય વેપાર અને રોકાણ માટે ખોલવા માટે પ્રોત્સાહિત કરે છે, જેનાથી આર્થિક પરસ્પર નિર્ભરતામાં વધારો થાય છે અને તકનીકી અને વિચારોનો પ્રસાર થાય છે.

આ નવી આર્થિક નીતિઓ કેન્દ્રિય આયોજનના સિદ્ધાંતોમાંથી મૂળભૂત પ્રસ્થાનનું પ્રતિનિધિત્વ કરે છે. જયારે આર્થિક આયોજન એવી માન્યતાથી ચાલતું હતું કે રાજય અર્થવ્યવસ્થાને પ્રત્યક્ષ હસ્તક્ષેપ દ્વારા શ્રેષ્ઠ રીતે સંચાલિત કરી શકે છે, નવી નીતિઓ એ વિચાર પર આધારિત હતી કે બજારો, જો યોગ્ય રીતે નિયમન કરવામાં આવે તો, સંસાધનોની વધુ કાર્યક્ષમતાથી ફાળવણી કરી શકે છે અને આર્થિક વૃદ્ધિને આગળ વધારી શકે છે. આ નીતિઓ તરફનું પરિવર્તન વિવાદ વિનાનું નહોતું, કારણ કે તે ઘણીવાર નોંધપાત્ર સામાજિક અને આર્થિક ઉથલપાથલ તરફ દોરી જાય છે, ખાસ કરીને એવા દેશોમાં કે જેઓ ઉદારીકરણ અને વૈશ્વિકીકરણ દ્વારા લાવવામાં આવેલા ઝડપી ફેરફારો માટે સંપૂર્ણપણે તૈયાર ન હતા.

આ પડકારો હોવા છતાં, નવી આર્થિક નીતિઓએ વૈશ્વિક અર્થતંત્ર પર ઊંડી અસર કરી છે. ભારત અને ચીન જેવા દેશોમાં, ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણને અપનાવવાથી નોંધપાત્ર આર્થિક વૃદ્ધિ અને ગરીબી ઘટાડવામાં ફાળો મળ્યો છે, જોકે લાભો સમાનરૂપે વહેંચવામાં આવ્યા નથી. બજાર-લક્ષી નીતિઓ તરફના પરિવર્તનને કારણે વૈશ્વિક અર્થતંત્રમાં વિકાસશીલ દેશોનું વધુ એકીકરણ થયું છે, જેમાં વેપાર, રોકાણ અને તકનીકી સ્થાનાંતરણ માટે નોંધપાત્ર અસરો છે.

આ મોડ્યુલ આર્થિક આયોજનના ઐતિહાસિક ઉત્ક્રાંતિને ટ્રેસ કરીને, વિકાસશીલ દેશોના સંદર્ભમાં તેના મહત્ત્વની તપાસ કરીને અને વૈશ્વિક ફેરફારોના પ્રતિભાવમાં નવી આર્થિક નીતિઓ તરફના પરિવર્તનનું વિશ્લેષણ કરીને આ વિષયોનું વધુ વિગતવાર અન્વેષણ કરશે. અમે આર્થિક આયોજનના વિવિધ ઉદ્દેશ્યોનો અભ્યાસ કરીશું, જેમ કે આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવું, ગરીબી ઘટાડવી, અને આત્મનિર્ભરતા હાંસલ કરવી, અને વિવિધ રાષ્ટ્રીય સંદર્ભોમાં આ લક્ષ્યોને કેવી રીતે અનુસરવામાં આવ્યા છે તેનું મૂલ્યાંકન કરીશું. અંતે, અમે વિકાસશીલ દેશોની અર્થવ્યવસ્થા પર નવી આર્થિક નીતિઓની અસરને ધ્યાનમાં લઈશું, તેઓ પ્રસ્તુત તકો અને પડકારો બંનેની શોધ કરીશું. આ સંશોધન દ્વારા, મોડ્યુલનો હેતુ વિશ્વભરના રાષ્ટ્રોના વિકાસના માર્ગને આકાર આપવામાં આર્થિક આયોજનની ભૂમિકા અને નવી આર્થિક નીતિઓની વ્યાપક સમજ પૂરી પાડવાનો છે.

## 15.2 આર્થિક આયોજનનો ખ્યાલ

### આર્થિક આયોજનની વ્યાખ્યા અને ઉત્ક્રાંતિ

આર્થિક આયોજન એ પ્રક્રિયાને સંદર્ભિત કરે છે જેના દ્વારા કેન્દ્રીય સત્તા, સામાન્ય રીતે સરકાર, સંસાધનોની ફાળવણી કરવા, આર્થિક પ્રવૃત્તિઓનું સંચાલન કરવા અને ચોક્કસ વિકાસલક્ષી ઉદ્દેશ્યો હાંસલ કરવા માટે વ્યૂહરચના ઘડે છે અને તેનો અમલ કરે છે. આ પ્રક્રિયામાં લક્ષ્યો નક્કી કરવા, તેમને હાંસલ કરવાના માધ્યમો નક્કી કરવા અને સંસાધનોને વ્યવસ્થિત રીતે આ લક્ષ્યો તરફ દિશામાન કરવાનો સમાવેશ થાય છે. બજાર-સંચાલિત અર્થતંત્રોથી વિપરીત, જ્યાં સંસાધનની ફાળવણી મુખ્યત્વે પુરવઠા અને માંગના દળો દ્વારા નક્કી કરવામાં આવે છે, આર્થિક આયોજન આર્થિક પ્રવૃત્તિઓનું સંચાલન કરવા માટે સંકલિત અભિગમ પર આધાર રાખે છે, તેની ખાતરી કરીને કે રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ અસરકારક રીતે પૂરી થાય છે.

